બે નવાં પ્રકાશનો

ચમત્કારોનું વિજ્ઞાન

ગીભાઈ ગાંધી

પૃ. ૩૨૮

આવકાર : વિમલતાઈ
રૂ. ૨૭-૦૦ (પાકું પૂઠું)

ગ્રંથમાં ટેલિપથી, ભવિષ્યજ્ઞાન, ઇન્દ્રિયાતીતજ્ઞાન તથા દ્રવ્ય-દેહાંગે ાવ આદિ ઘટનાઓ અને તેનું મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ રજૂ રાંત, મરણોત્તર અવસ્થા અને પુનરજન્મ, ચેતનાની પરિવર્તિત : ધ્યાન-સંમોહન અંગેનું વિવરણ છે. વધુમાં પ્રાણીઓની શક્તિના પ્રકાર અને રહસ્યશોધન...

●

હરિજનોની સમસ્યા

ગીભાઇ ગાંધી   પૃષ્ઠ ૫૦૦   કિં. રૂા. ૩૨-૦૦

ંથમાં ગરીબી, સામાજિક, શૈક્ષણિક પાસાં ઉપરાંત "અસ્પૃશ્યતા" ૂ છે

માં અનામત અને સરકારી રાહતોનું વિવરણ છે. ઉપરાંત સમસ્યા, અને આદિયુગીન વર્ણવ્યવસ્થા, મધ્યયુગીન વર્ણકટ્ટરતા ન યુગીન સંસાર સુધારાની ઝુંબેશ, ડૉ. આંબેડકર તથા ાંધીના વિશિષ્ટ અભિગમો રજૂ થયા છે.


— મુખ્ય વિક્રેતા :—

આર. આર. શેઠની કંપ

ડ્રોડ, મુંબઈ-૨ * ગાંધી માર્ગ,

મહર્ષિ ટોલ્સ્ટોય (જીવનકથા)

ભોગીભાઈ ગાંધી



મહાત્મા તોલ્સતોય

[જીવન રંગ]

–ભોગીભાઇ ગાંધી
–સુભદ્રા ગાંધી

વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ : વડોદરા–૫

મુખ્ય વિક્રેતા

આર. આર. શેઠની કંપની

પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦૦૦૨ * ગાંધીમાર્ગ, અમદાવાદ ૩૮૦૦૦૧

પ્રથમ સંસ્કાર : ૧૯૮૩

કિં.રૂા. ૨૫-૦૦

પ્રકાશક :
વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ
જ્યુપીટર એપાર્ટમેન્ટસ, વડોદરા-૫

મુદ્રક :
પ્રેરણા મુદ્રણાલય ૧૭૫૬, રૂસ્તમઅલીનો ઢાળ, મીરઝાપુરરોડ,
અમદાવાદ-૧. ફોન : ૩૯ ૪૩ ૦૭

નિવેદન

મહાત્મા તોલ્સતોયનાં અનેક લખાણો ગુજરાતીમાં પ્રગટ થયાં છે. મહાત્મા ગાંધીએ તો ૧૯૧૦માં તોલ્સતોયને પોતાના આધ્યાત્મિક ગુરુપદે સ્થાપીને, પૂરાં હૃદયથી તેમનું જાહેર અભિવાદન કર્યું છે. અને ભારતની – ખાસ કરીને ગુજરાતની પ્રજાના હૃદયમાં 'ઘરના સંતમહાત્મા' તરીકે તેમની પ્રતિષ્ઠા થઈ ચૂકી છે જ.

'વિશ્વમાનવ' તથા 'સંસ્કૃતિ'માં અગાઉ છપાયેલ લખાણો અહીં ગ્રંથ રૂપે પ્રગટ કરતાં અમે ઉમેદ સેવીએ છીએ કે તોલ્સતોયના અંતરંગ જીવનનાં કેટલાંક વિલક્ષણ પાસાં આ મહામાનવને નિકટતાથી ઓળખવામાં ઉપયોગી થશે; અને આપણા હૃદયમાં બિરાજતી એમની પ્રતિમા વધુ ઉજ્જ્વળ બની રહેશે....

૧૮-૧-૧૯૮૩ — પ્રકાશક
વડોદરા

અનુક્રમ

જીવન-સંઘર્ષ

૧ : જીવન-ઘડતર

તોલ્સતોયની મૂળ જન્મભૂમિ યાસ્નાયા પોલ્યાના. મોસ્કોથી ૧૩૦ માઈલ દૂરની આ નાનકડી રિયાસત ઉપર તોલ્સતોયના વડવાઓ વસતા આવ્યા હતા. તોલ્સતોયના પિતા અને માતા બંને ઉમરાવ કુટુંબનાં હતાં; બંને કુટુંબો સાથે સાહિત્યિક અને ઐતિહાસિક મહત્ત્વની ઘટનાઓ સંકળાયેલી હતી.

તોલ્સતોયના આદિ પુરુષ જર્મનીથી આવેલા......આ કુટુંબના એક નબીરા પિટર તોલ્સતોયે પિટર ધ ગ્રેટ(ઝાર)ની ઘણી સેવાઓ બજાવેલી; પરિણામે 'ઉમરાવ પદ', સત્તાસ્થાન તથા સારા એવી સંપત્તિ પ્રાપ્ત થયેલી. પરંતુ પિટર ધ ગ્રેટના અવસાન બાદ, રાજકુટુંબની આંતરિક કારવાઈઓમાં સત્તાશીલ પક્ષની ખોફગીના તેઓ ભોગ બન્યા — પદ, સત્તા અને સંપત્તિ છીનવાઈ ગયાં. ૮૨ વર્ષની વયે તેમને નિર્વાસિત દશા ભોગવવી પડી......આ પછી વળી તોલ્સતોય-કુટુંબનો સિતારો ઊંચો ચઢયો. પિટર તોલ્સતોયના પૌત્ર એન્ડ્રુએ ઉમરાવપદ અને સંપત્તિ પાછાં પ્રાપ્ત કર્યાં; એક શાહજાદી સાથે લગ્ન કરી નામના પણ મેળવી.

તોલ્સતોયના પિતા નિકોલસ તોલ્સતોય પણ ભડ પુરુષ હતા. નેપોલિયને ૧૮૧૨ માં રશિયા પર ચઢાઈ કરી, ત્યારે તેમની ઉંમર ૧૭–૧૮ વર્ષની હશે. તેઓ જાતે યુદ્ધમાં જોડા-

યેલા ને ફ્રાન્સમાં દુશ્મનને હાથે ગિરફતાર પણ થયેલા. વતન પાછા આવ્યા બાદ તેમણે લશ્કરી નોકરી છોડી દઈ મુલ્કી સરકારી નોકરી સ્વીકારી હતી.

માતાને પક્ષે આથીય વધુ પેઢીદરપેઢીનો ઉમરાવશાહી વારસો હતો. તોલ્સતોયની માતાનો પિતા પ્રિન્સ નિકોલસ વોલ્કોન્સ્કી મહાન રાણી કેથરિનના સત્તાશાળી ઉમરાવો સામે બાખડ્યો હતો. પરિણામે એને 'જનરલ' જેવું ઉચ્ચ લશ્કરી પદ ગુમાવવાનો વારો આવ્યો હતો. બાદ, આર્ચે-જેલના ફોજી ગવર્નર તરીકે તેની ફેરનિમણૂક થયેલી. અને ફરી 'જનરલ' તરીકેના પદે પહોંચી, ૧૮૨૧ માં યાસ્નાયા પોલ્યાનામાંની પોતાની એસ્ટેટ ઉપર નિવૃત્ત બન્યો હતો. આ આદમીની પત્ની – તોલ્સતોયની માતામહી – મહાકવિ પુશ્કિનની પ્રપૌત્રી હતી. આ રીતે તોલ્સતોયને માતા પક્ષે મહાન પુશ્કિનનો સંસ્કાર વારસો પ્રાપ્ત થયો હતો.

શૈશવ : ઉડ્ડયનશીલ આવેગો

તોલ્સતોય (જન્મતિથિ ૨૮ ઓગસ્ટ ૧૯૨૮)ની દોઢ વરસની ઉંમરે માતા ગુજરી ગઈ, અને આઠ વરસની વયે પિતાના અવસાનના ખબર આવ્યા. પ્રવાસમાં જ ક્યાંક વાઈ આવતાં તેઓ ગબડી પડેલા, અથવા તો કોઈ ખેતગુલામે એમને ઝેર આપેલું એવું સાંભળવા મળેલું. પણ કોણ જાણે કેમ, બાળક તોલ્સતોયને ગળે તો પિતાના અવસાનની વાત જ ઘણા મહિનાઓ સુધી ઊતરી નહિ, અને જ્યાંત્યાં રસ્તા પરનાં ટોળાંમાં પિતાનું મોં જોવા એ તલસતો જ રહ્યો.

પિતાના અવસાન પછી કુટુંબ યાસ્નાયા પોલ્યાના આવી વસ્યું; અને કાકી તાતિયાનાનો પ્રેમ, તેનું પ્રતિભાશાળી વ્યક્તિત્વ, તેનું ધાર્મિક સત્વશીલ જીવન, અને તેનો સંગીત-પ્રેમ – આ સૌએ તોલ્સતોયના સાંસ્કારિક ઘડતરમાં અસાધારણ ભાગ ભજવ્યો.

*

તોલ્સતોયની ઉંમર માંડ પાંચ છ વર્ષની હશે; અને તેના ત્રણે મોટા ભાઈઓની ઉંમર પણ ૭–૮–૯ થી વિશેષ નહિ હોય. આવી આ કૂંળી વયે સૌથી મોટા નિકોલસે એક નવા જ પ્રકારની રમત આદરી. એ રમતનું નામ હતું 'આન્ટ બ્રધરહૂડ' – આખી દુનિયાને સુખ આપનારી અને સૌનું ભલું થાય તેવી વિશ્વબંધુત્વની જડીબુટ્ટી આ રમતમાં રહેલી છે, એવું એક દિવસ એણે પોતાનાં નાનાં ભાંડુઓને સમજાવ્યું. અને જિંદગીનું એ રહસ્ય ઝાડની એક ડાંખળી ઉપર લખીને રસ્તાની બાજુએ રોપી દઈ, ભાઈઓ સમક્ષ બડાશ મારતાં તેણે જાહેર કર્યું કે, 'જો તમે બધા કબૂલ થાવ અને મારી શરતો મુજબ વર્તવા તૈયાર થાવ તો, હું તમને રહસ્યમયી ફાનફેરોન ટેકરી ઉપર લઈ જવા અને અંતિમ રહસ્યનો સાક્ષાત્કાર કરાવવા સુધ્ધાં તૈયાર છું!

માંડ છ વરસની વયે જિંદગીનાં અજ્ઞાત રહસ્યો ઢૂંઢ-વાની આ શરૂ કરેલી રમત તોલ્સતોય બાકીની પોણી સદીભર રમ્યે જ ગયો. એના મૃત્યુ પછી, એની ઇચ્છા અનુસાર, એના મૃતદેહને નિકોલસે જીવનરહસ્યોવાળી લીલી ડાંખળી જ્યાં રોપી હતી ત્યાં જ પોઢાડવામાં આવ્યો હતો.

*

આઠેક વરસની ઉંમરે તો તોલ્સતોયને પંખીઓની જેમ ઊડવાની અદમ્ય ઇચ્છા જાગી અને વ્યવસ્થિત યોજનાપૂર્વક બારીએથી પડતું મૂક્યું. હવામાં હવાતિયાં મારી નીચે પછડાઈ ને પડ્યો ને ૧૮ કલાક બેભાન અવસ્થામાં ગાળી પાછો નક્કર ધરતી પર પગ માંડતો થયો, ત્યારેય કદાચ, માણસજાત માટે ઊડવાનું અશક્ય જ છે એવું તો એણે નહિ જ માન્યું હોય. નહિ તો, જીવનનો છેલ્લો દમ ઘૂંટ્યો તે ક્ષણ સુધી, માણસજાત માટે અશક્ય ગણાયેલાં ઉડ્ડયનોના અઠંગ અખતરાઓ પાછળ તેણે પોતાની જિંદગી રોળી ન નાખી હોત.

આવા આ ઉડ્ડયનશીલ બાળક માટે નવમે વરસે એનાથી કૈંક મોટી ઉંમરની એક કન્યા પ્રત્યે પ્રેમનો અસાધારણ આવિર્ભાવ અસંભવિત ન હતો. અને આવા આ આવેગશીલ બાળકે એ કન્યાને બીજાની સાથે હસીને વાત કરતી જોતાં જ, તેને ઝરૂખામાંથી સીધી નીચે ગબડાવી મૂકી, તે આવેશ પણ ન સમજાય એવો નથી. (ભવિષ્યમાં આ સ્ત્રીની જ દીકરી સાથે લગ્ન કરીને તોલ્સતોયે જીવનનાં ૫૦ વરસ અપ્રતિમ સંઘર્ષમાં વીતાવ્યાં હતાં.)

આત્મસુધારણાના અંકુરો

૧૩ વરસની ઉંમર હશે; આખું કુટુંબ રશિયાની રંગીલી નગરી કઝાનમાં જઈ વસ્યું. ત્યાં તોલ્સતોયને પ્રથમ વાર પોતાનું રૂપ સારું નથી – મોં કદરૂપું છે એવું ભાન થયું. અને

એક વાર એવો ખ્યાલ આવી ગયા પછી તો, કઝાનની રૂપનગરીમાં એવું ડાચું લઈ ફરવાનું બને જ કેમ? માથું સાવ બોડાવી (રશિયામાં બોડાવેલું માથું કદરૂપતા નહિ બલ્કે સુરૂપની નિશાની ગણાય છે) દેખાવ સુધારવા પ્રયત્ન કરી જોયો. અને એનાથી સંતોષ ન થયો, એટલે 'બાયરની' શૈલીમાં વાળની ટાપટીપ કરી ગંભીર ઉદાસીન ચહેરો બનાવીને ફરવા લાગ્યો. પણ એનાથીય અસંતોષ રહ્યો, ત્યારે આંખનાં ભવાંની રૂવાંટી ખાસી જાડી ભરાવદાર ઊગે અને ચહેરો જોરદાર જોમભર્યો દેખાય એવી ધારણાએ, ભવાં પરની સુંવાળી રૂવાંટી ચૂંટી કાઢી !

આ કિશોર વયે જ તોલ્સતોયનો વાંચવાનો નાદ શરૂ થઈ ગયો. દંતકથા, કવિતા, નવલકથા, બાઇબલ અને એરેબિયન નાઇટસ વગેરેમાં એને વિશેષ રસ પડતો. સંગીત તરફ પણ તે આકર્ષાયો; અને જોતજોતાંમાં તો તે રુસોના ગ્રંથો (કન્ફેશન્સ, એમિલી વગેરે) વાંચતાં એટલો બધો તદ્રૂપ બની ગયો કે કેમ જાણે તેણે પોતે જ એ ગ્રંથો લખ્યા હોય એવો આત્માનુભવ કરવા લાગ્યો ! અને રુસો જેવો દેખાવા સારુ, છાતી પર ઇસુનો ક્રૂસ ભરાવી ફરવાને બદલે, રુસોનો બિલ્લો ભરાવી ફરવા લાગ્યો.

આ બધા દરમ્યાન, એનું ગુમાન પોસાયું હતું, પોતાના સાથી વિદ્યાર્થીઓ તથા ઇતર જનો પ્રત્યે તે લગભગ તુચ્છતાની નજરે જોતો થયો હતો.

સરકારી કર્મચારી બનવાની ઇચ્છાએ તે કઝાન યુનિવર્સિટીમાં મૅટ્રિકના વર્ગમાં પૂર્વીય ભાષાઓના અભ્યાસક્રમમાં

જોડાયો. પરંતુ, કઝાન-કૉલેજનું છેલબટાઉ રંગીલું જીવન આ યુવાનને એવું તો ઘસડી ગયું કે પત્તાં, દારૂ, નાચ, જલસા, કપડાંની ટાપટીપ, ઘોડેસ્વારી, તથા ઉચ્ચ ગણાતા રંગીલા સમાજમાં ખાસ સ્ત્રીઓનું ધ્યાન ખેંચવા ફ્રેંચ બોલવું, પોતાનાં નવાં કીમતી કપડાં પર દારૂનો પ્યાલો વીંઝીને ઢોળવો વગેરે તરેહ તરેહના નાટકી નુસખાઓમાં જ ઊગતી જુવાની અટવાઈ ગઈ.

અલબત્ત, આ દરમ્યાન તેણે અવારનવાર અભ્યાસ કરવાના કેટલાક ગંભીર પ્રયાસો કર્યાં પણ ખરા,—જ્યુરિસ-પ્રુડન્સ અને ક્રિમિનલ લૉમાં, તથા 'મૃત્યુની સજા' અંગેના કાનૂન બાબતમાં તેને વધુ રસ પડ્યો. પરંતુ જે રીતે આ અભ્યાસ કરાવવામાં આવતો હતો એનાથી તે થાકી ગયો. ઊલટો આ અભ્યાસક્રમ એને પોતાના રસના વિષયની આડે આવતો લાગ્યો. તેનો અભ્યાસનો રસ મંદ પડી ગયો. ત્યાં (૧૮૪૭ માર્ચમાં) એ બિમાર પડ્યો. કઝાન હૉસ્પિટલમાં રહેવાનું થયું. અને ત્યાં જ તેને જીવન વિષે ગંભીર વિચાર કરવાનો નવો મોકો મળ્યો. પરિણામે એણે પોતાની અંગત "રોજનીશી" લખવાનો આરંભ કર્યો. પ્રથમ દિવસે જ એણે જીવનનું અમૂલ્ય રહસ્ય લખ્યું :

'ફિલસૂફીના દસ ગ્રંથ લખવા સહેલા છે—
એક પણ સૂત્ર જીવનમાં ઉતારવા કરતાં !'

અને આપણે જોઈશું કે, પોતાના અંગત જીવનની પૂર્ણતાની સાધના પાછળ, આખી જિંદગી અપ્રતિમ અને

વિરલ પુરુષાર્થ કર્યાં છતાં, એની પૂર્ણતાની સાધના કેટલી બધી અધૂરી રહી હતી ! પરંતુ સંપૂર્ણતા તો કોણ પામ્યું છે ? મૂલ્ય સંપૂર્ણતાનું નથી, મૂલ્ય એને માટેની સાધનાની નિષ્ઠા અને સચ્ચાઈનું જ નથી શું ?

આરંભનાં વર્ષોની રોજનીશીમાં તોલ્સતોય વારંવાર પોતાની કુટેવો, કમજોરીઓ અને તે સુધારવા માટેના નીતિ-નિયમોની નોંધ કરે છે; પરંતુ જગતના અનેક મહાપુરુષોને જે સમસ્યાએ વહેલાં મોડાં વ્યથિત કરી મૂક્યા છે, એજ સમસ્યાએ તોલ્સતોયને ૧૯ વરસની કૂંળી વયે સતાવવાનું શરૂ કરી દીધું : 'માનવીના જીવનનો હેતુ શો ?' પરંતુ વિશેષ નવાઇ તો એ વાતની છે કે આ કૂંળી વયે તે સ્પષ્ટ જવાબ પણ નોંધે છે : 'આપણા માનવ અસ્તિત્વનો હેતુ, આ જગતમાં જે કાંઈ અસ્તિત્વ ધરાવે છે તે તમામનો પૂર્ણતમ વિકાસ થાય તે માટે વધુમાં વધુ શ્રમ કરી છૂટવામાં રહેલો છે.' અને તરત જ એ ઉમેરે છે : 'જો હું મારા જીવનનો સર્વસાધારણ અને ઉપયોગી જીવનહેતુ શોધી ન શકું તો હું આ દુનિયાનો એક અત્યંત દુઃખી માનવી ગણાઉં. આથી જ તો, મારી સમસ્ત જિંદગી હવે પછી આ એક જ ધ્યેય પ્રતિની અખંડ સાધન બની જશે.'

આટલી કાચી વયે આવી ભીષ્મ પ્રતિજ્ઞા કરવી, અને એની સાધનામાં અખંડ મંડયા રહેવું એ વિરલ નથી શું?

અને એની, તત્કાલ તૈયારીઓ તો જુઓ: ફ્રેંચ રશિયન, જર્મન, ઇંગ્લીશ, લેટિન, ઇટાલીઅન ભાષાઓ, વૈદક, કૃષિવિજ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ, આંકડાશાસ્ત્ર, ગણિત, સંગીત,

ચિત્રકળા, ભૌતિક અને પ્રાકૃતિક વિજ્ઞાનો આ બધાંનો અભ્યાસ કરવાનો, અને તે તે વિષય ઉપર નિબંધો લખવાનો મનસૂબો કર્યો. એમાં કચાશ રહેતાં ફરીફરી એની પાછળ મંડયો રહ્યો. તો વળી, કઝાનના અંતદ્દિવસોમાં દ્યાકોવ નામના એક મિત્રની અસરમાં એણે 'સમસ્ત માનવજાતને સાચા રાહે મૂકવાનો અને જગતમાંથી દુર્ગુણો અને દુઃખોનો અંત આણવાનો' મનસૂબો સેવ્યો. એટલું જ નહિ, આ કાર્ય ઘણું સરળ અને સાદું છે એમ માની બેઠો !

૧૯મા વરસે તોલ્સતોયે કઝાન યુનિવર્સિટીનો અભ્યાસ અધૂરો છોડયો. યુનિવર્સિટીના આ ભણતરમાં અને આ રૂપન ગરીનાજીવનમાં કશોજ ભલીવાર નથી એવી ખાત્રી થતાં, યાસ્નાયાપાછો ફર્યો. પાછા આવતાં રસ્તામાં જ તે દ્યાકોવની બહેન એલેકઝાન્ડ્રાના પ્રથમ પરિચયે જ આકર્ષાયો. આજ પૂર્વે કઝાન નગરીમાં તે બીજી કન્યાઓ–સ્ત્રીઓના પરિચયમાં આવ્યો હતો. અને આજ સુધીમાં તેણે સ્ત્રીઓ વિષે બે પ્રકારના ખ્યાલો બાંધ્યા હતા. એક તો, મનને ગમી જાય તેવી, ઇચ્છાનુસાર શારીરિક ભૂખ સંતોષી શકે તેવી; અને બીજી ઉષ્માભરી ઋજુતા અનુભવાવે પણ જ્યાં શારીરિક સંબંધની કલ્પના જ ઢૂંકી ન શકે એવી....

*

યાસ્નાયામાં આજુબાજુનું જીવન કઝાનથી સાવ ઊલટું જ હતું. એક બાજુ જંગી જમીનદારીની સાહ્યબી હતી, બીજી બાજુ ભયંકર ભૂખ, અજ્ઞાન અને અન્યાયમાં જીવતી ખેતગુલામની જિંદગી હતી. એક બાજુ અત્યંત સહજ સુંદર

કુદરતની રિદ્ધિ હતી; બીજી બાજુ દયામણી અસહાય માનવતા હતી. તોલ્સતોયના મનમાં સર્ફ–સુધારાની વૃત્તિ જોર કરી ઊઠી. કેમ જાણે પોતે કોઈ ભયંકર ગુનો કર્યો હોય, અને તેનો પશ્ચાત્તાપ હજી થવો બાકી હોય તેવી ડંખભરી સ્મૃતિ તેને કોરી રહી....પરંતુ તોલ્સતોયનાં બે વિરોધી સ્વરૂપો એક સાથે જોર કરી રહ્યાં હતાં. ન્યાયી નૈતિક જીવનની ઝંખનાની સાથોસાથ જ કઝાનથી સાથે આવેલા કુસંસ્કારો–જુગાર, દારૂ અને સ્ત્રીની વાસના જોર કરી રહ્યાં હતાં.

યાસ્નાયા, મોસ્કો અને પિટર્સબર્ગ વચ્ચે, જીવનના ઉધામા અનુભવવામાં જ વરસો વીત્યાં; ઘડીમાં તોલ્સતોયમાંનો નૈતિક આત્મા જોર કરતો હતો, તો ઘણે ભાગે ભૌતિક-ભોગ વિલાસી દેહ અને મનનું જોર વધી જતું હતું. ભગવાને તોલ્સતોયને પ્રચંડ, તંદુરસ્ત, પ્રાણવાન દેહમન આપ્યાં હતાં. બંનેમાં આવેગોની શક્તિ અખૂટ હતી. બંનેમાં આનંદ ભોગવવાની અને યાતના સહેવાની શક્તિ અખૂટ હતી. × × × કશી નોકરી વિના, ખાલીખમ જીવન ત્રણ વર્ષ ગાળી ૨૨ વર્ષની વયે તોલ્સતોય વળી યાસ્નાયામાં સ્થાયી થયો ત્યારે એને ક્ષણભર તો એમેય લાગ્યું કે 'હવે હવાઈ કિલ્લા નથી રહ્યા.... હવે જૂના પ્રયાસો ફળવાની શકયતા જાગી છે....' અને યાસ્નાયાનાં ખેડૂત બાળકો માટે શાળા શરૂ કરી. પરંતુ આંતરિક પરિસ્થિતિમાં ફેર પડયો નથી. યાસ્નાયામાં વિષયવાસનાનો માર્યો તે ખેડૂત સ્ત્રીઓમાં ભટકે છે, અને મોસ્કો જાય છે ત્યારે વળી વધુ ને વધુ સામાજિક દરજ્જો પ્રાપ્ત કરવા સારુ પૈસાદાર કન્યાને પરણીને મોટાઈનું પ્રદર્શન

કરવા તરફ જ મન વળે છે. લગભગ રોજરોજ રોજનીશીમાં પોતાના દોષો – ગુમાન, ઘમંડ, ખાઉધરાપણું, કામુકતા, અનિશ્ચય, અસત્ય વગેરેની નોંધ કરે છે. આ બધાના મૂળમાં 'સંકલ્પશક્તિ' નો અભાવ હોવાનું તે સ્પષ્ટ જોઈ શકે છે; અને તે દૂર કરવા સારુ નવા નવા નિયમો ઘડે છે, તોડે છે, ને ફરી ઘડે છે!

ફોજી જીવનનો આરંભ

૧૮૫૧ના વર્ષમાં કોકેશસની પછાત પ્રજાઓને વશમાં રાખવા રશિયન સરકારે સૈન્ય પાઠવ્યું. અનેક નવજુવાનોની જેમ, તોલ્સતોય 'સ્વયંસેવક–સૈનિક' બની ઊપડ્યો. ત્યાં રહી તેણે લશ્કરી તાલીમ લીધી. શિકારનો સારો મહાવરો થયો. ત્યાંની ટોળીઓનાં કેટલાંક પાત્રો, ઘટનાઓ, યુદ્ધના અનુભવોની એના મન ઉપર ઊંડી અસર રહી ગઈ. આ દિવસોમાં તોલ્સતોયે જીવનનાં જોખમો પણ સારી પેઠે ખેડ્યાં – બબ્બે વાર ઘવાઈને 'લગભગ મરણ' પામતો બચી ગયો; તાર્તરોના હાથમાં પકડાતો રહી ગયો.

અઢી વરસ જેટલો સમય કોકેશસમાં ગાળીને તોલ્સતોય યાસ્નાયા પાછો ફર્યો (૧૮૫૪–ફેબ્રુઆરી), ત્યારે તેના ચિત્તમાં અનેક પ્રકારના ભાવો જાગ્યા હતા. ઘણીવાર એને કોકેશસનો આ વસવાટ પોતાના ઉત્તમ દિવસો તરીકે પાછળથી યાદ આવ્યો છે; અને કેટલીક વાર સૈનિક જીવનનો થાક અને કંટાળો પણ એણે વ્યક્ત કર્યો છે. અલબત્ત, ઘેર પહોંચતાં જ એણે નોંધ કરી: 'થાકેલો ને માંદા જેવો પાછો

આવ્યો....અહીંનું કામકાજ તો ઠીક છે, પણ હું 'આઉટ ઑફ ડેટ' બેઢંગ, ઘરડા જેવો લાગું છું....'

આ કોકેશસના નિવાસ દરમ્યાન જ તોલ્સતોય લેખનકાર્ય તરફ વળ્યો. આરંભ 'ચાઈલ્ડહૂડ' થી કર્યો (૧૮૫૧) ત્યાર બાદ તેણે 'બોયહૂડ' તથા 'યૂથ' લખ્યાં. આ ગ્રંથો તેના શુદ્ધ આત્મકથાત્મક ગ્રંથો નથી પરંતુ તોલ્સતોયના ઉછેર અને ઘડતરને સમજવા માટે એના વિના ચાલે એમ નથી. 'ચાઈલ્ડહૂડ' પ્રગટ થતાં જ નેક્રાસોવ જેવો કવિ–સંપાદક મુગ્ધ બન્યો હતો; પાછળથી તુર્ગનેવ વગેરે સૌ આફ્રિન થયા હતા. આ ઉપરાંત આ વરસોમાં એણે કેટલીક સુંદર ટૂંકી વાર્તાઓ તથા કેટલાંક સુંદર સ્મૃતિપ્રસંગો પણ લખ્યાં.

આ ફોજી જીવન દરમ્યાન યે તેણે પોતાના દુર્ગુણો– જુગાર, ઘમંડ, અને વાસનાની બાબતમાં વારંવાર ઉદ્વેગ પ્રગટ કર્યો છે. સાથોસાથ ઉમેર્યું છે કે: '૧૬ વરસની ઉંમરથી હું જે સંઘર્ષ ઉઠાવી રહ્યો છું, તે કાંઈ સર્વથા વૃથા ગયો છે એમ મને નથી લાગતું....છતાં, કયું ભાવિ મારે માટે સર્જાયું છે, એ હું નથી જાણતો.' અને મોટે ભાગે, સોમાં નવ્વાણું વખત પોતાની જ નિંદા કરનારો અને પોતાના અવગુણો ગણાવવામાં શૂરો મોટે ભાગે અતિશયોક્તિ કરનારો આ આદમી એવું ય લખે છે કે—

"હજી મને એક માણસ એવો મળ્યો નથી,
જે મારા કરતાં નૈતિક રીતે વધુ સારો હોય."

અહીં અતિશયોક્તિ જરૂર હશે. પરંતુ એના જમાનામાં, એના જેવા ઉમરાવ કુટુંબના નબીરાઓ વિલાસ, વાસના,

ઉપભોગ, આડંબર, ઘમંડ અને તમામ દુર્ગુણોમાં સડતા હોવા છતાં પોતાના પતનનો વિચાર પણ કરી શકતા નહતા; ડંખની તો વાત જ શી? આત્મસુધારણાની તો કલ્પના જ શી? ત્યારે આ યુવાન રાતદિવસ પોતાનાં દુર્ગુણો-દૂષણોથી દાઝતો, પોતાનાં આત્મમંથન અને અનુતાપમાં શેકાતો, ઘડી-ભર બીજા સાથી–સમવયસ્ક–સમકાલીનોની સરખામણીમાં આવું કહી પણ નાખે તો એમાં નવાઈ નથી. આ જોરે જ તો એ કહી શકે છે કે –

"આત્મસુધારણાના નિયમો મેં ૧૫મા વરસની ઉંમરથી ઘડયા છે, ને હાલ ૩૦ વર્ષ થવા આવશે તો ય એકેનું પાલન થયું નથી! પરંતુ એ નિયમોમાં મારો વિશ્વાસ છે. મારો એના વિના છૂટકો નથી".

માનવીનો વ્યવહાર ગમે તેટલો અધૂરો હોય, પરંતુ સત્યનો માનદંડ શી રીતે ટૂંકો બનાવી શકાય?

આથી જ તો બેવડા જુસ્સાથી 'પડોશીઓની સેવામાં જીવન અર્પવાનો તે નિશ્ચય કરે છે. અને પ્રતિજ્ઞા કરી બેસે છે: 'આ છેલ્લી વાર મારી જાતને કહું છું કે, ૩ દિવસમાં આનો (દુર્ગુણોનો) ઈલાજ નહિ થાંય તો મારી જાતને હું ગોળીએ વીંધી નાખીશ!'

પરંતુ, ૩ દિવસ બાદ જ, આપણે જોઈએ છીએ કે બેફામ જુગારમાં તે યાસ્નાયાવાળું આખું મકાન હારી ગયો છે! ભયંકર આઘાત પામેલો, ઇશ્વરની પ્રાર્થના કરતો, તોલ્સતોય સંત પોલના શબ્દો યાદ કરે છે:

જે થવા ઇચ્છું છું એ હું થતો નથી,
ને જે ધિક્કારું છું, એ જ તો હું કરું છું!

સાહિત્ય – પ્રવૃત્તિની શ્રદ્ધા

૧૮૫૩ માં રશિયા અને તુર્કી વચ્ચે દુશ્મની શરૂ થઈ ગઈ હતી; અને ૧૮૫૪ માં વાટાઘાટો તૂટી જતાં ફ્રાંન્સ–ઈન્ગ્લેન્ડ સામે ક્રીમિયન યુદ્ધમાં રશિયા ઘસડાયું. અને તોલ્સતોયને સેવાસ્તોપોલમાં ફૌજી સેવા બજાવવાની આવી. આ બે વર્ષમાં જ (૧૮૫૬ અંત) સૈનિક તરીકેની ખરેખરી. રેઢિયાળ, જુગારી, સ્વચ્છંદી જિંદગીથી તે ત્રાસી ગયો. આ દરમ્યાન, સેવાસ્તોપોલનાં સંસ્મરણો, રેખાચિત્રો ટૂંકી વાર્તાઓ થોકબંધ લખ્યાં* 'સેવાસ્તોપોલ ઇન ડિસેમ્બર' વાંચીને તો ખુદ ઝાર પણ ખુશ થયો. પરંતુ 'સેવાસ્તોપોલ ઇન મે'એ વંટોળ જગાવ્યો.

સેન્સર કમિટીના પ્રેસિડેન્ટે 'આવું લખાણ છાપવા દેવા માટે સેન્સરના સભ્યનો અને છાપનાર તંત્રીનો ઉધડો લીધો – સેન્સર સભ્યે પહેલેથી ઘણી કાતર ચલાવેલી હતી છતાં! અને થોડાક મહિના પહેલાં જ એણે એક માસિક પ્રગટ કરવા માટે અરજી કરી હતી, તે ય નકારવામાં આવી. તોલ્સતોય માટે આ આઘાતો દુઃસહ હતા.

આમ છતાં, નોંધવા જેવી બીના તો એ છે કે, આ દિવસોમાં જ તેણે દઢ નિશ્ચય કર્યો કે 'મારાં બીજાં બધાં

* સેવાસ્તોપોલ ઇન ડિસેમ્બર, સેવાસ્તોપોલ ઇન મે, સેવાસ્તોપોલ ઇન ઓગસ્ટ, ધ સ્નોસ્ટોર્મ, ટુ હુઝાર્સ, મિટીંગ મોસ્કો, એક વેઈન્ટન્સ ઇન ધ ડિટેચમેન્ટ વગેરે...

વલણો અને વ્યવસાયોની સરખામણીમાં, મારી એક માત્ર અને મુખ્ય પ્રવૃત્તિ સાહિત્યની જ રહેવી જોઈ શે....'

જોકે, સાહિત્ય સર્જન અને ઇતર વ્યવહારુ પ્રવૃત્તિ વચ્ચેનો પરંદગીનો વિચાર કરતાં 'ચાઇલ્ડહૂડ' લખ્યા બાદ એણે પોતે જ નોંધ કરેલી :

> "હું વ્યવહારુ પ્રવૃત્તિઓ માટે અસમર્થ છું; અથવા શક્તિમાન હોઉં તો ય તે માટે મારે ઘણા ભારે પ્રયાસો કરવા પડે છે; અને હું વ્યવહારુ આદમી ન હોઈને એવું કરવું ભાગ્યે જ મને પાલવે."

૧૮૫૫ ના નવેમ્બરમાં તોલ્સતોય સેવાસ્તોપોલથી પિટર્સબર્ગ આવ્યો, તે પૂર્વે તેની નામના સાહિત્યિક વર્તુળોમાં વિસ્તરી ચૂકી હતી. નેક્રાસોવ, તુર્ગનેવ અને દોસ્તોએવ્સ્કી સુધ્ધાંએ મોંભરી વખાણ કર્યાં હતાં........નેક્રાસોવને ત્યાં ઘણા લેખકો ભેગા થયા હતા. આવી મંડળીમાં તોલ્સતોયને પણ આમંત્રવામાં આવ્યો. ત્યાં એક જમીનદાર લેખક લોન્જીનોવે તોલ્સતોય ઉપર લખેલા પત્ર અંગે વાત નીકળી. તોલ્સતોયનો પિત્તો એટલો તો ગરમ થઈ ગયો કે તેણે ચર્ચા દરમ્યાન એ લોન્જિનોવને દ્વંદ્વ યુદ્ધ લડી લેવાનું આમંત્રણ આપવાનો નિરધાર જાહેર કરી દીધો*. અલબત્ત,

* એ જમાનામાં એ ઉમરાવો વચ્ચે માનાપમાનનો સવાલ ઊભો થતાં એક પક્ષ બીજાને તલવારનું દ્વંદ્વ યુદ્ધ ખેલી લેવાનો પડકાર આપતો...રશિયાના ઈતિહાસમાં પુશ્કિન, લર્મોન્તોવ, તુર્ગનેવ આદિ અનેક મશહૂર સાહિત્યકારોના જીવનમાં આવા દ્વંદ્વના પડકારો, અને પુશ્કિન જેવાનું તો તેને પરિણામે મૃત્યુ જાણીતી હકીકતો છે.

ઇતર મિત્રોના દબાણને વશ થઈ તોલ્સતોયે એ નિર્ણય રદ કર્યો હતો.

પિટર્સબર્ગમાં છએક મહિના ગાળી તોલ્સતોય યાસ્નાયા પાછો ફર્યો. પિટર્સબર્ગના નિવાસ દરમ્યાન તેણે પોતાના સર્ફ-ગુલામો (૩૦૯ પુરુષો તથા બીજી સ્ત્રીઓ)ની મુકિતની એક યોજના વિચારી હતી, તેના અમલની ચિંતામાં પડયો. ચિંતા એ વાતની હતી કે તેણે જુગારની ચડસે ચઢી પોતાની જાગીર ૨૦ હજાર રૂબલમાં ગીરવે મૂકી દીધી હતી, એ ભરપાઈ ન કરે ત્યાં સુધી એને અંગે નિર્ણય લેવાનું મુશ્કેલ હતું !

છતાં તોલ્સતોયે તો કિસાનોની સભા ભરી તેમાં 'મુકિત-ખરીતો' વાંચી સંભળાવ્યો. આ યોજના મુજબ, જમીન ખેડૂતોના 'કમ્યુન'ની બને; દરેક ખેડૂત કુટુંબને ૧૨ એકર જેટલી જમીન ખેડવા મળે; તેમાંથી ૧।। એકર તેમને વિના મૂલ્યે આપવામાં આવે; બાકીની જમીનની કિંમત પેટે ખેડૂતો ૩૦ વરસ સુધી દર વરસે ૧૬ રૂબલની રકમ ભરે; આમાંથી ૩ રૂબલ ગિરો છોડાવવા પેટે જાય, અને બાકીની રકમ જમીનની ખરીદી પેટે ગણાય. આ રીતે, સહીસિક્કા થતાંની સાથે જ જમીનની માલિકી ખેડૂતોની બની જાય.

પરંતુ ખેડૂતો વિમાસણમાં હતા. તેમણે એવું સાંભળ્યું હતું કે ઝાર એલેકઝાન્ડર બીજો પોતે જ, કશી જ રકમ લીધા વિના, ધીમે ધીમે ખેતગુલામી નાબૂદ કરનાર છે, તે માટે ખરડો તૈયાર થઈ રહ્યો છે....આથી, તોલ્સતોયની યોજનામાં ખેડૂતોને દગો દેખાયો અને તેમણે તેનો અસ્વીકાર

કર્યો ! તોલ્સતોયને માટે આ આઘાત સખત અને ઊંડો હતો. ઘણા પ્રયત્નો છતાં, ખેતમજૂરોની શંકા અને હઠ દૂર કરી ન શકાઈ. તોલ્સતોય ગુસ્સે થયો, વ્યથિત બન્યો ને હતાશ થયો. ('એ લેન્ડલૉર્ડ્ઝ મોર્નિંગ'માં તથા 'રેસરેકશન'માં આ અનુભવ તેણે ગૂંથી લીધો છે). એને ભીતિ હતી કે જો એક મહિનામાં સર્ફ-મુક્તિ હાંસલ નહિ થાય તો રશિયામાં ઉદ્દામ બળોને હાથે હિંસક ક્રાંતિની જ્વાળા ભભૂકી ઊઠ્યા વિના નહિ રહે. અલબત્ત, તત્કાલ આવું કશું બન્યું નહિ; અને સરકારે ૧૮૬૧માં કેટલાક સુધારા દ્વારા કેટલીક રાહત આપી સર્ફ-મુક્તિની સમસ્યાને હળવી બનાવી.

૨ : પ્રેમ, વાસના અને લગ્ન

૧૮૫૬થી તોલ્સતોય પ્રેમ, વાસના અને લગ્નના વમળમાં મુંઝાઈ રહ્યો હતો. એક બાજુ, કિસાન-સ્ત્રી આકસીન્યા સાથેનો તેનો સંબંધ ગાઢ બન્યો હતો. તેને પેટે એક દીકરો પણ અવતર્યો હતો; પાછળથી તે તોલ્સતોયના દીકરાઓનો ગાડીવાન બન્યો હતો. તો બીજી બાજુ, વેલેરીઆ નામની એક કન્યા સાથેના પ્રેમ માટે તે ઝૂરી રહ્યો હતો; અને પોતાની જાતને પૂછ્યા કરતો હતો : 'શું હું ખરેખર તેને ચાહું છું? શું હું ખરેખર એના પ્રેમમાં છું?' અને કેટલીક વાર તો પોતે એવુંય અનુભવતો હતો કે વેલેરીઆ માટેનો 'પ્રેમ' નહિ, પરંતુ 'લગ્ન'નો વિચાર જ મને એની પાછળ ઘસડી રહ્યો છે. કેમ કે, આડ સંબંધોમાંથી છૂટવા માટે તેને 'લગ્ન' જ એક રસ્તો દેખાતો હતો. તોલ્સતોય પાછળથી વેલેરીઆના પ્રેમને લગભગ બોદો સમજીને પડતો મૂકે છે. કારણોમાં જુદી જુદી વખતે જુદી જુદી લાગણી પ્રગટ કરે છે : 'તારા સૌંદર્યને ચાહું છું – તારા અંતરને તો હજી ચાહવા મથું છું – આરંભ જ કરું છું.' આ પ્રેમ - વમળમાંથી ભાગી છૂટવા માટે, વિદેશ યાત્રાએ ઊપડી ગયા પછી, પારિસથી તે લખે છે : 'હું તો તારા નખને ય પાત્ર નથી; અને પરણીશ તો તને દુઃખી-દુઃખી કરી મૂકીશ....' વગેરે. ખેર....એટલી વાત નક્કી છે કે, તોલ્સતોય હજી પ્રેમ અને લગ્ન વચ્ચેની ધૂંધળી દશામાં, કલ્પના અને વાસ્તવતા વચ્ચેની અંધાધૂંધીની દશામાં હતો. અને આ મનોવેદનામાંથી બહાર નીકળે તે પૂર્વે જ, જીવનનો

કંટાળો તેને ફરી ભીંસમાં લેવા લાગ્યો : " હું શું ચાહું છું ? " " કંઈજ નહિ ! " - " તો પછી મારા જીવનમાં સુખની શકયતા જ કયાં રહી ? " અને વળી આધ્યાત્મિકતાના વિચારો ઘોળાવા લાગ્યા.

હવે, તોલ્સતોયે ખેતીના કામમાં જીવ પરોવ્યો. સવારના પાંચ વાગે ઊઠીને તે કામે જોતરાવા લાગ્યો. આ પ્રકારના શરીર-શ્રમનો આનંદ તેણે પહેલી જ વાર માણ્યો અને બોલી ઊઠયો : 'શરીરશ્રમ માટેનો મારો આ આવેગ એળે જાય તો નવાઈ જ ગણાય....'

પરંતુ એક ઠેકાણે જીવ ચોંટે ત્યાં તો ઉત્પાતિયો જીવ બીજા કશાક માટે જ ઝંખતો હોય ! તોલ્સતોય બર્લિન ઊપડયો (૧૮૫૭). ત્યાંની યુનિવર્સિટીમાં જઈ પોતાના રસના અભ્યાસ-વર્ગો–કામદારો માટેના વર્ગોમાં જોડાયો, શાળાઓમાં ગયો; ત્યાં જોયું તો કૈઝરની પ્રાર્થના, ગોખણપટ્ટી, માનસિક રીતે વિકૃત બાળકો અને ફટકાની શિક્ષા ! આ બધું જોઈ પ્રવાસનો આનંદ પૂરો થઇ ગયો. તેવામાં જ, ઇટલીમાં રહેતા એના મોટા ભાઈ (જીવનનું રહસ્ય લીલી ડાંખળી ઉપર લખીને સૌને સુખી જીવનનો રાહ દાખવનાર સાથી) નિકોલસની ગંભીર માંદગીના સમાચારથી તોલ્સતોય વધુ આઘાત પામ્યો : 'એ મરે તો પછી જીવવું શાને માટે ? ' એવી અમૂંઝણ અનુભવતો તે ઇટલી ગયો. ત્યાંથી પારિસ, લંડન ગયો. તે જમાનાના એક મહાન સમાજવાદી ચિંતક પ્રૂધોંને મળ્યો. આ પ્રવાસ દરમ્યાન તુર્ગેનેવ સાથે વળી મેળાપ થયો. હંમેશની જેમ ઝઘડો

થઈ ગયો. આ વખતે તુર્ગેનેવ પણ મિજાજ ગુમાવી બોલ્યો 'જો આ રીતે વર્તશે તો માથું કાણું કરી નાખીશ.' સામે તોલ્સતોયનો પિત્તો ઊછળ્યો. પાછળથી તુર્ગેનેવને પત્રમાં લખ્યું- 'માફી માગ, નહિ તો દ્વંદ્વ ખેલવા તૈયાર થા.' અને આ ઝઘડાના આવેશમાં પાછળથી તુર્ગેનેવેય સામા દ્વંદ્વનો પડકાર પાઠવ્યો. અગાઉના કિસ્સાની જેમ, તોલ્સતોયનો પડકાર અને તુર્ગેનેવનો સ્વીકાર, મિત્રોની સમજાવટને પ્રતાપે, સદ્ભાગ્યે કાગળ પર જ રહ્યો.

આ પ્રવાસ દરમ્યાન જ પારિસની અંદર શિરચ્છેદ (ગિલેટિન)નું દૃશ્ય જોયા પછી તોલ્સતોયનું મન અકળાઇ ઊઠયું ..(આ અનુભવ તેણે કન્ફેશનમાં આલેખ્યો છે.) પરંતુ ઘણે લાંબે સમયે, જીનિવામાં તે તેની પિતરાઈ બહેન કાઉન્ટેસ એલેકઝાન્ડ્રાને મળી શકયો, ને તેનો અનન્ય આનંદ અનુભવતાં મનોમન બોલી ઊઠયો : ' એલેકઝાન્ડ્રા એક દાયકું નાની હોત તો ?' એલેકઝાન્ડ્રા તોલ્સતોયથી અગિયાર વરસે મોટી હતી. આ તેજસ્વી ખુબસુરત બાઈ સાથેની તોલ્સતોયની મુગ્ધતા જીવનપર્યંત ટકી રહી હતી. પોતાના અંતરની અનેક વાતો ને લાગણીઓ અંગે એને પત્રો લખતો રહ્યો હતો.

ઘેર પાછા ફરી, ઇલિયડ વાંચ્યા બાદ, એણે 'કોઝાક્સ' સંપૂર્ણ રીતે નવેસરથી લખ્યું.* 'થ્રી ડેથ્સ'ની ચમત્કારિક

* તોલ્સતોય તેના લખાણોમાં વારંવાર સુધારા કરતો, નવેસરથી લખતો; 'વૉર એન્ડ પીસ' જેવી મહાનવલ સાત સાત વાર મોટા પ્રમાણમાં નવેસરથી લખી હતી, અને એની સાત સાત વાર નકલ એની પત્ની સોફીઆએ કરી હતી.

વાર્તા લખી, 'ફેમિલી હેપિનેસ' નવલકથા લખી (૧૮૫૯), તેમાં લગ્ન અને પ્રેમનો વિષય ગૂંથ્યો. મોસ્કોમાંની સાહિત્ય સંસ્થાનો તે સભ્ય બન્યો અને ત્યાંની સંગીત સંસ્થાનો એક સ્થાપક બન્યો. ઉપરાંત પોતાની જાગીરના કારભારમાં મન પરોવવા માંડ્યું. ખેડૂતોમાં હળવા-મળવાનું વધાર્યું. પણ અમીરીનો મિજાજ એનો કેડો છોડતો ન હતો. એકાદ બાબતમાં એક ખેડૂતે જુદ્દો જવાબ આપ્યો ને તોલ્સતોયે એને ફટકા મારવાની ક્રૂર સજા ફરમાવી દીધી! પાછળથી તોલ્સતોયને સારો એવો પસ્તાવો થયો, એની માફી પણ માગી, પરંતુ જીવન પર્યંત ડંખ રહી જ ગયો....

ધીમે ધીમે કરતાં, એણે શિક્ષણકાર્યમાં ઝંપલાવ્યું. રસ્કિને કામદાર-બાળકોની કોલેજનો અખતરો કરેલો ને રુસોએ શિક્ષણવિષયક જે નવતર વિચારો પ્રગટ કર્યા હતા, એવો જ એક નવતર પ્રયોગ તેણે આરંભ્યો. બાળકો સાથે તે ઓતપ્રોત થઈ ગયો, ને આ પ્રવૃત્તિમાં તોલ્સતોયને પોતાનો જ આંતરિક વિકાસ થતો દેખાયો: 'આ એક એવો રસ છે જે મને જીવન સાથે બાંધી રાખી શકે છે!'

તેણે પોતાની નૂતન શિક્ષણપદ્ધતિ વિકસાવી - શિક્ષણ અંગે ઊંડું મૌલિક ચિંતન કર્યું. શિક્ષણ ઉપરનું માસિક-'યાસ્નાયા પોલ્યાના'-વરસેક સુધી ચલાવી, ૩૦૦૦ રૂબલ ગુમાવી બંધ કર્યું. આજુબાજુના પ્રદેશમાં થઈ ૧૩ શાળાઓમાં તોલ્સતોયની પદ્ધતિ અપનાવાઈ. તોલ્સતોય જાતે ત્યાં જઈ એ પ્રયોગોમાં સાથ આપતો રહ્યો.

શિક્ષણ ખાતાની આંખ આ પ્રવૃત્તિનું જોખમ સમજી ગઈ. એણે આ માસિક ઉપર પગલું ભરવાની સરકારને ભલામણ કરી. પરંતુ તોલ્સતોયના શિક્ષણ વિચારોનું ઊંડાણ અને મહત્ત્વ સમજી શકનાર ગવર્નરે ખામોશી દેખાડી.

આ દિવસોમાં (૧૮૬૧-૬૨) તોલ્સતોયે 'સર્ફ મુક્તિ-સમિતિ'ના સભ્ય તરીકેય પોતાની કામગીરી બજાવી; અને સ્વાભાવિક રીતે જ, એનાં સૂચનોથી છંછેડાયેલા ઉમરાવો, જમીનદારો અને અમલદારોએ એના પર હુમલા કરવાની અને એને જેલમાં ધકેલી દેવાની ધમકીઓ સુધ્ધાં મોકલી. પાછળથી આ સમિતિ દ્વારા કશું કામ થઈ ન શક્યું ત્યારે તોલ્સતોયે રાજીનામું આપ્યું હતું. પરંતુ, સરકારી ખાતાએ તો દાઝ ઉતારી જ. 'ગુપ્ત પ્રેસ'ની શોધ કરવાને બહાને તોલ્સતોયના ઘર પર ધાડ પાડી. પોલિસો તેની ખાનગી ડાયરીઓ અને પત્રો ઉઠાવી ગયા!

આમ એક બાજુ, તોલ્સતોયનો જીવનપથ આકાર લઈ રહ્યો હોય એવું લાગતું હતું, તો બીજી બાજુ તે જુગારમાં એટલો બધો રીઢો થઈ ગયો હતો કે પોતાની એક ઉત્તમ સાહિત્ય કૃતિ 'ધ કોઝાકસ' વેચી દઈને દેવું ફેડવું પડ્યું!

*

તોલ્સતોયની જુગારની ખુવારીની બડાશ જાણીને, જે કુટુંબની ત્રણે દીકરીઓએ આંસુ પાડેલાં, એ કુટુંબની જ બે દીકરીઓ - સૌથી મોટી લિઝા અને વચલી સોફિયા - એક પછી એક તોલ્સતોય ઉપર વારી ગઈ.... તોલ્સતોય પોતે

જ કોની સાથે ખેંચાઈ રહ્યો છે તે નક્કી ન કરી શક્યો. અને અંતે, સોફિયા ઉપર લખેલો, પોતાનો પ્રેમ સ્વીકારવાની વિનંતિ કરતો પત્ર, તેને આપવો કે નહિ તેનો નિશ્ચય પણ, એક આકસ્મિક ક્ષણ ઉપર જ છોડ્યો – નાની બેન તાનિયા અમુક તાલથી ગીત પૂરું કરે તો ચીઠ્ઠી આપવી, નહિ તો નહિ. તે રીતે ચીઠ્ઠી આપી: સોફિયાએ તેનો સ્વીકાર કર્યો. આમ, ૩૪મે વરસે જીવનનો એક મોટામાં મોટો નિર્ણય લીધો, ત્યારે ય તોલ્સતોયનું ચિત્ત દ્વિધામાં હતું. લગ્ન અને પ્રેમ વિષેનું એનું ધૂંધળાપણું દૂર થયું ન હતું. સોળ વરસની સોનિયા (સોફિયા) ના અંતરમાં ડોકિયું કેવી રીતે કરવું. એની ચાવી હજી એને હાથ લાગી ન હતી. સોફિયાએ રોજનીશી (તોલ્સતોયની જેમ) રાખી ન હતી. અને માણસ ઉપરથી દેખાય છે, વર્તે છે, બોલે છે, લાગે છે તેવું જ ખરેખર છે કે કેમ, એ સમજ્યા વિના અંધારામાં જીવનભરનો અને અતિ જોખમકારક કુદકો મારવોય શી રીતે? તોલ્સતોયની મૂંઝવણ વધતી જતી હતી.

૧૬ વરસની સોફિયાએ રોજનીશી તો ન હતી રાખી. પણ આત્મકથાત્મક નવલકથા લખી નાખી હતી! તેણે તે તોલ્સતોયને હાથ ધરી દીધી. એમાં તોલ્સતોય પોતાનું પાત્ર – કદરૂપા પ્રિન્સ દુબ્લિત્સ્કીનું પાત્ર જોઈને ઓછો દુઃખી ન થયો. અને નવલકથાની નાયિકા જે બીજા પ્રેમ તરફ ખેંચાઈ રહી હતી તેનું બયાન વાંચી ઈર્ષ્યાથી બળી મર્યો. એણે પોતાની જાતને સમજાવી: 'કદરૂપા માણસ! લગ્નનું સ્વપ્નું જ છોડી દે. તારો વ્યવસાય પકડી રાખ, એમાં તારી કૈંક પહોંચ છે...'

રાતના ઉજાગરા. ત્રણ અઠવાડિયાંની યાતના! વળી ચિઠ્ઠી આપી: 'તું મારી પત્ની થઈશ? હા કે ના? ના પાડશે તો મને અસહ્ય દુઃખ થશે, પણ તારા દિલમાં જરાય શંકા હોય તો ના જ પાડજે; હું એને માટે તૈયાર છું. હું એ સહન કરીશ. પરંતુ, મારી પત્નીને હું જેટલી ચાહું છું, એટલો પ્રેમ એ મારા પર રાખે છે એની ખાત્રી ન હોય તો, વધુ ભયંકર બનશે.'

અને સોફિયાએ સ્વીકાર કર્યો. સામેથી તોલ્સતોયે, જેમાં ખુલ્લંખુલ્લા જુવાનીના બધા ઉધામાઓ ચિતરેલા તેવી પોતાની રોજનીશીઓ સોફિયાના હાથમાં ધરી દીધી. એ દર્પણ જેવી રોજનીશીઓ વાંચી સોફિયાનું શું થયું હશે? કલ્પવું જ દુષ્કર છે. અસહ્ય યાતના અને ઈર્ષ્યામાં તે મરી રહી...

આખું અઠવાડિયું બંને ભેગાં થઈ થઈને રોયાં, અને અંતે એકનિશ્ચય બની ભેટ્યાં ને પરણ્યાં.

તોલ્સતોયે બીજી જ સવારે રોજનીશીમાં ટપકાવ્યું: "અદ્ભુત સુખ....આખી જિંદગી આવું ટકે એમ માની જ શકાતું નથી."

૩ઃ સંસાર સુખની શોધ

તોલ્સતોય ન માની શકાય એવા આનંદ-સુખના આવેશમાં, ખરેખર એક ભયંકર ભવિષ્ય વાણી ઉચ્ચારી ગયો હતો : ' હું માની જ શકતો નથી કે આવું સુખ જિંદગી પર્યંત ટકે...'

તોલ્સતોય માટે લગ્નજીવન ઉગ્ર આકરી કસોટીનું જ નહિ, અગાધ ઉદધિમંથન સમું, અમૃત અને વિષ ઉલેચનારું બની ગયું. તોલ્સતોય અને સોફિયા વચ્ચે ૧૮ વર્ષનો ભેદ હતો એ તો ખરું જ; પરંતુ ૧૯ મા વરસે જીવનનો હેતુ અને જીવનનું રહસ્ય ઢૂંઢવા નીકળેલા તોલ્સતોય જેવા જાગૃત આત્મા સાથે – સતત એકધારી કસોટીએ પોતાના ક્ષણુક્ષણુના વ્યવહારને નિષ્ઠુર રીતે કસનાર સાથે – હજી ઊગીને ઉઘડતી કૂંળી કળી સમી નવોઢાના મનોભાવો અને મનોરથોનો મેળ ખાવો અશક્ય જ નીવડવાનો હતો. ભિન્ન આદર્શો, ભિન્ન સ્વભાવો, ભિન્ન મથામણો અને ભિન્ન પુરુષાર્થો...! પરિણામે એકધાર ઘર્ષણોની ૫૦ વર્ષ લાંબી જીવનયાત્રા દરમ્યાન, આ બેઉ સાચદિલ પ્રેમી જીવોએ અસંખ્ય ઘટનાઓ ભિન્ન રીતે જોઈ, ભિન્ન રીતે અનુભવી અને પરસ્પર વિરોધી રૂપેય નિરૂપી. એક જ ઘટના, એક જ અનુભવ પરસ્પર વિરોધી સત્યો રૂપે પ્રગટ્યું... !

અપરંપાર સંઘર્ષની અતૂટ ઘટમાળ ચાલ્યા જ કરી...

લગ્ન-સુખનાં ઝાંવાં

લગ્ન પછી બે જ દિવસ બાદ તોલ્સતોય નોંધ કરતો હતો : ' એક જ દાવમાં મેં સર્વસ્વ હોડમાં મૂકી દીધું છે–'

ત્યારે કદાચ એની વેધક દૃષ્ટિ રમતનો પહેલો જ દાવ નહિ, આખરી દાવનાં પરિણામની આશંકાથી ભયભીત બની ચૂકી હશે! પહેલા પખવાડિયામાં જ એને પોતાના આદર્શો જતા કરવા પડ્યા હતા, તેનું બયાન પણ તે કરતો હતો : ' મારું પતન હું સદાકાળ અનુભવું છું.'

એ જ રીતે, એક જ અઠિવાડિયામાં તો, સોફીયા પોતાની રોજનીશીમાં નોંધ કરતી હતી : ' એણે મને કહ્યું કે હું એને ચાહું છું એ વાત જ એ માનતો નથી...' × × ' એનો ભૂતકાળ એટલો ભયાનક છે કે હું કદિ પણ એનો સ્વીકાર કરી શકીશ એમ મારાથી માન્યું જ જતું નથી. × × × હું શું કામ પરણી? હવે...હવે આખી જિંદગી...'

સોફીઆ માટે તોલ્સતોયનો બેફામ ભૂતકાળ ઇર્ષ્યાની આગ પેટાવનારો હતો; વધુમાં, સાધારણ લોકોના જીવનમાં ઓતપ્રોત થવાની તોલ્સતોયની મથામણ પણ તેને ઓછી અકળાવનારી ન હતી; ' એના એ ' લોકો ' થી તો મને એ કાઇ નાખે છે...હું યા લોકો — બેમાંથી એકની પસંદગી એણે કરી લેવી રહી.'

સોફીઆ તોલ્સતોયની જૂની ડાયરીઓ જેમ જેમ ફરી ફરી વાંચતી હતી, તેમ તેમ ઇર્ષ્યાનો ભડકો એને વધુ ને વધુ બાળતો હતો; અને જેમ જેમ તોલ્સતોય ગૃહકંકાસથી અકળાઈનેય એના આદર્શો તરફ વધુ જોરથી ધકેલાતો હતો, તેમ તેમ સોફીઆનો શ્વાસ વધુ ને વધુ ઘુંટાતો હતો.

તોલ્સતોય મૂંઝવણભર્યો વિચારતો હતો : ' જેને હું ચાહું છું એવી સ્ત્રીને પરણીને આવી સ્થિતિ ?'

અને પછી તો, પોતાની રોજનીશીમાં પોતે જે કાંઈ અનુભવે છે તે બધું તેમ ને તેમ નોંધવું પણ જોખમકારક લાગ્યું! સોફીઆ એ વાંચતાં શું અનુભવશે, એ વિચાર તેની સામે પડકાર કરતો ઊભો થઈ ગયો. ૧૮૬૪ ના જૂનમાં, લગ્ન પછી એ જ વરસે એણે લખ્યું : ‘ સોફીઆ આ બધું વાંચવા મારી પડખે જ ઊભી છે, એ વિચાર મને પ્રામાણિક બનતો રોકે છે. એને કારણે જે સાચું નથી એ હું લખું છું એવું નથી; પણ હું મારે જ માટે કેવળ લખતો હોઉં તો આ રીતે ન લખું...’

કદાચ આજ અર્થમાં એણે લખ્યું હશે : ‘ આ નોંધમાં મેં જે કાંઇ લખ્યું છે લગભગ તે બધું જ જુઠાણું છે ખોટું છે.’ ? × × × (વળી, લગ્ન પછી એ વરસમાં જ વરસોથી ચાલતી આવેલી રોજનીશી લખવાની પદ્ધતિ પણ બંધ થઈ ગઈ!)

અંતે તે ઉમેરે છે : ‘સાચું સુખ સંપત્તિ, તંદુરસ્તી, બાળક અને સ્ત્રીમાં નથી....’

અને છતાં ‘પરણેતરને તો છેહ દઈ શકાય નહિ; લગ્ન ભલે નિષ્ફળ દેખાતું હોય પણ સહજીવન તો સફળ બનાવી શકાય....’આવી આવી કૈંક ધારણાએ તોલ્સતોયે ગૃહજીવનને સુખી કરવા બધું કરી છૂટવાનો સંકલ્પ કર્યો જણાય છે.

આંતરિક શાંતિનો અણસારો

અને બધા દર્દ – દુઃખોનું શમન કરનારા જડીબુટ્ટી જાણે તેને એકાએક હાથ ચઢી ગઈ!

૧૮૬૩માં ‘વૅાર એન્ડ પીસ’ (મહાનવલ)નો આરંભ કરી દીધો, અને પૂરાં છ વરસની એકાગ્ર સાધનાનું જે ફળ નીપજ્યું તે મહાન કૃતિએ તોલ્સતોયને જગત વ્યાપી કીર્તિનો મૉડ પહેરાવ્યો. સાથોસાથ પોતાના વિકટ આંતરિક સંઘર્ષમાં સ્વસ્થતા અને સમતુલા જાળવવાની તાકાત પણ એમાંથી જ એને પ્રાપ્ત થઈ જણાય છે.

૧૮૬૫ના જ અરસામાં, પોતાના સંસાર – જીવન માટે તૃપ્તિ અનુભવતો એને આપણે જોઈએ છીએ –

‘ હું મારી જાગીરથી સંતુષ્ટ એવો પતિ ને પિતા છું. અને હું આનાથી એટલો બધો ટેવાઈ ગયો છું કે મારા આ સુખનું ભાન મારી જાતને કરાવવા માટે મારે મારી આગલી જિંદગીની સ્મૃતિ તાજી કરવી રહે છે....’ (એક પત્ર) × × × × × ×

‘ આજ પૂર્વે કદિય મેં મારી બૌદ્ધિક અને નૈતિક શક્તિઓનો આટલો મુક્ત વિહાર જાણ્યો નથી. ’ યુદ્ધ અને શાંતિ’ નવલકથાના કામમાં પોતે કેવો ગળાબૂડ છે તેનો ઉલ્લેખ કર્યા પછી ઉમેરે છે : ‘હવે હું મારા સમસ્ત આત્માના આવેગથી લખનારો લેખક છું. પહેલાં કદિ નહિ લખ્યું હોય ને નહિ અનુભવ્યું હોય એવું હું લખું છું – અનુભવું છું....’

કદાચ જીવનની આ શાંતિને કારણે જ તો એણે આ લાંબાં વરસોમાં રોજનીશી લખવાની છોડી દીધી હતી.

આમ, તોલ્સતોયને તો જીવનની શાંતિનો નવો કીમિયો હાથ ચઢી ગયાનો અનુભવ થયો ! ત્યારે એની પત્ની શહેરનો નિવાસ, ખાસ્સી બે ઘોડાની બગ્ગી, સાથે પહેરેદાર, સુંદર વેશભૂષા, ને ફાંકડા મકાન માટેની અધૂરી રહેલી ઇચ્છાઓ માટે અસંતોષનો ધુંધવાટ પ્રગટ કરી રહી....અને તોલ્સતોયના ભૂતકાળને જ સમજવાનું તેને માટે અશક્ય બન્યું; એટલું જ નહિ, તોલ્સતોયની સગી બહેન તાનિયા સાથેના અને પિતરાઈ બહેન કાઉન્ટેસ એલેકઝાન્ડ્રા સાથેના નીતર્યાં પ્રેમ-સંબંધોની ઈર્ષ્યા કરવામાં તેને શરમ રહી નહિ. આગળ જતાં, તોલ્સતોયના અંતિમ વર્ષોમાં, સોફીઆ પોતાની બીજી દીકરી અલેકઝાન્ડ્રાની ઈર્ષ્યા કરતી દેખાય છે !

તોલ્સતોય માટે શાંતિ અને સ્વસ્થતાનો સમય લાંબો ટક્યો નહિ : 'મહાનવલ પૂરી કર્યા પછી થાક, રિક્તતા અને એકલતાની ઉદાસીનતા ઘેરી વળી.....શરીર ઘરડું લાગવા માંડ્યુ છે....' એવું ય તે નોંધે છે. પરંતુ હવે તે અગાઉનાં વર્ષોની જેમ દારૂ, જુગાર કે આડવ્યવહારની વિલાસિતાનો શિકાર બનતો નથી. જોકે સ્ત્રીઓનું આકર્ષણ તો હજીય ગજબ છે. પરંતુ એને અંગેનો સંયમ પણ એટલો જ અજબ –અપૂર્વ છે. દોમના નામની ખેડૂત-સ્ત્રી માટે એને એકાએક આવેશ જાગે છે; પરંતુ તેનાથી, અનિચ્છાએ પણ લાચાર બની ઘસડાઈ જવાને બદલે, જાગ્રત સાવધ બની જાય છે; અને તે દિવસોમાં એકલા બહાર જવાને બદલે પોતાના પુત્રના શિક્ષક એલેકસેયેવને સાથે લઈને બહાર નીકળે છે ! કીર્તિની

લાલસા કે જુઠ્ઠી મોટાઈનો દેખાવ કરવાનું મન થતું નથી. ઉલટો હવે તે તત્ત્વજ્ઞાનના અભ્યાસ તરફ વળે છે.

વળી પાછું તેનું ધ્યાન શિક્ષણના પ્રયોગો તરફ દોરાયું. ૧૮૭૧માં એણે એની વિખ્યાત પુસ્તિકા–એ.બી.સી.–લખી; ૧૮૭૨માં શાળા નવેસરથી શરૂ કરી. અને ૧૮૭૪માં લોક-શિક્ષણ ઉપરનો લેખ પ્રગટ કર્યો. બાદ, ૧૮૭૩માં સમારા જવાનું થયું, ને ત્યાં દુષ્કાળની પરિસ્થિતિ જોઈ, કકળી ઊઠી સહાય–રાહત માટે જાહેર અપીલ કરી.

વળી પાછો એનો સાહિત્યિક – સર્જક જીવ સળવળ્યો. સાહિત્યિક સૃષ્ટિની એની બીજી વિશ્વવિખ્યાત કૃતિ 'આના કારેનિના' લખવા–છપાવવાનું શરૂ કર્યું (૧૮૭૫); અને પૂરાં બે વરસે એની પૂર્ણાહુતિ (૧૮૭૭) થઈ. આમ, 'વૉર ઍન્ડ પીસ' પૂરું કર્યાં (૧૮૬૯) પછીનાં શૂન્યતા અને એક-લતાના મનોભાવ સામે તોલ્સતોયે સારી એવી ઝીંક લીધી.

૧૮૭૮માં તોલ્સતોયે પચાસ વર્ષ પૂરાં કર્યાં ; તે પૂર્વે જ ચાલુ જીવનનો અસાધારણ અજંપો જાગી ચૂક્યો હતો. હવે આખું જીવન બેકાર, અર્થહીન, ક્ષુલ્લક અને નિઃસત્વ લાગ્યું. ૧૮૭૯માં એણે 'કન્ફેશન' (એકરાર) લખવા માંડ્યુંઃ

'પાંચ વર્ષ પૂર્વે કૈંક વિચિત્ર જ મારા જીવનમાં બનવા માંડ્યુંઃ પ્રથમ તો, મુંઝવણની ક્ષણો અનુભવી અને જીવન જાણે જકડાઈ જતું હોય, કેવી રીતે જીવવું અને શું કરવું એની જાણે મને સમજ ન હોય, એવું લાગ્યું; ભૂલા પડયાનો અને હતાશાનો મને અનુભવ થયો....'

જીવન-રહસ્યની તાલાવેલી

પુત્ર પિટરના ૧૮૭૩માં અને કાકી તાતિયાનાના ૧૮૭૪-માં મૃત્યુ પછી તોલ્સતોયનો મનોભાવ પલટાઈ ગયો હતો: 'જીવન શું છે? જીવન રહસ્ય શું? આ બધી પ્રવૃત્તિઓનો હેતુ શો?' વગેરે સવાલોએ જોર કરવા માંડ્યું હતું. અને 'મૃત્યુ'નું ચિંતન એનો કેડો છોડતું નહતું. આરંભમાં આ સમસ્યાઓને હેતુરહિત અપ્રસ્તુત ગણી ધકેલતો રહ્યો. પરંતુ એ હલ્લા વારંવાર અને વધુને વધુ જોરથી શરૂ થયા:

'પાછળથી મને જણાયું કે આ હલ્લાઓ કામચલાઉ, ઉપરઉપરના ક્ષુલ્લક પ્રકારના ન હતા. અને મને ખાત્રી થઈ કે આ સવાલો જીવનના સૌથી ઊંડાણમાંથી જાગેલા હતા; અને ગમે તેટલો પ્રયાસ કરવા છતાં એનો ઉકેલ શક્ય નથી એવુંય લાગ્યું....મને લાગ્યું કે હું જે પાયા ઉપર ઊભો હતો એજ તૂટી પડ્યો હતો; મારા પગ નીચે શૂન્યાવકાશ સિવાય જીવનના આધાર રૂપ કશું જ રહેવા પામ્યું નથી. કશું ઇચ્છવા જેવુંય રહ્યું નથી, કદાચ જીવનનું સત્ય જ એ વાતમાં હશે કે જીવન અર્થરહિત છે....અને જો આમ જ હોય તો જીવનનો અર્થ શો? રસ શો? અને મને મારી જાતનો અંત લાવવાની વૃત્તિ સતાવી રહી.....અગાઉ 'જીવનને કેમ સુધારવું'ની વૃત્તિ વારંવાર ઊઠતી હતી, હવે 'જીવનના અંત'ની વૃત્તિ જોર કરી રહી....'

તોલ્સતોયના જીવનમાં આ વિરાટ મંથન જાગ્યું ત્યારે ભૌતિક અને બાહ્ય દૃષ્ટિએ એ ઓછો સુખી માનવી ન હતો.

યાસ્નાયા ઉપર એની જમીન – જાગીરમાં વધારો થયો હતો; સમારામાં ૧૬૦૦૦ એકર જમીન હજી હમણાં જ ખરીદી હતી, અને ૩૦૦ ઘોડા પણ. જીવનના આદર્શોને કારણે જાગેલો વિસંવાદ જતો કરીએ તો પત્ની શિક્ષિત અને રૂપવતી હોવા ઉપરાંત અસાધારણ ગૃહકુશળ અને સમજદાર હતી. બાળકોના ઉછેર અને શિક્ષણ પણ યથાતથા હતાં. સગાંસંબંધીઓમાં પ્રતિષ્ઠા ઊંચી ચઢી હતી. અને સાહિત્યિક સૃષ્ટિમાં તો એના નામની લગની લાગી ગઈ હતી. શરીર અને મનનું સ્વાસ્થ્ય પણ ગમે તેવાને ઇર્ષ્યા આવે એવું સુદૃઢ હતું....

અને છતાં, "મારું અંતર વલોવાઈ રહ્યું હતું કેમ જાણે 'કોઈ કે' જેણે મને સરજ્યો છે એ સરજનહારે જ તો પોતાની લીલા ખાતર મારી ભયંકર હાંસી ઉડાડી હોય...." વળી જીવનની નિરર્થકતા મને મૃત્યુના વિચારો ઉપર જ લઈ જતી હતી : મૃત્યુ જ સત્ય છે!"

૫૦મા વરસે તોલ્સતોય જીવનનું રહસ્ય ઢુંઢતો મૃત્યુનો કિનારો જોતો ઊભો હતો!



૪ : જીવન પરિવર્તનના પંથે

૫૦મા વર્ષ પછીના તોલ્સતોયના જીવનમાં ઘટનાઓ કરતાં ઘડતરનું મહત્ત્વ અધિક છે. ૫૦ વર્ષના ગાળામાં કીર્તિમઢયા સંસારની જાહોજલાલીનો જેમ પાર નથી, એમ હવે પછીનાં ૩૨ વર્ષ દરમ્યાન નવેસરના ઘડતરની એની મથામણોનો પાર નથી; આજ સુધીના જીવનનો પાયો જ એને માન્ય નથી.

ખુદ જીવન તથા જગત માયા (ફ્રૉડ) દેખાવા લાગ્યાં. મૃત્યુ જ એક માત્ર સત્ય ભાસવા લાગ્યું અને વારંવાર આત્મહત્યાના વિચારો ઘુંટાવા લાગ્યા.

તેણે ચારે કોર નજર નાખી. ચાર જાતનાં માનવી જણાયાંઃ (૧) અજ્ઞાનને કારણે, કશી ભાંજગડ વિના જીવ્યે જતાં; (૨) જીવનનો અર્થ અને હેતુની શોધ જ અસ્થાને છે, એમ સમજી જીવીએ છીએ ત્યાં સુધી ખાઈપી આનંદ કરવામાં માનનારાં; (૩) શૂન્ય જીવન જીવવાં કરતાં આત્મહત્યા જ એકમાત્ર ઉકેલ છે એવું માનનારાં અને તેમ કરનારાં; (૪) જીવનનો અંત આણવો જોઈએ એમ માનવા છતાં, એવી જીગર ન ચાલવાને કારણે જીવનારાં!

તોલ્સ્તોય પોતાને છેલ્લી કક્ષામાં ગણાવતો હતો. આત્મહત્યામાં માનવા છતાં એનાથી એ રાહ લેવાતો ન હતો. તોલ્સ્તોયની અંદર રહેલું જીવનતત્ત્વ – શારીરિક, માનસિક અને સર્જનશીલ જીવનતત્ત્વ – જેટલું અસાધારણ હતું એટલા જ જોરથી એનું સુષુપ્ત આધ્યાત્મિક સત્ત્વ પ્રગટ થવા મથી રહ્યું હતું! અને એણે સત્યની અખંડ શોધ આરંભી દીધી.

બે વરસના લગાતાર બૌદ્ધિક મંથનને અંતે – લાંબા તાર્કિક બૌદ્ધિક ચકરાવાને અંતે, તેને ઈશ્વરમાં શ્રદ્ધા પ્રગટી; ઈશ્વરી સંકેત અનુસારનાં કાર્યો કરવામાં જીવનનો હેતુ છે એમ લાગ્યું. અને આવું ઈશ્વરી જીવન (ગૉડલી લાઈફ) એટલે શ્રમપૂર્ણ, સાદું, નમ્રતાપૂર્ણ, પ્રેમમય શુભ જીવન (ગુડ લાઈફ) એવા વ્યવહારુ નક્કર નિર્ણય પર તે આવ્યો.

આમ, અંતે તોલ્સતોયને ઈશ્વરી શ્રદ્ધાનું શરણુ લાધ્યું. બુદ્ધિવિરોધી ન હોય તેવી શ્રદ્ધાનો તેણે સ્વીકાર કર્યો. ચર્ચ-મઠ અને પાદરી-ધર્મનાં પાઠપૂજા, કર્મકાંડ, મૂર્તિ, ધૂપ-શણુગાર વગેરે સાથે ધર્મને અથવા ઈશ્વરને અથવા નૈતિક જીવનને કશો જ સંબંધ નથી એવીય તેને પ્રતીતિ થઈ.

અને સારું – સાદું – સાચું 'ઈશ્વરી જીવન' જીવવા માટે તોલ્સતોય મઠોમાં, દેવળોમાં જઈને રહ્યો; શ્રદ્ધાથી જીવતી આમપ્રજાની વચ્ચે એમના જેવો થઈ દિવસો સુધી રખડ્યો ને રઝળ્યો. આને પરિણામે વિરાટ જનસમૂહને એ નવી જ આંખોએ જોતો, ઓળખતો થયો, નવા જ હૃદયે ચાહતો થયો. આ શ્રમિકો જ સાચું જીવન જીવી રહ્યા છે, ખુદ જીવન સરજી રહ્યા છે, જીવનનો દ્રોહ તો મારા જેવા બુદ્ધિજીવીઓ અને બેઠાખાઉઓ જ કરી રહ્યા છે, એવું એને લાગવા માંડ્યું. અને શ્રમ જ જીવનનું સાચું મૂલ્ય છે, શ્રમપૂર્વક જીવીને જ જીવનનું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે; વ્યક્તિગત સ્વાર્થ માટે નહિ, બૃહત્તર હિતો માટેનો શ્રમ જ જ્ઞાનમય આનંદમય હેતુ-પૂર્ણ જીવનનો અનુભવ કરાવી શકે, એવી પાકી પ્રતીતિ થઈ.

સામાજિક ક્રાંતિની પરિપાટી

આમ, તોલ્સતોયની સામે વ્યક્તિગત મુક્તિનો રાહ ખૂલી ગયો. પરંતુ કોઈ મહારુષ માટે એટલેથી અટકી જવું શક્ય નથી. પોતે પ્રાપ્ત કરેલું વ્યક્તિ – દર્શન સમાજ – દર્શન ન બને, અને કેવળ વ્યક્તિની સમસ્યાઓ નહિ, વિશ્વની સમસ્યાઓના ઉકેલ માટે એ લેખે ન લાગે ત્યાં લગી એને જંપ ક્યાંથી વળે? ૧૮૮૨માં જ તોલ્સતોયે મૂળ ધર્મશાસ્ત્રોના અધ્યયન માટે હિબ્રુ ભાષા પણ શીખી લીધી.

'કન્ફેશન' પછી એ જ વરસમાં (૧૮૮૪) 'હું શું માનું છું?' ('વૉટ આઈ બીલિવ') પ્રગટ કર્યું. ઈશુનો ઉપદેશ કેવળ વિરલ સંતો માટે નહિ, સૌ માનવી માટે છે, સૌને એ સરળ, સ્પષ્ટ બુદ્ધિગમ્ય અને અનિવાર્યતયા અનુસરવા યોગ્ય છે, એવી પોતાની શ્રદ્ધા પ્રગટ કરી, સૌ એ માર્ગ અપનાવે એવો આગ્રહ સેવ્યો. અને હયાત જીવનને જડ કર્મકાંડમાં જકડી લઈ, 'મર્યા પછીની જિંદગી' ને નામે સ્વાર્થલીલા આચરનારી ચીલાચાલુ ધર્મસત્તા સામે તેણે લુથરના જેવું બંડ જગાવ્યું.

આ વરસો દરમ્યાન જ, તોલ્સતોયે પોતાના રોજિંદા જીવનમાં શારીરિક શ્રમને ઉમંગભેર અપનાવ્યો: જાતે જોડા સીવતો થયો, હળ ચલાવતો થયો, ઘાસ વાઢતો થયો; ઝુંપડાં બાંધવા જતો, મજૂરીએ જોતરાતો અને અકિંચનો, મજૂરો – વેશ્યાઓના વાસોમાં જાતે ફરીને લોકસંપર્ક સાધતો. તેણે મદ્ય-માંસ તજ્યાં ને શાકાહારી બન્યો, બીડી – તમાકુ પણ છોડયાં.

પરંતુ હજી સમાજજીવનની રોજિંદી સમસ્યાઓથી તોલ્સતોય દૂર હતો.

૧૮૮૬માં 'ત્યારે કરીશું શું?' ગ્રંથ લખાઇ ને પૂરો થયો. તોલ્તોયનો આ ત્રીજો મુખ્ય ચિંતનગ્રંથ ('કન્ફેશન,' 'વૉટ આઈ બીલિવ' પછીનો) હતો. આ ગ્રંથ વાંચતાં સ્પષ્ટ વરતાય છે કે તોલ્સતોય હવે સામાજિક સમસ્યાઓનાં ગહેરાં પાણીમાં ઊતર્યો હતો. પોતાની આજુબાજુનું કૃત્રિમ સામાજિક જીવન, તેનાં અનિષ્ટો અને યાતનાઓ જોઈ તે હાલી ઊઠયો હતો. કેમ જાણે હવે બૌદ્ધિક સ્તરથી આગળ વધી કરુણાના સ્તર પર તેનો લોકસંપર્ક સધાયો હતો. અને એક અચ્છા કલાકારની અદાથી આ ગ્રંથમાં સામાજિક દુર્દશાનું આલેખન કરી, જગતની એક ઉત્તમ આત્મમંથનાત્મક કલાકૃતિ સરજી ગયો.

પરંતુ સાથેસાથ આ ગ્રંથમાં જ તેની બૌદ્ધિક પકવતાનું પણ દર્શન થાય છે. આ ગ્રંથમાં તોલ્સતોય આર્થિક સમસ્યાઓને પોતાની પકડમાં લે છે. એડમ સ્મિથથી ચાલતા આવેલ આર્થિક-વિજ્ઞાનને મૂડીવાદી-પોકળ અર્થશાસ્ત્ર તરીકે ખુલ્લું પાડી, નૂતન માનવીય અર્થશાસ્ત્રનો પાયો રચે છે. વર્ગો, શોષણ, પૈસો, મૂડી, ગુલામીની જૂનીનવી સંથાઓ તથા રાજ્યસત્તા અને સરકારનું રૂપ ખુલ્લું પાડે છે. આ ગ્રંથમાં તોલ્સતોય માલકીયતને સર્વ પાપ-અનિષ્ટોના મૂળ તરીકે આલેખે છે અને એના રક્ષણ માટે જ સૌ કાનૂનો થતા આવ્યા છે; તથા સૌ નોકરશાહો, વિજ્ઞાનીઓ, બુદ્ધિજીવીઓ, સાહિત્યકારો, કલાકારો 'શ્રમવિભાજન' ના ભ્રામક સિદ્ધાન્તને ઓઠે, પ્રગતિની

ભ્રામક ફિલસૂફીને નામે, બીજાના શ્રમ પર તાગડધિન્ના કરવાનો 'અધિકાર' ભોગવે છે; તથા પ્રવર્તમાન અન્યાયી સમાજને ટકાવી રાખવા નવા નવા પ્રપંચો રચે છે એમ કહી શરીરશ્રમની પ્રતિષ્ઠા કરે છે. અને કેવળ માનવકલ્યાણગામી તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર, સાહિત્ય, કલા, વિજ્ઞાનને જ બિરદાવે છે.

આ બધાના ઉકેલ માટે સાદાં સીધાં ત્રણ સૂત્રો રજૂ કરે છે: (૧) સત્યનો આગ્રહ (૨) અહમ્‌નું વિસર્જન (૩) અપરિગ્રહી શ્રમજીવન.

આ પછી; વિસ્તૃત અને મૂળભૂત સામાજિક ચિંતનનો પરિપાક આપણને પોતાના જીવન પરિવર્તન પછી ૧૬ વરસે (૧૮૯૩ માં) 'વૈકુંઠ વસે છે તારા હૃદયમાં,' (કિંગડમ ઓફ ગૉડ ઇઝ વિથ ઈન યુ) નામના ગ્રંથમાં પ્રાપ્ત થાય છે. તોલ્સતોયના વ્યાપક ચિંતનનાં મુખ્ય સૂત્રો, સારી એવી સામગ્રી અને સમજૂતિ સાથે, આ ગ્રંથમાં સુગઠિત સ્વરૂપે રજૂ થયાં છે. *

આ ગ્રંથમાં યુગોયુગોથી વણઉકલી રહેલી અને સદા સૌ ચિંતકો – ક્રાંતિકારીઓને હાથતાળી આપી સરકી જતી 'સામાજિક પરિવર્તનની પ્રક્રિયા' ની સમસ્યાને આલેખવાનો તોલ્સતોયે ભગીરથ પ્રયાસ આદર્યો છે.

---

* તોલ્સતોયનું 'વૉટ આઇ બિલીવ' પ્રગટ થતાં, દેશવિદેશમાં જે વાવંટોળ જાગ્યો, તેને પરિણામે તોલ્સતોયને અનેક પત્રો, ટીકાઓ સમર્થન કરતાં લખાણો, – પુસ્તકો, તથા જુદા જુદા દેશોમાં થયેલા એ દિશાના પ્રયાસો અને ઇતિહાસના ઉતારાઓ વગેરેની સારી એવી સામગ્રી પ્રાપ્ત થઈ. આ બધાંનો ભરપૂર ઉપયોગ આ મહાગ્રંથ (પૃ. ૫૫૦) માં થયો છે.

આ ગ્રંથમાં હિંસા, મિલ્કત, સરકાર, યુદ્ધ, સૈન્ય, કોર્ટ, કરવેરાની સદંતર નાબૂદીનો પોકાર છે. અને રાજકીય પક્ષો, રાજકીય આંદોલનો–પછી તે સ્થિતિચુસ્તોના હો વા ક્રાંતિકારીઓનાં હો, તેમનો નિષેધ કર્યો છે. સ્વરક્ષણ માટેય ખૂન–હિંસાનો અપવાદ કરવા તે તૈયાર નથી. આ ગ્રંથમાં ધર્મ અને ઈશ્વરને નામે, યુદ્ધો–કતલો અને મધ્યયુગી અત્યાચારો (ઇન્કિવઝીશન્સ) ને જન્મ આપનારા તથા રાજ્યસત્તાને અને અન્યાયી સમાજરચનાને ટકાવનારા સાધન તરીકે ચીલાચાલુ ધર્મ ઉપર પુણ્યપ્રકોપ પ્રગટ કર્યો છે; અને ધર્મનો યુગ પૂરો થયો છે, ને ધર્મ જર્જરિત થયો છે, એવું માનનાર વિજ્ઞાનીઓ સામે પણ ખબરદારી ઉચ્ચારાઈ છે. આ ગ્રંથમાં જ યુદ્ધને રોકવાના નિમિત્તે સત્તાધારીઓ તરફથી ભરાતી 'શાંતિ પરિષદો' ને દંભ તરીકે ફિટકારવામાં આવી છે; અને દાન – ધર્મને અથવા રાજ્યસુધારાઓને અને 'રાષ્ટ્રભક્તિ' નેય સ્થાપિત હિતોનાં સ્વાર્થી પ્રપંચ તરીકે ઉતારી પાડવામાં આવ્યાં છે; અને આ આખા ગ્રંથમાં ઠેર ઠેર, ફરી ફરી, રાજ્યની વ્યાપક હિંસાની સામે તથા ક્રાંતિકારીઓની બેફામ હિંસાની સામે, "રેઝીસ્ટ નોટ ઇવિલ (બાયઇવિલ)". નું સૂત્ર – અનેક દલીલો અને દૃષ્ટાંતો સાથે, અનેક કડીઓ જોડી, અનેક પ્રકારે ફરી ફરી રજૂ થયું છે.

આ ગ્રંથનું સવિશેષ મહત્ત્વ એ છે કે તેમાં તોલ્સતોયે સામાજિક વિકાસનું ઐતિહાસિક આલોચન રજૂ કર્યું છે.

૫ : જીવન પરિવર્તનનો વિકટ પંથ

૧૮૭૭ થી ૧૮૯૭ ના ૨૦ વર્ષના સમય ઉપર નજર નાખતાં આપણને તોલ્સતોયના જીવન પરિવર્તનનું સ્વરૂપ સમજાય છે. આ પરિવર્તન કોઈ રીતે આકસ્મિક – એકાએક – ચમત્કારી નથી. આપણે આગળ જોઈ ગયા તેમ, ૧૪ વર્ષની સાવ કાચી વયે એણે રુસોના ગ્રંથોનું અધ્યયન આરંભ્યું હતું; રુસોના એકરારો જાણે પોતે જ લખ્યા હોય એવી લાગણી અનુભવી હતી; અને ૧૯ મા વરસથી જીવનના નૈતિક આદર્શો નક્કી કરી, રોજનીશી દ્વારા તેણે તે ઘૂંટવાય માંડ્યા હતા : ‘માનવ – જીવનનો હેતુ શો ?’ નો સવાલ પોતે જ પોતાને પૂછ્યો હતો, અને ‘જે કાંઈ અસ્તિત્વ ધરાવે છે, એની પૂર્ણતામાં જીવનનો હેતુ રહેલો છે’ એમ એણે પોતે જ નોંધ્યું હતું. એટલું જ નહિ પણ “મારી જિંદગી હવે પછી આ આ એક જ ધ્યેય પ્રતિની અખંડ સાધના બની જશે–” એવી શ્રદ્ધાય પ્રગટ કરી દીધી હતી; તથા ‘સમસ્ત માનવજાતને સાચે રાહે મૂકવાનો અને જગતમાંથી દુર્ગુણો અને દુઃખોનો અંત આણવાનો’ નાનેમોઢે મોટો લાગે તેવો મહાન મનસૂબોય તેણે સેવ્યો હતો !

તોલ્સતોયના જીવનમાં છેક કાચી વયથી નૈતિક આદર્શો અને ધર્મભાવનાની એકધારી મથામણ – સાધના જોવા મળે જ છે. અલબત્ત, અગાઉની અને હવેની મથામણમાં ફેર છે.

અગાઉની એની મુખ્ય મથામણ સદાચારી નૈતિક જીવન જીવવાની હતી : જુગાર, જૂઠ, દંભ, વિલાસ, અનાચાર, ઘમંડ

વગેરે અનિષ્ટોની ભીંસમાંથી છૂટવાની હતી. અને ઘણે અંશે તે તેમાંથી છૂટ્યોય છે. પરંતુ હવે એનો તલસાટ સાચા દૈવી જીવનની સાધનાનો છે. હવેનો તેનો યોગ શરીરશ્રમ, અનાસક્તિ, અપરિગ્રહ, બ્રહ્મચર્ય અને પ્રેમ તથા સત્યના પૂર્ણ-પાલન માટે ઈશ્વરમય એકાગ્ર એકનિષ્ઠ જીવન માટેનો છે.

શરીરશ્રમ એને ઠીક ઠીક કોઠે પડ્યો છે અને અનાસક્તિની એની વૃત્તિ પણ સારા પ્રમાણમાં વરતાય છે. પરંતુ બ્રહ્મચર્ય અને અપરિગ્રહ હજી એની કઠોર તાવણી કરી રહ્યાં છે. બ્રહ્મચર્યની બાબતમાં, લગ્નજીવન બાદ આડવ્યવહારો સદંતર બંધ થયા છે. પરંતુ, વિષય – સુખની તેની વૃત્તિ હજી અતિ પ્રબળ છે. ૬૮ મે વરસેય પત્ની – સંગ ભોગવ્યાનો અને ૭૦ મે વરસે એવી ઇચ્છા સેવ્યાનો તે પોતે એકરાર કરે છે.

પરંતુ આ બધા કરતાં પાછલા વર્ષોની એની ખરેખરી અકળામણ, અપરિગ્રહ માટેની ભરપૂર તાલાવેલી છતાં, એમાં મળતી નિષ્ફળતા સંબંધી છે. જે મકાન મહેલાતમાં એનું વિશાળ કુટુંબ (૧૩ બાળકો તથા મહેમાનોનો સમૂહ) વસે છે, ને જે ઢબે બાળકોમાં – શિક્ષણ ઉછેર–સંસ્કારની વ્યવસ્થા ચાલતી આવી છે, તેમાં ધરમૂળથી પલટો કરવા તે ઝંખે છે ને મથેય છે. જેમાંથી એની કુટુંબની આજીવિકા પ્રાપ્ત થતી રહી છે તે જમીન – જાગીર ઉપરની માલિકી અને તેનાં ગ્રંથો ઉપરના સ્વામિત્વ હક્કનું (પાછલાં વર્ષોમાં–‘યુદ્ધ અને શાંતિ,’ ‘આના કારેનિના’ વગેરે પુસ્તકોમાંથી તેને અઢળક આમદાની થતી હતી. દા. ત., આના–કારેનિનાના એક એક શીટ માટે

૫૦૦ રૂબલ!) વિસર્જન કર્યાં વિના તેને માટે નવી સિદ્ધિ શક્ય નથી....

રાહ અતિ દુષ્કર છે! પોતાની કમજોરી પાર વિનાની છે ને બીજી બાજુ પત્ની અને કુટુંબની આડ પણ ઊભી છે! એમનેય 'કારણ' તો છે જ.

૧૮૮૧ પછી જમીન–જાગીરની દેખભાળ, વધુ ઉત્પાદનના નવા નવા પ્રયોગો, ઘોડા–મરઘાં–ભૂંડ આદિનો ઉછેર આ બધામાં હવે તોલ્સતોયનું ચિત્ત રહ્યું નથી. પરિણામે એના મુનીમોએ એનો ગેરલાભ પણ ઉઠાવ્યો છે. યાસ્નાયા, નિકોલ્સ્કો અને સમારાની જાગીરમાં થઈ કુલ મિલ્કત પચીદ લાખ રુબલ જેટલી હતી, અને એમાંથી દર વરસે મબલખ આમદાની થતી હતી, તેને બદલે હવે વરસે દિવસે માત્ર ૫૦૦૦ રૂબલ જેટલી જ થઈ રહી છે–જે મોટા કુટુંબની જરૂરિયાતો માટે, અને મિત્રો, સગાંઓ, મહેમાનોના મોટા કાફલાઓની ખાતરબરદાસ્ત માટે ઘણી જ અપૂરતી છે!

સોફીઆ આ બધું જોઈ હબકી ઊઠી છે. તોલ્સતોયની ધૂનમાં એને આખા કુટુંબની તારાજી જ દેખાય છે. અને ધીમે ધીમે કરતાં એનો અણગમો રોષમાં અને રોષ તિરસ્કારમાં તથા દ્વેષમાં પરિણમવા લાગ્યો છે. કોઈ પણ માર્ગે તોલ્સતોયને એ માર્ગેથી પાછો વાળવા એણે તમામ શક્ય ઈલાજો આદર્યાં છે: આરંભમાં કંકાસ – કડવાશ, પાછળથી ખુલ્લો સંગ્રામ!

તોલ્સતોય નોંધતો હતો: (૧૮૮૧ મે ૫) – 'કુટુંબ એ તો પોતાનાં જ હાડમાંસ છે એનો ત્યાગ એ તો આત્મહત્યા

બરાબર છે...' એ ખરું છે; પરંતુ અંતે તો 'કુટુંબની નહિ, કેવળ પ્રભુની સેવામાં લાગી જા...'

ત્યારે સોફીઆ વિચારતી: 'આ માણસ કેવો છે? અગાઉ એને જીવનની શ્રદ્ધા ન હતી લાધી તે માટે અકળાતો હતો, હવે શ્રદ્ધા મળી ગયા પછીય એનું એ જ!'

બેઉ સહૃદયી જીવ, એકબીજાંને દુઃખી કરતા, ને વારંવાર એકબીજાની ક્ષમા યાચતા પોતાની રીતે જીવન વીતાવતાં રહ્યાં. તોલ્સતોય પોતાના એક ખંડમાં બેસી જોડા સીવવાનું કામ કરતો, અથવા બહાર બગીચાનું કામ કરતો, યા કોઈના ખેતરમાં જઈ મદદ કરતો, કોઈનું ઝૂંપડું તૈયાર કરવામાં મજૂરી કરતો, પગપાળા પ્રવાસો ખેડતો, સર્વસાધારણ લોકોની વચ્ચે રહેતો ને સર્વ પ્રકારના લોકોને પોતાને ઘેર આમંત્રતો. લેખક કલાકાર, ખેડૂત, ધર્મજિજ્ઞાસુ અને પોતાના અનુયાયીઓની સાથે કલાકો ગાળતો; બાકીનો વખત વાંચતો–લખતો. અને ડાયરીઓમાં નોંધ કરતો. ત્યારે, પાસેના જ ખંડોમાં –જ્યાં એની પત્ની અને કુટુંબીજનો વસતાં હતાં ત્યાં–ભપકા, નાચગાન, મિજબાની, દારૂ અને દુનિયાભરના આનંદપ્રમોદ ચાલતા સર્વથા ઊલટાં બે દશ્યો!

પત્નીએ તોલ્સતોયના સાધુવેડાથી ત્રાસી એક વાર આત્મહત્યાનો પ્રયાસ કર્યો; અને તોલ્સતોયે જાણે એના પ્રત્યાઘાત રૂપે ગૃહત્યાગની ઇચ્છા પ્રગટ કરી. બંને નિષ્ફળ જ રહ્યાં. તોલ્સતોયે સમાધાન કર્યું – ગૃહત્યાગની ઇચ્છા પાછી ખેંચી લીધી. પત્નીને ખાત્રી થઇ કે એનો પતિ એના વિચારો

જેટલું જ વજન એને (પત્નીને) આપે છે. પત્નીને મહાન વિજયનો આનંદ થયો. અને તેણે પતિના ગ્રંથોના પ્રકાશક તરીકેની જવાબદારી પોતાને માથે ઉપાડી. બાપ પાસેથી અને મિત્રો પાસેથી મૂડી આણીનેય એ કામ શરૂ કરી દીધું! (૧૮૮૨)

પરંતુ સમાધાન લાંબું ચાલ્યું નહિ. ૧૮૮૪ માં કટોકટી ઉગ્ર બની ગઈ. પત્નીએ ગર્ભપાત માટે કોશિશ કરી અને તોલ્સતોયે લખ્યું: 'આ પાગલખાનામાં હું જ એકલો પાગલ છું એવું નથી!' અને થોડાક જ દિવસો બાદ: 'આવી બર્બર જિંદગી હવે નહિ વેઠાય...' એમ લખી, અમેરિકા ભાગી જવાનો વિચાર કરી નીકળી પડ્યો. પરંતુ, તુલાના અરધા રસ્તા સુધી પહોંચતાં, પત્નીની પ્રસૂતિની વેદનાની સ્મૃતિ સતાવી રહી; અને પાછો ફર્યો. એ ઘેર પહોંચ્યો પછી દીકરી એલેક્ઝાન્ડ્રાનો જન્મ થયો જે દીકરી તોલ્સતોયના અંત લગી તેના આદર્શોને સૌથી વધુ વફાદાર રહી.

પરંતુ પાછા આવ્યાને બહુ દિવસ નહિ વીત્યા હોય; તોલ્સતોયે એની પત્ની સામે ભયંકર કડવાં વચન નોંધ્યાં: 'મારા અંતિમ દિવસ સુધી આ સ્ત્રી (પત્ની) મારા અને મારાં સંતાનોના ગળે ઘંટીનું પડ બની રહેશે! ગળે પડિયું બાંધી ડૂબવામાંથી ઊગરી જતાં મારે શીખવું જ રહ્યું...'

વળી પાછું સમાધાન થયું...વળી પાછું ઘર્ષણુયે વધ્યું! વર્ષોના આઘાતોને અંતે (૧૮૯૧ સપ્ટેમ્બર) તોલ્સતોય નમ્યો. પત્ની જે વાત પર ઝઝુમી હતી તે બાબતમાં જ હાર સ્વીકારી લીધી: ૧૮૮૧ પૂર્વેના પોતાના તમામ ગ્રંથોના સ્વામિત્વહક્ક (કોપીરાઈટ) પત્નીને આપી દઈને છૂટયો!

ના... છૂટયો તો નહિ જ, છૂટયાનો ઘડીક આભાસ થયો એટલું જ!

બીજી બાજુ, સહજ રીતે જ ટીકાકારો તૂટી પડયા: માલિકી – વિસર્જનનો ઉપદેશ પોથીમાંનું રીંગણું જ હતો કે શું?

તોલ્સતોયે અંતર ખોલી જવાબ આપ્યો:

'હું અધમ પ્રાણી છું, અને લીધેલાં વચનો પૂરાં ન કરવા માટે ઠપકાને અને તિરસ્કારને પાત્ર છું; છતાં, બચાવ માટે નહિ, સાચી સમજ માટે મારી આગલી જિંદગીને આજની સાથે સરખાવો, તમને જણાશે કે હું આદર્શોને વર્તનમાં ઉતારવા મથી રહ્યો છું. અલબત્ત, દશ હજારમો ભાગ પણ ઉતારી નથી શકયો, એ સાચું છે; એને માટે હું દોષિત છું પરંતુ હું ઉતારવા માગતો નથી એવું નથી, પણ એ કેવી રીતે સાધવું એ હું જાણતો નથી. પ્રલોભનોનાં જાળાંમાંથી કેવી રીતે છટકવું એ મને શીખવો. મને મદદ કરો, અને હું એ પૂર્ણ કરીશ. અને એવી મદદ વિનાય હું ઇચ્છું છું ને એ પૂર્ણ કરવા આશાય રાખું છું × × **મને દોષિત ગણજો; હું પોતે જ ગણું છું,** પરંતુ હું જે પંથ ખેડી રહ્યો છું, અને જેઓ મને પૂછે છે તેમને જે પંથ ચીંધતો રહ્યો છું, તે **પંથને દોષિત ન ગણશો.** મારી બધી તાકાત વડે હું એને માટે મથી રહ્યો છું, અને પ્રત્યેક નિષ્ફળતા વખતે હું કેવળ પ્રસ્તાવો જ નથી કરતો; પરંતુ મને એ પાર પાડવાની શક્તિ

મળે તે માટે પ્રાર્થના કરું છું, અને જે કોઈ મારી જેમ
પંથ ઢૂંઢી રહ્યો હોય તેને હું આનંદપૂર્વક મળું પણ છું,
ને તેમનાં વચનનું શ્રવણ કરું છું....'

અલબત્ત પોતાને દોષિત ગણાવતો, પસ્તાવો કરતો તોલ્સતોય પંથ છોડતો ન હતો. કેટલીય વાર હાથમાં નોંધ-પોથી ને પેન્સિલ લઈ, બદલવાનું એકાદ કપડું ખભે ભરાવી, મોસ્કોથી યાસ્નાયાનો ૧૩૦ માઈલનો પંથ પદયાત્રિક બની, રસ્તે ઝુંપડીમાં સૂતો ને ભોજન–આરામ કરતો, કાપી નાખતો....

માંસ અને તમાકુનોય એણે ત્યાગ કર્યો....

પતિ – પત્ની પોતપોતાની જીવનયાત્રામાં મસ્ત હતાં. બંને એકબીજાથી દૂર દૂર ઘસડાઈ રહ્યાં હતાં અને છતાં અવાર-નવાર એકબીજાને મનાવી લેવા મથતાં હતાં, ને વળી ઝઘડતાં હતાં. ૧૮૮૬માં પુત્ર એલેકસીનું અવસાન થયું, એ મૃત્યુએ આ બેઉ જીવો વચ્ચે જીવનની અદશ્ય કડી પૂરી પાડી. બાદ, ૧૮૯૫માં પુત્ર ઈવાનનું મૃત્યુ થયું અને બંનેએ ફરી એકવાર ઐક્ય અનુભવ્યું; પરંતુ એય અગાઉના જેવું ક્ષણભંગુર જ !

તોલ્સતોયનું 'વીલ'

૧૮૯૫માં તોલ્સતોય સારો એવો થાકયો હતો – 'ઘડપણ' અનુભવતો હતો; અને મોત બહુ દૂર નથી એમ લાગતાં એની ડાયરીમાં પોતાનું 'વીલ' લખી નાખ્યું :

(૧) હું જ્યાં હોઉં તે જ સ્થળે, સસ્તામાં સસ્તી રીતે ગરીબને છાજે તે રીતે મારું દફન કરજો. તે વખતે ફૂલગોટાઓ

અને ભાષણોથી મને બચાવજો. બને ત્યાં સુધી પાદરી અને વિધિ વિના જ પતાવજો.

(૨) છાપાંઓમાં ને પત્રો દ્વારા મારા મૃત્યુની જાહેરાત ન કરશો.

(૩) મારાં બધાં લખાણો મારી પત્ની, ચેર્તકોવ, સ્ત્રાકોવ તથા તાનિયા અને મિશા જોઈ તપાસી વિવેક કરી છાપે. મારી ડાયરી-ઓમાં એક તરફી ખોટી છાપ પડવાનો ભય રહે છે, માટે તેવાં લખાણોનો નાશ કરજો (એ કામ ચેર્તકોવે માથે લીધું છે.) એકંદરે લોકોને ઉપયોગી થાય તેટલું જ પ્રગટ કરજો.

(૪) મારા દસ સંકલિત ગ્રંથો તથા એ. બી. સી. પુસ્તિકા જાહેર માલિકીનાં ગણવાં—હું કોપીરાઈટનો ત્યાગ ઈચ્છું છું જો કે મારી આ આજ્ઞા નથી, યાચના છે. મારું સાહિત્ય બ્લેક છે, એનું મને જીવનભરનું દુઃખ છે.

(૫) મારી સ્તુતિ ન ગાશો (અલબત્ત, મારા જીવતાં અત્યંત ખરાબ રીતે આવું થયું છે) અને મારાં એ પ્રકારનાં જ લખાણોમાં લોકોએ મન લગાડવું કે જેમાં મારી દ્વારા દૈવી શક્તિ પ્રગટ થઈ હોય. લોકોએ તે મુજબ જ આચરણ કરવું.

પરંતુ અંતકાળ હજી ઘણો દૂર હતો; હજી ઘણી યાતના બાકી હતી.

૧૮૯૬ – ૯૭નાં વરસોમાં ગૃહકલેશ અધિકતર વિષમય બન્યો. આ વરસોમાં પત્નીનું ચિત્ત તાનેયેવ નામના એક જાણીતા સંગીતજ્ઞ (પિયાનિસ્ટ) તરફ આકર્ષાયું. તાનેયેવને એની જાણ જ ન હતી. અને સોફીઆ કહેતી કે 'એ પવિત્ર પ્રેમ છે... એના સાનિધ્યમાં હું અસાધારણ શાંતિ અનુભવું છું... મારા ઘડપણમાં મારે આવો મિત્ર જરૂરી છે...' પરંતુ તોલ્સ્તોયને

આવા 'પ્લેટોનિક' પ્રેમનીય ઈર્ષ્યા આવી. તંગદિલી વધી, તોલ્સ્તોયે અયોગ્ય આક્ષેપો કર્યા (સોફીઆની ડાયરીમાં નોંધ મળે છે)... પરંતુ સોફીઆ તાનેયેવનો સંગ નહિ છોડે એમ લાગતાં તોલ્સ્તોયે ગૃહત્યાગની ઇચ્છા પ્રગટ કરી, પોતાના ભાઈ સર્ગીને ત્યાં રહેવા ચાલ્યો ગયો... અને વળી દીકરી બાપને પાછો લઈ આવી...(૧૮૯૭).

આથી પત્નીએ કદાચ ઊલટું જ માન્યું અને ફરી તાને-યેવને આમંત્રણ આપ્યું. ફરી 'આક્ષેપો' થયા. એટલું જ નહિ, આ પ્રેમને વગોવનારાઓને સોફીઆએ 'ગલીચ' કહ્યા. સોફીઆનો પ્રેમ ચાલુ જ રહ્યો. આ સંગીતજ્ઞના 'સોન્ગ વિધાઉટ વર્ડ્ઝ' ગીત ઉપર સોફીઆ મુગ્ધ હતી; તેણે આગળ જતાં તે નામની નવલકથા લખી, તોલ્સ્તોયને વાંચવા આપી. તોલ્સ્તોયને એ ન ગમી ને સોફીઆને એનું આશ્ચર્ય થયું.

ગૃહત્યાગનો વિચાર

તોલ્સતોયે કશી જ ઉહાપોહ વિના ફરી એક વાર ગૃહત્યાગનો વિચાર કરી, બે પત્રો લખી નાખ્યા. એકમાં લખ્યું હતું—

> 'મારી આ યોજનાનો ખુલ્લી રીતે અમલ કરવા જાઉં તો વિનવણીઓ, ઠપકાઓ, દલીલો અને ફરિયાદો આગળ હું ઢીલો પડી જાઉં અને કદાચ મારો ઇરાદો પાર પાડવાનું જ છોડી દઉં, તેથી મારું આ વર્તન તમને દુભવે તો ક્ષમા કરજો, તમે સૌ તમારા હૃદયમાં મને માફી બક્ષજો – મુખ્યત્વે તું સોનિયા, મને શુભેચ્છા સાથે જવા

> દે. મારી ભાળ ન કાઢીશ; ફરિયાદ ન કરીશ અને મા તિરસ્કાર ન કરીશ*

પરંતુ આપણને જાણવા મળે છે તે મુજબ આ પત્રો લખ્યા પછી તોલ્સતોય ગૃહત્યાગનો અમલ કરી નથી શક્યો...

હવે એનું મન વધુ ધાર્મિક – નીતિનિયમો તરફ વળતું જણાય છે. ધર્મ – નિયમો અંગેના છ મોટા ગ્રંથો (ફિલોકા-લિયા)વાંચે છે; હિંદુ – યોગ (સ્વામી વિવેકાનંદ કૃત 'રાજયોગ') નું વાચન કરે છે. અને વધુ ને વધુ ઈશ્વરાનુભૂતિ તરફ વળે છે: પ્રથમ વાર મને ઈશ્વરનું દર્શન થયું' એમ કહે છે (૧૮૯૭ ઓકટોબર ૧૪મી): હું જાણતો હતો કે ઈશ્વરનું અસ્તિત્વ છે અને મારું અસ્તિત્વ એનામાં રહેલું છે,–સાન્ત અનંતમાં વસેલ છે; અને તે અનંત મારામાં વસેલો છે – અસીમ રૂપ મર્યાદા સ્વરૂપ બન્યું છે.' × × × 'મને ચેતનાની નવી જ સ્થિતિનું ભાન થયું છે. એ સ્થિતિ છે અનંત દૈવત્વની.... આ જ સ્થિતિ પ્રાર્થનાની સાચી સ્થિતિ છે.... કેવળ આ પ્રકાશ મૃત્યુ પર્યંત સાચવી શકું તો કેવું સારું!'

આમ છતાં, તરત જ પોતાની વાસ્તવિક સ્થિતિનું એને ભાન થાય છે: 'હાલ તો હું સાવ એકલવાયો છું....જેવો હું જીવનમાં પ્રવેશું છું તેવો જ હું વેરવિખેર બની જાઉં છું!'

ધીમે ધીમે કરતાં કેવળ પ્રાર્થનામય દૈવત્વની ઝંખના વધતી ગઈ. સંસ્થા, સત્તા, ગુરૂ યા પંથ – રહિત ધર્મજીવનની ઝંખના જ સર્વોપરી બની. તોલ્સતોયના જીવનનું સુકાન દૈવી સંકેત 'વિલ ઓફ ગૉડ' બની ગયું.

---

* જુઓ આ ગ્રંથમાં અન્યત્ર આખો પત્ર

૬ : પ્રવૃત્તિના પ્રવાહમાં

તોલ્સતોયની સામાજિક – રાજકીય પ્રવૃત્તિ પણ આ વરસોમાં વ્યાપક બની હતી.

૧૮૮૧માં રશિયાના ક્રાંતિકારી બળોએ ઝારશાહીથી ગળે આવી જઈ ઝાર એલેકઝાન્ડર બીજાનું ખૂન કર્યું. આના બદલામાં પાંચ કાવતરાંખોરોને ફાંસીની સજા કરવામાં આવી, જેમાં સોફીઆ પેરોવ્સ્કી નામે એક યુવતી પણ હતી. આ સમાચારથી તોલ્સતોયને એવડો આઘાત લાગ્યો : ક્રાંતિકારીઓની હિંસક પદ્ધતિનો તો તે વિરોધી હતો જ; પરંતુ રાજ્ય દ્વારા ફાંસીનો બદલો વ્યક્તિગત ખૂનથીય વધુ ભૂંડાં પરિણામ આણશે, એવી એને ખાત્રી હતી. એ અત્યંત વિહ્વળ બની ગયો. એના આવેશમાં એને એવી લાગણી થઈ – એવું દિવાસ્વપ્ન જોયું કે જાણે ફાંસીએ ચઢનારા પેલા ક્રાંતિકારીઓ નહિ, પોતે જ હતો; એટલું જ નહિ, ફાંસીએ ચઢાવનારા એલેકઝાન્ડર ત્રીજો (નવો ઝાર), ન્યાયાધીશો અને ફાંસીઆઓ ન હતા, પણ તે ય પોતે જ હતો ! આવી દર્દમય દશામાં એણે ઝારને એક લાંબો પત્ર લખી નાખ્યો–એક માનવી બીજા માનવીને લખે તે રૂએ. તોલ્સતોયે ઝારને ઈશુનો બોધ યાદ કરાવ્યો અને અનિષ્ટનો પ્રતિકાર હિંસાથી ન કરવા, ગુનેગારોને ક્ષમા બક્ષવા વિનંતિ કરી. એમાં અસાધારણ શકય ભાવિ પરિણામોની ઝાંખી કરાવી.

જોકે, પોતાના આ પ્રયત્નની નિષ્ફળતા એ જાણતો જ હતો, અને પત્રના આરંભમાં જ એનો ઉલ્લેખ કરી પણ

લીધો હતો; પરંતુ આવા પ્રસંગે એક માનવી તરીકે મૂંગા રહેવું એને માટે અશકય બન્યું. આ ઘટનાની તોલ્સતોયના જીવન ઉપર અસાધારણ ઊંડી અસર હતી. પાછળથીય એને અંગે એણે ઘણા જ દર્દભર્યાં દિલે એના વારંવાર ઉલ્લેખો કર્યા છે.

૧૮૮૨માં એના મનમાં આમપ્રજાની કંગાલિયતની સમસ્યા ઘોળાઈ રહી હતી, અને લોકોનો સીધો સંપર્ક સાધવાનો તેનો મનસૂબો દશવાર્ષિક વસ્તી ગણતરી વખતે અમલમાં મૂકયો. એણે પોતે જ પ્રજાનો સીધો સંપર્ક સાધવા જાહેર અપીલ કરી અને લગભગ ૨,૦૦૦ વિદ્યાર્થીઓ નીકળી આવ્યા. આ આખા અનુભવનો આઘાતજનક, આંખો ઉઘાડનારો નિચોડ એના હૃદયવેધક ગ્રંથ ‘ત્યારે કરીશું શું?’ માં જોવા મળે છે. આ અનુભવે રશિયાના હજારો જાગ્રત આત્માઓને અસાધારણ રીતે ઢંઢોળવાનું અપૂર્વ કાર્ય કર્યું.

આ પછી જ તો, તોલ્સતોયની આંખો સામે દોઝખ સમા રશિયન રાજ્ય અમલનો ચિતાર પણ વધુ સ્પષ્ટ બન્યો. એલેકઝાન્ડર ૩જાના રાજ્ય અમલ દરમ્યાન રાજકીય, સામાજિક અને નૈતિક જીવન વધુ ગુંગળાયું હતું, વધુ સડયું હતું; સ્વાતંત્ર્ય, પ્રગતિ અને ઇમાનદારી માટે અવકાશ જ દેખાતો ન હતો. રાજ્યસત્તા અને ધર્મસત્તા કોઈ પણ પ્રકારનો મતભેદ, કોઈ પ્રકારની અસંમતિ સહી લેવા તૈયાર ન હતી. બલ્કે એને ખતરનાક માનીને એનું ગળું ઘૂંટવામાં આવતું હતું.

સ્વાભાવિક રીતે જ તોલ્સતોયના કાતિલ ક્રાંતિકારી વિચારોથી સરકાર અને ધર્મસત્તા ભડકી ઊઠી હતી.

તોલ્સતોય-વર્તુળો

૧૮૮૫માં તોલ્સતોયના એક શિષ્ય અને મિત્ર (પાછળથી પ્રમુખ શિષ્ય અને પરમ મિત્ર) ચેર્તકોવ તથા અન્ય મિત્રમંડળી તરફથી 'ઈન્ટરમીડિયરી' નામે તોલ્સતોય-સાહિત્ય-પ્રકાશન સંસ્થા શરૂ કરવામાં આવી.

ત્યારથી તોલ્સતોયના ગ્રંથોના અધિકારો બાબત સોફીઆ અને ચેર્તકોવ વચ્ચે જે ચકમક જાગી તેને ઉકેલવાના ગમે તેટલા સાચદિલ પ્રયાસો છતાં તોલ્સતોય એ ગૂંચ વધારવામાં ને મિત્ર તથા પત્ની વચ્ચેના અંટસની ગાંઠ મજબૂત કરવામાં જ કારણ રૂપ બન્યો હતો, એય જેવું તેવું દુર્ભાગ્ય નથી. તોલ્સતોયનો આ સંબંધ કાળક્રમે સોફીયા માટે અતિશય અકારો થઈ પડ્યો હતો.

આ વરસોમાં તોલ્સતોયનું શિષ્ય મંડળ દુનિયાના અનેક દેશોમાં દેખા દઈ રહ્યું હતું. અને તોલ્સતોયનાં સંખ્યાબંધ લખાણો સરકારી સેન્સરના મનાઈ હુકમ છતાં, હસ્તપ્રત અને લિથો-પ્રત દ્વારા સેંકડો નકલોમાં હજારો વાચકો સુધી પહોંચી ગયાં વિના રહ્યાં ન હતાં; એના અનુવાદો વિદેશમાં પ્રગટ થતા રહ્યા હતા, અને કેટલીક વાર તો વિદેશમાં જ રશિયન ભાષામાં છપાઈને દેશની અંદર ગુપ્ત રીતે પ્રચાર પામતાં હતાં.

સ્વાભાવિક રીતે જ, તોલ્સતોયના વિચારોનો પ્રચાર કરનારાં અને તેનો અમલ કરવા આતુર બનેલાં, જીવનનો ઉજાસ અને ઉલ્લાસ એ આદર્શોમાં જ હોવાની પ્રતીતિ

જેમને થઈ ચૂકી હતી તેવાં અસંખ્ય માનવીઓએ રશિયામાં અને વિદેશોમાં સહજઊર્મિથી સહજસ્ફૂર્ત રીતે પોતાના સંઘો રચ્યા, નાના આશ્રમો 'કમ્યુનો' રચ્યાં.

રશિયામાં તોલ્સતોયના વિચારોનો ત્વરિત પડઘો ઉઠ્યો રશિયાની ભૂમિમાં જાણે એને માટે બીજ પડેલાં જ હતાં. રશિયામાં સૈકાઓ થયાં કેટલાક નાના નાના ધાર્મિક પંથો જીવંત હતા જેઓ ઈશુના મહામંત્ર 'અનિષ્ટનો પ્રતિકાર (હિંસાથી) ન કર'ના સૂત્રને વરેલા હતા, અને પેઢી દર પેઢીથી પોતાના શ્રમ ઉપર ગુજારો કરતા આવ્યા હતા, તેઓ ફોજી ભરતીમાં જોડાવાનો દૃઢ ઇન્કાર કરતા; એ માટે આવે તે બધાં દુઃખો (જેલો, સજાઓ, દેશવટો સહિત) સહન કરીનેય પોતાના સંકલ્પને જીવનમાં ઉતારવામાં પાછા પડ્યા ન હતા.

ઇંગ્લેન્ડ, અમેરિકા અને હોલેન્ડમાં પણ આવા સંઘો ઉભા થયા હતા. ત્યાં સંઘ-જીવનના અખતરાઓ શરૂ થઈ ચૂક્યા હતા. આ અખતરાઓની અંધાધૂંધી અને અવ્યવહારુતાનાં દૃષ્ટાંતોનો પાર નથી. છતાં આધ્યાત્મિક સંઘજીવનનો આટલો વ્યાપક પ્રયોગ ઈતિહાસમાં આ પૂર્વે ભાગ્યે જ જોવા મળે છે, જ્યાં મિલકત માલકીયતની સમૂળી હસ્તી નથી, જ્યાં શરીરશ્રમ દ્વારા જ ઉપાર્જનનો આગ્રહ છે, જ્યાં ભૌતિક પ્રગતિ કરતાં દૈવી જીવનનો જ અલખનાદ સૌની પ્રેરણા અને સૌનો આનંદ છે; જ્યાં રાજ્ય, હિંસા, દમન, સજાનું નામ નિશાન નથી; કેવળ પ્રેમાધારિત બંધુત્વનું જ વિશ્વ છે.

આમાંનો સૌથી મુખ્ય ધ્યાન ખેંચે એવો એક પ્રયોગ હતો 'દુખોબોર' પ્રજાનો. આ પ્રજા શુદ્ધ ખ્રિસ્તીપંથી હતી. કોકેશસના

પહાડોમાં વસતી હતી. ૧૮૯૫માં તેમણે ફોજી નોકરીમાં જોડાવાનો સૈદ્ધાન્તિક ધાર્મિક દૃષ્ટિએ ઇન્કાર કર્યો હતો. અંતે, ઝારની સતામણીઓ અસહ્ય બનતાં આ પ્રજા હિજરત કરી કેનેડા જઈ વસી હતી. તોલ્સતોયે આ પ્રજાનાં હિત સાચવવામાં તથા હિજરતની વ્યવસ્થા પાછળ પોતાની સારી એવી શક્તિ વરસો સુધી ખરચી હતી. બલ્કે, એની સલાહ અને પ્રેરણા નીચે જ તોલ્સતોય – ભક્તોએ આખો પુરુષાર્થ સફળ બનાવ્યો હતો. ક્રાંતિકારી પ્રિન્સ ખિલકોવ જેવાએ પોતાના નિર્વાસિત જીવન દરમ્યાન આ પ્રજાને સહાય કરી હતી. આ પ્રિન્સ પાછળથી સમાજવાદી બન્યો હતો અને રેલવે – વ્યવહારના પ્રધાન તરીકે પણ ક્રાંતિ પૂર્વેની સરકારમાં જોડાયો હતો.

ભર્યાંભર્યાં વર્ષો

૧૮૮૬ નું વર્ષ તોલ્સતોય માટે બધી રીતે ભર્યું ભર્યું રહ્યું. એની ખ્યાતિ સારી એવી વિસ્તરી હતી. દેશ–વિદેશથી મહેમાનો અને પ્રવાસીઓનો ધસારો વધ્યો હતો. પત્રવ્યવહારનો બોજ ઘણો મોટો થયો હતો. કુટુંબવધારો અને પત્ની સાથેનો સંઘર્ષ, વધતા જતા ખરચા અને નવી નવી જરૂરિયાતો, તથા શરીરશ્રમનો આગ્રહ – ખાસ કરીને ખેતકામ તથા ઝૂંપડાં બનાવવાનું કામ – આ બધાં એને સારી પેઠે થકવનારાં હતાં. આ સ્થિતિમાંય એનો કલાકાર સર્જક જીવ 'ધ ડેથ ઓફ ઈવાન ઇલિચ' જેવી નવા જ સ્વરૂપની મનોવૈજ્ઞાનિક સુંદર લાંબી વાર્તા લખવામાં રત રહ્યો હતો. આ બધાંને પરિણામે, ૯ અઠવાડિયાંની લાંબી માંદગીમાં તે પટ-

કાયો. ત્યારે, વળી પાછી, 'જીવન અને મૃત્યુ'ની સમસ્યા તેને અકળાવી રહી.

માંદગી દરમ્યાન જ 'ધ પવાર ઓફ ડાર્કનેસ' નાટક અને ત્યાર બાદ 'ઓન લાઇફ'નો પ્રબંધ લખ્યો.

હવે પછીનાં વરસોમાં એની અપરંપાર શક્તિ ખાઈ જનાર ૧૮૯૧–૯૨ નાં વર્ષ હતાં. રશિયાના ભયંકર દુકાળનાં આ વરસોમાં તોલ્સતોય સેંકડો ગામડે પગપાળો ફર્યો, સરકારે તો દુકાળ પડયો હોવાની હકીકતનો સુદ્ધાં ઇન્કાર કરી બધી જવાબદારી ટાળી દીધી; અને ખ્રિસ્તી ધર્મ–સંસ્થાએ પણ સરકારની આંખે જ જોયું અને સરકારની જીભે જ જુઠ્ઠાણું રટ્યું, ત્યારે તોલ્સતોય ખુલ્લેઆમ પ્રજાને પડખે ઊભો રહ્યો. તોલ્સતોયનું આખું કટુંબ એમાં ખૂંપી ગયું: ૨૪૬ અન્નતીર્થો ચલાવ્યા, ૧૨ – ૧૩ હજાર પ્રજાજનોને રોજ રોટી – અન્ન વહેંચ્યાં. ખેડૂતોને બીયાં, ઘોડા ને ઘાસ પૂરા પાડ્યા. આમ, લગભગ બે વરસ અથાગ પરિશ્રમમાં ગાળ્યાં. પરંતુ આવાં અતિશય લોકોપયોગી કાર્યોની પણ તેને બહુ કિંમત ન હતી. એની વેધક દૃષ્ટિથી એ છાનું ન હતું કે, એક બાજુ લૂંટ – શોષણ ચાલ્યા કરે ને બીજી બીજુ રાહત – ફંડ – ફાળા દ્વારા થીગડાં માર્યાં કરીએ એના જેવું પોકળ શું હોઈ શકે? ને એ પોતાની જ જાત ઉપર અકળાતો: 'આ રાહતકાર્યના વ્યવસ્થાપક તરીકેનું મારું કાર્ય મને અસહ્ય અકારું લાગે છે.'

રાજ્યસત્તા અને ચર્ચનો ખોફ

ત્યારે સામી બાજુએ, આ કાર્ય પાર પાડવા માટે જ, સરકાર અને ચર્ચનો ખોફ એના ઉપર ઊતર્યો હતો. એમાં

વળી નવો તણખો ઊડ્યો. એણે દુષ્કાળને અંતે એક લેખ લખ્યો, ને એક અંગ્રેજ પત્રકારને વાંચવા આપ્યો. હજી 'સેન્સર' નહિ થયેલો આ લેખ પેલા અધીરિયા પત્રકારે પરદેશમાં છપાવી નાખ્યો (૧૮૯૨). પછી તો પૂછવું જ શું? રાજ્યનો ધુંધવાટ આગ બની ઉછળ્યો. ગૃહ ખાતાએ તોલ્સતોયને દૂરના એક મઠમાં નજરકેદ કરવાનો નિર્ણય લઈ, ઝારની પરવાનગી માગી (જ્યાં લખવા કરવાની ભાગ્યે જ કશી શક્યતા રહે). પરંતુ ઝારનો જવાબ ઊલટો જ આવ્યો : 'તોલ્સતોયને હાથ ન અડાડશો. એને શહીદ બનાવી હું મારે માથે આખી દુનિયાનો ખોફ વહોરવા ઇચ્છતો નથી. એ ગુનેગાર હોય તો તે એને માટે જ વધુ ખરાબ છે....'

તોલ્સતોય માટેનો ઝારનો આ નિર્ણય શાણો તો હતો જ. જોકે એની પાછળ તોલ્સતોયની એક કાકી રાજદરબાર સાથે સંકળાયેલી હતી તેય કારણ રૂપ હતી.

પરંતુ ઝાર જે કરતાં અચકાયો એ આઠેક વરસ બાદ, તોલ્સતોયની પ્રતિભા અધિક વ્યાપક બની હતી ત્યારે, ધર્મના વડાએ કર્યું. તોલ્સતોયને ખ્રિસ્તી દેવળના દુશ્મન તરીકે ઓળખાવી, એના જીવતાં કે મૃત્યુ સમયે એને માટે કોઈ પણ જાતની પ્રાર્થના, ઉપાસના કે ધર્મવિધિ નહિ કરવાનો ગુપ્ત પરિપત્ર વડા ધર્મગુરુએ તમામ પાદરીઓ ઉપર મોકલી આપ્યો (૧૯૦૦). બીજે જ વરસે (૧૯૦૧) ખુલ્લો વટહુકમ બહાર પાડ્યો.

આ જ આ વરસો હતાં જ્યારે રશિયન ક્રાંતિના ભડકા દેખાવા શરૂ થયા હતા. વડા ધર્મગુરુના વટહુકમથી તો એમાં

તેલ રેડાયું. વિદ્યાર્થીઓ, કામદારો, લેખકો ને પત્રકારોનાં નિદર્શનો થયાં; સામે સરકારી દમન ઝીંકાયું.

તોલ્સતોય માટે આ બંને પ્રસંગે મૂંગા રહેવાનું અશક્ય બન્યું. પોતાને બહિષ્કૃત કરનારા વટહુકમના લાંબા જવાબમાં પોતાની માન્યતાઓ ફરી સ્પષ્ટ કરીને, એણે ધર્મગુરુને ઢંઢોળ્યો :

'જેમ હું મારા શરીરને બદલી શકું એમ નથી, તેમ મારા વિચારોય બદલી શકું એમ નથી. મારે પોતાનું જ જીવન ગાળવું રહ્યું; અને મારે જ મારું મોત પામવું રહ્યું (કદાચ બહુ ટૂંક સમયમાં); આથી જ તો જે પ્રભુની પાસેથી હું આવ્યો છું તેની જ પાસે જવા સારુ, હું જે વાત અંતરથી માનું છું એનાથી જુદું સ્વીકારી શકું નહિ. મારી આ માન્યતા એ જ એકમાત્ર સદાકાળનું સત્ય છે એવું હું માનતો નથી; પરંતુ એનાથી વધુ સરળ, વધુ સ્પષ્ટ અને મારી બુદ્ધિ અને મારા હૃદયની તમામ માંગને વધુ સારી રીતે સંતોષે એવું બીજું કાંઈ મને દેખાતું નથી. મને જ્યારે એવી શ્રદ્ધા લાધશે ત્યારે હું તરત એનો સ્વીકાર કરીશ; કેમ કે પ્રભુ કેવળ સત્યની જ માગણી કરે છે. પરંતુ જેમ એક વાર ઈંડાંમાંથી જન્મેલું પક્ષી એના કોચલામાં પાછું જઈ શકતું નથી, તે જ રીતે, યાતનાઓ સહીને હું જેમાંથી બહાર આવ્યો છું, તેમાં જ પાછો જઈ શકું એમ નથી.'

અને હવે વાંચીએ, એ જ મહિને (માર્ચ - ૧૫,૧૯૦૧) લખેલી, 'ઝાર અને એના મુખ્ય પ્રધાનો ઉપરની અરજી' માંનો થોડોક ભાગ–

'હમણાં ફાટી નીકળેલાં તોફાનો દાબી દઈ શકાય એવું બનેય ખરું; જોકે એવીય શકયતા છે કે, સરકાર જેમના ઉપર આટઆટલી મુસ્તાક છે તે સૈનિકો અને પોલીસો જ, જ્યારે તેમને તેમના જ બંધુઓની કતલ કરવાનો હુકમ કરવામાં આવશે ત્યારે કદાચ એની કર-પીણુતા સમજી જશે અને ત્યારે એવું કરવાનો ઇન્કાર કરશે. અને માનો કે હાલ પૂરતું આ બંડ દબાઈ પણ ગયું, તોય એ હોલવાઈ ગયું એમ માનવાની જરૂર નથી. એ ગુપ્ત રીતે વધુ ને વધુ કારમા રૂપે ધૂંધવાયા કરશે, અને મોડા વહેલાં વધુ ઉગ્ર રૂપે જોરદાર રીતે ફાટી નીકળશે; અને ત્યારે આજના કરતાંય વિશેષ યાતનાઓ અને ગુનાઓ પેદા કરશે !'

આ બધામાંથી તત્કાલ બહાર આવવાનો માર્ગ પણ તોલ્સતોય આ પત્રમાં ચીંધે છે. ઓછામાં ઓછી નીચેની માગણી-ઓ સ્વીકારવા તે વિનવે છે–(૧) કિસાનોના સરખા અધિકાર; (૨) દેશના ચાલુ કાનુનોથી પર એવી ખાસ સત્તાઓ આપ-નારા વટહુકમોની નાબૂદી, (૩) શિક્ષણનું સ્વાતંત્ર્ય; (૪) ધાર્મિક સ્વાતંત્ર્ય.

રશિયન પ્રજાની અતિવિશાળ બહુમતિની આટલી ઓછામાં ઓછી ઝંખના છે. આનો સ્વીકાર કરશો તો પ્રજાને શાંત પાડી શકાશે, અને એમને ભયંકર યાતના-ઓમાંથી અને (એથીય અધિક બદતર) ગુનાઓથી ઉગારી શકાશે. પરંતુ જો સરકાર આવાં બંડના મૂળને સ્પર્શ્યા

વિના દમનથી જ પતાવવા માગશે તો બંને પક્ષે અનિવાર્ય રીતે યાતનાઓ અને અધિક બદતર ગુનાઓ અનિવાર્ય બની જશે.... કેવળ આ રસ્તે જ તમારી પોતાની સ્થિતિ સાચેસાચ સલામત અને સુદૃઢ રહી શકશે....'

તોલ્સતોયની આ આર્ષવાણી આતતાયીને હૈયે પહોંચી નહિ, ૧૯૦૫માં તો રશિયન ક્રાંતિનો પ્રથમ પ્રસ્ફોટ થયો.

યુદ્ધ-હિંસા સામે ચીમકી

૧૯૦૧માં ઝારને સંબોધીને પ્રગટ કરેલી આ અગમ-વાણી પછી બીજે જ વરસે (૧૯૦૨) હૃદયનો હુમલો થયા પછી, તોલ્સતોયે પોતાનો અંત સમીપ આવ્યો માનીને, વળી એક પત્ર ઝારને પાઠવ્યો. તેમાં તેણે ઝારને 'વહાલા ભાઈ' તરીકે સંબોધન કર્યું; અને રશિયા જે યાતનાઓ ભોગવી રહ્યું હતું તેનો ઉલ્લેખ કરી, ચીલાચાલુ ધર્મસંસ્થા યા એક હથ્થુ રાજ્યસંસ્થા એકે રશિયનના વિકાસ માટે અનુકુળ નથી એવું સ્પષ્ટ જણાવ્યું. અને ચાલુ ઝારના રાજ્ય અમલ દરમ્યાન જે જે અનિષ્ટો જામ્યાં હતાં તે બધાં કહી બતાવ્યાં. તથા કેટલીક વધુ માગણીઓમાં વ્યકિતસ્વાતંત્ર્ય સ્થાપવા ઉપર અને જમીન ઉપરની ખાનગી માલિકી રદ્દ કરવા ઉપર ભાર મૂકયો.

આ પછી ૧૯૦૪માં, યુદ્ધ તરફ ઢસડાઈ રહેલા રાષ્ટ્રને 'વિચાર કર તારી જાતનો'–એમ કહી યુદ્ધથી દૂર રહેવા ચીમકી આપી; તો ૧૯૦૫માં જપાન સાથેના યુદ્ધમાં રશિયા સંડોવાયું ત્યારે બીજી બાજુ થઈ રહેલી હિંસક ક્રાંતિની તૈયારીઓ જોનાર તોલ્સતોયની આંખે રાષ્ટ્રની તારાજી દેખાયા વિના

પાયા પર તૈયારીઓ શરૂ થાય તે પૂર્વે જ, તોલ્સતોયે મિત્રોને વિનવ્યા હતા: 'કૃપા કરી તમે આ ઉત્સવ બંધ કરાવવા તમારાથી બનતું કરી મને હળવો કરો. તમારો હું સદા ઉપકૃત રહીશ.'

તો બીજી બાજુ, સરકારે અને વડા ધર્મગુરુએ આ મહોત્સવને નિષ્ફળ બનાવવા ઓછા ધમપછાડા ન હતા માર્યાં. ધર્મગુરુએ 'ધાર્મિકો' ને એમાં ભાગ ન લેવા આજ્ઞાપત્ર પાઠવ્યો હતો. સ્થાનિક સરકારી કચેરીઓએ મ્યુનિસિપાલીટીઓ, શાળાઓ તથા ઇતર સંસ્થાઓને ભાગ ન લેવા સૂચના મોકલી હતી. તથા વિકૃત દેશભકતોના પક્ષ 'બ્લેક ગેન્ગ' –કોંગ્રેસે મોસ્કોમાં પરિષદ ભરી 'કોઈ પણ ઉપાયે' આ સમારંભને નિષ્ફળ બનાવવા બીડું ઝડપ્યું. પરંતુ ઉત્સવદિન નજીક આવતો ગયો તેમ તેમ વાતાવરણ ઝડપથી પલટાઈ રહ્યું. અખબારોએ અને જાગ્રત નાગરિકોએ નિર્ભય બની તોલ્સતોયના જીવન અને ચિંતન અંગે જાહેર લખાણો અને પ્રસંશા પત્રો લખી, તંત્રીઓએ અગ્રલેખો અને ફોટાઓ છાપી આખા વાતાવરણને પલટી નાખ્યું. ઉત્સવ પ્રસંગે ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, ઇટલી જર્મનીથી જ નહિ, અમેરિકા, જપાન અને ભારતથીય* વિખ્યાત પુરુષો આવી પહોંચ્યા. રોમાં રોલાં, શૉ, રિલ્કે, એચ. જી. વેલ્સ, એડવર્ડ કાર્પેન્ટર જેવા વિવિધ ક્ષેત્રોના ખ્યાતનામ સાહિત્યકારોએ, ગાંધીજી અને માસારિક જેવા

* ડેરિક લિયોને તેના ગ્રંથમાં નોંધ કરી છે, તે મુજબ.

રાષ્ટ્રવાદીઓએ (ભવિષ્યના સંતોએ) શુભેચ્છાઓ પાઠવી; આશીર્વાદ અને સલાહો માગતા વિનંતી પત્રો પાઠવ્યા. અભિનંદના ૨૦૦૦ તારો અને હજારો રશિયન પ્રતિનિધિઓ દેશના ખૂણેથી આવ્યા –અલબત્ત, કેટલાક તોલ્સ્તોયને ઠપકો આપવાય આવ્યા હતા, અને કેટલાક તેને ખ્રિસ્તી–ચર્ચ–ધર્મમાં પાછો આવવા સમજાવવા સારુય....તે દિને, વિશ્વના મહર્ષિને વિશ્વની સંસ્કારિતાએ ભવ્ય અને ભાવભરી અંજલિ આપીને પોતાને જ કૃતાર્થ કરી....



૭ : અંતિમ કસોટી

૮૦ મે વરસે જેની કીર્તિનો ધ્વજ આટલો ઊંચો ચઢ્યો હતો, એના આંતરિક જીવનની કટોકટીનો ભાગ્યે જ કોઈને પૂરો અંદાજ હશે.

તોલ્સતોય માટે તો દૈવી જીવનની સાધના હજી અધૂરી હતી. અપરિગ્રહના પાયામાં રહેલી માલિકી વિસર્જનની સૌથી મોટામાં મોટી આડ હજી કાયમ હતી. પોતાના કેટલાક ગ્રંથોનો સ્વામિત્વ – અધિકાર એની પત્નીને હાથ સોંપી દીધો હતો; પરંતુ એ સર્વ લોકની મિલકત બની જાય તે માટે તે અધીરો હતો. તેમાં વળી તોલ્સતોયના ઘનિષ્ટ શિષ્ય મિત્ર ચેર્તકોવે આ બાબત તોલ્સતોયનું વારંવાર ધ્યાન ખેંચ્યું હતું ને વારંવાર તરેહતરેહથી દબાણ પણ આણ્યું હતું. આને કારણે સોફીઆ અને ચેર્તકોવ વચ્ચે ભયંકર દ્વેષ જાગ્યો હતો – તે એટલે સુધી કે સોફીઆએ એના ખૂનની ધમકી આપી દીધી હતી !

સૌથી વધુ જટિલ સમસ્યા તોલ્સતોયથી વરસો સુધીની એકધારી રોજનીશીઓએ ઊભી કરી હતી. આ રોજનીશીઓમાં તોલ્સતોયે કોઈ કશા સંકોચ વિના જે વખતે જે અનુભવ્યું તે બધું – ઘણી બધી વાર તે તે સમયના આવેશ – આવેગમાં લખ્યું હતું. એની પત્ની સાથેની લાંબી ઉગ્ર અને કટુતાભરી ઘર્ષણ – ઘટનાઓનો ચિતાર પણ એમાં હોવો સહજ હતો. આ બધાંથી સોફીઆ જબરજસ્ત ભડકી ગઈ હતી, તોલ્સતોયના મૃત્યુ બાદ ચેર્તકોવ વગેરે એ રોજનીશી-

ઓનો ઉપયોગ પોતાને (સોફીઆને) બદનામ કરવા કરશે, એવો ભય એને ડારી રહ્યો હતો.

વળી, આજ પૂર્વે તોલ્સતોયે પોતે જ ૧૮૮૧ પૂર્વેનાં લખાણોનો જે સ્વામિત્વ અધિકાર તેને આપ્યો હતો તેમાં ફેર-ફાર કરવાની સૂચના સીધી આડકતરી રીતે થતાં જ તે કુંફાડો કરી ઊઠતી હતી. એકાદા પ્રકાશક સામે કેસ કરવાનીય તેણે ધમકી આપી હતી. ઉપરાંત ચેર્તકોવ 'ઇન્ટરમીડિયરી' (પ્રકાશન સંસ્થા) હસ્તક એટલે કે પોતાને જ હસ્તક બધા અધિકારોનો કબજો રાખી, માલિકીવિસર્જનના આદર્શને ઓઠે તોલ્સતોયને શરમાવીને, અંતે સોફીઆ ઉપર જ વેર વાળી રહ્યો હતો, એવું વિચારતાં તે પાગલ જેવી બની જતી હતી.

બીજી બાજુ, ખુદ તોલ્સતોયના મનથી, જે પત્ની પોતાના આદર્શોને સ્વીકારતી નથી, એ માર્ગે જે ઉત્સાહિત નથી, બલ્કે રોડાં નાખતી ઊભી છે; એને હાથ પોતાના મૃત્યુ બાદ બધાં લખાણો જાય તો તેમાંથી શું – કેવું – કેટલું છાપવું – ન છાપવું તેની બાબતનો છેલ્લો નિર્ણય રહે તે એને રૂચતો ન હતો. એથી જ તો એણે સોફીઆ, ચેર્તકોવ તથા એ દીકરીઓના સંયુક્ત હાથમાં એ નિર્ણય છોડયો હતો. પરંતુ એક દીકરી અવસાન પામી હતી. અને બાકી રહેલાંમાં અંદરઅંદરનો ખટરાગ માઝા મૂકી રહ્યો હતો.

એક બાજૂ ગ્રંથો ઉપરના સ્વામિત્વ – અધિકારના વિસર્જનનો નૈતિક સિદ્ધાન્ત અમલમાં મૂકવાની ઝંખના અદમ્ય હતી; બીજી બાજુઆપ્તજનો વચ્ચેના વૈમનસ્યને કારણે એમાંના

કોઇને પણ હસ્તક એની ભાવિ વ્યવસ્થા (સંપાદનનીય) સોંપવી શક્ય ન હતી. તોલ્સતોય ઘડીમાં ચેર્તકોવનો દોર્યો દોરવાતો હતો; તો ઘડી પછી પત્નીના દબાણને અને ગુસ્સાને વશ થતો હતો.

ચેર્તકોવને આપેલી રોજનીશીઓ, પત્નીના દબાણને વશ થઇ, તે પાછો લઇ આવ્યો, અને બેંકમાં મૂકી. પરંતુ એટલાથીય સોફીઆને નિરાંત ન વળી. ચેર્તકાવે એ રાજનીશીઓ સુપ્રત કરવા પૂર્વે એમાંથી ઉતારા કરી લીધા હતા. આ કારણે, તથા પાછળથી તોલ્સતોય ચેર્તકોવને જ હાથ એ સોંપી દેશે એવા ભયે સોફીઆને જંપ ન હતો. તો બીજી બાજુ, ચેર્તકોવનેય ચેન ન પડ્યું: તોલ્સતોયનું સ્પષ્ટ 'વીલ' નહિ હોય તો તોલ્સતોયના મૃત્યુ બાદ એની મિલ્કતના ભાગ તરીકે એ બધાં લખાણો એની પત્નીને હાથ જવાનાં જ. આથી ચેર્તકોવે એનાં સોલિસિટર દ્વારા એક નવું 'વીલ' તૈયાર કરાવી, તોલ્સતોયને દૂર એક ઝાડીમાં લઈ જઈ, ગુપ્ત રીતે તેના ઉપર સહી કરવા પ્રેર્યાં (૧૯૦૯ જુલાઇ)! જતે દિવસે આ ગુપ્ત 'વીલ' અંગે સોફીઆને વહેમ ગયો. પછી તો તોલ્સતોયની ગેરહાજરીમાં, અગર તે ઊંઘતો હોય ત્યારે, તેના ખંડમાં રાતે–મધરાતે ચોરની જેમ ઘૂસી જઇને, રોજનીશીઓ ફંફોસી સાચી બીના જાણવા અધીરી બની ઊઠી. બીજી બાજુ, તેણે તોલ્સતોય પાસે વચન લઈ લીધું કે તે હવે ચેર્તકોવને કદિ મળશે નહિ.

તોલ્સતોયે તંગ આવી જઇ, નવી રોજનીશી શરૂ કરી દઈ તેને જોડાની અંદર સંતાડીને રાખી!

પરંતુ આખરે સોફીઆને હાથ તોલ્સતોયની એ જ રોજનીશી આવી પડી, જેમાં ગુપ્ત 'વીલ'ની નોંધ હતી. આ પછી સોફીઆએ અત્યંત આવેશમાં આવી તોલ્સતોય ઉપર પત્ર લખ્યો – 'તમે જેને તમારાં લખાણો દ્વારા દરેક રીતે અવગણી છે તે સરકાર, તમારાં આ ગુપ્ત 'વીલ'ને આધારે, કાનૂન મુજબ, તમારા વારસદારોના મોંમાથી રોટીનો ટુકડો ઝુંટવી લેશે, અને એ લખાણો પૈસાદાર પ્રકાશકો અને ઉઠાઉગીરોને હાથ સોંપી દેશે ત્યારે, તોલ્સતોયના પ્રપૌત્રો પેલા ચેર્તકોવની ઝેરીલી અહંતાવાદી ઇચ્છાને જ કારણે ભૂખના માર્યાં મરતાં હશે....'

તોલ્સતોય મૂંગો રહ્યો. પરંતુ પરિસ્થિતિ હવે હદથી બહાર વિકટ બની રહી હતી. અને એણે નોવિકોવ નામના એક ખ્રિસ્તી ખેડૂત મિત્રને પત્ર લખ્યો–

'આ ઘરમાં હવે મૃત્યુય અસહ્ય બની જશે....તારે ત્યાં આવી છેલ્લાં દિવસો શાંતિથી કાઢવા આતુર છું.'

અને તોલ્સતોય એકાન્ત અને મૃત્યુની ઝંખના કરતો જેટલા દિવસ આ ઘરમાં રહ્યો તે દરમ્યાન અર્ધબેભાન સ્મૃતિનાશની સ્થિતિનો વારંવાર ભોગ બન્યો.

૮ઃ આખરી ગૃહત્યાગઃ અંતિમ દિવસો

ઓકટોબરની ૨૩ મી (૧૯૧૦) એ તોલ્સતોયને સ્મૃતિ-નાશનો વળી ઊથલો આવ્યો અને લગભગ તમામ વિચાર-શૃંખલાઓનો જાણે અંત આવી ગયો. કેવળ એક જ વિચાર, કેવળ આધ્યાત્મિક અનુભૂતિનો એકધારો આનંદ, પ્રવર્તી રહ્યો.

પરંતુ આ સ્થિતિ બે દિવસ જ ચાલી. અને વળી એ જ જૂનાં દમન, આશંકા અને ચિંતાઓથી મન ભરાવા લાગ્યું; 'મારા મનને એક જ પાપમય વિચાર પકડી બેઠો : પત્ની તરફથી કોઈ ને કોઈ કારણ મળે ને હું ભાગી છૂટું....'

બીજી સવારે તોલ્સતોયના મનની આ સ્થિતિ પામી જઈ એની શિષ્યા મેરી એલેકઝાન્ડ્રોવનાએ એવું પગલું ન ભરવા સલાહ આપી. તોલ્સતોય પોતે જ કયાં જાણતો ન હતો – એણે પોતે જ વીસ વરસ પૂર્વે નોંધ કરી હતી કે,

"ના, હું કંઈ સંત નથી. હું તો માનવી છું. ઘણી બધી વાર ઘસડાઈ જનારો; અને કેટલીક વાર, બલ્કે હું શું અનુભવું છું ને વિચારું છું તે ચોક્કસપણે કહી જ શકતો નથી! કારણ? હું ઘણીવાર રજનું ગજ કરતો હોઉં છું અથવા કેવળ ભૂલથાપમાં અટવાતો હોઉં છું.... કાર્યશીલ બનવાની બાબતમાં તો આથીય ભૂંડી પરિસ્થિતિ છે. કેમ કે હું તો બૂરી આદતોમાં પડેલો નિર્બળ માનવી છું; –જે સત્ય રૂપી ઈશ્વરની સેવા કરવા ઝંખે છે, પણ સદા એનાથી ઊલટો જ ઘસડાઈ જાય છે!"

આમ મૂંઝવણમાં દિવસો વહી રહ્યા છે. અને ૨૦ વર્ષ પૂર્વેની જેમ, હજી આજેય, વહેતા કાળના પ્રવાહમાં તોલ્સતોય ઘસડાઈ રહ્યો છે. ત્યાં એક નવો જ આઘાત ઝીંકાયો. આજ પૂર્વેના તમામ આઘાતોથી નિરાળો. તા. ૨૮મી ઓકટોબરની પાછલી રાતે, ત્રણ વાગ્યે તોલ્સતોય ઝબકીને જાગી ઊઠયો. કોઈક એનાં ટેબલનાં ખાનાં ફંફોસી રહ્યું હતું! મીણબત્તી કરી જુએ છે તો પત્ની દેખાઈ. અને આગલી કેટલીક રાતોની જેમ, 'ઊંઘ નથી આવતી? બહુ ત્રાસ થાય છે?'–એવી મીઠી ચિંતા વ્યક્ત કરી તે સરકી ગઈ.

આજ સુધી કદિ નહિ સમજાયેલી વાત તોલ્સતોયને સમજાઈ ગઈ – તોલ્સતોયની રોજનીશીઓ હસ્તપ્રત લખાણો હાથ કરવાની જ આ બધી રમત હતી. એને ઘણાનો ઘા પડયા જેવું દર્દ થયું, શ્વાસ રૂંધાયો. નાડીના ધબકારા વધી ગયા. જેમ તેમ કળ વળતાં તોલ્સતોયે આગલી રાતે કોણ જાણે કેટલામી વાર વાંચવા લીધેલ દોસ્તયેવ્સ્કીની નવલકથા 'બ્રધર્સ કારામાઝોવ'નું વાચન આગળ ચલાવ્યું. પરંતુ હવે એમાંય ચિત્ત પરોવવું અશકય લાગ્યું. હવે આ પાગલખાનામાં પડયા રહેવાનું અસહ્ય લાગ્યું. એકદમ તે ઉભો થઈ ગયો, કપડાં બદલી લીધા, સાથે બદલવા પૂરતું કપડું, હસ્તપ્રતના કાગળો તૈયાર કરી લઈ પોતાના સાથી મિત્ર ડોકટર માકો-વિત્સ્કીને અને દીકરી એલેકઝાન્ડ્રાને ઉઠાડયાં. મનની વાત કહી નાખી. અને પત્નીને છેલ્લો પત્ર લખવા બેસી ગયો–

'હું જાણું છું કે મારા ચાલ્યા જવાથી તને અસહ્ય દુઃખ થશે; હું એને સારું દિલગીર છું. પણ મારે

માટે એ સિવાય બીજું કંઈજ શકય રહ્યું ન હતું એ વાત કૃપા કરી માનજે, અને સમજજે. આ ઘરમાં મારી સ્થિતિ અસહ્ય છે. એ સિવાય પણ હું આજ સુધી એશઆરામની જે જિંદગી જીવ્યો છું, એવી સ્થિતિમાં વધુ જીવવું મારે માટે હવે શકય નથી. મારી ઉંમરે વૃદ્ધ માણસો ઘણી વાર જે કરે છે તે પગલું હું ભરી રહ્યો છું : મારાં જીવનના છેલ્લાં દિવસો શાંતિ અને એકાંતમાં ગાળવા સારુ આ સંસારમાંથી નિવૃત્ત થઈ રહ્યો છું. કૃપા કરી મને સમજવાની કોશીશ કરજે, અને હું કયાં છું તેની જાણ થાય તોય મારો પીછો ન પકડીશ. તારા આવવાથી મારો નિર્ણય બદલાનાર નથી, બલ્કે આપણા બેઉની સ્થિતિ ઊલટી બદતર થશે. તેં મારી સાથે ૪૮ વર્ષની તારી સન્માનિત જિંદગી ગાળી છે તે માટે હું તારો આભાર માનું છું અને મેં તારા પ્રત્યે કરેલ અયોગ્ય વર્તાવ માટે હું તારી ક્ષમા યાચું છું; અને તે જ રીતે, તેં મારા પ્રત્યે કરેલ અયોગ્ય વર્તાવ માટે હું તને ક્ષમા બક્ષું છું. મારી સલાહ છે કે મારા ચાલ્યા જવાથી ઊભી થતી નવી પરિસ્થિતિ સાથે તું તારો મેળ સાધી લેજે, અને મારા પ્રત્યેની કોઈ બિનમાયાળુ લાગણીને તારા હૃદયમાં આશ્રય આપીશ નહિ......"

વધુંમાં પત્નીએ કોઈ સંદેશો કહેવડાવવો હોય તો દીકરી (સાશા) દ્વારા કહેવડાવવાનું સૂચન કરી તોલ્સતોયે ઘોડારમાં જઈ ઘોડા તૈયાર કર્યાં. ઘોડારથી પાછા ફરતાં અંધારામાં પગ લચકાયો, ગબડી પડ્યો ને થોડીક ઈજા થઈ; પરંતુ પત્ની

જાગી જાય અને ભીષણ કાંડ મચી જાય એ પૂર્વે જ દાક્તરને સાથે લઈ સદાને માટે ગૃહત્યાગ કરી ગયો !

*

ગૃહત્યાગ તો કર્યો....પણ ક્યાં જવું તેનો કોઈ નિશ્ચય કર્યો ન હતો. પહેલો જ વિચાર એ આવ્યો કે એની બહેન એક મઠમાં સાધ્વી થઈ રહે છે, ત્યાં પહોંચી જવું. અલબત્ત, ઉતાવળનો પાર ન હતો. રખે પત્ની જાગી જશે ને પકડી પાડશે એ ભય બેશુમાર હતો. xxx સ્ટેશને પહોંચી તો ગયો. પણ હજી રેલવે ગાડીનો સમય થયો ન હતો. હૈયામાં ઘડીક પત્નીને છોડી ભાગી આવ્યાનો ડંખ ખટકતો હતો, તો ઘડી પછી મનોમન આશ્વાસન લેતો હતો : 'બચી ગયો—હું તોલ્સતોય નહિ, પણ પેલો માંયલો, જેનો ઝબકારો કેટલીક વાર હૈયામાં ઝબકયો છે એ'.

ગાડી આવી. આરંભમાં બીજા વર્ગમાં મુસાફરી કરી; અને પછીથી ત્રીજા વર્ગમાં. રખે કોઈ ઓળખી જાય – તોલ્સ-ફફડતો રહ્યો. પરંતુ તોલ્સતોય માટે અજાણ્યા, અજ્ઞાત રહેવાનું અશકય હતું. લોકોએ ઓળખી લીધો. સૌ વાતે વળગ્યાં. અહિંસાથી માંડીને સરકારી કરવેરાની પદ્ધતિની, શિક્ષણ અને વિજ્ઞાનની ચર્ચાઓ ચાલી અને તોલ્સતોય પોતે ઉત્સાહિત થઈ બોલતો રહ્યો. xxx બીજી સાંજે મોડેથી મઠ ઉપર પહોંચી ગયો. ત્યાંથી તેણે દીકરી એલેકઝાન્ડ્રાને પત્ર લખી ઘરની ખબર પુછાવી; ઉપરાંત ચેર્તકોવ ઉપર સંદેશો કહેવડાવ્યો કે, અઠવાડિયા પછી અખબારોમાં ખબર આપી દે કે તોલ્સ-

તોયે એનાં પુસ્તકોના 'કોપી રાઈટ કોઈને વેચ્યા નથી, તથા એ વેચવાનો અધિકાર કોઈને આપ્યો નથી.'

બીજે જ દિવસે નાનો દીકરો સર્ગીચેન્કો માઠા સમાચાર લઈને આવ્યો કે માતાએ તોલ્સતોયના ગૃહત્યાગના સમાચાર જાણતાં ડૂબી મરવાનો પ્રયાસ કર્યો હતો....તો વળી ચેર્તકોવે 'ગૃહત્યાગ' માટે તોલ્સતોયને આનંદ અને અભિનંદનનો સંદેશો પાઠવ્યો. તોલ્સતોયે પોતે વધુને વધુ પાપરહિત જીવન જીવવાનો સંકલ્પ પોતાની દીકરી ઉપરના પત્રમાં પ્રગટ કર્યો. સાથોસાથ એવું પણ લખ્યું કે તેની પત્નીના વર્તાવમાં પ્રેમ ન જ હતો, બલ્કે તેની હત્યા કરવાનો જ તેનો નિશ્ચિત હેતુ (!) હતો ....પરંતુ હવે એ સ્થિતિનો અંત આવ્યો હતો, અને ફરી જૂની સ્થિતિમાં પાછો જવા ઈચ્છતો નથી.

નાનો દીકરો સર્ગી પિતાને લખતો હતો, 'ગમે તે થાય તમે હવે પાછા ન ફરશો. માતાને કંઈ થવાનું નથી, ને થાય તો ય તેની જવાબદારી તમારી માનીને દુઃખી ન થશો, તમે સાચો જ પંથ અપનાવ્યો છે.' દીકરી તાન્યા કશી સલાહ આપવાને બદલે 'માતા માટે જીવવું બીજી રીતે શકય નથી; એની સ્થિતિ દયામણી છે, પણ એનો કોઇ રસ્તો નથી,' એવો સંદેશો પાઠવતી હતી.

આ બધાને અંતે, તોલ્સતોયનો ગૃહત્યાગનો નિરધાર વધુ દૃઢ બન્યો. પરંતુ પત્નીને કંઇ અજુગતું થાય. તેની ચિંતાથી તે મુકત ન થઇ શકયો.

ત્યાં તો દુઃખી પત્નીનો જ પત્ર આવી પડયો :

'લિલોવોચ્કા ! મારા વહાલા, મારા લાડકા, ઘેર પાછા ફરો. બીજી વારની આત્મહત્યામાંથી મને બચાવો, મારા જીવનસાથી ! તમે જે કાંઈ ઈચ્છો છો તે બધું જ હું કરીશ–બધું જ કરીશ. હું બધા વિલાસ જતા કરીશ ને તમારા મિત્રોને મારા કરીશ. હું મારી ઉગ્રતા છોડી શાંત, નરમ અને માયાળુ બનીશ. મારી પાસે પાછા ચાલ્યા આવો. તમારે મને બચાવવી જ રહી. તમે તો જાણો જ છો કે ધર્મગ્રંથમાં લખ્યું છે કે કોઈ પણ સંજોગોમાં પુરૂષે એની પત્નીનો ત્યાગ ન કરવો જોઇએ. મારા વહાલા, મારા લાડકા, મારા અંતરના મિત્ર, મને બચાવો; છેવટે, આખરી જુદાઈ પૂર્વે' એક વાર છેલ્લી વિદાય માટેય આવી જાવ....' વગેરે વગેરે....

અત્યંત થાકેલા વ્યથિત હૃદય તોલ્સતોયે લાંબો અને આશ્વાસન પૂર્ણ જવાબ લખ્યો–

તારી હાલની માનસિક સ્થિતિમાં મારું પાછા ફરવુ તો ઊલટું અયોગ્ય જ નીવડે. તારે એક વાર તો સ્વસ્થ બની જ જવું જોઈએ. આજ સુધીની પરિસ્થિતિમાંથી સૌને તારી પોતાની જાતનેય મુકત કરવાની ચાવી તારી જ પાસે છે. × × × 'તારો પત્ર અત્યંત સાચા દિલનો હોવા છતાં, તે મુજબ વર્તવાને તું શકિતમાન નથી.... તું ન માનીશ કે હું તને ચાહતો નથી માટે મેં ઘર છોડયું છે. હું મારા અંતરથી તને ચાહું છું ને તારી દયા ખાઉં છું, પરંતુ હું જે રીતે વર્તું છું તેનાથી બીજી રીતે વર્તવાનું

મારે માટે શક્ય જ રહ્યું નથી....સલામ, પ્રિય સોનિયા, ઈશ્વર તારી સહાય કરો. જિંદગી કાંઈ મજાક નથી, એને આપણે આપણી ધૂન મુજબ વેડફી નાખી શકીએ નહિ. અને એનું માપ કેવળ દિવસોની ગણત્રીએ જ કાઢવું એ તો બુદ્ધિહીન છે. કદાચ આપણી પાસે જે થોડાક મહિના રહ્યા હશે, તે આજ સુધીનાં આપણાં વરસો કરતાં વધું મહત્ત્વના હશે, અને આ બાકી રહેલા દિવસો આપણે સારી રીતે જીવી જાણવા જોઈએ.....'

આ પછી જવાબમાં પત્નીએ અત્યંત કરુણાર્દ્ર 'પત્ર લખ્યો' પરંતુ તોલ્સતોયને તે પ્રાપ્ત થાય તે પૂર્વે જ તો....

રેલગાડી તોલ્સતોયને લઈ આસ્તાપોવા સ્ટેશને આવી ઊભી. તાવથી ધીકતા દેહે લગભગ બેભાન જેવી હાલતમાં તોલ્સતોયને પ્લેટફોર્મ પર ઉતારવામાં આવ્યો. દાકતર માકો-વિત્સ્કી અને દીકરી એલેકઝાન્ડ્રા સાથે જ હતાં...તોલ્સતોયે કોઈ પોતાનો પીછો ન પકડે એ હેતુથી ટિકિટો અમુક અંતરની લીધી હતી...છતાં આવી સાવધાનીનો કોઈ હેતુ સર્યો નહિ. અખબારોમાં તેના ગૃહત્યાગના સમાચારો પ્રગટ થઈ ચૂકયા હતા. અને પત્રકારો અને પોલીસોએ તોલ્સતોયની પૂંઠ પકડી જ હતી.

સ્ટેશન માસ્તરની ઓરડીમાં જ દરદીને સુવાડવામાં આવ્યો, તોલ્સતોયનાં ફેફસાંમાં સોજો હતો અને ગળફામાં લોહી પડવા લાગ્યું.

'આપણે કાલે પ્રવાસ આગળ ચલાવી શકીશું?' તોલ્સ-

તોય આતુરતાપૂર્વક વારંવાર પૂછતો હતો. પરંતુ થોડી વારમાં તો તેની સ્મૃતિ ચાલી ગઈ.

રાતે જબરજસ્ત આંકડી આવી. અને એ પૂરી થતાં તે ચીસ પાડી ઊઠયો : આપણે ચાલ્યા જવું જોઈએ....જલદી જતા રહેવું જોઈએ....પેલાઓ આવી પહોંચશે.'

બીજે દિવસે ભાનમાં આવતાં તેણે ચેર્તકોવને તાર કરવા જણાવ્યું.... તેમાં પોતાની માંદગી અંગે જાહેરાત ન થાય, તે માટે ખાસ બંદોબસ્ત કરવા સૂચવ્યું અને એ જ દિવસે, ઠીક લાગતાં, પ્રવાસ આગળ વધારવાનુંય જણાવ્યું. તથા સર્ગી અને તાન્યાને સંદેશા મોકલ્યા, અને જીવનનું રહસ્ય સમજીને તે અનુસાર જીવન વીતાવવા બોધ આપ્યો. પરંતુ તેમને દોડી ન આવવા વિનંતિ કરી – 'તમને બોલાવું ને પત્નીને ન બોલાવું તો એને કેવો આઘાત થાય? બીજાં ભાઈઓને પણ કેવું લાગે?' એ રીતે સમજાવીને લખ્યું,

પરંતુ કોઈને આવતાં રોકાવાનું હવે શક્ય જ ન રહ્યું. સમાચાર પત્રોમાં બધી જ માહિતી પ્રગટ થઈ ચૂકી હતી. કાઉન્ટેસ (પત્ની) તેનાં ચાર બાળકો સાથે આવી પહોંચી. ચેર્તકોવ એ પહેલાં આવી પૂગ્યો હતો. પુત્ર સર્ગી ડૉ. નિકિ-તિનને લઈ આવી પહોંચ્યો. પરંતુ ત્યારે તોલ્સતોય અર્ધ બેભાન અવસ્થામાં હતો.

થોડાક કલાકમાં તો મોસ્કોથી અને આજુબાજુના જિલ્લા-ઓમાંથી નિષ્ણાત દાકતરો આવી પહોંચ્યાં. અને તોલ્સતોય તથા તેના સાથીઓની સગવડ માટે સ્ટેશન માસ્તરે પોતાનું પૂરું મકાન ખાલી કરી આપ્યું,

નાનકડા આસ્તોપોવા સ્ટેશન ઉપર સ્નેહી-સગાંઓ, યાત્રાળુઓ પત્રકારો, ફોટોગ્રાફરો, સિનેમાના કેમેરા નિષ્ણાતોની ઠઠ જામી ચૂકી દેશવિદેશમાં તેની માંદગીના બુલેટિન રવાના થયાં. અલબત્ત, તોલ્સતોયને તેની પત્ની આવી પહોંચ્યાના ખબર આપવામાં આવ્યા નહિ. કાઉન્ટેસ અને તેના ત્રણ દીકરાઓને જે સ્પેશિયલ ટ્રેનમાં લાવવામાં આવ્યા હતાં તેમાં જ તેઓ સ્ટેશન પર રહ્યાં. અલબત્ત, તાનિયાએ બાધેભારે માતા તેમને મળવા આવવા આતુર છે એવું કહ્યું, પરંતુ તોલ્સતોયે કશો જ જવાબ ન વાળ્યો. અને પાછળથી સૂચના કરી કે નાના ત્રણુ દીકરાઓને તારથી બોલાવો, પણ 'પત્નીને હવે મળવાનું અસહ્ય બની જશે,' માટે તેને ન આવવા કહેવરાવ્યું.

તોલ્સતોયની અખંડ સારવારમાં દીકરી એલેકઝાન્ડ્રા હતી; તાનિયા અને સર્ગી અવારનવાર સુશ્રુષામાં રહેતાં. ચેર્તકોવ અવારનવાર આવીને 'એ સર્કલ ઓફ રીડીંગ'*માંથી વાંચી સંભળાવતો. ત્યારે કાઉન્ટેસ મરણ-પથારીએ પડેલા પતિના ખંડની બહાર બારીમાંથી ડોકાતી, અને પોતાની ઉપસ્થિતિની જાણકારી કરાવવા બીજાઓ તથા ફોટોગ્રાફરોનું ધ્યાન ખેંચતી, બહારનાં સૌની જેમ, પતિની તબિયતના સમાચાર બીજાઓ પાસેથી જાણતી હતી.

તા. ૪થી નવેમ્બરે જ્યારે તોલ્સતોયની સારવારમાં રોકાયેલા પાંચ પાંચ દાકતરોએ આશા છોડી દીધાની જાણ

*તોલ્સતોય સંપાદિત અને અનુવાદિત આધ્યાત્મિક લેખોનો સંગ્રહ-ગ્રંથ.

ધર્મના વડાને થઈ, ત્યારે તેણે તાર કરી સૂચવ્યું: મૃત્યુ પહેલાં ધર્મનું શરણું માંગ;' અને તે આશાએ એક પાદરીને મોકલવામાં પણ આવ્યો. પરંતુ પિતાની આજ સુધીની ઇચ્છા જાણ્યા પછી એલેકઝાન્ડ્રાએ તેને ખંડમાં પ્રવેશવા જ ન દીધો.

તા. ૬ઠ્ઠી શનિવારની બપોરે તોલ્સતોયે બેઠા થઈ સૌને સંબોધી કહ્યું: અંત આવી પહોંચ્યો છે. હું માત્ર એટલી જ સલાહ આપું છું. આ દુનિયામાં લિયો તોલ્સતોય ઉપરાંત અનેક માનવી છે; અને તમે બધાં માત્ર લિયોને....'

આ પછી સ્થિતિ વધુ ગંભીર બની.

સાંજ સુધીમાં એનું શરીર ઠંડુ પડયું અને તોલ્સતોયે અગાઉથી જ કૃત્રિમ રીતે જીવન ટકાવવાની પદ્ધતિઓનો વિરોધ કર્યો હોવા છતાં, દાકતરોએ કૃત્રિમ શ્વાસોચ્છવાસ તથા કેમ્ફર, કેફિન, કોડિન, મોરફીઆ વગેરેનાં ઇંજેકશનો દ્વારા તેનો દેહ ટકાવવાના પ્રયાસો આદર્યાં. થોડી વાર તબિયત સુધરતી લાગી. અને વળી ઊથલો ખાધો. અંતે, અત્યંત સૂચક, લાક્ષણિક અને કરુણાર્દ્ર વાકય ઉચ્ચાર્યું :'મારે શું કરવું જોઈએ, મને જ ખબર નથી....'

આ પછી દાકતરોના બધા ઈલાજો નિષ્ફળ નીવડયા... બીજે દિવસે વહેલી પરોઢે ૪ વાગે કાઉન્ટેસને ખંડમાં દાખલ કરવામાં આવી. એણે તોલ્સતોયની પથારી આગળ ઘૂંટણીએ પડી ક્ષમા યાચી, અને તેનો હાથ ચૂમ્યો. તોલ્સતોયે ઊંડો શ્વાસ લીધો, પણ તે બેભાન જ રહ્યો. બાદ, કાઉન્ટેસને બહાર લઇ જવામાં આવી.

બીજા બે કલાક તોલ્સતોય શાંત ચહેરે પડયો રહ્યો પછી જોર–જોરથી શ્વાસ ઊપડયો. દર્દનો કણસાટ સંભળાવા લાગ્યો. સવારના પોણા છ વાગ્યે શ્વાસોચ્છવાસ લગભગ બંધ પડી ગયો. અને થોડીક ક્ષણોમાં જ અંત આવી ચૂકયો.

*

બીજે દિવસે તોલ્સતોયનો મૃતદેહ તેની જન્મભૂમિ યાસ્નાયા પહોંચાડવામાં આવ્યો ત્યારે સ્ટેશને સ્ટેશને આખરી અંજલિ અર્થે માનવસમૂહો ઊમટયાં. અને સરકારે મોસ્કોથી યાસ્નાયા સુધીની સ્પેશિયલ ટ્રેન દોડાવવાની મના ફરમાવી હોવા છતાં, ૨૦,૦૦૦ જેટલા માનવીઓ અંતિમ યાત્રામાં જોડાયા.'આખા રશિયામાં એ દિવસ 'શોકદિન' તરીકે પળાયો. યુનિવર્સિટી, થીએટરો, જાહેર સંસ્થાઓએ કામ બંધ કર્યું. ઝાર અને ડુમા (પાર્લામેન્ટ) સુદ્ધાંએ શોક–આશ્વાસન પ્રગટ કર્યાં. અલબત્ત, ધર્મના વડાએ આ 'નાસ્તિક'નો ધર્મસંસ્કાર કરવાનો પ્રતિબંધ જાહેર કર્યો હતો....છતાં લગભગ માઈલ લાંબી સ્મશાનયાત્રામાં કિસાનો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. તોલ્સતોયે પોતે અગાઉ પ્રગટ કરેલી ઇચ્છા અનુસાર તેની દફન ક્રિયા વખતે કોઈ વિધિ કે ઔપ-ચારિક ભાષણો થયાં નહિ. વિદ્યાર્થીઓની ટુકડીઓએ શોક-ગીત ગાયાં, અને ઘૂંટણીએ પડેલી માનવ મેદનીનાં સંયમભર્યાં ડૂસકાંઓએ અંતરની અંજલિ અર્પી,..

૭૫ વર્ષ પૂર્વે, તોલ્સતોય અને તેનાં ત્રણ ભાંડુઓમાંથી નિકોલાસે લીલી ડાંખળી રોપીને જે સ્થળે એની ભાવના

વ્યકત કરી હતી કે આ ડાંખળી ઉપર જીવનનું રહસ્ય આલે-ખાયેલું છે, એ જ સ્થળે જીવન રહસ્ય શોધવામાં આખી જીંદગી ચંદનની જેમ ઘસી નાખનારો સાધક (સીકર) મહામાનવ આખરી સોડ તાણી સૂતો હતો.

હું મૂગો રહીશ નહિ

(જ્યારે ૧૯૦૯માં કેટલાક ક્રાંતિકારીઓને ફાંસીએ ચઢાવ્યા તેના સમાચાર અખબારમાં પ્રગટ થતાં, મહર્ષિ તોલ્સ્તોયે સરકારી અને ક્રાંતિકારી હિંસાને અમાન્ય કરતો એક લેખ ભારે વેદના પૂર્વક લખ્યો હતો : 'આઈ કેનનોટ બી સાઈલેન્ટ'–આ લેખમાંથી ઉતારો)

'એ રીતે જીવવાનું અશક્ય છે. હું કોઈ હિસાબે, એ રીતે જીવી શકીશ નહિ, અને જીવીશ નહિ.

'એટલા માટે હું આ લખી રહ્યો છું અને મારી બધી તાકાત લગાવી રશિયાની અંદર અને વિદેશ તેનો ફેલાવો કરીશ–કે જેથી એમાંથી એક વસ્તુ તો બને જ : કાંતો આ અમાનુષી કૃત્યો બંધ થાય; તે માટે માટે જેલમાં નાંખે–જ્યાં મારા આત્માને એટલી તો નિરાંત રહે કે આ કૃત્યો મારાવતી નથી થઈ રહ્યાં, અથવા એથીય વધુ સારું તો એ છે (એ એટલું બધું સારું છે કે હું એવા સુખનું સ્વપ્નું પણ સેવી શકતો નથી) કે તેઓ પેલા બાર યા વીસ ખેડૂતોની જેમ મનેય કફન અને ફાંસીટોપી પહેરાવી ફાંસીના પાટિયા ઉપર ધકેલી દે કે જેથી હું મારા પોતાના વજનથી મારે ગળે વીંટેલો લીસો ફાંસો મારી વૃદ્ધ ગરદન પર જોરથી ખેંચી લઉં...'

– તોલ્સ્તોય

તોલ્સ્તોય-દર્શન

[પચાસમી મૃત્યુતિથિએ]

૧૯૬૦ના નવેમ્બરમાં તોલ્સ્તોયની પચાસમી મૃત્યુતિથિ ઉજવતાં રશિયાના લેખક લિયોનિદ લિયોનોવના ઉદ્ગારો.

૧૯૧૦ની સાલમાં એટલે કે આજથી પચાસ વર્ષ પૂર્વે શિયાળો બેસતાં, આ દેશની ધરતી પર એક એવી ઘટના ઘટેલી કે જેણે તત્કાલીન જગતને ગાઢ ચિંતામાં ડુબાડી દીધેલું. વરસાદ–ભીની રાત હતી. મળસકું થવાને હજી વાર હતી. એવે ભળભાંખળા અંધકારમાં લિયો તોલ્સ્તોય નામનો એક સમર્થ સાહિત્યસ્વામી યાસ્નાયા પોલ્યાનાની જાગીર પરનું પોતાનું ઘર ને કુટુંબ તજી ક્યાંક નીકળી પડ્યો હતો. જીવન-ભરના માનીતા પોતાના આ વસવાટને છોડી આમ એકાએક ક્યાંક નીકળી પડવા પાછળનું કારણ શું હશે? ને તેઓ ક્યાં ગયા હશે? તે વિશે એમના ગણ્યાગાંઠ્યા વિશ્વાસુ સાથીઓ સિવાય કોઇ જ જાણતું ન હતું.

ચાર દિવસના રઝળપાટને અંતે, મુશળધાર વરસાદમાં કાદવિયા રસ્તા પાર કરતાં આદરેલી એ કષ્ટમય યાત્રાએ આ મહિમાવંત સ્થવિરને દેશના ઓતાડા ખૂણે આવેલ એક રેલવે સ્ટેશન પર પહોંચાડી દીધા. પણ તે પછી તો અંતની ઘડી લગી રહ્યું....ભાંગેલું શરીર, અજાણ્યાહું ઘર, ને માંદગીનું બિછાનું....ને એના સમાચારોએ આખું જગત ઝબકી ઊઠ્યું...

ને તે પછી તો એ અજાણ્યા સ્થળની દિશામાં વહેવા લાગ્યો લોકોનો પ્રવાહ – સ્વજનો, મિત્રો, પાદરીઓ, ખેડૂતો, ન્યૂઝ-રીલના ઑપરેટરો, છાપાંના પ્રતિનિધિઓ ને પોલીસ અધિ-કારીઓ. બધા કેટલી તરેહના લોક ! પણ બધા જ એ મહા-પુરુષ પ્રત્યેના પ્રેમાદરની અદબ સાચવતા, એમના સાથીઓએ આંકેલ લક્ષ્મણરેખા ઓળંગ્યા વિના, બહાર રહ્યા પોતાની સેવાઓ આપવા તત્પર બની ઊભા હતા.

આસ્તાપોવોના સ્ટેશન માસ્તરની રતૂમડા રંગની લાક-ડાની કુટિરમાં લિયો તોલ્સતોયના અંતિમ શ્વાસોચ્છ્વાસ ચાલી રહ્યા હવા. તેવી ઘડીઓમાં, અનંતની યાત્રાએ નીકળવા તત્પર એવા આ ચિંતકને પોતે આશીર્વાદ દઇ શકે, તે માટે પાદરી વોર્સોનેફિયેવ વારંવાર કુટિરમાં પ્રવેશ મેળવવા વિનંતી-ઓ કરી રહ્યા હતા, રુગ્ણની ઉપચાર – પરિચર્યા માટે છ પુડ * જેટલો સરંજામ મોસ્કોથી રવાના થઇ ચૂકયો હતો. જે સ્થાપિત સત્તાઓ સામે એણે બંડ પોકાર્યું હતું; તે ખ્રિસ્તી ધર્મસંપ્રદાયના અધિષ્ઠાતાઓને તાલેવંતોની જમાત પણ ઘડીક શ્વાસ રોકીને, શું કરવું એના વિચારમાં પડી ગઇ હતી.

કુટિરની બારી બહાર અંધકાર ઘેરાઈ રહ્યો હતો. મૉર્ફિયા, કેમ્ફર, ઑક્સિજન ને છેલ્લે, અનંતની યાત્રાએ ઊપડતાં પહેલાં પાણીનો છેલ્લો ઘૂંટડો પોણા છ વાગ્યે બારી આગળ આવી

---

* રશિયન માપ પુડ=૩૬.૧૧ રતલ

ગોલ્ડન વેઇસરે શોકાકુલ કંઠે, જનાંતિકે જે સંદેશો આપ્યો એની લહેરો પરોઢિયું થતાં થતાંમાં તો દરિયાનાં મોજાંની માફક આખી દુનિયામાં પ્રસરી ગઈ.

યુરોપે વાણી દ્વારા આ સંનિષ્ઠ ધીમંતની સમાધિ આગળ પુષ્પાંજલિ અર્પી. હોમર, લ્યૂથર ને બુદ્ધની પડખે એનું અધિષ્ઠાન કર્યું ....

હેમંતની નિરાનંદ નીરવતામાં યાસ્નાયા ઢબૂરાઇ ગયેલું હતું. જુનિપરનાં વૃક્ષોની વીથિ હેઠળ ઊકલ્યે જનારો કાદ-વિયો માર્ગ પણ થીજી ગયો હતો. નિવાસને ઝાંપે ઊભા, હિમાળે ઠરતા, સોએક અંતેવાસીઓ પ્રતીક્ષા કરી રહ્યા હતા. એમણે ને એમના થકી સમગ્ર રશિયાએ ઉઘાડા મસ્તકે, શીષ નામી એની અર્થીનું સામૈયું કર્યું; એની અંતિમક્રિયા પતાવી. સૂરજ નમતાં લગીમાં તો એ નાનકડી ટેકરી ઓકનાં નવ-તરુઓની આછીપાંખી ઘટાની છાયામાં માટીનો એક અનોખો ટીંબો સર્જાઈ ગયો હતો. એ ધરતીની ગોદમાં જગતભરનાં જીવનચરિત્રોમાં અદ્ભુત એવું સર્જન કરી જનાર વિરલો પોઢી ગયો હતો.

*

એ જમાનો એવો હતો કે જ્યારે સમર્થ કલાધરોની કૃતિઓ સુધી પહોંચવું સામાન્ય જનસમુદાયને માટે બહુ અઘરું હતું. ખ્યાતનામ સર્જકોની કૃતિઓએ આડીઅવળી કેડીઓ દ્વારા લોકોના હૃદય સુધી પહોંચવા માટે વિશિષ્ટ પ્રયાસ કરવા પડતા ને લેખકવર્ગના જીવન વિશે આમજનતા કંઈ

જાણવા પામતી તો તે કેવળ એમના સામાજિક ચારિત્ર્ય વિશેની અફવાઓ થકી જ.

પરંતુ તોલ્સ્તોય પોતાનું સમગ્ર જીવન એવી રીતે જીવ્યા હતા કે, એમના અંગત જીવનનો શું કે એમના આંતરિક જીવનનો શું, એકેય ખૂણો લોકોની નજરથી ઓઝલ રહી ગયો ન હતો. તેઓ કદીક પોતાને નામે, તો કદીક પોતાની સાહિત્યકૃતિઓનાં—ઓલીનીન, લેવીન, ને નેખ્લ્યુદોવ જેવાં — પાત્રોને નામે પોતાના સમગ્ર અસ્તિત્વને, એનાં આંતરિક મન્થનો સોતું પ્રગટ કરતા રહ્યા હતા.

પોતાના સમકાલીન સમાજના તત્કાલીન પ્રવાહો ને વાયરાને સામી છાતીએ વીંધતાં એમણે પોતાનો માર્ગ કાપ્યો હતો. ધનવાનોની પાપમય સંપત્તિ સામે, એમનાં પ્રમાદ ને હિંસા સામે, ને જરઠ બની રહેલ એમની સંસ્કૃતિએ ખડકેલી ઘોર નૃશંસતાઓ સામે એકલે હાથે, વણથંભી જેહાદ જગવી હતી. ને એમના આયુષ્યના આ સારા, લાંબા એવા કાળ દરમિયાન હીનતમ ગુલામી ને શોષણના જીવનમાંથી મુક્ત થવા ઝંખનારા લોકસમુદાયને હૈયે હંમેશાં એક મોટી ધરપત રહી કે, આપણી નિકટમાં જ એક હૈયું ધબકી રહ્યું છે કે, જેને ભ્રષ્ટતાનો કાટ કદી સ્પર્શી શકે એમ નથી. એની કરુણાર્દ્ર આંખોની પારદર્શી વેધક દૃષ્ટિ આપણા પર લદાયેલ આ અમાનુષી વેઠ ને વ્યથાઓનો શુમાર કાઢતાં કદી થાકવાની નથી. એના ચેતન, સરવા કાન આપણાં આર્તનાદ ને આરજુઓને પ્રગટ કરનારાં ગીતોનું પાન કરતાં કદી ધરા-

વાના નથી. ને એ તમામ સંવેદનાઓ જે હૃદયસંપુટમાં સંચિત થઇ રહી છે, એમાંથી એ બધાના પરિપાકરૂપે, સમય આવ્યે નિર્મળ કાંચન જ સાંપડવાનું છે, જે ભવિષ્યમાં નૂતન જગતના સહિયારા સાંસ્કૃતિક ભંડારની સંપદમાં ઉમેરો કરતી, એને દુગણી બનાવી રહેશે....

પાઈનના જંગલમાં કોઇ તોતિંગ મહાવૃક્ષનો ઘાત કરી એને ભોંયે પટકવામાં આવે ત્યારે એ પ્રચંડ આઘાતના મૂઢ થડકારથી આખાય જંગલમાં એક પ્રકારનો કંપ વ્યાપી જાય છે. ને ત્યારે વનનાં પંખીઓ, પલ્લવો ને વૃક્ષનો ઘાત કરનારી કરવત સુદ્ધાં ઘડીભર મૂઢ બની જાય છે, કારણ જંગલે તેની ઉત્તુંગતાનું પરિમાણ ખોયું હોય છે. એવું જ તે દિવસે માનવજાતે અનુભવ્યું....

*

માનવ સંસ્કૃતિના સુદીર્ઘ વિકાસપથની ધારે આ માનવી એક અચળ પર્વત શો જીવી ગયો. એના શિખર પર ચડી તરુણ યુગ પોતાના અતીતનાં પદચિહ્નોને પરખી શકશે. માનવીયતાના વિકાસની ક્ષિતિજો તરફ નજર દોડાવી શકશે....

એક અનન્ય કલાધર હોવાની સાથે સાથે એ માનવી અદમ્ય તૃષાતુર એવો જીવનનો આશક હતો. પચાસ વર્ષની વયે ગ્રીક લૅટિન જેવી મૃતવત્ ગણાતી ભાષાઓ શીખવાની એને તમન્ના જાગી. એની પાછળનું આદિ કારણ એ જ કે, આમજનતાના માનસમાં સર્વસ્વીકૃત બની ચૂકેલાં મૂલ્યોના આદિ-

સ્રોતની પોતે ખોજ કરી શકે. ચોમેર જિવાતા જીવનનો પ્રત્યેક ધબકાર, એનો પ્રત્યેક ધ્વનિ એની નસોમાં વહી રહેલ રકતમાં સમુદ્રનાં મોજાં શો ઘુઘવાટ જગાડતો. એના ચિત્તની તીવ્ર ઉત્સુકતા, ને એની સદા ચેતનવંતી અવધાન શકિતના યોગમાંથી કોઈ વસ્તુ છટકી શકી ન હતી. દર્શનશાસ્ત્રનો ઇતિહાસ હો, શિક્ષણશાસ્ત્ર યા બાળકેળવણીની સમસ્યા હો, બધામાં એને ઊંડો જીવંત રસ હતો. દેહાંતદંડની બર્બરતા બદલ માનવસમાજની સત્તા પર ફિટકાર વર્ષાવવાનો હો યા વોલ્ગા પ્રદેશમાં પ્રવર્તતા દુષ્કાળનો સવાલ હો, રશિયાની જમીનમાલિકી ને મૂડીદારી અર્થવ્યવસ્થાનો સવાલ યા દુખોબોર સંપ્રદાયના લોકો પરના દમનનો સવાલ હો, બધામાં એણે કંઈ ને કંઈ કહેવાનું કે કરવાનું હોય જ. ધાર્મિક સહિષ્ણુતા, સત્ય, પ્રેમ, અમર તત્ત્વની ખોજ—બધા જ વિષયો ને સવાલો એને ગાઢ રીતે સ્પર્શી જનારા હતા....

એના સમકાલીન જગતમાં પોતાના દેશમાં યા દુનિયાને કોઇ પણ ખૂણે જે જે કંઈ બન્યું, એ બધાની સાથે આ સમર્થ પુરૂષને આંતરિક નિસબતનો નાતો બંધાયેલો. પ્રત્યેક સવાલ એના પુરુષાર્થને પડકારતો રહેતો. જીવનના પ્રત્યેક સવાલને માનવીય નૈતિકતાની દષ્ટિએ જોઈ તપાસી, ન્યાય અન્યાયની બાજુ બાંધી, એણે સત્ય ને પ્રેમની રાહે પળવા માટેનો નકશો દોરી આપવા મથવાનું હતું.....

એનો ધર્મ સાધુ-સંન્યાસીની માફક એને કોઈ નિર્જન વનની એકાંત કુટિયામાં દોરી જનારો ન હતો. જીવનની

જટિલતા ને કોલાહલથી ભાગીને આત્મતુષ્ટિના સ્વાર્થના વેરાનમાં જીવનનાં વહેણને સૂકવી નાખવાં, એ ધાર્મિકતા એને માન્ય ન હતી. દુખિયારી માનવજાત સાથે બંધુતાનો નાતો જોડી શાંતિ ને કલ્યાણ માટે ઝૂઝવું એજ જીવનભર એની તમન્ના રહી.

ઉમરાવશાહીમાં જ જન્મીને ઊછરેલી ને એના જ સંસ્કારોમાં પોષાઈને મોટા થયેલા આ ગર્ભશ્રીમંત નબીરાને મન શ્રીમંતાઈ ને એના ઐશ્વર્યમાંથી જન્મેલા તમામ સુખોપભોગ કડવાં વખ થઇ પડયાં હતાં. એને તો પોતાની આસપાસ ઊછળી રહેલ દુખિયા, પીડિત, શોષિત માનવસાગરમાં એક બિંદુ બની સમાઇ જવું હતું.

અંતે, ઘરબાર ને સર્વસ્વ છોડી બહાર નીકળી ગયા પછી – આસ્તાપોવો સ્ટેશનની કુટિરમાં મૃત્યુને બિછાને પડયાં પડયાંય એનું અંતર પોકારી રહ્યું હતું : 'ના, સામાન્ય ખેડૂ કંઇ આ રીતે મરતો નથી.' એના જીવનની ફિલસૂફી એ હતી કે, માણસે આ સંસારસાગરમાં એવી રીતે જીવવું જોઇએ કે, અહીંથી વિદાય થવાની પળ આવે ત્યારે એ કશાય રંજ વિના, રજમાત્ર દુઃખ સંતાપ વિના સૌને રામરામ કરી ચાલ્યો જઇ શકે. આ દુનિયાના સદ્‌ભાગી જીવો, વૃક્ષ, વનસ્પતિ ને પશુપંખીઓ ને ધરતીના જાયા ખેડુઓ એને જ પ્રભુ-ઇચ્છા ગણી શાંત સ્વસ્થ ચિત્તે જીવનની વિદાય લેતા હોય છે, એમણે કશાં જૂઠાણાં અને ધર્મ-પ્રપંચથી મનને ફોસલાવવું પડતું નથી. આગળ પાછળના વિચારે ભય પામી કશાય તુચ્છ આધાર, અવલંબન માટે ફાંફાં

મારવાં પડતાં નથી. એ જ અનાયાસ ગતિએ પોતે જીવનનું દ્વાર છોડી અનંતની યાત્રાએ નીકળી પડે એવી એમની ઝંખના હતી.

તોલ્સતોયના જીવનના અંતિમ વર્ષની સ્મૃતિ સાથે સંકળાયેલ દુઃખદ વિગતો જર્જરિત કાગળિયામાં ભલે સંઘરાઈ રહેલી હો. પરંતુ એના જીવનને મૂલવતી વખતે, ગૃહત્યાગ માટે કારણ રૂપ મનાતા કુટુંબકલેશનું યા એની દુખિયારી પત્ની સાથેના વિસંવાદનું મારે ને તમારે માટે કશું જ મહત્વ નહિ હોય. કારણ, આપણે એ વાત કેમ ભૂલી શકીએ કે, એ જ પત્નીએ એનાં પુત્રપુત્રીઓ ને દોહિત્રોથી ભર્યાં ગૃહ-સંસારનાં તમામ કાજકર્મ નિભાવતાં રહીને મિત્રો, સ્નેહીઓ ને મહેમાનોથી સદા ઊભરાતા યાસ્નાયાના ઘરની ધુરા વહેતાં, સાથે સાથે, રાત-મધરાત જાગીને થાક ઉજાગરાની પરવા કર્યા વિના, તોલ્સતોયના હસ્તાક્ષરમાં લખાયેલ લખાણોની ને વારંવાર સુધરાયેલ આવૃત્તિઓની સુઘડ નકલો કરી આપ-વામાં અનન્ય કૃતાર્થતા અનુભવી હતી? તોલ્સતોયના જીવનની પ્યારી છબીને ઝાંખી પાડનાર ધૂળના રજકણો શી આ બધી તુચ્છ સ્મૃતિઓને આપણે નિરર્થક ગણી બાજુએ હડસેલી દઈશું....

કેવો અદ્ભુત ચમત્કાર, કે આજે અરધી સદીના આ અંતરેથી જોતાં, અતીતના ગાઢ નીલ અવકાશમાં એ ક્ષુદ્રતા ક્યાંય લુપ્ત થઈ જાય છે! તેઓ કેવળ એક અનન્ય પ્રતિભા રૂપે હિમાચ્છાદિત ગિરિમાળાનાં અનેકોમાંના એક ઉત્તુંગ

શિખર રૂપે, અમરતાને વરેલ મનીષીઓમાંના એક બની આપણી દૃષ્ટિને પ્રસન્નતાથી ચમકાવી રહેલ છે. આજે ને ભવિષ્યમાંય આપણે ગમે તેટલી પ્રગતિ કરી ચૂકયા હોઈશું તોપણ એની તેજસ્વી મૂર્તિ માનવીય સંસ્કૃતિની ક્ષિતિજને સદાકાળ ઉજાળતી રહેશે.

એટલે જ હું તો કહીશ કે, એમનો ગૃહત્યાગ એ ઘણા લાંબા કાળની ઝંખના પછીની વિલંબે પ્રાપ્ત થયેલ મુકિતનું જ પર્વ કાં ન બની રહે? એ આત્માને બંધનમાં જકડી રહેલી જર્જરિત શૃંખલાનું વિમોચન-પર્વ જ બની રહો. રશિયાની ધરતી પર જન્મેલ ભલાંભોળાં માનવીઓના સમુદ્રમાં પોતાની જાતને ખોઈ દેવાની એની ઝંખના હતી. એ મનીષાને સફળ બનાવી, પોતાના પ્રચંડ વ્યકિતત્વને-જીવતે જીવ જેને પોતે કદી નાથી શકયા ન હતા-તેને ઘાસના તરણા ઓથે છુપાવી દઈ એ મુક્ત બની ગયો....કેવળ એ જ વાતનું સ્મરણ રહો આપણને.*

* ('રેમિનિસન્સીસ ઓફ તોલ્સતોય,'-મોસ્કો પ્રકાશન,)

મારા પિતા

લે : ઈલ્યા તોલ્સતોય

પ્રાસ્તાવિક

'રેમિનિસન્સીઝ ઓફ તોલ્સ્તોય' એ શીર્ષક હેઠળ લિયો તોલ્સ્તોયના પુત્ર કાઉન્ટ લિયો તોલ્સ્તોયે પોતાના પિતાના સંસ્મરણો લખેલાં છે, જે ૧૯૧૪ની સાલમાં લંડનની ચેપમેન એન્ડ હોલ નામની પ્રકાશન સંસ્થાએ અંગ્રેજીમાં પ્રગટ કરેલ છે. મોટા ટાઈપમાં ત્રણસો પાનાનું આ પુસ્તક છે, જેમાં એમના કુટુંબ જીવનનાં સ્મરણો ઉપરાંત રેખાંકનો ને છબીઓનો સમાવેશ કરવામાં આવેલ. આજે તો આ પુસ્તક અત્યંત જર્જરિત અવસ્થામાં આવી ગયેલ છે. પાનાં ફેરવતા બટકી જાય છે. કંઈક થોડાં પાનાં બાઈન્ડિંગમાંથી છૂટાં પડી ગુમ થયેલાં જોવા મળે છે. નોંધ પ્રમાણેનાં રેખાંકનો કે છબીઓનો તો પત્તો જ નથી. કદાચ તોલ્સ્તોય કુટુંબના અજાણ ચાહકો આ રેખાંકનોને છબીઓ સંઘરી રાખવાનો મોહ આવરી નહિ શકયા હોય ને ભાવિ પેઢીના લાભાર્થે એમણે વેળાસર એનો ઉદ્ધાર કરી લીધો હશે. કાં પાનખર એને ખેરવીને કયાંય ઉડાવી લઈ ગઈ હશે. સાઠ વરસના આયુષ્ય દરમિયાન આવજા કરનારી પાનખરો માણસના જીવન પર કેવી અજબ-ગજબની અસરો નિપજાવી જાય છે, ત્યારે આ તો ઠર્યું અમદાવાદ જેવાં, સદા વિકસતા જતા, એક નગર ગ્રંથાલયનું અદનું પુસ્તક. કાળનો ઘસારો એને વર્તાય તો ફરિયાદ કેમ થાય ?

શેઠ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલયના શ્રી મોહનભાઇ પટેલના સૌજન્યથી આ પુસ્તક હાથ ચડી આવ્યું, ત્યારે મારા આનંદનો પાર ન રહ્યો. કારણ તોલ્સતોય સાહિત્ય તેમજ ચિંતનના પુરસ્કર્તાઓ, ને ચાહક સમાલોચકોનાં વખાણોમાં તોલ્સતોયની પિછાણ માટે ખૂબ ભટકી લીધા પછી પણ એનાં અંતરંગ સ્નેહી સ્વજનો, ને પત્ની–સંતાનો વચ્ચે જીવતા હૂબહૂ માનવીને પામવાની ઇચ્છા તો વણસંતોષાયેલી-જ રહી ગઇ હતી. તે આ પુસ્તકથી કંઇક અંશે સંતોષાઈ. પુસ્તક હાથમાં લઇ પાનાં ફેરવતાં વળી વિચાર આવ્યો કે આ જર્જરિત પુસ્તકનો આવરદા પૂરો થવામાં હવે કેટલો કાળ બાકી હશે! એની સાથે ઇલ્યા તોલ્સતોયે પોતાના મહિમાવાન પિતાની યાદમાં પાડેલા આ અક્ષરોનોય સમૂળો લોપ થઈ જાય, તે પહેલાં એમાંથી વીણી ચૂંટીને જે કંઇ ભેગું કરી લઈ શકાય તે કાં ન કરી લેવું ? ને એ વિચારે ઇલ્યા તોલ્સતોયના શબ્દોમાં જ આટલું કંઈક અહીં રજૂ કરવા પ્રયાસ કરું છું.

૧ઃ પિતાનું યુવાનીનું સ્વપ્નું

(તોલ્સતોયે તેની ફોઈ તાત્યાને લખેલ પત્ર)

૧૮૫૨માં કોકેસસની લશ્કરી કેમ્પ ને રઝળપાટની જિંદગીથી ધરાઈ ગયા પછી યાસ્નાયા સાંભરી આવતાં મારા પિતાએ પોતાની ફોઈ તાત્યાના એલેકઝાન્ડ્રોવનાને પત્ર લખેલો. ને એમાં પોતાની પ્રતીક્ષા કરી રહેલા સ્વર્ગની કલ્પના–છબી દોરી આપી હતી તે કંઈક આવી હતી:

‘થોડાં વર્ષો બાદ હું તદ્દન જુવાન નહિ કે ઘરડો પણ નહિ હોઉં....હું યાસ્નાયા પાછો આવી ગયો હોઈશ. મારો જીવનવ્યવહાર ને બધો કારભાર બરાબર ગોઠવાઇ ગયો હશે. મારે ભવિષ્યની ચિંતા કરવા જેવું કંઈ નહિ હોય ને વર્તમાનમાં પણ કોઇ મુશ્કેલીઓ પાર કરવાની બાકી નહિ હોય. તું પણ મારી પાસે યાસ્નાયામાં જ રહેતી હોઇશ. તારી ઉમર સહેજ વર્તાવા લાગી હશે, પણ બીજી રીતે તારી તંદુરસ્તી ને તાજગી સચવાઇ રહી હશે. જૂના વખતમાં જીવતાં એમ જ આપણે જીવતાં હોઇશું. સવારે સવારે હું ખૂબ કામમાં રહેતો હોઇશ. છતાં દિવસમાં કંઇ કેટલીય વખત આપણે મળતાં હોઇશું.

‘રોજ સાંજે ભેગાં બેસીને આપણે જમતાં હોઈશું. તે પછી હું તને રસ પડે એવું કંઈક ને કંઈક વાંચી સંભળાવતો

હોઈશ. તે પછી આપણી વાતો ચાલતી હશે. હું તને મારા કોકેશસના અનુભવની ને ત્યાંના લોકોના જીવન વિશેની વાતો કહીશ. તું મને મારા બાપની વાતો કહેતી હોઇશ. તે સમયનાં તારાં સંભારણા કહ્યે જતી હોઇશ. બચપણમાં ફાટી આંખે ને મોં વકાસી તારી કને સાંભળતાં એવી બધી બિહામણી ને અદ્‌ભુત વાર્તાઓ પણ તારે મને બધી જ, ફરી ફરી કહી સંભળાવવી પડશે. આપણે જેને જેને વળાવી ચૂકયાં છીએ એ બધા વહાલાં સ્વજનોની યાદ આપણે તાજી કરીશું. એમની વાતો કરતાં તારી આંખો ભીની થશે. મારી આખોમાંય ઝળઝળીયાં ડોકાશે. પણ આપણા એ આંસુ જીવનની તાઝગી ને પ્રસન્નતાનાં હશે. મારા ભાઇઓ જે અવારનવાર આવી આપણને મળી જતા હશે તેમની વાતો નીકળશે. આપણી મીઠડી બે’ની માશાય એનાં છોકરાને સાથે લઇ, વરસમાં એકાદ મહિનો તો આપણા ભેળી રહી જ જતી હશે. આપણે બીજા કોઈ એવા ઓળખીતા હશે જ શું કામ કે જેઓ ગમે ત્યારે આપણી વચ્ચે ટપકી પડી, આપણને કંટાળો આપે?

‘બોલ, કેવું અદ્‌ભુત સ્વપ્નું છે મારું? પણ તું એમ ન માનીશ કે મારું આખુંય સ્વપ્નું આટલામાં જ સમાઇ જાય છે. તે વારે મારાં લગ્ન થઈ ચૂકયા હશે. મારી પત્ની બહુ નરમ સ્વભાવની ને ખૂબ માયાળુ હશે. હું ચાહું છું એટલા જ પ્રેમથી એય તને ચાહતી હશે. અમારે છોકરાં થશે. તું એમની દાદીમાં બનશે. મોટા ઘરમાં મેડી પરના દાદીમાવાળા ઓરડામાં જ તું રહેતી હોઇશ. મારા પિતાના વખતમાં યાસ્નાયાનો કારોબાર ચાલતો એ જ ઢબે બધું

કામકાજ ચાલતું હશે. આપણા ઘરનો વ્યવહાર પણ એજ રીતે ગોઠવાઈ ગયો હશે. માત્ર પાઠ ભજવનારી વ્યકિતઓ જ બદલાઈ ગઈ હશે.

‘તું મારાં દાદીમાનું સ્થાન લેશે. અલબત્ત મિજાજ ને વર્તનમાં તું એમના કરતાં કયાંય બહેતર હોઇશ. મેં મારા પિતાનું સ્થાન લીધું હશે. જો કે એમના વ્યકિતત્વનું ગૌરવ કે લાયકાત મારામાં હોવાનાં નથી. મારી પત્નીએ મારી માનું સ્થાન સંભાળી લીધું હશે. બાળકોએ અમારું સ્થાન ભરી દીધું હશે. માશાએ મારી બેઉ ફોઇઓનું સ્થાન સાચવવું પડશે. પણ એમના કમનસીબ ને દુઃખનો બોજ પોતાને માથે વહોર્યાં વિના સ્તો. ને ગાશાય (કુટુંબની નોકરાણી) પ્રાસ્કોવ્યા ઇલિનિત્નાનું સ્થાન લેવા તૈયાર થઇ ગઇ હશે. માત્ર ખોટ રહી જવાની એક તારું સ્થાન લેનારની. અમારા કુટુંબમાં તેં જે ભાગ ભજવ્યો છે તે ભજવનારું તો આ દુનિયામાં કોઈ જ જડવાનું નથી. તારા જેવું સૌમ્ય, સુશીલ હેત નીતરતું હૈયું બીજે કયાંય જડે એવી સંભાવના દેખાતી નથી. એટલે તારું સ્થાન વણપુરાયું જ રહી જવાનું.

‘બીજાય ત્રણ ચહેરા અવારનવાર આપણી વચ્ચે દેખા દીધા કરતા હશે. ને તે હશે મારા ભાઇઓના. એમાં નિકોલસ તો વારંવાર આવીને આપણી સાથે રહેતો હશે. આધેડ વયનો, એ વાંઢો ટાલિયો પેન્શનર ખૂબ પ્રેમાળ ને સુજન આદમી હશે. મારી કલ્પનાની આંખે હું જોઇ શકું છું કે અગાઉની જેમ જ પોતાની આસપાસ ઝોલું વળેલાં છોકરાંવને એ જાતજાતની ઉપજાવી કાઢેલી વાર્તાઓ કહ્યે જતો

હશે. છોકરાંય ગેલમાં આવી જઈ આનંદથી નાચી ઊઠી, એના હાથ ચૂમી લેતાં હશે. અલબત્ત, એના હાથ તો અગાઉ રહેતા તેવા મેલા જ હોવાના. છતાં ખૂબ પ્રેમપૂર્વક ચૂમી લેવા લાયક તો ખરા જ. એ તો છોકરાં જોડે એમની રમતમાંય ભળી જતો હશે.

‘મારી પત્ની એને ભાવતી વાનગીઓ બનાવવા રસોડાના કામમાં ગૂંથાયેલી રહેતી હશે. હું ને નિકોલેન્કા પણ કદીક ભેળા બેસી અમારા બાળપણનાં સ્મરણાં ઉખેળતા હોઇશું. ને તું તારા હમેશના તને ગોઠી ગયેલ આસને બેઠી બેઠી અમારી વાતો સાંભળતી હોઇશ. અમે આધેડ વયે પહોંચી ચૂકયા હોઇશું તોપણ તું તો અમને પહેલાંની માફક જ ‘લિવોચકા’ ને ‘નિકોલેન્કા’ કહીને જ બોલાવતી હોઇશ. ચમચા વડે ખાવાને બદલે મોંમા આંગળા નાખી ખાવા બદલ તું મને ઠપકો આપતી હોઇશ, ને જમવા બેસતાં પહેલાં હાથ નહિ ધોવા બદલ હજીય તારે નિકોલેન્કાનો ઠપકારવો પડતો હશે....

‘ભગવાન કરે ને જો કોઇ મનો રશિયાનો શહેનશાહ બનાવી દે, કાં એક દિવસ માટે પેરુનું રાજ સોંપી દે.... યા તો પછી મારા પર રીઝી ઊઠેલી કોઇ પરી જાદુઈ લકડી હાથમાં લઈને મારી સમક્ષ હાજર થઈ પૂછે કે, “બોલ, તારી શી ઇચ્છા છે?” તો છાતી પર હાથ મૂકી શિર ઝુકાવી હું તરત બોલી ઊઠું કે, “આ એક સ્વપ્નું મારું તું સાચું પાડ.” ’

આવો પત્ર લખ્યાને દસ વર્ષ થયાં હશે ને મારા પિતાનાં લગ્ન થયાં. ને તે પછી તો એમણે સેવેલું એ આખુંય સ્વપ્નું હૂબહૂ જીવંત બનેલું એમણે જોયું. ફેરફાર માત્ર એટલો જ કે, દાદીમાવાળો ઓરડો હવે રહ્યો ન હતો. ને મેલા હાથ-વાળો ભાઈ નિકોલેન્કા એમનાં લગ્નનાં બે વર્ષ પૂર્વે જ ૧૮૬૦માં ગુજરી ગયો હતો.

૨ : અમારા કુટુંબની 'ટપાલપેટી'

ઉનાળાની રજાઓમાં યાસ્નાયાનું અમારું ઘર કુટુંબના સભ્યો ને મહેમાનોથી ઊભરાઈ જતું. અમારું કુટુંબ ને મારાં માસીનું કુટુંબ – આ બે કુટુંબનાં મોટેરાં ને બાળકો ભેગાં થતાં ઘરમાં મેળા જેવું બની રહેતું. એ દિવસોમાં આનંદ ને વિનોદના એક નવતર સાધન રૂપે 'ટપાલપેટી' નો જન્મ થયેલો. હું એ દિવસોમાં તદ્દન બાળક. હજી માંડ પાટી પર અક્ષર પાડતાં શીખ્યો હોઈશ. તે વખતની મંડાયેલી આ ટપાલપેટી છેક ૧૮૮૦ના મધ્યકાળ સુધી ચાલી હશે.

મેડીએ ચડતાં, દાદરની અધવચ્ચે આવેલ પગથારની ભીંતે, દાદાજીના વખતનું ઘડિયાળ લટકાવેલું હતું. ત્યાં એની હેઠળ લાકડાની એક નાનકડી પેટી ટાંગી દેવામાં આવેલી. ઘરનાં નાનાં મોટાં સૌ કોઇ સમાન ભાવે આ પેટીનો ઉપયોગ કરતાં. આખા અઠવાડિયા દરમિયાન ઘરમાં બનેલા કોઈ પણ બનાવ વિશે, જેના મગજમાં જે કંઇ વિચાર, તુકકો કે ટીખળ સૂઝયું હોય એ કવિતા, લેખ, વાર્તા યા કટાક્ષ રૂપે લખાઈને એ પેટીમાં આવી પડતું.

રવિવારે ઘરનાં બધાં દીવાનખાનામાં ગોળ ટેબલ આગળ ભેગાં મળતાં. ભારેખમ ગંભીર મુખમુદ્રા રાખીને અમારાં વડી-લોમાંની જ એકાદ વ્યક્તિને હાથે એ પેટીનું ઉદ્દ્ઘાટન થતું.

મોટે ભાગે મારા પિતા જ બધાંને સંભળાય એવા સાદે પેટીમાંથી નીકળેલી 'પ્રસાદી'નું વાચન કરતા. પેટીમાંનાં બધાં જ લખાણો નનામાં, કોઇનાય દસ્તખત વિનાનાં હોતાં. સર્વસ્વીકૃત એવી એક મર્યાદાનું બંધન સૌને માટે બંધનકર્તા રહેતું ને તે એ કે કોઈએ લખાણના હસ્તાક્ષર ઓળખવા ડોકિયાં કરવાં નહિ. છતાં મોટે ભાગે અમે અનુમાન પરથી લગભગ બધા જ લેખકોને ઓળખી પાડતાં. ઘણું તો એમની શૈલી કાં ચહેરા પરના ભાવ પરથી પકડાઇ જતાં. યાસ્નાયામાં જિવાતા જીવનનો પડઘો એક યા બીજા સ્વરૂપે આ પેટીની ટપાલમાંથી ઉઠ્યા વિના રહેતો નહિ.

આમાં નાનું શું કે મોટું શું.... કોઇ.... અમારાં વડીલો સુદ્ધાં એની તીક્ષ્ણ દૃષ્ટિનો શિકાર બનવામાંથી બચી શકતું નહિ. અમારી અંગત છાની વાતો, અમારા પ્રેમપ્રણયનાં રહસ્યો, કૌટુંબિક વ્યવહારના જટિલ પ્રશ્નો, પ્રસંગો વગેરે આ ટપાલપેટીને ખોરાક પૂરો પાડનારાં બની રહેતાં. અમારી મુલાકાતે આવનારા પરોણા કે સ્નેહી સંબંધીઓ પણ આમાંથી બચી શકતાં નહિ. ટપાલપેટીમાં હળવે હૈયે સૌ કોઈની મજાક ઉડાવી શકાતી. ને સૌ ભેગાં મળી નિખાલસતાનો આનંદ માણતાં.

કમનસીબે એ ટપાલપેટીની બધી સામગ્રી સચવાઈ નથી. ક્યાંક યાદદાસ્ત રૂપે યા અમારામાંથી કોઈની પાસે સચવાઈ રહેલ છૂટીછવાઇ નકલો રૂપે કંઈક બચ્યું છે. તેમાંની કેટલીક પ્રસાદી અહીં રજૂ કરી છે :

૧

(તોલ્સ્તોયના મનમાં પોતાના કુટુંબની રહેણીકરણી અંગે ઊઠતા કેટલાક સવાલો)

– એ ઘરડા ઘૂ ઘૂ (તોલ્સ્તોય પોતે)ના સવાલ તો ચાલુ જ છે :

– શા માટે કોઇ બાઈ યા બુઢ્ઢો ઓરડામાં પ્રવેશે છે, ત્યારે હરકોઇ સારા ઉછેરવાળી વ્યક્તિ તરત પોતાની બેઠક પરથી ઊભી થઈ જાય છે, એટલું જ નહિ, એમને પોતાની બેઠક પર આસન લેવા વિનંતી કરે છે?

– ઉશાકોફ યા સર્વિયન અમલદાર, ઊભા ઊભા સહેજ મળવા જ આવ્યા હોય, તોપણ એમને ચાપાણી પીવાનો ને જમવાનો શા માટે તેઓ આગ્રહ કરે છે?

– શા માટે કોઇ ઉમ્મરવાન વ્યક્તિ યા સ્ત્રી તમને ઓવરકોટ પહેરવામાં મદદ કરે તો તે બૂરું લેખાય છે?

– સુજનતા ને શિષ્ટતાપૂર્ણ વ્યવહારને માટે આ બધા નિયમોનું પાલન અનિવાર્ય ગણાયું હોવા છતાં, શા માટે, રોજ દિવસ ઊગ્યે અનેક સામાન્ય ગણાતા માણસો આ ઘરમાં આવે છે, ત્યારે એમને ચાપાણી કરાવવાની યા જમાડવાની વાત તો દૂર રહી, કેવળ આવકાર આપી, બેસાડવા જેટલી શિષ્ટતા આચરવામાં નથી આવતી? એટલું જ નહિ, એમના આગમનને જ કોક મોટો અવિનય ને ધૃષ્ટતા લેખવામાં આવે છે?

– જેમના પ્રત્યે શિષ્ટતા ને સુજનતાભર્યો વ્યવહાર અનિવાર્ય મનાયો છે, એ લોકો અંતે તમને ક્યાં પહોંચાડે છે?

– આ ઘરના આગંતુકોમાં સારાનરસાના ભેદ પાડવામાં કયાં લક્ષણો ધ્યાન પર લેવામાં આવે છે?

– ભદ્રતા ને સુજનતાનો આ માપદંડ જો બધાં જ માણસો માટે સમાન ભાવે લાગુ પાડી શકાય એવો ન હોય તો એને સમૂળગો રદબાતલ શું કામ ન કરવો? આપણા આચારની નમ્રતા ને વિવેક નર્યો નકલી માલ નથી શું? નર્યો કદરૂપો ભ્રમ?

પ્રશ્ન ૧

'બીસ્ટલી પ્લેગ' કોને કહીશું?

એક ખેડૂતના ઢોરને લાગુ પડેલી બીમારીને કે નિશાળે ભણતાં છોકરાંના પાંગળાં લૂલાં હાડને?

પ્રશ્ન ૨

એવું શા માટે કે, ઉસ્ત્યુશા, માશા, એલ્યોના ને પિટરે આખોય દિવસ, બસ રાંધવું–સીંધવું, વાળવું–ઝૂડવું, વીણવું-ઝાટકવું.... ને ઊભા પગે પિરસણિયાનું જ કામ કરતા રહેવું પડે.... ને આપણે ભદ્ર જનોએ બસ, ખાવું ઝાપટવું, લડવું-ઝઘડવું ને કચરાના ઢગ ખડકતા ખાવું.... વળી ખાવું....વળી ખાવું...., વળી વળીને બસ ખાધાં જ કરવું પડે....?

*

(આ પછી લેખક નોંધે છે:)

અમારે ત્યાં ચાસ્નાયામાં બાલ્ખિન નામનો એક પાગલ માણસ આવતો. એના મગજ પર એવી ધૂન સવાર થયેલી

હતી કે, પોતે રાજવંશી નબીરો છે ને ઉમરાવશાહીનાં તમામ પગથિયાં ચડી ઊતરી આવેલો માણસ છે. ઝાર એલેકઝાન્ડર બીજો તો શું ખુદ ભગવાનની બરોબરીનો દરજ્જો પોતે ધરાવે છે. આ દુનિયામાં સુખચેનનાં જે કંઈ સાધનો છે, તેનો ભોગવટો કરવાનું લખાવીને જન્મેલો માણસ છે. દુનિયાની બધી બેંકો એને માટે જ ચાલી રહી છે. 'પ્રિન્સ' કહો, નાઈટ કહો એ બધા માનચાંદ ને ખિતાબોનો.અધિકારી પોતે જ છે. કોઈ એને પૂછતું કે 'ભાઈ! એવું છે, તો પછી તમારે આમ ભીખ માગીને શું કામ જીવવું પડે છે?' તો કહેતો, 'બેંકના જમા ખાતામાં કયાંક ગોટાળો થઈ ગયેલો છે. એ બાબત મેં અધિકારીઓ જોડે વાત કરી લીધી છે. હવે થોડા દિવસમાં બધું ઠીક થઈ રહેશે.'

૨

ટપાલપેટીમાં 'પાગલખાના બુલેટિન નં. ૨૧' ના શીર્ષક હેઠળ ચાસ્નાયા ગામને જ એક મેન્ટલ હોસ્પિટલ કલ્પી, એના દાક્તર તરીકે પોતાના એના રહીશોને પોતાનાં દર્દી ગણાવી મારા પિતાએ સરસ ધારદાર વિનોદ કરેલો છે. મેન્ટલ હૉસ્પિટલના દાક્તર તરીકે પ્રત્યેક દર્દીના દર્દનું નિદાન કરી, દર્દનાં લક્ષણોનો ખ્યાલ આપી, તેમણે પોતાનો ઉપચાર ને પથ્યાપથ્ય સૂચવ્યાં છે. આમાં આ બાલ્ખિનનો રોગના એક લક્ષણ તરીકે બધે ઉલ્લેખ કરી પોતાના વિનોદને ધારદાર બનાવેલ છે. ચાસ્નાયાનાં બીજાં 'દર્દીઓ'માં જ્યાં જ્યાં બાલ્ખિનનાં લક્ષણ એમને દેખાયાં છે, ત્યાં ત્યાં એને

તેઓએ 'જીવલેણ' યા 'ઘાતક' ગણાવેલ છે. પરંતુ જ્યારે તેઓ ખુદ બાલ્ખિનનો કેસ તપાસે છે, તે વખતે એને તદ્દન નિર્દોષ ને ધાવણી બાળકી શાશા જોડે સરખાવી તદ્દન રોગ-મુક્ત – તંદુરસ્ત જાહેર કરે છે. એમના મતે આ એક જ માણસ એવો છે કે જેનું મગજ કશી વિષમતા કે વિસંગતિ વિના એકધારા વિચારસૂત્ર પર ચાલનારું છે.

*

દર્દી નં. ૧ : (લિયો નિકોલાયેવિચ તોલ્સ્તોય: મારા પિતા પોતે) ચહેરો ગુલાબી.... નિરુપદ્રવી પ્રકારના દર્દીઓ-માંનો એક. આ દર્દીનો ચિત્તભ્રમ જર્મન દાક્તરોની પરિભાષામાં 'વેલ્ટ્વરએસ્સેરુંગ્સ્વાન'ને નામે ઓળખાય છે. આ માણસ એવા ચિત્તભ્રમનો ભોગ થઈ પડેલો છે કે, પોતે પોતાના શબ્દોથી બીજાંની જિંદગી પલટી શકે છે.

રોગનાં સામાન્ય લક્ષણો : ચાલુ જીવનવ્યવસ્થાની પ્રત્યેક વસ્તુ બાબત ઉગ્ર અસંતોષ. ને પોતાની જાત સિવાયનાં તમામની ઝાટકણી. રોષ ને તિરસ્કારની માત્રા ઘણી વાર એટલી વધી જાય છે કે સામે કોઈ સાંભળનારું બેઠું છે કે નહિ, એનીય પરવા કર્યા વિના એનો પ્રલાપ ચાલુ થઈ જાય છે. એનો આ ઉશ્કેરાટ કોઈ વાર ઉગ્રપ્રકોપ રૂપે તો કોક વાર અસ્વાભાવિક લાગણીશીલતાનાં આંસુ રૂપે ફાટી પડે છે.

રોગનાં વિશિષ્ટ લક્ષણો : આખો વખત તદ્દન નિરર્થક, અણઘટતી પ્રવૃત્તિઓમાં ગૂંથાયેલા રહેવું. દાખલા તરીકે,

ઝાડુ વાળવા માંડવું, જોડા સીવવા માંડવા, ઘાસ વાઢવા મંડી પડવું.... ઈત્યાદિ.

ઉપચાર : એની આસપાસ વસનારાં તમામે એ શું બોલે છે, ને શું કરે છે. તે બાબત દુર્લક્ષ કેળવવું. સંપૂર્ણ ઉપેક્ષાવૃત્તિની સાથે સાથે આખોય વખત એનું મન ને શરીરની બધી શક્તિઓ પરોવાયેલાં રહે એવા પ્રકારનો કોઇ ને કોઈ ઉદ્યોગ એને શોધી આપવો.

*

દર્દી નં. ૨ : (કાઉન્ટેસ સોફિયા આન્દ્રેયેવના: મારી મા) આ બાઈ પણ નિરુપદ્રવી પ્રકારનાં દર્દીઓમાંની એક ગણી શકાય. જોકે કોક વાર એને કોટડીમાં પૂરી મૂકવાની જરૂર ઊભી થાય છે ખરી. આ દર્દીના ચિત્તભ્રમને 'મેનિયા પેટ્યુલન્ટા હર્યુપિકા માક્સિમા' નામે ઓળખવામાં આવે છે. એના ચિત્ત પર એવો ભ્રમ સવાર થઈ ગયેલો છે કે, બધા જ લોકો એના પર એવો હકદાવો બજાવી રહ્યા છે કે, એણે એમની બધી જ માગણીઓ પૂરી કરવી જ જોઈએ પણ પોતે એ કામને કોઈ રીતે પહોંચી વળી શકે એમ છે જ નહિ.

રોગનાં લક્ષણો : જે સવાલ એની સામે કોઈએ ઊભા જ નથી કર્યા એના ઉકેલ આપવા બેસી જવું, સવાલ પુછાતા પહેલાં જ ઝટ જવાબ આપી બેસવું. જે આરોપ મુકાયા જ ન હોય, એને પડકારવા ઊભા થઈ જવું.... ઈત્યાદિ.

આ દર્દી 'બાલ્ખિન-બૅન્ક-મૅનિયા' ની અસરથી પણ પીડાય છે.

ઉપચાર : સખત કામ.

પરેજી : છીછરાં, દુનિયાદારીનાં માણસોના સંસર્ગથી બચીને ચાલવું. જૂજ માત્રામાં આપવામાં આવે તો 'બોગી-મેન વૉટર' ના થોડાક ડોઝથી — (અર્થાત્ થોડોક ઠપકો ને થોડીક ધાકથી) કંઈક સારું પરિણામ જરૂર લાવી શકાય.

*

દર્દી નં. ૩ : (શાશા કુઝમિન્સ્કી—તાન્યા માસીના પતિ) આ દર્દી 'મૅનિયા સૅનેટોરિયાલિસ એમ્બિશિયોસા માગ્ના' નામની બીમારીથી પીડાય છે. તેમાં વળી 'મૅનિયા ઈમોલ્યુમેન્ટી પિકયુનિયારી'નો ઉગ્ર પ્રકોપ ઉમેરાઈ જતાં એનું દર્દ બેવડાઈ ગયું છે. જોકે હમણાં હમણાં દર્દીની સ્થિતિમાં થોડો ઘણો સુધારો વરતાય છે.

રોગનાં અત્યારનાં લક્ષણો પોતાના દરવાન ને પટાવાળાની કામગીરી સાથે ડિસ્ટ્રિક્ટ કોર્ટના પ્રિસાઈડિંગ જજની કામગીરીનો મેળ બેસાડવાની મથામણ.

સામાન્ય લક્ષણો : અસ્વાભાવિક મૌન. આત્મવિશ્વાસની કમી. વિશેષ લક્ષણો : નકામા નકામા, કશાય કારણ વિના જમીન ખોદ્યા કરવી. એવા જ નકામા છાપાળવા સાહિત્યનું વાચન કર્યા કરવું. વારંવાર, અકારણ, સોગિયાપણામાં સરી પડવું. અવારનવાર બદમિજાજના હુમલા આવી જાય. જાણે મગજ ગુસ્સાથી ફાટી પડશે.

ઉપચાર : વધુ આત્મીયતાપૂર્વક જીવનના સવાલોથી પરિચિત રહેવા મથવું. જીવનની વાસ્તવિકતા સાથે સમાધાન

કેળવતાં શીખવું. હૃદયની સુકોમળતાનું રક્ષણ કરતા રહી, એને ઓર સૌમ્ય બનાવવું. જેને જીવનમાં પાયાનો સિદ્ધાંત માન્યો, એના વિશેની શ્રદ્ધા કેળવવી.

દર્દી નં. ૫ : (પોતાની એક દીકરી) સુરોનોફિલિયા નામની ભયંકર, ઘાતક બીમારીનો ભોગ થઈ પડેલ છે.

તાત્કાલિક ઉપાય : લગ્ન.

દર્દી નં. ૬ : (કાઉન્ટેસની નાની બહેન તાન્યા : મારી માસી) આ મરીજ 'મૅનિયા ડેમોનિકા કૉમ્પ્લેટિકા' નામની ચિત્તભ્રમની ઉગ્ર બીમારીથી પીડાય છે. જવલ્લે જ જોવા મળતું આ દર્દ, લગભગ અસાધ્ય જેવું ગણાય છે. ભારે જોખમકારક પ્રકારનું ગણાય છે. રોગનું મૂળ : જુવાનીમાં સફળતા. નૈતિક સિદ્ધાંતોને નેવે મૂકી હંમેશાં પોતાના હુંપદને પોષવાની આદત.

રોગના લક્ષણ: કાલ્પનિક શયતાનોનો ડર. એ શયતાનોને ખોરાક પૂરો પાડનારી તમામ સામગ્રીની પોતાની આસપાસ સજાવટ. એ સામગ્રી એટલે, અમનચમનની જિંદગી. ઈર્ષ્યા, અસૂયા ને પ્રમાદ આદિ પ્રત્યે વિશેષ ખેંચાણ. જેની ક્યાંય હસ્તી નથી એવા જીવન માટેની ચિંતા, ને જે પ્રત્યક્ષ છે, તેના પ્રત્યે ઘોર ઉપેક્ષા. સતત, દર્દીને કોઈ શયતાનના પંજામાં સપડાયાનો અહેસાસ અંદેશો રહ્યા કરે છે. એક બાજુથી એના સકંજામાં મઝા પણ આવે છે, બીજી બાજુથી બીક પણ એવી જ લાગે છે. કોગળિયાના વાવરની માફક આ દર્દી ઘણી વાર બ્લોખિનિઝમના ઉગ્ર સપાટામાં આવી જાય છે. રોગીની સ્થિતિમાં સુધારાની આશા નહિ જેવી છે. શયતાનના

ભયમાંથી એની મુક્તિ ત્યારે જ શક્ય બને જ્યારે એને ખોરાક પૂરો પાડનારાં કુપથ્યની દર્દી સખ્ત પરેજી રાખે, જે એને માટે બહુ મુશ્કેલ છે.

ઉપચાર : બે વસ્તુ સૂચવી શકાય : એક તો એ કે, પૂર્ણપણે શયતાનની તાબેદારી સ્વીકારી લઈ, એનાં તમામ કૃત્યોમાં ભાગીદારી કરતા થઈ જવું ને એના પરિણામે જીવનમાં જે કડવાશ પેદા થાય તેને ઘોળીને પી જતાં શીખી લેવું. બીજો ઉપચાર એ છે કે, શયતાનના માર્ગેથી સંપૂર્ણપણે ફંટાઈને બીજા માર્ગે ચડી જવું. પ્રથમ ઉપચારમાં ભોગ-વિલાસની બે અતિ માત્રાઓ–વીસ લાખ રૂબલ, પૂરા બે માસ લગી ગૃહસંસારનાં કામકાજ ને જવાબદારીઓમાંથી મુક્તિ, નકરી આળસનો લાંબો ગાળો ને તે પછી 'અપશબ્દ બોલી સમાજની શાંતિનો ભંગ કરવા બદલ' માજિસ્ટ્રેટ સામે ખડા થવાનું સમન્સ. આટલું થઈ ગયા બાદ દર્દ કંઈક પાછું હટે એવો સંભવ છે. બીજો વિકલ્પ ત્રણ કે ચાર બાળકોને ઉછેરવાની પૂરેપૂરી જવાબદારી. માનસિક વિકાસને ઉત્તેજે તેવી પ્રવૃત્તિ. કામકાજથી ભરપૂર દિવસ.

પથ્ય : પ્રથમ ઉપચારમાં પેય તરીકે હંમેશા સરકો ને શેમ્પેન. સળંગ લેસમાંથી બનાવેલા પોશાકનું પરિધાન (પર ડીએમ) દોકડાના એક લેખે નિત નવા ત્રણ પોશાક. બીજા ઉપચારમાં પથ્ય : રોજ ભોજનમાં કોબિજનું સૂપ ને (કાશા–ભડકું) રવિવારે મીઠા દહીંનો મઠો ને જિંદગીભર એકજ 'કટ' ને એકજ 'કલર'નો પોશાક.

દર્દી નં. ૭ : (સર્યોઝા તોલ્સ્તોય : મારો મોટો ભાઈ) આ દર્દીના ચિત્તભ્રમને 'યુનિવર્સાલિસ લિબર્તાતિસ પાલાવર' કહે છે. લગભગ નિરુપદ્રવી કહી શકાય એવા વર્ગનો આ દર્દ ગણાય.

રોગનાં સામાન્ય લક્ષણો : બીજા લોકો જે જાણતા હોય તે બધું જ પોતે જાણવું જોઈએ, એવી ધૂન ને પોતે જે જાણવું જોઈએ તે જાણવા પ્રત્યે નરદમ ઉપેક્ષા.

ખાસ લક્ષણો : ગર્વ; આત્મવિશ્વાસનો અતિરેક; ચીડિયાપણું. જોકે આ કેસનું પૂરું નિદાન હજી થઇ શક્યું નથી. છતાં 'પ્રિન્સ બોલ્ખિન'ની સહેજસાજ અસર એના પર વરતાય છે ખરી.

ઉપચાર : ફરજિયાત શ્રમ ને એ બધાથી વિશેષ તો પ્રેમ. અથવા તો બંને તત્ત્વો સરખી માત્રામાં આપવાથી સારી અસર નિપજાવી શકાય.

પથ્ય : બધું જાણી લેવાના લોભની માત્રા ઓછી કરી, પોતે જે કંઇ જાણ્યું છે, તેમાં નક્કર વિશ્વાસ કેળવવો, એ માટે જરૂરી સ્વાધ્યાય.

દર્દી નં. ૮ : (આ સંસ્મરણોનો લેખક ઇલ્યા તોલ્સ્તોય) આ દર્દીના ચિત્તભ્રમના પ્રકારને 'મેનિયા પ્રોખોરિસ ઈગોઇસ્ટિકા કોમ્પ્લીકેટા' નામે ઓળખવામાં આવે છે. વિષમ કોટિનું દર્દ ગણાય. આમાં દર્દીને એવો ભ્રમ રહ્યા કરે છે કે આખી દુનિયાનું કેન્દ્રબિંદુ પોતે જ છે. જેમ પોતે નિરર્થક, તુચ્છ ને બેવકૂફીભર્યા ઉદ્યોગોમાં પરોવાયેલો રહેશે, તેમ તેમ એવા ધંધાઓનું મૂલ્ય દુનિયામાં વધતું જશે.

સામાન્ય લક્ષણો : પ્રોખોરની (ઘરનો એની જ ઉંમરનો એક નોકર છોકરો) હાજરી ન હોય તો પોતે કોઇ કામમાં ચિત્ત પરોવી શકતો નથી. કામ જેટલે અંશે મુશ્કેલ, જેમ વખાણ કરનારા પ્રોખોરોની સંખ્યા કમ, તેટલે અંશે દર્દીનો કામ કરવાનો ઉત્સાહ મંદ.

ખાસ લક્ષણોઃ પ્રશંસા ને અનુમોદનની માત્રા જેમ વધારે, તેમ દર્દીના ચિત્તનો પારો હર્ષોન્માદની કક્ષાએ પહોંચે, એ જ તત્ત્વોની કમી એનામાં નિરુત્સાહ પેદા કરી એને ઉદાસીનતા ને પ્રમાદની ગર્તામાં ધકેલી દે. બોલ્ખિનિઝમની અસર પણ દર્દી પર સારી એવી છે. કેસ ગંભીર ગણાય. આમાં દર્દીને માટે બે શક્યતાઓ છે. કાં તો આત્મ પ્રશંસાની લાલસા ને હલકી કોટિના ક્ષુદ્ર માણસોના અભિપ્રાયો ને આગ્રહોનો ભોગ બની એ પ્રોખોરની કોટિનો જ બની રહે છે. કાં પોતાની એ સ્થિતિ પ્રત્યે ધિક્કાર વછૂટતાં, પ્રોખોર્સના અભિપ્રાયોથી પર બની જઈ, સ્વતંત્ર રીતે દર્દી પોતાના રસના વિષયો ને પ્રવૃત્તિઓમાં મન ખૂંપાડી દઈ, એને પાર પાડવા મથી રહે છે.

ઉપચાર : બહુ શક્ય નથી.

પથ્ય : પોતાથી નીચી કોટિના સંસ્કારવાળાઓની સોબતથી પરહેજ રાખી ચાલે.

દર્દી નં. ૧૪ : (કુટુંબમાં આવીને રહેલ કોક વ્યક્તિ) અંગ્રેજ દાક્તરો જેને 'મેકિસમા એંગ્લિકા એગ્ઝુ-લાઈ કીટયૂડ' કહે છે, એ પ્રકારનું આ દર્દ છે. દર્દીના ચિત્ત

પર એવો ભ્રમ સવાર થઇ ગયો છે કે, માણસે પોતાની ઈચ્છા મુજબ નહિ પરંતુ લોકો જેને સારું કહે, એ રીતે વર્તવું જોઇએ. આ ઉપરાંત દર્દીના ચિત્ત પર પ્રિન્સ બોલ્ખિનિઝમની પણ કંઈક અસર ખરી.

ઉપચાર : પોતાના અંતઃકરણમાં જે છે, તેના પર વિશ્વાસ રાખતા થવું. પોતાનો અંતરાત્મા જે કહે તે સત્ય બાકી લોકો આમ કહે છે, માટે એ સત્ય હોવું જોઈએ, એમ માનવાથી સંપૂર્ણ પરહેજ.

દર્દી નં. ૨૦ : (નાની બાળકી, શાશા તોલ્સ્તોય) ધાવની સંભાળ હેઠળ હોવાથી હજી બિલકુલ તંદુરસ્ત છે. એને અહીંથી બહાર લઈ જવામાં બિલકુલ જોખમ નથી. પણ જો લાંબો વખત એને અહીં જ રહેવા દેવામાં આવશે તો અચૂક એના મગજ પર પણ કંઈક ને કંઈક અસર થવા સંભવ છે. કારણ થોડા જ વખતમાં એને સમજાવા લાગશે કે પોતે દૂધના જે ઘૂંટડા ગટગટાવી રહી છે, તે તો ધાવના પેટની બાળકી પાસેથી ઉછીનું આણેલું છે.

દર્દી નં. ૨૧ : ('ચક્રમ-શિરોમણિ બાલ્ખિન) પ્રિન્સ બાલ્ખિન, લશ્કરી પ્રિન્સ, ઉમરાવશાહીનાં તમામ પગથિયાં ચડી ઊતરેલા ને રાજના તમામ ખિતાબોના અધિકારી, તમામ લશ્કરી હોદ્દાઓ પર આરૂઢ થઈ, પાર ઊતરેલ વિભૂતિ.

આ દર્દીના મન પર એવું ભૂત સવાર થયેલું છે કે, દુનિયાના તમામ લોકો એની સેવા સરભરા કરવા માટે જ

સરજાયેલા છે. ને પોતે માત્ર એ બધા દાન–માન–અકરામનો સ્વીકાર કરી એમને ઉપકારવશ બનાવવાના છે. ને ખુલ્લી બેંકની અસ્કામતમાંથી રકમોનો ઉપાડ કરતા રહેવાનું, ને ગાડી, ઘોડા, સારાં સારાં વસ્ત્રો, હરેક પ્રકારના ભોગવિલાસની સામગ્રીનો સદુપયોગ કરતા રહેવાનું છે. પણ આ વ્યાધિથી દર્દીને કોઈ પ્રકારનું જોખમ નથી. દર્દી નં. ૨૦ ની માફક આને પણ વ્યાધિમુક્ત જાહેર કરી, અહીંથી બહાર જવાની રજા આપી દઈ શકાય.

પ્રિન્સ બાલ્ખિનનું જીવન શા માટે સુખચેન ને આનંદમાં જ વીતવું જોઈએ? ને બીજા તમામ લોકોએ શા માટે એમના સુખ માટે સખત મજૂરી કરતાં જીવવું જોઈએ તે વસ્તુ પ્રિન્સે પોતે બહુ તર્કશુદ્ધ દલીલથી સમજાવેલ છે. તેઓ કહે છે કે, પોતે ઉમરાવશાહીની નેળમાંથી પસાર થયેલા છે, માટે એમ જ હોઇ શકે. પરંતુ બાકીના તમામ લોકો જેઓ આજે આળસુ ને પ્રમાદી જીવન વિતાવી રહ્યા છે, એમની પાસે આવી કોઇ ઠોસ દલીલ છે જ નહિ....

(સહી) લિયો તોલ્સ્તોય

(ટપાલ પેટીની એક વધુ વાનગી)

૩

સીનો તાણીને મેં કલમ ઉઠાવી
લખી જ નાખું આજ ટપાલપેટીનું વિવેચન
સરાહના કરવાને શોધ્યું, કંઇ ના લાધ્યું.
જે જડ્યું બસ, ટીકાને પાત્ર ઝાઝેરું.

વિષના ખડિયે કલમ ઝબોળી
મન કર્યું—અવ રહેમ ના રાખું જરી
પણ ત્યાં ઓહ!
આ શું?
રે મુજ હૈયું ધબકાર જ ચૂક્યું?
મઝધારે મુજ નૈયા ડોલંડોલ.
ઘૂંટણિયાં મુજ થથરે કાં?
ને બેઉની અથડા-અથડી!
ઓલિમ્પસના દેવગણ ભાળે
મુજ સંક્ષોભતણું કારણ સાચું.
અવરના ક્ષુદ્ર વિવેચક જીવડા!
જાણે ના તું
અનન્ય વિવેચક....
તુજ કરતાંયે મોટો
નિકોલાઇ નિકોલાયેવિચ સ્ત્રીખોફ
આજ અહીં યાસ્નાયે બિરાજે.
જે અબઘડી રણસંગ્રામે ઝુકાવા તત્પર?
રે તું ભોંય પડી જા,
મુખ દડમાં સંતાડ.
તુજ કબર પથ્થર પર
અક્ષરિયા કોરાવ....
'આ જે પોઢ્યો અહીં
વિદ્વેષનાં વખડાં પી....
ધડારૂપ બનો સૌને....'

ત્યાં જ્યુપિટરે શાંતિ ધજા ફરકાવી
કાળ-રાત વનરાજી ઓથ ઢળી....
રે તોયે કાં આ જીવ....
નિજ આસન બેઠો થથરે ?
આખર....હામ ભીડી ઊભો થઈ કહું....
'આજ થકી મેં પણ કીધું જે....
વર્ણવવાં સાહસ મારે સૌ —
મર કંકાલથી તોયે કવિબાનીમાં જ

(વી. વી. ટી.)



૩ : મારી યુવાનીના ઉષઃકાળે—

ઓગણીસમી સદીનો આઠમો દસકો....! એ મારી યુવાનીનો ઉષઃકાળ.... જેટલે અંશે બાળપણ મારું અરુણોદયનાં ઉષ્મા ને આનંદ રેલાવતા પ્રકાશસમું ઉજ્જવલ ને દુઃખકલેશની ગ્લાનિવિહોણું વીત્યું હતું, એટલી જ તરુણાઇ મારી ગ્લાનિમય ને ઉદાસી છાયી હતી. કદાચ સૌના જીવનમાં કંઇક આવો જ ક્રમ રહેતો હશે, કાં જુદી જુદી પ્રકૃતિના લોકોએ આ ગાળો પોતપોતાના સંજોગો ને પ્રકૃતિ અનુસાર વિતાવવાનો આવતો હશે.... દૈવ જાણે.

૧૮૭૬ ની સાલથી મારા પિતાના મનમાં જે મનોમંથનો ને વિચારોના સંઘર્ષ શરૂ થઈ ગયાં હતાં, અજાગૃતપણે પણ તેની ઘેરી અસર મારા પર થયેલી. તે વખતે હું દસેક વર્ષનો હોઈશ. દરેક પોતાને નિસબત હોય તેટલે અંશે જ પોતાનાં માબાપના અંગત જીવનમાં રસ લઈ શકે છે તેવું જ મારું પણ હતું....

મારા પિતાએ ધર્મ માટેની ખોજ આરંભી એની આસપાસના સમય-ગાળાની વાત છે. એ ગાળાનું સ્મરણ તાજું કરતાં હું જોઈ શકું છું કે. અમારા આખા કુટુંબનું જીવન ને બાળકોનો ઉછેર વગેરે અમારા ખાનદાનની રૂઢ પરંપરાગત પ્રણાલી મુજબ — શુદ્ધ ઑર્થોડૉક્સ રશિયન ચર્ચની ઢબે

ચાલી રહ્યાં હતાં. રોજ સૂતાં પહેલાં બાળકોને પોતાનાં માતાપિતા, ભાઇભાંડું તથા ધર્મબંધુઓ માટે પ્રાર્થના કરાવવામાં આવતી. વરસના દરેક વાર તહેવારે દેવળનો પાદરી અમારે ઘેર પૂજાવિધિ કરાવતો. લેન્ટના પહેલા ને છેલ્લા અઠવાડિયામાં ઘરનાં બધાં જ ઉપવાસનું વ્રત પાળતાં. મારી મા આ બધા વાર–તહેવારનાં પર્વોની ઉજવણી બાબત ખૂબ કાળજીપૂર્વક બધું આયોજન કરતી. મારા પિતા આ બધા ધાર્મિક સમારોહ પ્રત્યે કંઈક ઉદાસીન જ રહેલા, ઘરમાં ચાલતી પૂજાવિધિમાં ભાગ્યે જ કદી ભાગ લેતા.

આ તો અમારા બાળપણના સમયની વાત થઈ.

પણ તે પછી અમુક ગાળો એવો પણ આવી ગયો કે જ્યારે મારા પિતાનું દેવળ પ્રત્યેનું વલણ બદલાયું હતું. દર રવિવારે તેઓ દેવળની પ્રાર્થનામાં હાજરી આપવા લાગ્યા ને ઉપવાસનાં બધાં વ્રતોનું બહુ કડક રીતે પાલન કરવા લાગ્યા. આ પછી હંમેશાં એમની વાતોમાં વારંવાર ધર્મ ડોકાવા લાગ્યો. ગમે તે માણસ અમને મળવા માટે યાસ્નાયા આવ્યું હોય — પછી એ તુલા પ્રદેશનો ગવર્નર ઉશાકોવ હોય કે કાઉન્ટ બોબ્રિન્સ્કી શાડસ્ટોકાઇટ હોય, સ્રાખોવ, ફેટ, રાયેવ્સ્કી, પ્યોત્ર ફેદોરોવિચ સમારીન કે ઉરુસોવ હોય — એ બધાંની સાથેની વાતચીત ધર્મના વિષય પર આવીને અટકતી. એમાંથી પાર વિનાની ચર્ચાનો દોર શરૂ થઇ જતો, ને એમાં મારા પિતા ઘણી વાર ઉશ્કેરાટમાં ઉગ્ર ને કઠોર બની જતા.

મારા પિતાનો ધર્મ પ્રત્યેનો અભિગમ વધવા માંડ્યો, તેમ તેમ અમારું આખું કુટુંબ ધર્મપાલનમાં વધુ ચુસ્ત બનવા લાગ્યું ....

*

એ દિવસોમાં જ એક ઉનાળે ચોગોલેન્કો નામનો એક પદયાત્રી કીર્તનકાર યાસ્નાયા આવી અમારી સાથે રહેલો. સુરદાસ કીર્તનકારોની ઢબે બુલંદ કંઠે પુરાણાં આખ્યાનો લલકારતો ત્યારે એ સાંભળવામાં મને પણ ખૂબ આનંદ આવતો. મારા પિતાના અભ્યાસખંડની ઓસરીનાં પગથિયાં પર બેસી ગાન લલકારતા એ કીર્તનકારની છબી આજેય આબેહૂબ મારી નજર સામે તરવરે છે. એ ગાતો હોય તે વખતે એની પડખે બેઠો બેઠો હું એની સફેદ દૂધ જેવી દાઢીની વાંકડિયા લટોના ફરકાટ નીરખતાં, મુગ્ધ ચિત્તે એની અંતહીન કથાઓ સાંભળ્યા કરતો. સદીઓથી ચાલી આવતી આ લોકકથાઓ ને દંતકથાઓમાં યુગયુગથી સંચિત શાણપણ ને માનવીના જીવન–બોધની ઘેરી સુવાસ ભરેલી હતી.

મારા પિતા એકાગ્ર ચિત્તે એની કથાઓનું રસપાન કરતા રહેતા. દરરોજ એની પાસે કંઇક નવું નવું ગવડાવતા. ને એ બુઢ્ઢો કીર્તનકાર પણ એમની માગણીને સંતોષવા હંમેશ તત્પર! કથાગીતો ને સુંદર આખ્યાયિકાઓની જાણે ખાણ જ એની પાસે આવી ગઈ હોય! મારા પિતાએ પાછળથી જે લોકવાર્તાઓ લખી તેમાં એ બધા કથાસંભારનો એમણે સારો એવો ઉપયોગ કરેલો.

*

હું સમજણો થયો, તે પછી, બહુ મોડો મોડો મને પિતામાં થયેલ પરિવર્તનનો કંઇક ખ્યાલ આવવા માંડ્યો. પરંતુ ત્યારે હું કેવળ એમના સ્વભાવ તેમજ વ્યવહારમાં આવેલ પરિવર્તનને જ જોઈ શક્યો હતો. આધ્યાત્મિક જીવનની ખોજમાં જે ભારે આંતરિક સંઘર્ષમાંથી તેઓ પસાર થઇ રહ્યા હતા, એની તો મને ઝાંખી સુદ્ધાં ક્યાંથી હોય?

૧૮૭૮ની વસંતમાં મારા પિતાએ ચુસ્તપણે લેન્ટના બધા ઉપવાસ પાળેલા ને તે પછી ઓપ્ટા મઠના વયોવૃદ્ધ ધર્માધિકારી ફાધર એમ્બ્રોસનાં દર્શને પણ ગયેલા. ત્યાંથી પાછા આવીને એમણે પોતાની એ યાત્રાનો અનુભવ કહી સંભળાવેલો. પણ એ વિશે મારી સમજ ને રસ તે વખતે નહિ જેવાં હોવાથી મને કશું યાદ નથી. પણ એટલું યાદ છે કે, દેવળના રૂઢ કર્મકાંડ પ્રત્યે એમના દિલમાં પુષ્કળ અસંતોષ પ્રગટી આવેલો. ને ત્યાર પછીથી થોડા સમય બાદ એમણે એના વિધિનિષેધો ને કર્મકાંડનું પાલન કરવાનું છોડી દીધું હતું.

*

અત્યાર સુધી તો ફરવારખડવા જવું, ઘોડેસવારી કરવી, તરવું, શિકારે જવું, શિકારી કૂતરાઓનાં ઝુંડને સાથે લઇ જંગલની ઝાડીઓ ફંફોસવી....આવી બધી મારા પિતાના શોખની પ્રવૃત્તિઓ હતી. પણ એ બધાંમાંથી જાણે એમનું મન ઊઠી ગયું હતું. ને હવે માત્ર એકલા એકલા, ઠાલા

હાથે, રાજમાર્ગ સુધી ફરવા જવાનો ક્રમ જ એમને માટે રોજિંદો બની ગયો હતો. મૉસ્કોથી કીવ સુધીનો આ લાંબો પુરાણો રાજમાર્ગ યાસ્નાયાને ચાતરીને એકાદ માઇલના અંતરે થઈ પસાર થતો હતો. રેલવે લાઇનો નંખાયેલી નહિ, ત્યાં સુધી તો ઉત્તરેથી દક્ષિણ રશિયાના છેડા સુધી ઊકલ્યે જતો આ ધોરીમાર્ગ જ વાહનવ્યવહાર ને સંદેશાવ્યવહાર માટેનો એક મુખ્ય આધાર હતો. રેલવે નંખાઈ ગયા પછીથી એનું એ મહત્ત્વ કે વપરાશ હવે રહ્યો ન હતો. એ માર્ગ સુધી ફરવા નીકળી પડવું એ મારા પિતાને માટે એક આનંદની પ્રવૃત્તિ સમું બની ગયું હતું. કારણ ત્યાં જ એમને ખભે વલ્કલના ખલતા ભેરવી, હાથમાં દંડ રાખી, કીવના યાત્રાધામ —ટ્રીનિટી મોનેસ્ટ્રી—ભણી વહ્યે જતા સાધુસંતો ને યાત્રાળુઓનો પ્રવાહ ભેટી જતો.

....એ રસ્તે ફરીને ઘેર પાછા આવી, જમવા ટાણે અમે બધાં ભેગાં મળતાં, ત્યારે તેઓ પોતાને ભેટી ગયેલ એ ભાતભાતના લોક વિશે અનેક દિલચસ્પ વાતો ને કિસ્સાઓ કહી સંભળાવતા. ને તે તે તારીખની એમની રોજનીશીમાં એ લોકનાં વિવિધ પ્રકારનાં વર્ણનો, કહેવતો ને એમનાં ઉખાણાં વગેરે નોંધેલ જોવા મળતાં. વિવેક ને શાણપણભરી લોકોક્તિઓ એમની એ પોથીનાં પાના પર અચૂક નોંધાઈ જતી.

ખ્રિસ્તી દેવળોમાં પ્રચલિત રૂઢ ધર્મ જ્યારે મારા પિતાના આત્માની ધર્મભૂખને સંતોષી ન શક્યો, ત્યારે તેમણે

સર્વસાધારણ માનવીના જીવનનો આધાર બની રહેનારી ઈશ્વર શ્રદ્ધાને આત્મસાત્ કરવાનો પુરુષાર્થ આદર્યો ને એમ કરતાં કરતાં એમને સાચી ને વ્યાપક ધર્મભાવનાની ગુરુકિલ્લી લાધી. આ ભાવનાથી પ્રેરાઈને જ ખ્રિસ્તી ધર્મસૂત્રોના પુનઃ અધ્યયન ને નૂતન અર્થઘટન માટે તેમણે પ્રાણપણે પ્રયાસ આદર્યો. સત્ય-સંશોધનના આ નવા માર્ગે ચડી ગયા પછી તો પોતાના પૂર્વજીવન સાથેનો, અત્યાર સુધી ચાલ્યો આવેલો લગભગ બધો વ્યવહાર, એમણે સદંતર બદલી નાખ્યો હતો.

'કન્ફેશન્સ' નામના એ સમયના પોતાના લખાણમાં તેઓ કહે છે કે, 'અમારા સામાજિક વર્તુળના—અર્થાત્ શ્રીમંત ને સુશિક્ષિત ગણાતા લોકોના જીવનવ્યવહારો પ્રત્યે મને બેહદ અભાવ થઈ આવ્યો. મને એ જીવન બેહૂદું ને નિરર્થક જણાવા લાગ્યું.'

એમનો આ પરિત્યાગ એટલે કે અમારું સમગ્ર કુટુંબજીવન આજ લગી જેના પાયા પર ખડું થયું હતું એ સર્વ વસ્તુસ્થિતિ અને ભાવનાઓનો જ ઉચ્છેદ. એને કારણે એમની આ નવી મનોવૃત્તિએ અમારા સૌના જીવન પર ભારે આઘાતથી માઠી અસર નિપજાવી હતી.

બાર વર્ષના એક કિશોર તરીકે હું એવું અનુભવી રહ્યો હતો કે, જાણે મારા પિતા અમારા બધા પ્રત્યે ઉદાસીન બની જઈ અમારાથી દૂર ને દૂર ધકેલાઈ રહ્યા હતા. અમને લાગતું કે તેઓ અમારા હિત પ્રત્યે ઉપેક્ષા કેળવી રહ્યા છે એટલું જ નહિ, અમારા સુખ કે કલ્યાણની ચિંતા રાખવી એ એમનો

મન અળખામણું ને તિરસ્કૃત કાર્ય બની ગયેલ છે. તેઓ ઉદાસીન ને ચીડિયા બની ગયા હતા. જરા જરાશી, નહિ જેવી બાબતમાં તેઓ મારી મા સાથે ઝગડી પડતા. અમારી નજરે તેઓ પૂર્વેના અમારા સદા હસમુખા, આનંદી, ગમતી ને તોફાની ગોઠિયા મટી જઈ, કડક ને તીખા મિજાજના, બધે જ દોષ દેખનારા છિદ્રશોધુ ધર્મપ્રચારક બની ગયા હતા.

ભદ્ર સમાજના, શ્રીમંતાઈના ભોગવટા માટે જ સરજાયા હોય એવા નિરુદ્દેશ, પ્રમાદી જીવન બાબત, એમના ખાઉધરા, ઉડાઉ ને વિલાસી જીવન બાબત, શ્રમજીવી વર્ગના એમના નિરંતર ચાલ્યા કરતા શોષણ બાબત, હવે એમનો ઉકળાટ વારંવાર પ્રગટી ઉઠવા લાગ્યો હતો :

—અહીં આપણે બધાં ભઠ્ઠીએ હૂંફાળેલા ઓરડે નિરાંતે બેઠાં ગપ્પાં હાંકીએ છીએ, પણ આજેજ રસ્તા પર એક માણસ ટાઢે થીજીને ઠીંગરું થઈ ગયેલો મેં જોયો....રાતવાસા માટે બિચારાને ક્યાંય ઠામ નહિ જડયું હોય ત્યારે જ ને?

આપણને અહીં રોજ ગળા લગી ઠાંસી ઠાંસીને કટલેટસ ને કેકપેસ્ટ્રી ખાવા જોઈએ છે, ને ત્યાં સમારામાં દુકાળિયા—પેટ ફૂલી ગયેલા લોક—હજારોની સંખ્યામાં મરી રહ્યા છે!

—અહીં આપણા ઘોડે સવારીના શોખ પોષવા ઘોડારો પર ઘોડારો ઊભી થાય છે, ને પણે પેલો પ્રોકોફી એનું

છેલ્લું મરિયલ ટટ્ટુય પરવારી બેઠો—આવડો અમથો લીરો ખેડવાય એને જોતરનાં સાંસાં!

—હજી તો આપણે બિછાને પડ્યાં ઘોરતાં ને નસકોરાં બોલાવતા હોઈએ છીએ, ત્યાં આપણો સઇ પગપાળો તુલાની મજલ ખેડીને પાછોય વળી ગયો હોય છે. એનો બિચારાનો કંઈ છૂટકો છે? જવું જ પડે. ન જાય તો લેસ....ને હૂકસ, ને રિબન–પટ્ટીઓ વિના આપણા પોશાક શે તૈયાર થાય? ઇત્યાદિ ઇત્યાદિ........

હું એમ તો કેમ કહું કે મારા પિતા જે કંઇ બધું બોલતા હતા, એમાં, અમે છોકરાં કશું સમજતાં ન હતા? અમે બધું જ સમજતાં હતાં. પરંતુ એ બધું અમને કડવું ઝેર જેવું લાગતું હતું. ને તે એટલા માટે કે એથી અમારા બાળપણના સ્વાર્થી આનંદો ધૂળ થઇ જતા હતા. એથી અમારા દૈનંદિન વ્યવહારોમાં ને કૌટુંબિક વાતાવરણમાં ભંગ પડી જતો હતો. ઘરમાં મહેમાનોનો મેળો જામેલો હોય, સહુ આનંદપ્રમોદ ને રમતગમતમાં મસ્ત હોઈએ, નાટક-ચેટકની તૈયારીઓમાં બધાં વ્યસ્ત હોઇએ, ત્યાં અચાનક મારા પિતા આવી પડતાં, એમનાં મુખમાંથી નીકળેલો એક જ શબ્દ-યા એમના મુખની એક ભંગિ અમારી મજલિસને ધૂળમાં રોળી નાખવા પૂરતી થઇ પડતી. આ વસ્તુ અમારા મનમાં ચીડ, રોષ ને રંજનો ઊભરો લાવી દેતી. અમને થતું: 'આ કરતાં એ આ બાજુ આવ્યા જ ન હોત, તો કેવું સારું!'

આમાં કરુણતા તો એ હતી કે, એમને પોતાને પણ અમારા રંગમાં ભંગ પડ્યા બદલ એટલું જ ઊંડું દુઃખ

થતું. અમારા આનંદોને રોળી નાખવાનો ઇરાદો તો એમના પોતાના મનમાં પણ કદી જાગી શકે એમ ન હતો....કારણ એમને—પોતાના બાળકો પર ઓછી માયા ન હતી, છતાં એમને હાથે એવું જ બની જતું!

આ દરમિયાન પણ અમારો રોજિંદો કૌટુંબિક વ્યવહાર તો ગોઠવાઈ ગયેલી પ્રણાલી મુજબ ચાલ્યા જ કરતો હતો. અમારાં જીવન ક્રમે ક્રમે એની સ્વાભાવિક દિશામાં ગતિ કરી રહ્યાં હતાં. ઘરમાં એ જ રસોઈઓ....નોકરચાકર, વારતહેવાર ને પર્વની એજ ઊજવણીઓ....આયાઓ ને ગવર્નેસો .... એ જ પાઠ્યપુસ્તકો....માને ખોળે ધાવણા બાળકની એ જ ક્રમાનુસારી ભેટ....અમારા કૌટુંબિક શકડાના આધાર-સ્તંભ સમી સમગ્ર વસ્તુ–સ્થિતિ એવું જ અચળ ને અડગ અસ્તિત્વ ધરાવતી ખડી હતી. ત્યાં અમારા સ્વાર્થી આનંદ-પ્રમોદને એમાંથી બાકાત રાખવાનું ગજું કોનું હોઈ શકે? બાળપણના આનંદપ્રમોદમાં અમારા ભેરુ સમા પિતાએ અમારી નાનીમોટી ખુશીઓને નિભાવવાની જવાબદારીમાંથી પોતાનો હાથ પાછો ખેંચી લીધો હતો. આ વાસ્તવિકતા જ અમારે મન અત્યંત દુઃખદ હતી. છતાં અમે એમને ખુશ રાખવા માટે અમારાં જીવનને એમનાં વિચારોને અનુકૂળ એવા બીબામાં ઢાળી દઈ શકીએ, એમ પણ ન હતાં. અમારે મન એવો કદી સવાલ ઊઠતો નહિ.

અમને થતું કે, અમારા પિતા અમને સમજવામાં નિષ્ફળ નીવડ્યા છે. તેઓ આખો વખત પોતાના વિચારો ને ધૂનમાં

જ ડૂબેલા રહેતા. ધર્મશાસ્ત્રો ને તત્ત્વદર્શનનાં પુસ્તકોના ઢગ વચ્ચે દટાએલા તેઓ મોટા ભાગનો સમય પોતાના અભ્યાસખંડમાં જ વીતાવતા....સંત મહાત્માઓનાં જીવન ચરિત્રો, ને ધર્માચાર્યોએ કરેલી મીમાંસાના ગ્રંથોના સ્વાધ્યાય ને ચિંતનમનનમાં જ તેઓ લીન રહેતા. જમવા ટાણે બહાર આવતા ત્યારે પણ ઉદાસી ને ગંભીરતા મુખ પર છાયેલી હોય. કદીક વાતચીત કરે તો તે પણ પોતાના વિચારોને પ્રગટ કરવા પૂરતી જ. અમને બાળકોને તો એમનું આ સ્વરૂપ તદ્દન નિરસ ને શુષ્ક જ લાગતું.

એ દિવસો એમના માટે કેટલા હૃદય વિદારક હશે, એની કલ્પના આજે પણ મને થથરાવી મૂકે છે. એ દિવસોમાં—પોતાના મનને આનંદ આપનારાં તમામ ઉપકરણોનો એમણે ત્યાગ કર્યો હતો. સુખમય ને સુંદર ગ્રામજીવનની જે કલ્પનાને પોતે પોતાના પૂરા આયાસથી મૂર્તિ બનાવી હતી, એમાંથી એમનો બધો રસ સુકાઈ ગયો હતો. જીવનની જે મોહક સ્વપ્નસૃષ્ટિને—પોતાનાં જીવંત પાત્રો ને વર્ણનો દ્વારા એમણે સાહિત્ય જગતમાં રમતી મૂકી હતી, તેનો હવે તેઓ વિનાશ વાંછી રહ્યા હતા....યુદ્ધ, કીર્તિ, કુટુંબજીવન ને પરંપરાગત ધર્મ....આ બધા સાથે એમને જોડી રાખનારો સ્ત્રોત કપાઈ જતાં એમનું પોતાનું જીવન સુકાઈ રહ્યું હતું. એમની એકલતાને ઓટ દોરી બનાવનાર વસ્તુ તો તે હતી કે, એમને સતત કુટુંબીજનોના એક એવા ટોળા વચ્ચે ઘેરાયેલા જીવવાનું હતું કે જેની સાથે એમને આજલગી જોડી રાખનારી ભાવનાઓનાં સૂત્રો છેદાઈ ગયાં હતાં.

ખંડન ને આત્મસંયમથી આરંભાયેલ એમના આ નવા જીવનને ધર્મબોધ્યા પ્રેમનું વિધાયક રસાયણ લાધવું હજી બાકી હતું. પ્રેમના એ રસાયણ વિના મૃત્યુદંડની સજા પામેલ અપરાધી સમું ગ્લાનિમય હતાશ જીવન તેઓ અમારી વચ્ચે વિતાવી રહ્યા હતા. આ સ્થિતિમાં બે વર્ષ તો એવાં કપરાં ગયાં કે, ડગલે ને પગલે એમણે આત્મઘાતના પ્રલોભન સામે ઝૂઝતા રહી વિતાવવાં પડેલાં.....

પરંતુ અમારામાંથી કોઈને એમની આ કટોકટીભરી સ્થિતિનો ખ્યાલ સરખો આવેલો નહિ. એ તો ઠીક, પણ જ્યારે જ્યારે પોતાની એકલતા ને વિચારોના દારુણ ઘમસાણથી થાકીને અમારી આગળ પોતાનું હૃદય ઠાલવવાના હેતુથી તેઓ અમારી નિકટ આવવા પ્રેરાતા, ત્યારે સંકોચ ને આનાકાનીથી અચકાઈને અમે પાછાં હટી જતાં. એમની સાથે વાત કરવા જતાં હંમેશાં અમને એકજ વાતનો ડર સતાવતો—રખેને તેઓ અમારા બાળસહજ આનંદોને એમની રુક્ષતાથી કરમાવી મૂકે!

એ દિવસો દરમિયાન પણ એમણે અમારા જીવનઘડતરમાં ને શિક્ષણમાં રસ લેવાની કોશીશ કરેલી, અમારા સ્તર પર ઊતરી આવી, તેઓ અમારી સાથે એકતા સાધવાની કોશીશ પણ કરતા પરંતુ એમાં તેઓ હવે સહજ બની શકતા નહિ. અમને બાળકોને પણ એમના એ પ્રયાસોમાં કૃત્રિમતા ને અડવાપણું લાગતું. પ્રેમાળ પિતા કરતાં એમનામાં

શિક્ષકનો રસ જ કામ કરતો હોય એવું જણાઇ આવતું ને આ વસ્તુને તેઓ પોતે પણ પામી જતા.

*

૧૮૮૧માં શિયાળાના દિવસોમાં અમારું આખું કુટુંબ મોસ્કો રહેવા ગયું. મારો મોટો ભાઇ સર્જી કૉલેજમાં દાખલ થયો હતો. એની સંભાળ લેવા માટે કોઇએ તો મોસ્કોમાં રહેવું જ પડે એવું હતું. મારી બહેન તાન્યા પણ હવે મોટી થઇ હતી. એનો અમારા સમાજમાં પ્રવેશ કરાવવો જરૂરી હતો. ગામડા ગામના વાતાવરણમાં ઝાડની જેમ છોકરી મોટી થયે જાય એ કુટુંબને પાલવે એવું ન હતું. ને મારા પિતા જો બાળકોના શિક્ષણમાં રસ લેવાના ન જ હોય તો પછી મોસ્કો રહીને જ બધાં છોકરાંને માટે નિશાળનાં ભણતરની વ્યવસ્થા કરી લેવી એ સુગમ પડે તેમ હતું.

ઉનાળામાં માએ મોસ્કો જઈને 'મનીલેન'માં એક ઘર ભાડે લઈ લીધું. ને શિયાળામાં તો આખું કુટુંબ મોસ્કોમાં રહેવા આવી ગયું. હું તે વખતે તુલાની શાળામાં ચોથા ધોરણની પરીક્ષા પાસ કરી પાંચમા ધોરણમાં દાખલ થવા તૈયાર થઈ ગયો હતો. મને સરકારી શાળામાં દાખલ કરાવવો એવું નક્કી થયું હતું. પિતાએ મોસ્કો કલાસિકલ જિમ્નેસિસમાં મારા પ્રવેશ માટે પ્રયાસ કર્યો. ત્યાં અણધારી મુશ્કેલી આવીને ઊભી રહી. પ્રવેશ માટેના ફૉર્મમાં વાલીએ પુત્ર વતી ઝાર પ્રત્યેની વફાદારીની ખાતરી આપવી પડતી. મારા પિતાએ ચોખ્ખી ના પાડી દીધી: 'મારો સગો દીકરો હોય તોય એવી ખાતરી હું શી રીતે આપી શકું?....'

મોસ્કોમાં આવી રહ્યા પછી અમે તો બધાં નવી જ ઉત્તેજના અનુભવતાં શહેરના નવા વાતાવરણમાં ગૂંથાઈ ગયાં. સ્વભાવ મુજબ દરેકના ઉપર એની નોખી નોખી અસર થતી. મારી મા એનું નવું ઘર ગોઠવવામાં, રાચરચીલું વસાવવામાં ને અહીંના સમાજ સાથેના વ્યવહારમાં ગૂંથાઈ પડી. તાન્યાને જુદે જુદે ઠેકાણે નાચરંગની પાર્ટીઓમાં ભાગ લેવા તૈયાર થવાનું આવ્યું. સર્યોઝા એના અભ્યાસ ને કૉલેજની પ્રવૃત્તિઓમાં ગૂંથાયેલો રહેવા લાગ્યો. હું મારી નિશાળનું લેસન કરવાની સાથે વચ્ચે વચ્ચે શેરીનાં છોકરાંઓ જોડે લખોટીઓ રમવા નીકળી પડતો. વસંતનાં પગરણ થતાં થતાંમાં તો હું મારાં વડીલો ને ભાઇબહેનોથી અજાણ એવી અમારી નિશાળની એક છોકરીનાં પ્રેમમાં પણ પડી ચૂકયો હતો.

એ જ શિયાળે મારા પિતાને સ્યુતાયેવ નામના એક ધર્મ-પંથી જોડે મિત્રતા બંધાઈ. સ્યુતાયેવ તુલા પ્રદેશનો એક સામાન્ય ખેડૂત હતો ને તેનો ધંધો સલાટ ને કડિયાનો હતો. ઘણા વખત પહેલાં સમારામાં હતાં, ત્યારે મારા પિતાએ પ્રુગાવિનને મોઢે એના વિશે વાતો સાંભળેલી. ને ત્યારથી એને મળવાની તેમણે ખૂબ જ ઉત્કંઠા સેવેલી....

મારા પિતાની માફક જ સ્યુતાયેવે દેવળની પ્રચલિત રૂઢિગત માન્યતાઓને તિલાંજલિ આપેલી હતી. ને એમની માફક જ એ પણ માનતો કે 'ભગવાન આપણા પોતાના અંતરમાં જ બિરાજે છે.' ને 'જયાં પ્રેમ છે ત્યાં જ પ્રભુ-

પિતાનું આસન છે.' સ્યુતાયેવ પોતે સાદોસીધો માણસ હતો. સિદ્ધાંત બાબત ક્યાંય બાંધછોડ યા સમાધાનને એની પાસે અવકાશ જ ન હતો. હિંસા માત્રનો એણે ત્યાગ કરેલો. અનિષ્ટના પ્રતિકાર લેખે પણ હિંસા એને કતઈ માન્ય ન હતી. સિદ્ધાંતથી એણે સરકારના કર ભરવાનો ઈનકાર કરી દીધો હતો. કારણ, 'એનો ઉપયોગ સરકાર લશ્કર ઊભું કરવામાં કરે છે.' ને જ્યારે મહેસૂલની વસૂલાત માટે પોલીસે એની માલ-મિલકત પર જપ્તી બેસાડી, એનાં ઢોરઢાંખર વેચી નાખવા માંડ્યાં, ત્યારે એના પ્રતિકારરૂપે એક અક્ષર પણ બોલ્યા વિના એણે ને એના કુટુંબે મૂગાં મૂગાં બધું જોયા કર્યું. કોઈએ પૂછ્યું ત્યારે કહે, 'મારે શું છે?.... આ એમનું પાપ છે. એમના જ હાથે છોને થતું....મારા હાથે હું એમને માટે બારણું નહીં ઉઘાડી આપું ....છો જાય ઘરમાં....મારે ત્યાં ક્યાંય તાળાં મારેલાં નથી.

એની આ શીળી શહાદતમાં એનું આખું કુટુંબ એના સાથમાં ખડું થઈ ગયું હતું. એના દીકરાને લશ્કરમાં જોડાઈ જવાનો હુકમ આવ્યો, એને પક્કડીને લઈ ગયાં, ને ઝારની વફાદારીના શપથ લેવડાવવા માંડ્યાં, ત્યારે દીકરાએ ધર્મ-સૂત્રનું વચન ટાંકી કહ્યું, 'હું શપથ લઈશ નહિ', એવી મારા ધર્મની આજ્ઞા છે....તમારી રાઈફલ આ હાથમાં ઝાલીશ નહિ કારણ એમાં 'રક્તની ગંધ' છે. ગેરશિસ્ત ને ઉદ્દંડતાના આ અપરાધસર સ્લુશેલબર્ગ ડિસિપ્લીન બૅટેલિયનમાં મોકલી આપી એને ખૂબ કષ્ટ આપવામાં આવ્યું.

'પ્રભુમય જીવન'ના ઉદ્દેશને સફળ બનાવવા માટે સ્યુંતાએવને પુરાણા ખ્રિસ્તી સમાજનાં સૂત્રો સાચાં લાગતાં હતાં : 'ખેતરોને ભાગલા પાડી વહેંચાય નહિ; જંગલોના પણ કકડા થાય નહિ... ને તો પછી તાળાંનો જ નહિ વેપાર, વણજ, વહાણોને લડાઈનો પણ આપણને ખપ નહિ રહે. બધાનું હૃદય એક હશે, ચિત્ત એક હશે.... તારું મારું નહિ હોય. જે કંઈ હોય તે બધું જ આખા ગામ યા નગરનું હશે.'—આ આદર્શને જીવનમાં મૂર્ત કરી શકાય એમ છે, એવી સ્યુતાયેવના મનમાં અડગ શ્રદ્ધા હતી. મારા પિતા એના પરિચયથી અત્યંત પ્રભાવિત થયેલા હતા.

સ્યુતાયેવ જેવો માણસ અમારા ઘરમાં રહેતો હોય, કોઈ પિતાના આમંત્રણથી તો કોઈ પોતાના કુતૂહલથી શહેરના ઉચ્ચ વર્ગના લોકો રોજ રોજ અમારે ત્યાં આવીને એને મળે, એ વસ્તુ સરકારની આંખમાં ખૂંચ્યા વિના કેમ રહે? સ્યુતાયેવ વિશે પૂછપરછ કરવા ગવર્નર-જનરલે પોલીસના એક ઉપરી અમલદારને મારા પિતા પાસે મોકલેલો. સ્યુતાયેવ કોણ છે? અહીં શું કરે છે? તમારે ત્યાં કેટલા દિવસથી છે? હજી કેટલો વખત રહેવાનો છે? એના વિચારો કેવા છે? વગેરે વગેરે. આવી બધી પૂછપરછ કરવા આવેલ એક યુવાન પોલીસ અધિકારીની ધીટતા પર મારા પિતા એટલા તો ઉશ્કેરાઈ ગયેલા કે એના સવાલના જવાબ આપવાને બદલે એને જ ઘર બહાર નીકળી જવા ફરજ પાડેલી. પાછળથી પોતાના એ રોષ ને ઉશ્કેરાટ બદલ એમને પુષ્કળ ઉદ્વેગ

થયેલો. ત્યાર બાદ પણ સત્તાવાળાઓએ તો સ્યુતાયેવ વિશેની પોતાની જિજ્ઞાસા સંતોષવા માટેના પ્રયત્નો ચાલુ જ રાખેલા. અંતે સ્યુતાએવ અમારે ઘેરથી ચાલ્યા ગયા તે પછી જ એ ઉપદ્રવ ટળ્યો.

એ જ વર્ષે મારા પિતાએ શહેરની ગરીબીનો અભ્યાસ કરવા મોસ્કોની વસ્તીગણતરીના કાર્યમાં ઝંપલાવ્યું. શહેરનો, ગરીબમાં ગરીબ લત્તો એમણે પસંદ કરેલો. સ્મોલેન્સ્ક માર્કેટ પાસેના પ્રોટોચની ગલીવાળો વિસ્તાર ને ત્યાંનો નામીચો રાત્રિ-વિશ્રામ....ને 'રઝાનોવ કિલ્લો' અમે ખૂંદી વળેલા. આ વિસ્તારની ગંધાતી એક એક ઓરડી અમે એ રાતના વખતે ફરેલા. મારા પિતા ત્યાં વસનારાઓમાંના પ્રત્યેક જણને પોતે શી રીતે ગુજારો કરે છે? શહેરમાં શા માટે આવવું થયું? પોતાના રહેઠાણનું ભાડું શું આપે છે? ખાવાનું શું કરે છે? વગેરે સવાલો પૂછ્યા. રહેઠાણ માટેના સહિયારા ઓરડામાં જયાં બધા લોકો માટે સૂવાની વ્યવસ્થા હતી ત્યાંની દશા તો ઓર ભયંકર હતી. એ બધાંના દીદાર જોયા પછી એમને કોઈ સવાલ પૂછવો પડે એમ ન હતું. દેખીતી રીતે બધું જ સ્પષ્ટ હતું કે તેઓ અત્યંત હીન ને અધમ પ્રકારનું જીવન જીવી રહ્યા હતા. આવા મોટા પ્રમાણમાં ગરીબી ને હીનતાનાં આ ઘોર દૃશ્યો કેવળ ત્રાસ જ નહિ જુગુપ્સા જન્માવનારાં હતાં.

હું વારંવાર મારા પિતાના મુખ ભણી જોયા કરતો. એમના ચહેરા પર સંત્રસ્તતા ને આંતરિક સંઘર્ષનો ભાવ હું

સ્પષ્ટપણે વાંચી શકતો હતો. એમના એ વખતના દેખાવે મારા પર બહુ ઊંડી અસર નિપજાવી હતી જેને હું આજેય વીસરી શકું એમ નથી. એમ લાગતું હતું, જાણે મારી માફક જ અંદરથી એમનું એક મન અને તેટલી ત્વરાથી આ સ્થળ છોડી ભાગી છૂટવા ઝંખતું હતું. પરંતુ તરત જ બીજું મન એને ટપારતું હતું કે ભલા, આનાથી નાસીને તું કયાંય જઈ શકે એમ નથી. આની છાયા તારો પીછો છોડવાની નથી. તું જયાં જશે ત્યાં એ સદાય તારું અંતર કોર્યાં જ કરવાની છે, કદાચ આથીય વધુ નિષ્ઠુરપણે. ને એ હકીકત કેટલી સત્ય હતી!

ત્યાર બાદ ૧૮૮૬માં પોતાની એ લાગણીનું વર્ણન કરતાં 'ત્યારે કરીશું શું?' નામના એક ચોપાનિયામાં તેઓ લખે છે:

> શહેરનું જીવન જે મને હંમેશાં કંઈક વિચિત્ર ને કૃત્રિમ જ લાગતું આવેલું, તે આ પછી જુગુપ્સાકારક બની ગયું. શહેરના તમામ ભોગવિલાસો ને મોજમજા મને આનંદ આપવાને બદલે દારુણ પીડાજનક બની ગયા ને હું અમારા જીવનના ચાલુ રંગઢંગને વ્યાજબી ઠેરવવા માટે મારા અંતરમાં મથી મથીને મરું, તોય એને માટે એક નાનકડું કારણ પણ શોધી શકતો નહિ. તે દિવસનો હું અમારા પોતાના યા બીજા ગમે તેના દીવાનખાના ભણી, સફેદ બાસ્તા જેવી ચાદરો પાથરેલ અમારાં જમવાનાં વિશાળ મેજ ભણી, અમારી બગીઓ, રાતામાતા તરેહ-તરેહના ગણવેશમાં શણગારાયેલ ગાડીવાનો ને હષ્ટપુષ્ટ

જાતવાન ઘોડાઓ તરફ, મોટી મોટી દુકાનો, થિયેટરો ને મિજબાનીઓ પ્રત્યે, અંતરનો દાહ ને ઘોર સંતાપની લાગણી અનુભવ્યા વિના જોઈ શકતો જ નથી. દશ્યો જોઉં છું ત્યારે સાથે સાથે જ લ્યાપિન હાઉસમાં જોયેલાં પેલાં ભૂખ્યાં, ટાઢે ઠૂંઠવાતાં કમભાગી દરિદ્ર માણસોની છબી મારી નજર સામે તરવા લાગે છે. ને હું કેમેય એ ભૂલી શકતો નથી કે, આ બંને વસ્તુઓ એકબીજા સાથે કાર્યકારણના અંકોડાઓ વડે ગાઢ રીતે સંકળાયેલી છે. એકમાંથી જ ઉત્પત્તિ છે. પહેલી જ ક્ષણે જે ઉગ્રતાથી આ લાગણી મારા હૃદયમાં જાગેલી, તે આજેય તેવી ને તેવી મારા ચિત્તમાં જડાયેલી છે.

*

૧૮૮૧માં મારા પિતાએ અમારા પૂર્વેના એક શિક્ષક-મિત્રને પત્રમાં લખેલું : 'મને ખાતરી થઈ ગઈ છે કે, પોતાના જીવનનાં દૃષ્ટાંત દ્વારા જ બીજાંને કંઈ કેય માર્ગ ચીંધવાનું શકય છે. અલબત્ત, દૃષ્ટાંત રૂપ જીવનની અસર પણ બહુ જ ધીમી, અચોક્કસ ને અત્યંત મુશ્કેલ છે. અર્થાત્ તમે કહી જ ન શકો કોના પર એની કેટલી અસર થઈ છે. પરંતુ નિઃશંક રીતે એટલું તો કહી જ શકાય કે એજ એક એવી વસ્તુ છે, જે માણસને પલટાવા માટે જરૂરી પ્રોત્સાહન પૂરું પાડે છે. સાચા ખ્રિસ્તી તરીકેનું જીવન જીવવું શકય છે, એમ પ્રતીતિજનક રીતે પુરવાર કરી શકાય, તે માટે, આપણે તમામ અનુકૂળ પ્રતિકૂળ સંજોગો ને પરિસ્થિતિ વચ્ચે પણ

સુખી ને હેતુપૂર્ણ જીવન જીવી બતાવવું જોઈએ. અને એ જ જીવન બીજા પર કંઈકેય પ્રભાવ પાડી શકશે. માટે આ જ વસ્તુ તમારી ને મારી સાધનાનું લક્ષ્યબિંદુ હોઈ શકે. આ વસ્તુની સિદ્ધિ માટે આપણે પરસ્પર એકબીજાને સહાય-રૂપ બનવું જોઈએ.'

પોતાના જીવન દ્વારા દૃષ્ટાંત બેસાડવું, ને હરકોઈ સંજોગમાં હેતુપૂર્ણ સુખમય જીવન જીવી બતાવવું—જીવનની જટિલતાએ મારા પિતા સમક્ષ ઊભી કરેલ સમસ્યાનો આ જ એકમાત્ર સંભવિત ઉકેલ હતો. ને આ જ ઉકેલ માટે ૧૯૧૦ના શિયાળા સુધી અર્થાત્ એમના જીવનના અંતિમ શ્વાસ લગી એમણે મથ્યા કર્યું હતું.

પોતાની સમગ્ર શક્તિથી બૌદ્ધિક માનસિક પરિશ્રમમાં મચેલા રહેવા છતાં મારા પિતા પોતાની જાતને શ્રમજીવી વર્ગની પીઠ પર સવાર થઈ, આળસુ પ્રમાદી જીવન વિતા-વનારા બેઠાખાઉ લોકોમાંના એક તરીકે ગણાવતા હતા. ને પોતાની નજરે ખાવા ને જીવવાનો અધિકાર મેળવવા માટે, ગમે તે ભોગેય શરીરશ્રમ કરવાનો તેઓ નિરધાર કરી ચૂકયા હતા. ને એ નિરધાર એમણે શરીરમાં શક્તિ રહી ત્યાં લગી અચૂક રીતે છેક લગી પાળ્યો હતો....

કુદરત સાથે તાદાત્મ્ય સાધવાના એક સાધનરૂપે અંગ-સ્ફૂર્તિ માટે જરૂરી વ્યાયામ લેખે તો શારીરિક શ્રમ મારા પિતાની એક મનગમતી પ્રવૃતિ હંમેશા રહેલી. પરંતુ ધર્મ-ભાવના રૂપે શ્રમનું મૂલ્ય એમણે સ્વીકાર્યું તે ૧૮૮૦ના આરંભથી.

મને યાદ છે અમે મૉસ્કો રહેવા આવી ગયાં, તેના પહેલા જ શિયાળે તેઓ મૉસ્કો નદીને સામે પાર 'સ્પેરો હિલ' પર કોઈ ખેડૂતોને ત્યાં લાકડાં વહેરવા જતા. ત્યાંથી ઘેર આવતા ત્યારે થાકીને લોથ, પસીને રેબઝેબ થઇ જતા. પણ મન એમનું આનંદથી પ્રફુલ્લ ને તાજગીભર્યું રહેતું. જમતી વખતે તેઓ અમને પોતાના આ નવા કામના અનુભવો, લાકડાં વહેરનારા શ્રમજીવીઓના જીવનની અનેક વાતો કરતા. ને એમના કઠોર પરિશ્રમમય જીવન ને એમની ગરીબી સાથે અમારા વર્ગના સુંવાળા અલસ જીવનની તુલના કરતા.

શિયાળાના જે દિવસોમાં ઘર બહાર નીકળવું મુશ્કેલ બની જતું, એ દિવસોને પણ લેખે લગાડવા માટે તેઓએ ઘરબેઠા જોડા સીવવાનું કામ શીખવા બધી સાધનસામગ્રી વસાવી લીધી ને એક દાઢીવાળા પ્રૌઢ મોચીને પોતાના ગુરુ તરીકે સામે બેસાડી, તેઓએ પોતાના અભ્યાસખંડની બાજુમાં જ, નીચી છતવાળી એક નાનકડી ઓરડીમાં જોડા બનાવવાનું કામ શીખવા માંડ્યું....

એમને મળવા આવનારાંનો મેળો પણ પછી તો ત્યાંજ જામતો. પોતે પોતાના કામમાં મશગુલ હોયને બધા સાથે ચર્ચા વિચાર, વિનોદ-વાર્તાલાપ ચાલ્યા કરતો હોય. એમને કામ કરતા જોઈ કેટલાય લોકોએ કુતૂહલવશ મોચીની કળા પર પોતાનો હાથ અજમાવી જોવાની તક લીધી હશે....

ઉનાળામાં મારા પિતા ખેતરોમાં કામ કરવા જતા. કોઇ બુઢ્ઢા ખેડૂત યા કોઇ વિધવા બાઇ મુશ્કેલીમાં છે એમ

જાણ્યું કે તેઓ એની મદદે પહોંચી જતા. એમનું ખેતર ખેડી આપતા, ધાન લણી આપતા, ખળું કરી આપતા, અનાજ-ઘાસ વગે કરી આપતા, પડી ગયેલ ઝૂંપડું સમારી આપતા, શિયાળે ઘરને હૂંફાળું રાખવા માટેની ભઠ્ઠી ચણી આપતા, લાકડાં વાઢી આપતા....

*

આ બધા કામની શરૂઆત કરી ત્યારે તેઓ તદ્દન એકલા જ હતા. ઘરમાંથી કોઈને એમના કામમાં કશો જ રસ ન હતો. ઊલટાનું સૌને એમ લાગતું કે, આ તો એમની એક વિચિત્ર ધૂન છે. બધાંને અફસોસ એ વાતે થતો કે, નાહક તેઓ પોતાની કેટલી બધી શક્તિ ને સમયને આ રસ્તે વેડફી રહ્યા હતા. એમની આ પ્રવૃત્તિ અમારાં ઘરમાં એમની કીમતી શક્તિને ભરખી જનાર અનુત્પાદક શ્રમ તરીકે લેખાતી. આ સમય દરમિયાન મારા પિતા સ્વભાવે ખૂબ મૃદુ બની ગયા હતા. વિચારોની આપલે વખતે હવે તેઓ ભાગ્યે જ પિત્તો ગુમાવતા. બીજાંના દોષ જોવાની વૃત્તિ પણ હવે બિલકુલ ઓછી થઈ ગઈ હતી. કેટલીક વાર તો તેઓ પૂર્વેના આનંદી ને મળતાવડા પિતા બની અમારામાં ભળી જતા. તેમ છતાં અમારી ને એમની રહેણીકરણી વચ્ચેનો વિસંવાદ બહુ કઠોર રીતે અમને સતત ખટકયા કરતો. એક બાજુ અમારી રમતગમત, ને આનંદપ્રમોદનાં આ વર્તનો તેમ જ ઘરમાં મહેમાન મુલાકાતીઓની ભરઠાલવ સતત ચાલ્યા કરતી હોય ત્યારે બીજી બાજુ મારા

પિતાતો એક પછી એક– તનતોડ મહેનતનાં કામો પતાવવાનો ક્રમ ચાલ્યા કરતો હોય. કદીક તેઓ પોતાના અભ્યાસખંડમાં અધ્યયન કરતા હોય, કદીક ખેતરમાં મજૂરી કરતા હોય, કદીક મેજ આગળ બેસી લેખનકાર્ય કરતા હોય તો કદીક હળ હંકારી ખેતર ખેડતા હોય. આ જ એમની પ્રવૃત્તિનો એકધારો ક્રમ હોય!

એ દિવસોમાં અમારા કુટુંબમાંથી સૌ પ્રથમ મારા પિતા સાથે જોડાઈ જનાર કોઈ હોય તો તે મારી બહેન માશા. આજે તો એ મૃત્યુ પામી છે. પણ ૧૮૮૫ની સાલમાં મારી એ બહેન પંદર વર્ષની હતી.

એકવડિયા બાંધાની ઊંચી, ગૌરવર્ણી ને સુકોમળ માશા. દેહલતા મા જેવી ને ચહેરેમહોરે મારા પિતાને મળતી. એમના જેવી જ નીલી ભૂરી તેજ આંખો એને મળેલી. બહુ જ શાંત ને સંકોચશીલ સ્વભાવ. આમ છતાં એને જોતાં એમ લાગતું કે, કોક ચેતનવંતો જીવ છે, જેની પાસે પોતાનું અનોખું સત્ત્વ છે. એને મારા પિતાનું એકલવાયાપણું ખૂબ સાલતું. એને જ કારણે એ અમારા કૌટુંબિક સમાજમાંથી ને પોતાનાં સમવયસ્કોની મંડળીમાંથી ધીરે રહીને કોઈનુંય ધ્યાન ન ખેંચાય એ રીતે ખસી ગઇ. કોક સંકલ્પ કરીને એણે પોતાની જાતને અમારા બધાંથી અળગી તારવી લીધી, ને પિતાનો સાથ સ્વીકારી લીધો.

કચડાયેલાં ને કમનસીબ લોકોની સાથી બનીને માશાએ પોતાનું હૃદય રેડી દઈ ગામલોકોની સેવાનું કામ પોતાને

માથે ઉપાડી લીધું. શરીરની શક્તિ એની બહુ મર્યાદિત તેમ છતાં સ્નેહ ને અનુકંપાથી ધબકતા એના હૃદયનું બળ ઘણું મોટું હતું. ગામના લોકોને એ ઘણી મદદ કરી શકતી. એ દિવસોમાં અમારા ઘરમાં કે ગામમાં ક્યાંય દાક્તર ન હતા. એ દિવસોમાં યાસ્નાયા ગામમાં ઘરે ઘરે ફરીને એ માંદાની માવજત કરતી. સામાન્ય માંદગીમાં દવાદારૂ આપતી ને પાટાપિંડી કરતી. પડોશનાં ગામડાંને પણ એનો લાભ મળતો. એના સંપર્કથી હેવાઈ ગયેલા ગામલોકો તો એમ જ માનતા કે મારિયા લોવનાને માણસના જીવવા મરવાની પણ આગળથી ખબર પડી જાય છે. એ કહે ત્યારે ખરે જ દરદી સાજો થઈ જાય છે ને એણે આશા મૂકી કે એ દરદી ભગવાન પાસે પહોંચી જાય છે. ખૂબ પ્રેમ ને કૃતજ્ઞતાપૂર્વક આજેય મારી એ મૃત ભગિનીને ગામલોકો યાદ કરે છે.

*

હું પણ મારી શાળાંત પરીક્ષા આપી ઉનાળાની રજામાં યાસ્નાયા આવ્યો હતો. દર વર્ષની માફક જ અમારા ઘરમાં વેકેશન માણવા આવનારા કુટુંબીઓનો મેળો જામ્યો હતો. આનંદ ઉજાણીઓના કાર્યક્રમ ચાલુ થઈ ગયા હતા.

મેં ઓગણીસ વર્ષ પૂરા કરેલાં. જેના પ્રેમમાં હતો (આજે એ મારી પત્ની છે) તેની સાથે વિવાહ થઇ ચૂકયા છે એમ જ માનીને હું ચાલતો હતો. પિતાના વિચારો મુજબ તો હવે માત્ર લગ્ન થઈ જવાં બાકી હતાં. હું મારા લગ્નજીવનનાં સ્વપ્નાં સેવતો, મારા તનના જોમને ને મનની

સ્ફૂર્તિને કયા કામમાં લગાડું, એની જ ખોજમાં હતો. મેં મારા પિતાને કહ્યું કે મને કંઇક બહારનું કામ આપો.

એમણે કહ્યું, 'વાહ ! એ તો બહુ સરસ. જા તું ઝારોવાને ત્યાં જા. ગયે શિયાળે એનો પતિ એને છોડીને શહેરમાં પૈસા કમાવા જતો રહ્યો છે. ત્યાંથી પાછો જ આવ્યો નથી. એ બિચારી એકલી એકલી મથ્યા કરે છે. ખેતરનાં ને ઘરનાં કામને છોકરાં સાથે પહોંચી વળવાનું એનાથી બનતું નથી. એનું ખેતર ખેડયા વિનાનું જ પડયું છે. તું જઈને એમાં હળ નાખ. આપણા મોરદવિન ઘોડાને હળે જોતરજે.'

એમણે કહ્યા પ્રમાણે મેં કર્યું. ને ગામની ભાગોળે તળાવની બાજુનું એનું નાનકડું ખેતર ખેડાઇને તૈયાર થઈ ગયું. કંઈક ઉપયોગી કામ કર્યાની પ્રસન્નતાએ મને ઉત્સાહ ને તાજગીથી ભરી દીધો. આ લાગણી મારે માટે નવી જ હતી. હળે જોતરાયેલા ઘોડાની માફક જ એક ચિત્તે તમે ચાસ પછી ચાસ પાડયે જાઓ, તાજા પાડેલા ચાસમાં તમારી પૂંઠેપૂંઠે તમારી હાજરીને લેખામાંય લીધા વિના, જે મળે તેનું ભોજ આરોગવે લીન એવાં પંખી દાણા ચૂગતાં ચાલ્યાં આવતાં હોય – તમને પણ બપોરા વીત્યા કેડે જ ભાન થાય કે, અરે, આ તો જમવાનો વખત થઈ ગયો કે આ તો સાંજ ઢળી ગઈ ! ને ત્યારે હળ લાકડું છોડી કૅરિયર પર બાંધી દઈ, ઘોડાની પીઠ પર સવાર થઈ, પેંગડામાં પગ ઝુલાવતા તમે મોજથી મનમાં ઘેર રાહ જોઈ રહેલ આરામ ને ભોજનના વિચાર રમાડતા ઘર ભણીનો રસ્તો કાપો....

ઘણી વાર તો મારા ઘોડાને તબેલે મૂકી આવ્યા પછી, ઘરમાં બધાં જમવા બેસે એની રાહ જોયા વિના જ હું સીધો નોકરોની ઓરડીએ પહોંચી જતો. ને ત્યાં એમના નાગા ઉઘાડા ટેબલના એક ખૂણે અમારા ગાડીવાન ને ધોબણની વચ્ચે જઈ બેસી જતો ને કાંદાની ચટણી નાખીને બનાવેલ ભૈડકું, બટાકા, રોટલાના ટુકડા નાખીને બનાવેલી મીઠાવાળી રાબ લાકડાના ગોળ ચમચા વડે આરોગવા બેસી જતો.

સેંટ પિટર દિન એટલે કે જુલાઈ અધવારતાં અધવારતામાં તો ચાર વાઢવાનું શરૂ થઈ જતું. અમારાં ખેતરમાંથી યાસ્નાયાના ખેડૂતો કંઈક ને કંઇક કઢદો કરી પોતાનાં ઢોરોને માટેની ચાર વાઢી જતાં. લીલી ચારને સૂકા ઘાસમાં પલટાવવાનો સમય થાય તે પહેલાં અમુક અમુક કુટુંબો ભેગા થઈને પોતપોતાની ટોળી બાંધીને આવતાં, ને પોતપોતાના નક્કી થયેલા ટુકડામાંથી ચાર વાઢવા મંડી પડતા. તેઓ જે ચાર વાઢે એમાંનો કાં ત્રીજો ભાગ કાં ઘાસની જાત મુજબ, પાંચમો ભાગ એમણે અમને આપવાનો રહેતો.

અમે પણ અમારી ટુકડી બાંધી ચાર વાઢવા મંડી પડતાં. ટુકડીમાં બે ખેડૂતો, મારા પિતા, હું ને એફ....એક યહૂદી. એટલા જણ હતા. વોરોન્કા તળાવની બાજુના વૃક્ષછાયા માર્ગની છેવાડેનું નવું ખેતર અમારે ભાગ આવેલું....અમારી ટુકડીમાં વાસિલી ને ઓસિપનો નંબર ઘાસ વાઢવામાં પહેલો બીજો રહેતો, તે પછી મારા પિતાનો, પછી પેલો યહૂદીનો ને છેલ્લો નંબર મારો. મારા પિતા ઘાસ વાઢવામાં પેલા

ખેડૂતોની હારોહાર રહેતા. પણ પસીનો ખૂબ છૂટવાને કારણે તેઓ એમના કરતાં વહેલા થાકતા. સૂર્યાસ્ત થતા સુધી અમે ઘાસ વાઢીને પૂળા બાંધતા ને સંધ્યા ટાણે ઝાકળ પડતાં લગીમાં એની ગંજીઓ ખડકી દઈ, રાત પડતાં લગી વળી પાછા અમારાં દાતરડાં લઈ ઘાસ વાઢવા મંડી પડતા.

અમને ઘાસ વાઢવામાં આનંદ લૂંટતા જોઈ બીજી પણ એક ટુકડી ઊભી થઇ ગઈ હતી. એમાં મારો મોટો ભાઈ સર્જી, લિયો ને અમારી ગૃહમાતા (ગવર્નેસ)નો મારી જ ઉંમરનો દીકરો અલસીડ જોડાઈ ગયેલા....

મારી બહેન માશા અમારી ટુકડીમાં આવી ગયેલીને તાન્યા તેમ જ મારી માસીની બે દીકરીઓ (માશા ને વેરા કુઝમિન્સ્કી) બીજી ટુકડીમાં જોડાયેલાં.

અમારી ટુકડી જરા ગંભીર ને ભારેખમ રહી કામ કર્યે જતી. ત્યારે આ બીજી ટુકડી લહેરથી હસતીગાતી, તોફાનમસ્તી સાથે કામ કરતી. રવિવાર ને રજાના દિવસે કામ કરવા બદલ ઘાસના પૂળાઓનું જે મહેનતાણું એમને ભાગ આવતું, તે વેચીને એ લોકો ખાણીપીણી કરતા. ને આખો વખત ગીતો ને હાંસીમજાક તો એમનાં ચાલુ જ હોય. ત્યારે અમે મજાકમાં 'સાધુપુરુષો' ગણાતા, ભારેખમ મોં રાખીને મૂંગા મૂંગા કામ કર્યે જતા. મારે કબૂલ કરવું જોઈએ કે મને એ રીતે કામ કરવું જરા શુષ્ક લાગતું. મારો ભાઇ લિયો, પોતે વોડકા પીતો નહીં, એટલે એના પુળા વેચાય એનો વોડકા ખરીદી એ મારે માટે રાખી મૂકતો. ને હું

કેટલીય વાર મારી ટુકડીનો દ્રોહ કરીનેય વોડકાની એ પ્યાલીની મજા માણી આવતો. કોક વાર એમનું આ લહેરીપણું મજામાંથી કજા પણ સરજી દેતું. પીધેલા ખેડુતો અંદરઅંદર ઝઘડીને મારામારી કરી બેસતા. આમ જ એમની ટુકડીના આગુ- સેમ્યોને એના બાપ સરજીનો હાથ ભાંગી નાખેલો.

હું જે ઉનાળાની વાત કરું છું, એ તો ખાસ યાદ રહી જાય એવો હતો. એ વર્ષે તો ઘાસ વાઢવાનો ઉમંગ એવો ચેપી બની ગયો હતો કે યાસ્નાયા પોલ્યાનાના ઘરનું એકેએક માણસ એમાં જોડાઈ ગયું હતું. મારી મા સુદ્ધાં માથે ખેસ વીંટી, હાથમાં પંજેટી લઈ ખેતરમાં નીકળી પડતી. મારા કાકા જેવા વયોવૃદ્ધ ને એ સમયે ઊંચો સરકારી હોદ્દો ધરાવનારા માણસ પણ એવા જોમથી ઘાસ વાઢવા મંડેલા કે, એમના હાથમાં ફોલ્લા ઊઠી આવેલા. અલબત્ત, આ રીતે મહેનત મજૂરી કરવા નીકળી પડેલાંઓમાં ભાગ્યે જ કોઈ શારીરિક શ્રમ વિશેની મારા પિતાની વિચારસરણીમાં શ્રદ્ધા ધરાવનારા હતા. છતાં એ વર્ષે સૌએ એ કામમાં પુષ્કળ રસ લીધો. બહુ થોડાકે એની ગુણવત્તા સમજીને, તો મોટા ભાગનાંએ શારીરિક વ્યાયામની એક નવતર ને આનંદદાયી પ્રવૃત્તિ તરીકે........

એ દિવસોની જ વાત છે. મારા પિતાના એક યુવાન અનુયાયી.... હંમેશની માફક એમની મુલાકાતે આવેલા હતા. ખેતરોમાં ધમધોકાર કામ ચાલી રહ્યું હતું તેવે વખતે તેઓનું આગમન થયેલું. સવારનાં ચાપાણી ને નાસ્તા પછી અમે

બધાં—અમારી આખી મંડળી—પોતે જે કંઇ કામ હાથમાં લીધેલું હતું તેમાં ઉપયોગી એવાં સાધન લેવા માટે તબેલામાં —જ્યાં બધાં ઓજારોનો ભંડાર હતો ત્યાં—ગયાં. મારા પિતાએ એક ખેડૂતને ગાડું રાખવા માટેનો તબેલો બાંધી આપવાનું કામ હાથમાં લીધું હતું. ને હું એમની મદદમાં હતો. એક.... ચડૂદીએ કોઈનું છાપરું છાવાનું કામ માથે લીધેલું. મારી બેઉ બહેનો રાઈધાનનાં કણસલાં બાંધવામાં પડી હતી. સૌએ પોતપોતાના કામમાં જરૂરી એવાં ઓજાર લઈ લઈને ચાલવા માંડયું. મેં ને મારા પિતાએ કરવત ને કુહાડી લીધી ને એક ....ને મારી બહેનોએ દાંતી, પંજેટી ને ધારિયું ઊંચકી લીધા.

પેલા મુલાકાતી ભાઈ મારા પિતા સાથે જવા તૈયાર થઈ ગયા હતા. મારી મોટીબહેન તાન્યા બહુ મશ્કરાં સ્વભાવની હતી. પેલા ભાઈને ખાલી હાથે મારા પિતા સાથે બહાર પડેલા જોઈ એ બોલી ઊઠી....

'ને તમે ક્યાં ચાલ્યાં ફલાણા ભાઇ !'

'ગામ ભણી સ્તો.'

'શેને સારુ ?'

'મદદ કરવા.'

'એ તો સમજ્યાં. પણ તમે મદદ શી રીતે કરશો ? તમારી પાસે કંઇ સાધન તો છે નહિ. આ લો....હાથમાં એક પંજેટી પકડતા ચાલો. ત્યાં એ લોકોનું પરાળ સાંચરવામાં મદદરૂપ થશે.'

'ઓહ એની કશી જરૂર નથી. હું એમને મારી સલાહ આપીને મદદ કરીશ.' ચાવી ચાવીને બોલાયેલા

શબ્દોમાં પેલા ભાઈએ જવાબ આપ્યો....તાન્યાના શબ્દોમાં રહેલા વ્યંગને પકડી ન શકનારા મારા પિતાના એ અનુયાયી હાથ હલાવતા જ અમારી સાથે આવ્યા. તે જ વખતે મને થયું કે, જ્યાં દરેકે દરેક માણસ સખત મજૂરીના કામમાં પરોવાયેલો રહેતો હોય ત્યાં પોતાના થાંથા ભદ્ર પોશાકમાં અક્કડ રહેનાર ને ઠાલા હાથે કેવળ શબ્દોથી સૌને મદદરૂપ થવાની ઉમેદ સેવનારા આવા ભદ્ર પુરુષો લોકોના કામમાં આડા આવવા સિવાય બીજું શું કરી શકવાના હતા ?

ખિન્ન મને આજે આ એક લાક્ષણિક પ્રસંગ હું ટાંકી રહ્યો છું, તે એટલાં જ માટે કે આજે 'તોલ્સતોયના અનુયાયીઓ' તરીકે જેનાં નામ બહુ ગવાય છે, તેમાંય કેવા પ્રકારના લોકો હતા. મારા સમજણના કાળ દરમિયાન યાસ્નાયા પોલ્યાના પધારનાર આવા અનેક 'સલાહકારો'ને મેં જોયા હતા. એમનામાં મારા પિતાની વિચારસરણીમાં સાચો વિશ્વાસ ધરાવનારા શ્રદ્ધાળુ જીવો કેટલા ઓછા હતા !....

મારા પિતા આ બધી વસ્તુ જોઈ શકતા હતા. એથી જ ખિન્ન મને ઘણી વાર કહેતા કે, 'હું તો થોડા વખતમાં મરી જઈશ....ને ત્યારે લોકો કહેશે કે, તોલ્સતોય આ બધા માણસોને હળ ચલાવતાં, ઘાસ વાઢતાં ને જોડા સીવતાં શિખવાડી ગયા. પરંતુ મારે મન જે મુખ્ય વસ્તુ છે,.... જેને માટે હું મારી આખી જિંદગી મથતો રહ્યો છું ને જે મારે મન એકમાત્ર ઊંડી ધર્મશ્રદ્ધાનો વિષય છે ને જે સૌથી મહત્ વસ્તુ છે, તેને જ આ લોકોએ ભુલાવી દીધી હશે.'

૪ઃ પિતાના મારા પરના પત્રો

....એક દિવસ સવારના પહોરમાં, મારી હંમેશની આદત મુજબ અમારા યાસ્નાયાના ઘરનો લાંબો ને સીધો દાદર હું બબ્બે ત્રણ ત્રણ પગથિયાં ઠેકતો, ઊતરી રહ્યો હતો ત્યાં બરાબર તે જ ઘડીએ મારા પિતા નીચેના મોટા ખંડમાંથી દાદર ભણી આવી રહ્યા હતા. જ્યાં એમણે મને છેવટનો કૂદકો મારવા હવામાં અદ્ધર થયેલો જોયો કે દાદરના પગથાર આગળ આવી બેઉ હાથ ફેલાવી, રખેને હું પડી જાઉં એ બીકે, મને પોતાનાં બાવડાંમાં ઝીલી લેવા તત્પર થઈ ઊભા. પણ હું તો ફૂલની હળવાશથી મારા પગના પંજા ભોંય પર ટેકવી ખડો થઈ ગયો, ને 'સુપ્રભાત' કહી મારા પિતાનું અભિવાદન કરતો આગળ વધી ગયો....

મને જતો જોઈ તેઓ હસીને બોલી ઊઠ્યા 'વાહ! તું તો ફાંકડો કસરતબાજ જુવાન છો ને ?....' પછી થોડી વાર થંભીને બોલ્યા, ગામડામાં તો તારા જેવડા ખેડૂતના છોકરા ક્યારના પરણી ચૂક્યા હોય ને અહીં તારા જેવા છોકરાને પોતાની વધારાની શકિત ને જોમ ક્યાં વાપરવાં એનીય ગમ પડવી હજી બાકી છે.'

હું કશું બોલ્યો નહિ, પણ એમના શબ્દોની મારા પર ઊંડી અસર થયેલી. એમના શબ્દોમાં મારા આળસુ નિષ્ક્રિય

જીવન પ્રત્યેનો જે વ્યંગભર્યો ઠપકો સમાયેલો હતો, તે તરફ મારું લક્ષ ગયેલું નહિ, પણ હું હવે પરણવા લાયક—પુખ્ત ઉંમરે પહોંચી ગયો છું, એની જાગૃતિ પહેલવહેલી મારામાં આવી. મારા પિતા જુવાન છોકરા–છોકરીઓનાં જીવન માટે ચારિત્ર્યશુદ્ધિને ખૂબ મહત્ત્વ આપનારા હતા. ને એ માટે વેળાસર લગ્ન એ જ એક ઉપાય છે, એમ માનનારા હતા. જુવાનિયાંને મૂઝવનારાં અનેક સવાલોમાંથી ઉગારી લેનારી વસ્તુ તરીકે પણ લગ્નનું મહત્ત્વ તેઓના મતે ઘણું જ હતું.

એમના શબ્દોએ તે દિવસે મારા મન પર ઊંડી અસર નિપજાવેલી.

તે પછી બેત્રણ વર્ષ બાદ હું જ્યારે અઢારેક વર્ષનો હોઈશ, ત્યારે મૉસ્કોમાં હું એક છોકરીના પ્રેમમાં પડેલો (જે અત્યારે મારી પત્ની છે). દર શનિવારે હું એના ઘેર એને મળવા માટે જતો. ઘરમાં મારા પિતાને પણ આ વાતની સહેજ ગંધ તો આવી જ ગયેલી પણ એ વિશે કદી તેઓ કશું બોલેલા નહિ. એક દિવસ તેઓ બહાર ફરવા નીકળતા હતા, ને મેં પૂછ્યું કે, 'હું સાથે આવું?' મૉસ્કોમાં આવીને રહ્યાં, તે પછી ભાગ્યે જ કદી હું એમની સાથે આમ ફરવા ગયો હોઇશ. એટલે એમને પણ તરત ખ્યાલ આવી ગયો કે મારે એમની સાથે કંઈક ખાનગી વાત કરવી હશે. રસ્તે ક્યાંય લગી મૂંગા મૂંગા મેં એમની જોડે ચાલ્યા કર્યું. પણ સંકોચને કારણે કશી વાત કરવાનું મારાથી બન્યું નહિ. એ સમજાઈ જતાં એમણે જ શરૂઆત કરી. કહે,

'તું હમણાનો એફ. ને ત્યાં વારંવાર જતો લાગે છે, ખરું ?'

આ પછી મેં મોં ઉઘાડીને બધી વાત એમને કહી નાખી. મેં કહ્યું કે, 'એફ.ની મોટી દીકરી સાથે મારી દોસ્તી છે.'

'તું એને પરણવા માગે છે ?'

'જી.'

'એ સારી છોકરી છે ?....ભલે ભલે.... પણ જોજે ક્યાંય ભૂલથાપ ન ખાઈ બેસતો. પરસ્પર એકબીજા પ્રત્યેનું તમારું વલણ–વર્તન બિલકુલ સચ્ચાઈ ભર્યું હોય એટલે બસ, વાત્સલ્યભાવે પોતાના મનની ચિંતા વ્યક્ત કરી મને સાવધાન કરતાં એમણે કહ્યું.

અમારી વચ્ચેની આ વાતચીત પતી કે દોટ મેલતાકને હું તો ઘરભેગો થઈ ગયો. મારા મનની ખૂશીનો પાર ન હતો. કારણ મારા અંતરમાં છૂપાવી રાખેલ રહસ્યનો બોજ મારા પિતા આગળ ઠાલવી દઈ હું હળવો થઈ ચૂક્યો હતો.

યુક્તિપૂર્વક પોતાનાં બાળકો આગળ વાત માંડવાની મારા પિતાની ટેવ ઘણી વાર સંકોચ–શીલતાની હદે પહોંચી જતી. એમાં કેટલાક સવાલો એવા હોતા કે જેના વિશે વાત કરવા તેઓ પોતાનું મુખ ખોલી શકતા નહિ. કારણ એમને એવું લાગતું કે એથી કદાચ અમારાં મન દુખાશે. મોસ્કોમાં અમારી વચ્ચે બનેલો એક પ્રસંગ હું કદાપિ વીસરી શકીશ નહિ.

એક દિવસ મારા ઓરડામાં ટેબલ આગળ બેઠા બેઠા તેઓ કંઈક લખી રહ્યા હતા. મારે અચાનક ક્યાંક બહાર જવાનું થતાં કપડાં બદલવા હું મારા ઓરડામાં ધસી આવ્યો.

મારા લખવાનાં ટેબલ ને સૂવાના પલંગ આડો એક પડદો ગોઠવેલો હતો. એ પડદાની ઓથે રહ્યો હું કપડાં બદલી રહ્યો હતો. એમણે મારાં પગલાં વર્ત્યાં, ને માથું ઊંચું કર્યા વિના સવાલ કર્યો :

'કોણ, તું છો ઈલ્યા ?'

'જી.'

'તું એકલો જ છોને ?....જરા બારણું વાસી દે તો, આપણી વાત કોઇ સાંભળે નહિ. આપણે બેઉ પણ અત્યારે એકબીજાને જોઈ શકતા નથી. એટલે શરમ સંકોચનું કોઇ કારણ નથી. બોલ, મને કહે જોઉં, તારે કોઈ સ્ત્રીના સંબંધમાં આવવાનું થયું છે કદી ?'

જવાબમાં મારી 'ના' સાંભળતાવેંત ડૂસકું ભરતા તેઓ બાળકની માફક રોઈ પડ્યા.

એમને જોઈ મારું હૈયું પણ ભરાઈ આવ્યું. હું પણ રડી પડ્યો. ક્યાંય લગી અમે બાપ દીકરો એક પડદાની ઓથ લઈ, આમ આંસુ સારતા રહ્યા હોઈશું. એ અમારાં હર્ષનાં આંસુ હતાં. બંનેને માટે અપાર આનંદનો એ પ્રસંગ હતો.

હૃદયની ઉત્કટ ઊર્મિઓની એ જૂજ ક્ષણોએ મારા જીવન પર જે અસર કરી છે, તે લાખ દાખલાદલીલ ને સદાચારની શિખામણોથી ન નિપજાવી શકાઇ હોત, એમ હું માનું છું. સાઠ વરસની જઈફ ઉંમરે મારા પિતાએ સારેલાં એ આંસુને હું મારા જીવનમાં વાસનાનાં પ્રચંડ તોફાનની ઘડીઓમાં પણ ભુલાવી દઈ શકું એમ નથી.

મારી ઉંમરના સોળથી વીસ વર્ષના ગાળા દરમિયાન મારા પિતા અત્યંત કાળજીપૂર્વક મારા વિકાસની ગતિ-વિધિની રફતારને નીરખતા રહ્યા હતા. એ સમય દરમિયાન મારા વ્યવહાર ને વર્તનમાં પ્રગટ થતી શંકા–આશંકાઓ ને મારા આચરણમાં વ્યક્ત થતા મનના સંકલ્પ–વિકલ્પોની ઝીણ-વટભરી નોંધ લેવાનું તેઓ ચૂકયા ન હતા. મારા શુભ અભિ-ગમને એમના તરફથી હંમેશાં પ્રોત્સાહન મળતું રહ્યું ને મારા આચાર–વિચારની વિસંગતિઓ પ્રત્યે હંમેશા તેઓ મારું ધ્યાન દોરતા રહેલા....

*

અમે—હું, મારો ભાઈ સર્યોઝા, લ્યોલ્યા, ને પ્રખ્યાત ચિત્રકાર ગેનો દીકરો નિકોલેન્કા—એકલા મોસ્કોના અમારા ઘરમાં ભણવા માટે રહેતા હતા. એ દિવસોમાં મારા પિતા યાસ્નાયામાં પગે દૂઝતા ખરજવાની પીડાથી પથારીમાં પટ-કાઈ પડેલા હતા. ત્યારે એમણે મારા પર એક પોસ્ટકાર્ડ લખેલું. આ જ મારા પરનો એમનો પહેલવહેલો પત્ર.

'અહીંથી રોજ તમારા પર પત્રો રવાના થતા જ રહે છે, એટલે મારી તબિયત વિશે જાણવા જોગ બધું તમે જાણી ચૂકયા હશો. હું તો એ વાતની ખાતરી કરી લેવા પૂરતો જ આ કાગળ લખવા બેઠો છું. એકંદર મારી સ્થિતિ સારી જ છે. ફરિયાદ કરવાપણું હોય તો તે એટલું જ કે મારી રાત બહુ ખરાબ જાય છે ને પૂરતી ઊંઘ વિના મગજ સ્વસ્થ રહી શકતું નથી. મારાથી હમણાંનું કશું જ કામ બનતું નથી.

એટલે આખોય વખત સૂતો સૂતો બૈરાંઓની મંડળીની વાતો-ચીતો કાન માંડીને સાંભળ્યા કરું છું ને એ સાંભળતાં સાંભળતાં બૈરકવેડામાં એવો તો લપેટાઈ જાઉં છું કે, ''ઊંઘી ગયો 'તો''ને બદલે મારાથી ''ઊંઘી ગઈ 'તી'' એમજ બોલાઈ જાય છે. આ સિવાય મન મારું બિલકુલ શાંત છે.

'અલબત્ત, કોક વાર તમારામાંના એકાદને વિશે થોડી ચિંતા થઈ આવે છે ખરી. તમારા અંતરાત્માની કેળવણી બાબત પણ એ બધી ચિંતાઓના ઝોલામાંથી હું મારી જાતને પાછી વાળી લાવું છું. ને મારા મનને સમજાવું છું કે, ''ભલા, તારે રાહ જોતા શીખવાનું છે.'' તમારા જીવનના નિત્ય નૂતન પ્રવાહને આગળ ને આગળ માર્ગ કાપતો જોઈ હું કેટલો આનંદું છું? જ્યાં સુધી તમે તમારા ગજા બહારનું કશું માથે વહોરી લીધા વિના, અનિષ્ટ આચરતાં ખમચાશો ત્યાં લગી બધાં સારાં જ વાનાં છે....તમને ત્રણેને ને કોલેચકાને મારાં વહાલભર્યાં ચુંબન.'

(એ જ સમયના મારા પિતાના બીજા પત્રો....)

વહાલા મિત્ર, ઈલ્યા, મેં હમણાં જ તને એક પત્ર લખી નાખ્યો, પણ એમાં મારા અંતરની ખરેખરી વાત મેં તને લખી નાખી હોવાથી એ પત્ર હું તને બીડતો નથી. કારણ એમાં તને અણગમતીને નાખુશ કરે એવી વાત લખેલી હતી. હું માનું છું કે એવી વાત કરવાનો મને કોઈ અધિકાર નથી. હકીકતે, મારે તને જેટલો ઓળખવો જોઈએ એટલો હું હજી તને ઓળખી શકયો નથી. જોકે તને નિકટથી ઓળખવા

હું ખૂબ ઝંખું છું. તેમ છતા આ એક હકીકત છે. અલબત્ત, તને ન ઓળખવા બદલ હું મારી પોતાની જાતને જ દોષિત ગણું છું. મારા એ દોષનું નિવારણ પણ મારે જ કરવાનું રહે છે.

હવે કહું કે, મને નહિ રુચતી એવી ઘણી ઘણી આદતો હું તારામાં જોઉ છું. છતાં મારે સ્વીકારવું પડે છે કે તારા વ્યકિતત્વને સમગ્રપણે હું પામી શકયો નથી.

તેં અહીં આવવાની તારી ઇચ્છા વિશે લખ્યું છે. એ બાબત મારે કશું કહેવાનું હોય તો તે એટલું જ કે, તારી અત્યારની આ વિદ્યાર્થી અવસ્થામાં ને તેમાંય ખાસ કરીને તારે હાઈસ્કૂલના અભ્યાસક્રમમાં પહોંચતા રહેવા માટે વિશેષ મહેનત કરવાની છે, તેવે સમયે ફાલતુ હેરાફેરામાં તું તારો સમય જેટલો ઓછો ગુમાવે, તેટલું જ સારું છે. વળી એ રીતે પૈસાનો જે દુર્વ્યય થાય છે, તેને પણ તું સહેલાઇથી ટાળી શકે.

મારી દષ્ટિએ તો અનિવાર્ય ન હોય, એવું કોઈ પણ ખર્ચ કરવું એ અનીતિ આચરવા બરાબર જ છે. ને હું ધારું છુ કે તું જરા વિચાર કરશે તો તારો પણ આ જ અભિપ્રાય બંધાશે. જોકે તું આવશે તેથી મને તો તારી સાથેના મેળાપથી આનંદ જ મળવાનો છે. અલબત્ત, એચ 'જી' થી વિખૂટા પડવાનું તારે માટે દુ:સહ બન્યું નથી, ત્યાં સુધી જ.

તને યોગ્ય લાગે તેમ કરજે. પણ એટલો ખ્યાલ રાખજે કે તારે આ વખતે ખૂબ ખૂબ શ્રમ લેવો પડવાનો છે. મગજ

દ્વારા વાંચવા–વિચારવામાં તેમ જ હૃદયને દઢ ને નિર્મળું બનાવવામાં. અર્થાત્ અત્યારે ઉપલક દષ્ટિએ જે બધું રૂડું રૂપાળું દેખાય છે, તેને તારા પુરુષાર્થથી કસીને—એમાંથી જ સારું કેટલું, ને ખોટું કેટલું, તે તારે જાતે શોધી કાઢવાનું છે. તને ચૂમી લેતો—

*

પ્યારા દોસ્ત ઈલ્યા,

તારા બેઉ પત્રો—ને તેમાંય છેલ્લો પત્ર તો ખાસ મારે મન મહત્ત્વનો ને પ્યારો છે. જયારે જયારે તને જવાબ લખવા બેસું છું, ત્યારે ત્યારે કંઇ ને કંઇ દખલ મને નડયા કરી છે. પહેલાં નિટુરલિન આવી ગયો, તે પછી મારી તબિયત બગડી, તેમાં રાતના ઉજાગરા ને એમાંથી અનિદ્રાનો ઉપદ્રવ પેઠો. તે પછી વળી એચ. ના મિત્ર ડી.નું આગમન થયું. એમના વિશે તો મેં તને અગાઉના પત્રમાં જણાવેલું જ. અત્યારે તેઓ બધાંની સાથે ચાપાણી કરતા બેઠા છે, ને મહિલાસમાજ સાથે વાર્તાલાપમાં ગૂંથાયેલા છે—જોકે, તેઓ પરસ્પર એકબીજાંને કેટલું સમજી શકતાં હશે એ તો તેઓ જ જાણે. ખેર, પણ એમને વાતોએ વળગાડીને હું અહીં છટકી આવ્યો છુ જેથી મને મળેલી આ છુટ્ટીના ગાળામાં, તારા સવાલ વિશે હું જે કંઈ વિચારું છું, તે તને આ પત્ર દ્વારા કહી નાખી શકું.

ધાર કે એસ.એ(ઇલ્યાની પ્રિયતમાની મા કે જેણે પોતાની દીકરીનાં લગ્નની દરખાસ્તને બે વર્ષ પાછી ઠેલવાની

શરત ઈલ્યિા સમક્ષ રજૂ કરેલી) તારી સામે વધારે પડતી આકરી શરત મૂકી હોય, તો પણ એ રીતે રાહ જોવામાં કશું જ ખોટું નથી. સમયનો એ ગાળો ભાવિ જીવન વિશેની તારી કલ્પનાને વધારે નક્કર ને સ્પષ્ટ બનાવવામાં તને મદદરૂપ જ નીવડશે. તારા મત–અભિપ્રાયો ને તારી આત્મશ્રદ્ધા એ દરમિયાન ઘડાઈને વધુ પકવ બનવાનાં છે. ને આ વસ્તુ ભવિષ્યને માટે ઓછી મહત્ત્વની નથી. પરંતુ એ શરત તને સ્વીકાર્ય ન જ બની તો, સામા કિનારાનું સંધાન મેળવ્યા પહેલાં જ આ કિનારો છોડી દીધા જેવી મહા–આપદ વહોરી લીધા જેવું તારે હાથે બનશે.

એ સામો કિનારો, એટલે શીલ ને સૌજન્યપૂર્ણ સદાચારી જીવન—અર્થાત્ એવું જીવન કે જે પોતાને માટે આનંદરૂપ હોય, ને સાથે સાથે અવરને માટે પણ ઉપકારક બની રહે. એ સિવાય બીજા એક પ્રકારનું જીવન પણ હોય છે, જેને અભદ્ર ને નિંદાને પાત્ર જીવન ગણાવી શકાય. એ જીવન હોય છે, સ્વાર્થની સાકરનો પુટ ચડાવેલ—સાધારણ રીતે —બધે જિવાતું આપમતલબી જીવન. એ જ ચીલાચાલુ રાહે જવાનું તું પસંદ કરશે, તો કદાચ, એમાં કશું નિંદનીય હોઈ શકે એવું ભાન પણ રહેતે રહેતે તું ગુમાવી ચૂકયો હોઈશ, ને છતાં એ જીવનમાં તારો અંતરાત્મા ડંખની પીડા અનુભવ્યા કરતો હશે—અલબત્ત, અંતરઆત્મા જેવું તારી પાસે કશું હશે તો સ્તો. પરંતુ દુઃખ તો એ વાતનું છે કે, ધાર કે, એ સાકરનો પુટ ચડાવેલ સ્વાર્થનું જીવન પણ તેં ઠોકરે માર્યું. પરંતુ પહેલેથી સામા કિનારાનું સંધાન કરી

લેવાની તેં પરવા નહિ કરી હોય તો એ સાથીસંગી વિનાના જીવનની એકલતા તને ઘોર દુઃખમાં નાખી દેશે. પુરાણા માર્ગનો સથવારો ત્યજી દેવા બદલ તું તારી જાતને જ દોષિત ગણી કોચતો રહીશ ને એ બાબત લજ્જા અનુભવતો રહીશ.

ટૂંકમાં કહું તો, આજે તારી સામે 'નઠારા બનવા કરતાં સારા' બનવું, એવો કોઈ સવાલ નથી. અહીં તારી જાતને સવાલ પૂછવાનો હોય તો તે એક જ કે, તરવું શું એ જાણ્યા વિના અજાણ્યાં પાણીમાં ધૂબકો મારવાનો કોઇ અર્થ ખરો? અંતરની સમગ્ર તાકાતથી માણસમાં સારા બનવાની અદમ્ય ઇચ્છા જાગે એ અત્યંત જરૂરી છે. તારા હૃદયમાં આ માટે કશો ખળભળાટ જાગ્યો છે ખરો?

આમ કહેવા પાછળની મારી મતલબ એક જ છે. *પ્રિન્સેસ મારિયા એલેકસ્યેવનાનો આવાં લગ્નો બાબતનો વર્તારો તો તું જાણે જ છે. સાધન–સંપદની પૂરી જોગવાઈ કરતા પહેલાં જ પરણી બેસનારાં જુવાનિયાંનું ભાવિ નિશ્ચિત થઇ ચૂકેલું છે: ને તે—ઉપરાઉપરી જન્મ્યે જતાં છોકરાંની લંગાર. આર્થિક તંગી, સ્વાસ્થ્ય ને સગવડનો અભાવ, ગરીબી, વરસ બે વરસ યા દસ વરસમાં લગ્નજીવન પ્રત્યેની વિરક્તિ, પરસ્પર એકબીજાથી થાકવા કંટાળવાનું. આ બધાના પરિણામે સરજાયેલ કારાગારમાં જીવનભરના કેદી બની જીવવાનું!

---

*૧૮૨૪ની સાલમાં 'ધી મિસફૉરચ્યુન ઑફ ક્લેવરનેસ' નામે ગ્રિબોયેદોફે લખેલ એક પ્રખ્યાત પ્રહસનમાંનું એક લાક્ષણિક પાત્ર.

ને આ બાબતમાં તો પ્રિન્સેસ મારિયાએ ભાખેલું ભવિષ્ય તદ્દન સાચું નથી શું? મારે કહેવું જોઈએ કે એ બાબતમાં એમની વાણી સો ટકા સાચી છે. પણ જેણે શાપરૂપ જીવનથી બચવું હોય એ જુવાનિયાંએ લગ્નસૂત્રથી જોડાતા પહેલાં પોતાના જીવન માટે કોઈ આગવા હેતુની ખોજ કરી લેવી જોઈએ ને એ હેતુ લગ્નના સૂત્રથી બંધાનાર બંને વ્યક્તિઓને એમનાં જીવનમાં આગળ લઈ જનાર– એમને સન્માર્ગે દોરનારો બની રહે એવો હોવો જોઈએ....પ્રિન્સેસ મારિયા જેના અસ્તિત્વથી સાવ જ અજાણ હતાં....

પણ એ હેતુ કેવો હોવો જોઈ એ? એ કેવળ દેખાડો કરવા લાયક, યા નરી બુદ્ધિથી ઉપજાવી કાઢેલો હશે તોય નહિ ચાલે. એના વિના તમને પોતાનું જીવન ફિક્કું, રંગ-વિહોણું લાગે એવો એ હેતુ હોવો જોઈ એ. એનામાં તમારા જીવનને મૂળમાંથી પોષણ પૂરું પાડવાની શક્તિ હશે. આવી કોઈ વસ્તુ તમારી પાસે હોય તો બેશક, તત્કાલ તમે પરણી જઇ શકો છો. પ્રિન્સેસ મારિયાના વર્તારાને તમે જરૂર ખોટો પાડી શકશો એ વિશે નિઃશંક રહેજો. પણ જો તમારી પાસે એવું કશું નહિ હોય તો એકસો ને એક ટકા સમજી લેવું કે તમારું લગ્ન તમને દુઃખને માર્ગે ધકેલી જશે.

મારા હૃદયના ઊંડાણમાં જે ચિંતા અનુભવી રહ્યો છું. તેની વાત મેં તને લખી. મારા આ શબ્દોને તું અંતરમાં ઉતારજે ને ખૂબ સ્વસ્થ ને શાંત ચિત્તે તારી જાતે તું એનો તોલ કાઢજે. પુત્રને નાતે તું મને પ્યારો છે; તેમ જીવનના

ત્રિભેટે ઊભેલા એક આશાસ્પદ તરુણને નાતેય હું તને એટલો જ ચાહું છું. તને, લ્યોલ્યાને. કોલેચ્કા ને સર્યોઝા– પાછો આવી ગયો હોય તો એને પણ મારાં વહાલભર્યાં ચુંબન. અહીં અમે બધાં ખુશહાલ ને તંદુરસ્ત છીએ.

મારા વહાલા દોસ્ત, ઇલ્યા, તાન્યા ઉપરનો તારો પત્ર મળ્યો. એ પરથી જાણ્યું કે તેં તારા સંકલ્પની દિશામાં આગળ વધવાનો નિર્ધાર કરી લીધો છે. એવે સમયે તમને બેઉને હું જે કંઇ વિચારું છું, તે કહી દેવા માગું છું. આશા રાખું છું કે તું બધી વાતો એને કરતો જ હોઇશ. વારુ, તો કહું....? તમારી બાબતમાં મને ઘણા ઘણા વિચારો આવ્યા કરતા હોય છે. મારા એ વિચારોમાં આનંદ ને ભયનું મિશ્રણ થઇ ગયેલું હોય છે. મારો એવો દૃઢ વિશ્વાસ છે કે, કેવળ જીવનના ભોગવિલાસ માણવાને ખાતર જ જે લગ્ન થતાં હોય છે, તેમાંથી કદાપિ સારું પરિણામ આવતું નથી. જીવનમાં કોઈ ઉચ્ચ હેતુ યા ઉદ્દેશના સવાલ વિશે વિચાર કરવાનું જ ટાળી દઈને, પોતાના પ્રિય પાત્ર સાથેના મિલનને જ લગ્નનો મુખ્ય હેતુ માની લઇ વ્યક્તિઓ જીવનમાં જોડાય, તો એ એક મોટી ભૂલ ગણાય. લગ્ન પૂર્વે જેણે જીવનના હેતુની ખોજ નહિ કરી લીધી હોય એને લગ્ન બાદ તો એ કામ અત્યંત વિકટ લાગવાનું. એ હેતુ વિના તો તમારા સહજીવનને અખંડિત ને પ્રકાશિત રાખનારા તત્ત્વની જ ભારે ખોટ રહી જવાની. એ રિક્તતા તમને એકબીજાથી વિમુખ બનાવનારી—યા બંને વચ્ચે ભેદની દીવાલ ઊભી કરનારી

વસ્તુય બની રહે. સહિયારા હેતુ વિનાની બે વ્યક્તિઓ વચ્ચેનું લગ્નજીવન સુખદાયી નીવડતું નથી. આ તો કંઇક એના જેવું છે કે રસ્તે ચાલતાં ચાલતાં બે જણુ ભેગાં થઇ ગયાં. ને બંને કહે, કે, ભાઇ, ચાલો, આપણે સાથે થઇ જઇએ. ને બંને એકબીજાંનો હાથ પકડી સહિયારા માર્ગે આગળ વધે. પણ ધારો કે એકબીજા પ્રત્યે હાથ લંબાવ્યા છતાં બંનેનાં મન એકબીજાથી વિમુખ દિશામાં ખેંચાઇ રહ્યાં હોય તો...? માટે જ આ પગલું ભરતાં પહેલાં બધી બાજુનો વિચાર કરી લેવો જરૂરી છે.

આ બધું છે. છતાં ઘણાં માને છે તેમ આ સંસાર અસારેય નથી કે આ જીવન નર્યાં આંસુનો કૂવોય નથી. વળી ધન-દોલત ને યુવાનીના તોરથી રંગાયેલી કલ્પનાઓ મુજબ, એ કેવળ ભોગવિલાસ માણવા માટેનું ઠામ પણ નથી. જીવન એ તો પરમાર્થ માટે માણસને પ્રભુએ બક્ષેલું એક સાધન છે. પરમાર્થે જીવવા જતાં માણસને કદીક ભારે દુઃખકષ્ટ વેઠવાની વારી પણ આવી પડે છે. ત્યારે એ બહુ કપરુંય લાગે છે. છતાં એ બધાને અંતે- અર્કરૂપે જીવનમાં જે નાનકડી આનંદજ્યોત પ્રગટે છે, તેનું જ નામ તો સાચું સુખ છે. આવા સુખની પ્રાપ્તિ માટે પોતાના સ્વાર્થથી પર એવો કોઈ નિશ્ચલ હેતુ માણસ પાસે હોવો જરૂરી છે. પરંતુ આ વાત સામાન્ય રીતે, લગ્ન માટે અધીરાં જુવાન છોકરા-છોકરી-એના લક્ષ બહાર જ રહી જતી હોય છે. કારણ, આરંભમાં, એમના સહજીવનને આનંદ-વિભોર બનાવી મૂકનારા, નાના-

મોટા અનેક પ્રસંગો ને ઘટનાઓથી એમનું જીવન ઊભરાતું રહે છે. એમને ખોળે બાળક અવતરે છે, ને પછી તો આ ઘટનાક્રમ જ એમના જીવનને ચોમેરથી આવરી લે છે. એમને માટે એ જ જીવનની સમગ્રતા બની રહે છે. પરંતુ આના જેવો ભયાનક ભ્રમ બીજો હોઈ શકે ખરો?

જે માબાપ કેવળ બાળકોની પરંપરા સર્જતાં પોતાનો જીવનકાળ યાપન કરતાં રહે છે, એમની પાસે એથી વિશેષ કોઇ હેતુ નહિ હોય. જીવનને સાર્થક બનાવનારા હેતુની ખોજને જેણે ટાળ્યા જ કરી હશે, તેવાં દિશા-શૂન્ય હૈયાફૂટાં માનવીને માટે કુદરતી દંડ નિર્માણ થઈ ચૂકેલો જ છે....ભલે, અમુક સમયને માટે એ દંડને દૂર ધકેલી શકાતો હોય પણ એમાંથી સદંતર મુક્તિ તો અસંભવ જ છે.

કારણ જે માબાપ બને છે એમણે પોતાનાં બાળને ઊછેરવાનાં હોય છે. ડગલે ને પગલે સાચો માર્ગ ચીંધી એમને જીવનમાં દોરવાનાં હોય છે. એવે વખતે એ માબાપને સમજાવા લાગશે કે, પોતે તો તદ્દન અકિંચન ભિખારીની હાલતમાં છે. પોતાનાં વહાલસોયાં બાળકોને સન્માર્ગે દોરવા માટે એમની પાસે કશું સાધન નથી. હેતુહીન રિક્ત જીવન જીવતાં જીવતાં પોતાનાં બાળકોને આપી જવા યોગ્ય કશી જ સંપદ તેઓ રળી શક્યાં નથી. માતાપિતા તરીકેના માનવીય ગુણોની સંપદને આધારે જ રચી શકાય એવા સુખને તેઓ હાથે કરી તિલાંજલિ આપી ચૂકયા છે. એમનું અત્યાર લગીનું સમગ્ર જીવન એક પશુ-ઉછેરના કેન્દ્ર સમું જ બની રહ્યું હશે.

એટલા માટે જ હું તને સમજાવવા મથું છું કે, ધન–સંપત્તિ ને યુવાનીને જ પૂર્ણતા માની લઈ, પરણી બેસતા પહેલાં ઘડીક થંભી જઈ ઊંડો વિચાર કરવાની જરૂર છે. બેઉ પક્ષે પોતાના અંતરાત્માને ઢંઢોળી સ્પષ્ટપણે જવાબ માગવો જોઈએ કે, આપણે શાની ચાહના કરતાં જીવી રહ્યા છીએ, શાની ચાહના પાછળ ખેંચાઈ રહ્યાં છીએ?....તારા વિચારો ને શ્રદ્ધા વિશે હું જાણું છું પણ એ શ્રદ્ધા અંશતઃ પણ તારા આચરણમાં વ્યકત થતી રહેવી જોઈએ. પોતાના વિચારને આચરણમાં ઉતારવાની મથામણ કરતાં કરતાં જ શ્રદ્ધાનું નિર્મળ રૂપ આપણી સમક્ષ ખડું થાય છે. તું હૃદયપૂર્વક માને છે કે, લોકોને ચાહવામાં ને એમની ચાહનાનું પાત્ર બનવામાં જ તારું પોતાનું સુખ ને કલ્યાણ સમાઈ જાય છે. તારી આકાંક્ષાનું આ સુખ સિદ્ધ કરવાના ત્રણ ઉપાય મને દેખાય છે, જે આજે હું પોતે અજમાવી રહ્યો છું, ને એ તો એવી વસ્તુ છે કે એમાં તમારો જેટલો પુરુષાર્થ રેડો એટલો ઓછો જ પડે છે.

—પહેલી વાત તો એ કે, ખરા અંતઃકરણથી જો બીજાંને ચાહવાં હોય, ને એમની ચાહનાના ભાજન બનવું હોય તો, માણસે પોતાની અપેક્ષાઓ કમમાં કમ કરતાં રહેવું પડે છે. આ કામ બહુ કપરું છે. કારણ જેમ તમારી અપેક્ષાઓ ઝાઝી એમ તમને સાંપડનારી નિરાશાની માત્રા પણ મોટી ને નિરાશાની કડવાશથી ભરેલું મન હોય તે માણસ સામા પ્રત્યે ઠપકાભરી નજરથી જોવા જ પ્રેરાશે. ને એને કારણે બીજાંને ચાહવાની એની શકિત મારી જશે.

—બીજી વાત એ કે, શબ્દોમાં નહિ, પણ વ્યવહારમાં લોકોને ચાહવાનો અર્થ એ છે કે, બીજાને ઉપયોગી થતાં શીખવું. આ તો વળી પહેલા કરતાંય અઘરું કામ! ને તેમાંય ખાસ કરીને તારી ઉંમરે–જ્યારે તારે બધી શકિત અભ્યાસ પાછળ ખર્ચવાની છે.

–ત્રીજી વાત એ કે, બીજાને ચાહવા માટે ને એમની ચાહના મેળવવા માટે માણસે પોતાના સ્વભાવ પર પૂરો કાબૂ મેળવવો જરૂરી હોય છે. પોતાના હૃદયને મૃદુતા, નમ્રતા, સહૃદયતા ને સહિષ્ણુતાના ગુણો વડે કેળવવાનું હોય છે. ગમતાં અણગમતાં માણસો જોડે સમતાભર્યો વર્તાવ રાખતાં શીખવાનું હોય છે. સામાના ઝટ નજરે ચડે એવા દોષો પ્રત્યે લક્ષ ન દેતાં એમનામાં છુપાયેલા ગુણને શોધી કાઢતાં શીખવાનું હોય છે. દરેક વસ્તુનું સારું પાસું શોધી કાઢી, સતત મનની સમતુલા સાચવતાં ડગ ભરવાનાં હોય છે. આ તો વળી બધાંને ટપી જાય એવું અઘરું ને દુષ્કર કાર્ય છે. સવારમાં ઊઠો ત્યારથી તે રાતે બિછાને સૂવા પડો ત્યાં લગી સતત મથતા રહેવું પડે એવું કામ છે. તોપણ ખરી વાત કહું તને? આ કામ જેટલું અઘરું છે, એટલું જ સુખદાયક પણ છે. કારણ ડગલે ને પગલે એમાં આપણે પોતાનો વિકાસ થતો જોઈ શકીએ છીએ. એટલું જ શું કામ, તમારી એ સિદ્ધિનો મહામૂલો ઉપહાર તો એ છે કે, તમે કદી ધાર્યું પણ નહિ હોય એવી વ્યક્તિઓ પાસેથી પણ તમે એમનો પ્રેમ જીતી શકયા હશો. ને એ આનંદ તો અલૌકિક ને અદ્ભુત વસ્તુ જ છે ને?

એટલે જ મારી તો તને સલાહ છે, મારા મિત્ર, કે તમે બંને અત્યારથી પરસ્પર સચ્ચાઈપૂર્વકનો વ્યવહાર કેળવતાં થાઓ. એમ કરતાં થશો ત્યારે જ તમને આપોઆપ ખબર પડવા માંડશે કે ખરેખર, તમે બેઉ એકજ દિશાના પ્રવાસી છો કે, એકબીજાથી વિમુખ દિશાના. તમારે બંનેએ હાથ મિલાવવા એ ડહાપણભર્યું છે કે નહિ, એની પણ તમને ત્યારે જ ખબર પડશે. આ માર્ગે જ તમે આત્મનિર્ભર બની, સ્વહસ્તે પોતાના ભાવિનું નિર્માણ કરતાં શીખશો.

માણસે ઊંચામાં ઊંચા આદર્શનું વરણ શા માટે ન કરવું? આદર્શનું શિખર ઉન્નત હશે તો જ સમગ્ર શકિતથી એના ભણી ગતિ કરવા ડગલાં માંડતા રહેવાની તમને સતત પ્રેરણા મળતી રહેશે. પછી કંઈક થોડાકથી યા અધકચરા પરિણામથી તમને સંતોષ નહિ મળે. જરાક કંઈક કર્યું, કે 'હાશ' કરીને બેસી જવાની વૃત્તિ તમારામાં નહિ જન્મે..... ખેર, જવા દે. મેં કેટલું બધું લખી નાખ્યું તને? લખતાં લખતાં હું થાકી ગયો છું ને છતાં મારે કહેવાનું તો જાણે પૂરું જ નથી થતું....વહાલભેર ચૂમી....

*

૧૮૮૨ની સાલમાં ફેબ્રુઆરીમાં મારાં લગ્ન થયાં. ત્યાર બાદ મારી પત્નીને સાથે લઇ હું યાસ્નાયા ત્રણ મહિના મારા પિતા પાસે રહેલો. ને તે પછી વસંતમાં ચેર્નસ્કી જિલ્લામાં આવેલ 'નિકોલ્સ્કોયે'ની અમારી જાગીર પર એક નાનકડું

મકાન બંધાવી લઈ અમે અમારો ગૃહસંસાર શરૂ કરેલો. લગ્ન બાદ મારા પિતાએ લખેલ આ પત્રો છે:

કેમ છો, મારાં વહાલાં છોરાં! જીવંત તો છો ને? તમારા અંતરની જ્યોત ઝગતી રહી છે ને? તમે અત્યારે બહુ મહત્ત્વના કાળમાંથી પસાર થઈ રહ્યાં છો. અત્યારે પ્રત્યેક વસ્તુ જીવનને માટે મહત્ત્વની છે. તમે જે જે કદમ ભરશો, તેનું મૂલ્ય અંકાવાનું છે. એટલું યાદ રાખજો કે હવે જ તમારા સહજીવનને આકાર ધારણ કરવાનો સમય આવ્યો છે. તમારા એકમેક સાથેના સંબંધનો પતિ ને પત્ની તરીકેના તમારા વ્યકિતત્વનો તમારા નૂતન જીવનની હસ્તીનો—બાહ્ય જગત સાથેનો વ્યવહાર હવે જ ચોક્કસ ઘાટ લેવા માંડશે. મારિયા આફનાસ્યેવનાથી માંડીને કોસ્ત્યુશ્કા સુધીના તમામ મનુષ્ય પ્રાણીઓ તમારા આ નવા સંસારમાં સામેલ ગણી લેવાના ને તે ઉપરાંત સમસ્ત જીવ-અજીવ સૃષ્ટિ સાથેના સંબંધોનો પણ એમાં સમાવેશ થઈ જાય છે. એમાં તમારો ખોરાક, કપડાં, બધું જ આવી જાય.

તમારે માટે આ બધું જ હજી નવું નવું હશે. હવે તમને લાગશે કે, અમારે આ દુનિયાની તમામ ચીજવસ્તુનો ખરેખરો ખપ પડ્યો છે. આનીય જરૂર છે, ને પેલાનીય જરૂર છે. તમારા દાંપત્ય જીવન પર હવે જ ઉમંગ ઉત્સાહના પ્રકાશની ને ઉદાસીનતાની વાદળીઓ વચ્ચે તડકા છાંયડાની રમત મંડાશે. તેવા સમયે તમે બંને ખોટા રંગ ચડાવીને એકબીજા આગળ ખોટો દેખાડો કરવાય પ્રેરાશો—પણ જોજો,

એવા દલદલમાં ફસાશો નહિ. ખોટી નકલી ચીજને તમારી વચ્ચે બિલકુલ ચલણ આપશો નહિ. બહેતર એ છે કે થોડો સમય થોભી જવું. રાહ જોવી. થોડા સમયમાં બધું જ ઠીક થઈ રહેશે. સોન્યા, તારા વિશે તો હું કંઈ કહી શકું એમ નથી. પણ ઇલ્યાને હું બરાબર જાણું છું. આવે વખતે એણે બહુ સાવધાન રહેવાનું છે.

ને સોન્યા, તનેય કહી રાખું. કેટલીક વાર એકાએક તને એવું લાગવા માંડશે કે, જાણે તારું મન આ બધાથી ધરાઇ ગયું છે. તને બધી વસ્તુનો કંટાળો આવી ગયો છે. તું એનાથી વાજ આવી ગઇ છો. તોબા પોકારી ગઈ છો. પણ એ વાતમાં વિશ્વાસ મૂકતી નહિ. યા એના વણછે તારા મનને વહેવા દેતી નહિ. વિશ્વાસ રાખજે કે, તારો કંટાળો ને ત્રાસ બીજું કંઇ નથી, પણ તારા અંતઃકરણની સાદાંસીધાં કાજકર્મ માટેની ભૂખ માત્ર છે. પછી એ શારીરિક શ્રમ માટેનીય હોય ને બૌદ્ધિક પરિશ્રમ માટેનીય હોય. એ બધું એક જ છે.

બીજી સૌથી મહત્ત્વની વસ્તુ છે, બીજાઓ પ્રત્યેના માયાળુ વર્તનની. એમાં કેવળ મોઢેથી બોલીને, છેટે રહ્યાં રહ્યાં માયા દેખાડયે કામ નહિ ચાલે. બીજાંની નજીક જઇને કાજકર્મમાં એમને સાથ આપીને નિકટતા સાધીને જ, હૃદયની મૃદુતા ને માયા મમતા રેલાવી શકાશે. એ કાર્ય જો તું સાધી શકી, તો નિશ્ચય માનજે કે જીવન તને ભર્યું ભર્યું, સુખ આનંદથી છલકાતું લાગશે. વારુ, તો તમને બેઉને વહાલભેર ચુંબન કરી, વિદાય લઉં, મારાં લાડકાં !....

*

વહાલાં મિત્રો, મુસાફરી કેવી રહી? તમારા જતાં અહીં તો બધું સૂનું પડી ગયું છે. તમારા વિના મને જરાય ગમતું નથી. આ સાથે તમારા નામ પર આવેલો એક તાર બીડયો છે. આશા રાખું છું કે એમાં બધાં સારાં વાનાં જ હશે. તમે ત્યાં કેવી રીતે ગોઠવાઇ રહ્યાં છો? હવે પછીની તમારી યોજનાઓ શી છે તે જણાવશો. મારી તબિયત એકંદર સારી છે.

આપણો નશાબંધી સમાજ સારી પ્રગતિ દેખાડી રહ્યો છે. એમાં કેટલાય નવા સભ્યો ઉમેરાયા છે. પણ આપણા એક સભ્યે તો કમાલ કરેલી—ગાનતાન પૂરાં થયે પ્યાલીઓ ઉલેડવાની તક પણ છોડી ન હતી. છતાં એકંદર એવા કિસ્સા બહુ ઓછા જ બને છે. પણ ઇલ્યા, હું તો તારી રાહ જોયા કરું છું. ને આખો વખત તારી બાબત ચિંતા સેવ્યા કરું છું. જે દિવસે તું તમાકુ ને શરાબની નઠારી આદત છોડી, એમાંથી બહાર આવીશ, ત્યારે હું ખૂબ ખૂબ રાજી થઇશ. નશાખોરીની આદત કંઈ સામાન્ય જીવનમાંથી ઊગેલી નૈસર્ગિક વસ્તુ નથી. એ તો માણસે કલમ કરી, બહારથી ચિટકાવેલાં દુર્વ્યસનો છે.

જીવન કંઈ હળવી મજાકની વસ્તુ થોડી જ છે? હવે તારે, તું જે કંઇ કરે, તેમાં લાંબો વિચાર કરીને પગલું ભરવા જેવું છે. તારામાં ને સોન્યામાં ઘણા ઘણા સુંદર ને ઉમદા ગુણો હું જોઉં છું. એ બધા ગુણોમાં સર્વોત્તમ એવો ગુણ કોઈ હોય તો તે તમારા હૃદયની નિખાલસતા ને પ્રેમ.

તમારી બધી શક્તિથી તમારા આ સહુ ગુણોને પોષી-કેળવી ને એની રક્ષા કરજો.

પણ સાથે સાથે તમારે એય યાદ રાખવાનું છે કે, બંનેનાં જીવનને સંકટમાં મૂકી દે એવું પણ તમારામાં ઘણું છે. તમે એ વસ્તુને જોઈ શકતાં નથી. પણ હું તો બધું જ જોઉં છું. ને તેથી જ ચિંતિત રહ્યા કરું છું. ખેર શુભમસ્તુ....

દીકરાઓ ! તમ બંનેને ચૂમી લેતો, **—એલ. એન.**

અહીંથી બધાએ તમને સ્નેહભરી યાદ પાઠવી છે. વહેલેરો પત્ર લખજો. મોસ્કોથી આવેલા પત્ર મુજબ ત્યાં બધાં યાસ્નાયા આવવા માટેની તડામાર તૈયારીઓમાં લાગી પડયાં છે.



૫ઃ મા પરના અંતિમ પત્રની ભૂમિકા....

મારા લગ્ન પછીની વસંતમાં મારા સૌથી નાના ભાઇ વાનિચકાનો જન્મ. મારો એ ભાઈ સાત વર્ષનો થઇને ૧૮૯૫માં સ્કાર્લેટ ફિવરની બીમારીમાં ગુજરી ગયેલો. મારો એ નાનકો ભાઇ અમારા કુટુંબમાં સૌનો બહુ લાડકો હતો. માને માટે તો એ કાળજાની કોર. મારા પિતા પણ એક વયોવૃદ્ધ બાપના વાત્સલ્યભીના હૃદયથી એને ખૂબ ચાહતા.

વાસ્તવમાં મારા છેલ્લા બે ભાઇ એન્ડ્રી ને મિખાઇલના વખતથી મારા પિતાએ બાળકોના ઉછેર ને કેળવણી બાબત રસ લેવાનું સાવ છોડી દીધું હતું. આ બેઉ ભાઇ નિશાળે જવાની ઉંમરે પહોંચ્યા હશે, એ દિવસોમાં મારા પિતા ચીલાચાલુ શિક્ષણ પદ્ધતિના ચુસ્ત વિરોધી બની ચૂકયા હતા. આજ પહેલાં અમને બધાંને જે પદ્ધતિએ શિક્ષણ અપાયેલું એની હિમાયત હવે તેઓ પોતાનાં બાળકો માટે કરી શકે એમ ન હતા. વળી પોતાનાં બાળકોનું શિક્ષણ પોતાની માન્યતાઓ મુજબ કરવા પોતે અસમર્થ બની રહ્યા છે એમ લાગતાં, એમણે એ દિશામાંથી સમૂળગું મોં ફેરવી લીધું હતું. તે પછી તો એની બધી જ જવાબદારી માને માથે આવી પડતાં, એણે જે શિક્ષણસંસ્થાઓમાં અમને ભણાવેલા એનો જ આધાર લઈ, મારા નાના ભાઈઓના શિક્ષણની વ્યવસ્થા કરેલી.

આવા ઉદાસી-છાયા કૌટુંબિક વાતાવરણમાં વાનિચ્કા જેવા સૌથી નાના વહાલસોયા દીકરાની હસ્તી એ મારા પિતાને માટે પણ આશ્વાસન રૂપ બની ગઈ હતી. મારા પિતા એને પોતાનો આધ્યાત્મિક વારસદાર બનાવવાનાં સ્વપ્નાં જોઈ રહ્યા હતા.

વાનિચ્કા અઢાર મહિનાનો હતો ત્યારે જ મારા પિતાએ પોતાની જમીનજાગીર પરનો બધો અધિકાર છોડી દઈ, કુટુંબના સભ્યો વચ્ચે એની વહેંચણી કરી નાખી હતી. વાનિચ્કા સૌથી નાનો દીકરો હોવાને નાતે યાસ્નાયાની જાગીરનો અધિકારી બનેલો. આ બાબત એક વખત વાનિચ્કાને બગીચામાં ફેરવવા લઈ ગયેલી ત્યારે માએ એને કહેલું: 'વાનિચ્કા, આ બધું તારું છે.' ત્યારે એકાએક ઊભો રહી જઈ, પગ પછાડી વાનિચ્કા બોલી ઊઠેલો, 'ના ના! એવું ના બોલ. યાસ્નાયા મારું નથી. બધાંનું છે.....'

આ વાનિચ્કાના મૃત્યુ પછી મા તો શોકથી બાવરી જેવી બની ગઈ હતી. મારા પિતાનેય આ દીકરાની ખોટ જીરવવી બહુ કપરી થઇ પડેલી. વાનિચ્કાને એની સમાધિમાં પોઢાડતાં મારા પિતાના મુખમાંથી ઉદ્ગાર નીકળેલા:

ધરતીથી પામેલાં તુજને
પાછો એ ધરતીનો થા...

પોતાના ભાઇ નિકોલેન્કાના મૃત્યુ બાદ વાનિચ્કાનું મૃત્યુ એ મારા પિતાને માટે સૌથી મોટો આઘાત હતો.

મને ઘણી વાર એમ લાગ્યું છે કે, જો વાનિચ્કા જીવ્યો હોત તો કદાચ મારા પિતાના જીવનમાં પાછળથી જે પલટો આવ્યો, તેનું સ્વરૂપ તદ્દન જુદું જ હોત. એ બાળકની સહજ સ્ફુરણા ને સંવેદનશીલતાએ મારા પિતાને કુટુંબ સાથેના કરૂણ પ્રસંગથી બચાવી લીધા હોત ને કદાચ યાસ્નાયા છોડી ક્યાંય ચાલ્યા જવાનો વિચાર એમના મનમાં પેદા જ ન થયો હોત. વાનિચ્કાના મૃત્યુને દોઢેક વર્ષ થયું હશે, ત્યારે મારા પિતાએ મારી મા પર જે પત્ર લખેલો, તેનાથી મારા આ મતને કંઈક પુષ્ટિ મળે છે. આ રહ્યો એ પત્ર.

*

યાસ્નાયા પોલ્યાના
જૂન, તા. ૮, ૧૮૯૭

મારી વહાલી સોન્યા,

ઘણો લાંબો કાળ થયાં, મારા જીવન ને મારી વિચારસરણી વચ્ચેની વિસંગતિઓ મને સંતાપતી રહી છે. તારી જીવનપ્રણાલી ને તારી આદતો—જેનાં મૂળ નાખવામાં મેં પોતે જ મોટો ભાગ ભજવેલો છે—બદલવી એ લગભગ અસંભવ જેવી વસ્તુ છે. આજ લગી એવું જ અસંભવિત રહ્યું છે મારે માટે—તને છોડીને ચાલ્યા જવાનું. કારણ જ્યારે જ્યારે ચાલ્યા જવાનો વિચાર આવ્યો છે, ત્યારે ત્યારે વિચાર કરતાં એમ લાગ્યા કર્યું છે કે, છોકરાં હજી નાનાં છે. કૂંળી ઉમરનાં છે. એમને છોડીને ચાલ્યો જાઉં

તો પાસે રહીને એમના જીવન પર જે કંઇ થોડી ઘણી અસર હું પાડી શકું છું, તેનાથી પણ એમને વંચિત કરી દેવા જેવું થશે. તને પણ એથી ખૂબ જ દુઃખ પહોંચશે.

પરંતુ આજે હવે લાગે છે કે, સોળ વરસ થયાં જીવતો આવ્યો છુ એ જ રીતે જીવન જીવ્યે જવું એ પણ મારે માટે અસહ્ય બની ગયું છે. આ બધા સમય દરમિયાન કદીક મારા પોતાના આંતરિક સંઘર્ષોને કારણે, તને ત્રાસ આપતા જીવવું પડ્યું છે, તો કદીક જૂની કોઠે પડી ગયેલી જીવન-પ્રણાલીને તાબે થઇ જઇ, પુરાણી આદતો ને વાસનાઓનો ભોગ બનતાં અંતરમાં ડંખની પીડા લઇને જીવવું પડ્યું છે, પણ હવે બધું થઈ ગયું. મારે માટે આ સ્થિતિ હવે સહ્ય નથી રહી. ને એટલા માટે જ ઘણા લાંબા કાળથી વિચારતો રહ્યો છું તે મુજબ મેં હવે કયાંક ચાલ્યા જવાનો નિર્ણય કરી લીધો છે.

—પહેલી વાત તો એ કે, હવે જેમ ઉંમર વધતી જાય છે, તેમ તેમ અત્યારના આ જીવનનો બોજ મારાથી વહી શકાતો નથી. ને મારું મન અત્યધિક એકાંતને ઝંખ્યા કરે છે.

—બીજી વસ્તુ એ પણ છે કે, હવે બાળકો બધાં પૂરતાં મોટાં થઈ ગયાં છે. એમના ઉછેર માટે આપણો સહવાસ હવે એવો અનિવાર્ય રહ્યો નથી. વળી તમે બધાં અનેક જીવંત રસોથી આ જીવન સાથે જોડાયેલાં છો, જેથી ઘરમાં મારી અનુપસ્થિતિ બહુ ઓછું ધ્યાન ખેંચનારી રહેશે.

આ બધા ઉપરાંત એક સૌથી મોટું કારણ એ પણ છે કે, હિંદુ ધર્મશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે હું પોતે પણ માનું છું કે, ધરમધ્યાન જેને પ્રિય છે એવા કોઇપણ માણસે, સાઠ વરસની ઉંમરે પહોંચતાં પહેલાં જ, ગૃહસ્થાશ્રમ છોડી એકાંતમાં પ્રભુસ્મરણમાં જીવન વિતાવવું જોઈએ. એ ઉંમરેય સંસારમાં ચીટકી રહી, પોતાની વાકપટુતાનું પ્રદર્શન કરતાં ઠઠ્ઠામશ્કરી ને ગામગપાટામાં પોતાનો સમય વિતાવવો કે લોન પર ટેનિસ ખેલતાં જીવન વિતાવવું એ બેહૂદું છે.

ને હું તો મારા સિત્તેરમાં વર્ષમાં પ્રવેશી ચૂકયો છું. આ અવસ્થાએ હવે મારું અંતર એની સમગ્ર તાકાતથી એ ગહન શાંતિમય એકાંતને ઝંખી રહ્યું છે. જો કે એના થકી જીવનમાં પૂર્ણ સંવાદિતા હું સ્થાપી શકીશ એવો કોઇ દાવો હું કરી શકું એમ નથી. છતાં માનું છું કે, મારા આજના આ વિષમતાભર્યા જીવન ને મારા અંતરતમ શ્રદ્ધાના જીવન વચ્ચે જે દારુણ વિસંવાદ ને સંઘર્ષ પ્રવર્તી રહેલ છે, તેના કરતાં તો એ જીવન કંઇક બહેતર જ હશે.

પરંતુ મારી આ ઇચ્છાને જો હું ખુલ્લી રીતે અમલમાં મૂકવા જાઉં છું, તો ચોમેરથી કાકલૂદીઓ, આજીજીઓ ને ઠપકા–દલીલોના સખત મારાનો મારે સામનો કરવાનો આવે છે. એવું સાહસ કરવા જતાં, કદાચ હું પોતે જ મનથી નબળો પડી જાઉં ને મારા નિર્ધારને અમલમાં મૂકવા અસમર્થ બની જાઉં છું. પરંતુ હવે મને લાગે છે કે, એ નિર્ધારને મારે અમલમાં મૂકયા વિના છૂટકો નથી.

હું જાણું છું કે, મારા આ પગલાથી હું તને વ્યથા પહોંચાડવા કારણભૂત બનીશ. પરંતુ એ બદલ તું મને ક્ષમા કરજે. સોન્યા, હૃદયપૂર્વક, તારી સ્વેચ્છાથી તું મને વિદાય આપજે. ને મારા ગયા પછી શોધખોળના મિથ્યા પ્રયાસમાં પડીશ નહિ કે મારા દોષ શોધી કાઢી, મને અપરાધી ઠરાવવાનું પણ કરતી નહિ.

તને છોડીને જાઉં છું, એનો અર્થ એ નથી કે મારા મનમાં તારા માટે કોઈ ફરિયાદ યા અસંતોષ છે. હું સમજું છું કે, તું પણ મારી જેમ જ બધું વિચારતી થાય, ને આખી દુનિયાને મારી જ દૃષ્ટિએ જોતી થાય એ શક્ય જ નથી. એ શબ્દશ: અશક્ય જ રહ્યું છે. ને હું સમજી શકું છું કે, જેમાં તને વિશ્વાસ જાગ્યો નથી, એવા વિચારોને ખાતર તું તારા જીવનને પલટી ન શકે, ને સંસારની બધી વસ્તુઓનો ભોગ ન આપી શકે, એ સ્વાભાવિક હતું. આ માટે હું તને કોઈ રીતે દોષિત ગણી શકું નહિ.

ઊલટાનો આપણા લગ્નજીવનના ગાઢ સહવાસના એ લાંબા પાંત્રીસ વર્ષના ગાળાને ને તેમાંય એના પૂર્વાર્ધને તો, હું ખૂબ પ્રેમ કૃતજ્ઞતાપૂર્વક યાદ કરું છું, એ દિવસોમાં તેં ખૂબ જ ઉમળકાપૂર્વક તારા સ્વભાવની લાક્ષણિકતા મુજબ, આત્મભોગથી ભરેલા માતૃત્વના બોજને હોંશે હોંશે ધૈર્યપૂર્વક વહ્યો છે ને એને જ પોતાનું શ્રેય સમજી તારી પાસે જે કંઇ ઉમદા ઉદાત્ત હતું તે મને, ને મારી દુનિયાને સમર્પણ કર્યું છે. માતૃવાત્સલ્ય આત્મભોગના એ પ્રસાદ બદલ આજેય

મારા હૃદયમાં તારા પ્રત્યે કૃતજ્ઞતા ને ઊંચા આદરની લાગણી સિવાય બીજું કંઇ નથી. એ બાબત તું વિશ્વાસ રાખજે.

પરંતુ તે પછી, આપણા જીવનના પાછલા ગાળામાં ને તેમાંય છેલ્લાં પંદર વર્ષ દરમિયાન આપણે એકબીજાંથી દૂર ઘસડાતાં ગયાં છીએ. હું કબૂલ કરું છું કે, એમાં હું પોતે જ પલટાયો છું. પરંતુ મારા એ પરિવર્તન પાછળ કોઇ સ્વાર્થની પ્રેરણા ન હતી, કે બીજા લોકોના મત–અભિપ્રાયનું બળ પણ એની પાછળ ન હતું. હું પલટાયો હતો, કારણ પલટાયા વિના હું જીવી શકું એમ જ ન હતો. એમાં તું મને અનુસરી શકી નથી. એ બદલ હું તને રજમાત્ર દોષ દેવાનો નથી. એટલું જ નહિ, તેં આજ લગી મને જે કંઇ પ્રેમ ને સેવા આપેલ છે, તે બદલ મારું અંતઃકરણ તને ધન્યવાદ જ આપતું રહેશે, ને જીવતા લગી હું એનું પ્રેમપૂર્વક સ્મરણ કરતો રહીશ, એટલું પણ તું ખસૂસ માનજે.

વિદાય આપ પ્રિયે....મારી સોન્યા !

પ્રેમપૂર્વક તારો

લિયો તોલ્સતોય

આ પત્ર જે પરબીડિયામાં બીડીને રાખેલો તેના પર મારા પિતાના હસ્તાક્ષરમાં એવી નોંધ હતી કે, આ પત્ર બાબત જો હું કોઇ નિર્ણય ન લઇ શક્યો હોઉં, તો મારા મૃત્યુ બાદ આ પત્ર સોફિયા આંદ્રેયેવનાને હાથ સોંપી દેવો.

મારા પિતાના મૃત્યુ પછી જ આ પત્ર મારી માના હાથમાં મુકાયેલો. વાનિચ્કાના મૃત્યુના સંદર્ભમાં મેં આ પત્ર

અહીં રજૂ કર્યો છે. કારણ હું માનું છુ કે, વાનિચ્કાના મૃત્યુ ને મારા પિતાના આખરી નિરધાર વચ્ચે બહુ ઘનિષ્ટ સંબંધ છે. પોતાના એ પુત્રના મૃત્યુ બાદ તુરત તો એમના મનમાં ઘર છોડી જવાનો વિચાર ઉદ્ભવે એવી પરિસ્થિતિ જ ન હતી. કારણુ આ સમય દરમિયાન પુત્રવિયોગથી શોકાકુલ એવી મારી માની માનસિક દશા બહુ વિકટ હતી. મારા પિતાના મનની વ્યથા પણુ એ દિવસોમાં અત્યંત અસ્વસ્થ બનાવનારી હતી. મારી માની એ દશા બાબત પોતે ટપકાવેલી નોંધમાં તેઓ લખે છે કે :

'અત્યારની એની હૃદયવિદારક દશા જોઈ અંતરના ઊંડાણુમાં, મારા અસ્તિત્વની સમગ્ર તાકાતથી હું પેલા શબ્દોના મર્મને તીવ્રતાપૂર્વક અનુભવી રહું છુ કે પતિ ને પત્ની એ બે ખોળિયાં ભલે જુદાં હોય, પ્રાણુ એકજ છે. ખૂબ ઉત્કટતાપૂર્વક મારી ધાર્મિક ચેતનાના એક નાનકડા અંશને પણુ જો હું એનામાં પ્રગટાવી શકું તો આ જીવન સાર્થક લાગશે. ધાર્મિક ચેતનાનો એ અંશ જ મને સમય આવ્યે દુઃખ–શોકની ગર્તામાંથી ઉપર આવવાની શક્તિ પૂરશે. કારણુ હું જાણું છું કે ઈશ્વર વિશેની આસ્થા ને એનાં સંતાન હોવા વિશેની જાગૃતિ જ એક એવું બળ છે જે સંકટના સમયે માણુસમાં પોતાના જીવનની જ્યોતને જલતી રાખવા માટેનું તત્ત્વ પૂરું પાડી શકે છે. આ આસ્થા ને આ ચેતના જો હું એના હૃદયમાં પ્રગટાવી શકું તો ! ના, મારી પોતાની શક્તિથી નહિ, પ્રભુની કરુણા ને એના અનુગ્રહથી

.... તો !....સ્ત્રીના હૃદયમાં આ પ્રકારની ચેતના જગવવી બહુ અઘરું કામ છે.....'

તે પછી દોઢેક વર્ષે, મારી માના શોકની ધાર કંઇક ઘસાવા લાગી હતી. તે ગાળામાં મારા પિતાએ નૈતિક રીતે, પોતે કંઈક મુક્ત બન્યાનો ભાવ અનુભવ્યા બાદ, એમણે મારી મા પર ઉપરનો પત્ર લખેલો.

*

૬ : દુષ્કાળ રાહતનું કામ

મૉસ્કોમાં વસ્તીગણતરીના કામમાં ભાગ લીધા પછી મારા પિતા એવા નિષ્કર્ષ પર પહોંચ્યા હતા કે, લોકોને પૈસા આપીને મદદ રૂપ થવા મથવું એ નિરર્થક છે, એટલું જ નહિ એ અનીતિ જ છે. ને છતાં ૧૮૯૦,'૯૧, તેમ જ '૯૮ની સાલોમાં રશિયામાં જે દુષ્કાળ આવ્યા એમાં ખેડૂતોને અન્નની રાહત પહોંચાડવા માટે તેમણે સતત પરિશ્રમ ઉઠાવ્યો હતો. એમના વિચારોમાં ને વ્યવહારમાં જે દેખીતી વિસંગતિ જોવા પામીએ છીએ એની પાછળનાં કારણો ને એ વખતના એમના મનોભાવનો ખ્યાલ મેળવતાં, એ વિસંગતિ પાછળની ભૂમિકા સ્પષ્ટ થઈ જાય છે. તેઓ કહેતા :

જો ખરેખર, ઘોડેસવારને સમજાઈ ગયું હોય કે પોતાનો ઘોડો ખૂબ જ થાકી ગયો છે, તો એની ફરજ એક જ છે, ને તે એ કે, એની પીઠ પર બેઠાં બેઠાં ઘોડાની ગરદન ઊંચી રખાવવા લગામ ખેંચ્યા કરવાને બદલે, પોતે કૂદીને એની પીઠ પરથી હેઠા ઊતરી જવું....'

આ દૃષ્ટિએ જ, સમાજમાં ચાલ્યા કરનારી દયાધરમ ને દાનની પ્રવૃત્તિઓને તેઓ એક યા બીજા પ્રકારનો દંભ ને અનિષ્ટ જ લેખતા. તેઓ કહેતા કે, શ્રમજીવી વર્ગની પીઠ પર બેઠેલા ને પોતાનાં અમનચમનમાં જ ખાઈપીને મસ્ત

રહેનારા લોકોનું વધારાનું—એઠું અજીઠું દ્રવ્ય ધર્માદાને નામે ચાલતી ગટરોમાં વહી આવે છે. આવી પ્રવૃત્તિઓ શ્રીમંતોની સાધુ-વૃત્તિના પ્રદર્શન અર્થે કેવળ એમની આત્મતુષ્ટિ માટે જ યોજાતી હોય છે ને એને કારણે જ સમાજના સ્વસ્થ વિકાસને માટે એ વિઘાતક ગણાવી જોઈએ.

છાપાંના અહેવાલો પરથી ને ગ્રામપ્રદેશોમાં ફરી આવેલ લોકોના આંખે જોયેલ દશ્યોનાં વર્ણનો પરથી મારા પિતા સૂકા વનમાં આગની માફક ફેલાઈ રહેલ દુષ્કાળની વિકટતાથી ચોંકી ઊઠ્યા હતા. ને એ બાબત એક લેખ લખવાની તૈયારી કરી રહ્યા હતા. ત્યાં એમના એક મિત્ર ઇવાન ઈવિનોવિચ રાયેવ્સ્કીએ યાસ્નાયા આવી, એમને થોડા દિવસ પોતાની સાથે ગ્રામવિસ્તારોમાં ફરી સાચી પરિસ્થિતિનો અંદાજ લેવા માટે વીનવ્યા. એક બે દિવસના ગામતરે નીકળ્યા હોય એવી તૈયારી કરી તેઓ રાયેવ્સ્કીની બાગિત્યેવકાની જાગીર ભણી જવા નીકળી ગયેલા. પરંતુ ત્યાં એમણે ખેડૂ કુટુંબોના ભૂખમરાની જે ભયંકર પરિસ્થિતિ જોઇ, એથી ઘેર પાછા આવવાની વાત ભૂલી તેઓ ત્યાં જ રાયેવ્સ્કીએ ઉપાડેલાં દુષ્કાળ રાહતનાં કામોમાં જોડાઇ ગયા. પછી તો ફંડફાળા ઉઘરાવવાનું ને રાહત રસોડાં ખોલવાનું ચક્ર શરૂ થયું, તેણે એમને પૂરાં બે વરસ લગી ગળાબૂડ એ પ્રવૃત્તિમાં મચ્યા રહેવાની ફરજ પાડી.

બે વરસ લગી આ જ પ્રવૃત્તિમાં ગળાબૂડ રહેવા છતાં આવી પ્રવૃત્તિઓ વિશેની એમની મૂળભૂત મૂળવણીમાં

રજ માત્ર ફરક પડયો ન હતો. ક્ષણુભરને માટે પણ તેઓ પોતે કોઇ મોટું યુગપ્રવર્તક પુણ્ય કાર્ય કરી રહ્યા હોવાના મિથ્યા સંતોષમાં રાચી શકયા ન હતા. તેઓ તો કહેતા કે, 'ખેડૂતોનાં દુઃખ ભણી આંખ આડા કાન કરી, યાસ્નાયા કે મૉસ્કોના સુખસવલતભર્યા આવાસમાં બેઠાં ટાઢે પેટે કલમ ચલાવવી મારે માટે અસહ્ય હતું, માટે જ હું અહીં આવ્યો છું ને આ કામમાં પડયો છું.'

બાગિત્ચેવકામાં રાહત કામમાં પડયા પછી થોડા જ દિવસોમાં એમને એક મોટો આઘાત સહન કરવાનો આવ્યો. એમને આ પ્રદેશમાં રાહતકાર્ય માટે ખેંચી લાવનાર મિત્ર રાયેવ્સ્કી—જેઓ વરસાદ, વાવાઝોડાં ને હિમવર્ષાનાં તોફાન માથે લેતા, આ આખાય પ્રદેશનાં રાહતકાર્યોનું આયોજન ને સંકલન કરી રહ્યા હતા,—તેઓ ઈન્ફ્લ્યુએન્ઝાની બીમારીમાં પટકાઈ ટૂંકી માંદગીમાં જ મૃત્યુ પામ્યા. પોતાના એક નિકટના મિત્ર ને રાહતકાર્યના એક ધરખમ સાથીનું આ રીતે એકાએક વિદાય થઇ જવું એ એમને માટે અત્યંત આઘાતજનક હતું. એમના મૃત્યુ પછી તો મિત્રના અધૂરા કાર્યને પૂરું કરવાની જવાબદારી નૈતિક રીતે પણ હવે પોતાને માથે જ આવી પડયાનું તેઓ અનુભવી રહ્યા. આ રાયેવ્સ્કી એમના જુવાનીના કાળના મોસ્કોવાસ વખતના મિત્ર હતા. ફ્રેંચમેનના અખાડામાં આ બંને વ્યાયામવીરોની મુલાકાત ને પરિચય થયેલાં, તેમાંથી ઘોડેસવારી, શિકાર, મેદાની રમતોના આ બંને શોખીનો વચ્ચે દોસ્તીનો સંબંધ બંધાયેલો. ઉંમર ને

વિચારસરણીને કારણે પિતાના એ બધા શોખો છૂટી ગયા તે પછી પણ આ બંને વચ્ચેની મૈત્રી તો અખંડ જ રહી. વર્ષો પછી ફરીને પાછા ભેગા મળ્યા....ત્યારે મૃત્યુએ જ આવીને એમને વિખૂટા પાડયા હતા.

શિયાળામાં મારા પિતાની તબિયત બગડતાં એમને એક બે મહિના માટે ઘેર જઈને રહેવું પડેલું. એ દરમિયાન એ રાહત કેન્દ્રોની જવાબદારી તેઓએ મારે હાથ સુપરત કરી. એ દિવસોમાં અમારા ચેર્નત્સ્કી જિલ્લાનું રાહતકાર્ય હું સંભાળતો હતો. એ જવાબદારી મારી પત્નીને સોંપી હું પિતાને કામમાંથી છૂટા કરવા તત્કાલ બાગિત્ચેવકા પહોંચી ગયેલો.

છ વર્ષ બાદ વળી એ જ કામ અમારે ચેર્નત્સ્કી ને મત્સ્યેસ્કી જિલ્લાઓમાં ઉપાડવું પડેલું.

મારા પિતા આમેય કરકસરના બહુ આગ્રહી હતા. તેમાંય જ્યારે જાહેર ફંડફાળાની રકમ વાપરવાની હોય ત્યારે તો એમની કરકસર ચિંગૂસાઇની હદે પહોંચી જનારી લાગે. એટલે જ તો પૈસા આપનારા લોકોને કદાચ એમના પર અથાગ વિશ્વાસ હતો. રાહતકાર્ય માટે મળેલી પાઇ પાઇનો સદુપયોગ કરવાની તેઓ એટલી તો કાળજી રાખતા કે ન પૂછો વાત. કોઇ કામમાં ફાળાનો પૈસો ફાળવતા પહેલાં એની બધી રીતે પૂરી ચકાસણી કરતા. કામ કેટલું છે, ને પોતાની શક્તિ કેટલી છે, એનો અંદાજ લીધા પહેલાં ફાળાનો પૈસોય કયાંય વપરાતો નહિ.

એ રાહતકાર્યો દરમિયાન મારા પર લખાયેલા મારા પિતાના કેટલાક પત્રો આ રહ્યાઃ

મારા મિત્ર ઇલ્યુશા,

આ પત્ર તને કુમારી વી. સાથે હાથોહાથ મોકલું છું. આ છોકરી કામ શી રીતે કરવું તે બરાબર જાણે છે. તારી મદદનીશ તરીકે હમણાં એને કામ સોંપજે. વીસમી બાદ અમે આવીશું, ત્યારે એના કામ બાબત બીજી ગોઠવણ કરીશું. બધા કામ બાબત તને સ્પષ્ટતાપૂર્વક બધું સમજાવી શકું તે માટે ઘેર બોલાવી શકયો નથી, તે બદલ દિલગીર છું. વાસ્તવિક પરિસ્થિતિના તમારા અજ્ઞાનને કારણે કદાચ કામમાં ઘણી ભૂલો થતી હશે. આ બાબત વિગતે સૂચનાઓ લખવા જાઉં તો એનો પાર આવે એમ નથી. તમે શી રીતે કામ ચલાવો છો તે જાણ્યા વિના લખવું શું તેય મને શી રીતે સૂઝે?

પણ તારી પાસે એક વસ્તુ માગી લઉં. મેં જે રીતે બધાં કામ ગોઠવેલાં છે, એમાં કશો જ ફેરફાર કર્યા વિના તમારે એને આગળ ચલાવવાનાં છે. સાથે અનાજની ખરીદી બાબત ને કોઠારોમાં એને ઠામ પહોંચાડવા બાબત ખૂબ જ કાળજી રાખવાની છે. ને રસોડામાં ખાસ એ વાતનું ધ્યાન રહે કે, ત્યાં એવા માણસોનો પગપેસારો ન થવા પામે કે જેઓ એક બાજુથી પંચાયતના પૈસાય ખાતા હોય ને તમારા રસોડે આવી ધાન હડપતા હોય. બીજો ખ્યાલ એ રાખવાનો કે, ખરી ભીંસમાં હોય એવો એક પણ માણસ

આપણા રસોડેથી ખાલી હાથે પાછો ન જાય. થોડો કડપ રાખીનેય આજે તો ભીંસમાં આવી પડેલા—ગરીબમાં ગરીબને આપણે હાથ આપવાનો છે. આજ ખરું મહત્ત્વનું ને કપરું કામ છે. છતાં આ કામ કરતી વખતે એ વસ્તુ નજર બહાર ન રહેવી જોઈએ કે જેને ખરેખરી જરૂર છે, એવા એકેય માણસને આપણે ખાલી હાથે પાછો કાઢવાનું બને, તે કરતાં એક જરૂર વિનાનો માણસ ભલે કંઈક ને કંઈક લઇ જતો.

યુસોફ પાસેથી ઘાસના પૂળા ખરીદવાના હતા, તેનું શું થયું પછી? યર્મોલાયેફ એ બાબતમાં કંઈક ઘાલમેલ ન કરે એટલું જોજે. એ લોકોના લખવા પ્રમાણે તો હવે થોડીક છૂટીછવાઇ ઘાસની ઢગલીઓ જ વેરાયેલી પડી છે! એ જે હોય તે બધું તત્કાલ કબજે કરી લઈ લેબેડેફને કોલોદેઝી મોકલી આપવાનું છે. ખાનગી કોઠારોમાં પણ બટાટા માટે અવાર નવાર તપાસ કરતા રહેવું. એ લોકો આપણને વેચવા તૈયાર છે કે નહિ તે જોજે. ને માલ મળતો હોય તો ખરીદી લેવાનું ચૂકશો નહિ. કહેવાનું તો ઘણું છે, પણ તમારા કામની ત્યાંની સ્થિતિ જાણ્યા વિના શું લખું? બધું તારા ભરોસે છોડી દઉં છું. તારાથી થાય એટલું બધું કરી છૂટજે. તને ચૂમી લેતો.....

એલ. એન.

એલેના, નતાશા તેમ જ ત્યાંનાં બધાંને મારા ધન્યવાદ એ જ.....

*

ત્રીજા દુષ્કાળ વખતેય ઝાઝો વિલંબ કર્યા વિના અમે મત્સ્યેન્સ્કી ને ચેર્નસ્કી જિલ્લાઓમાં રાહત રસોડાં ખોલવાનું કામ વેળાસર શરૂ કરી દીધું હતું. પ્રત્યેક કુટુંબમાં કેટલાંના પેટમાં અમે કોળિયો ધાન પહોંચાડી શકીશું, એનો અંદાજ આંકવાનું કામ લગભગ મારા પિતા જ સંભાળતા. સવારથી રાત લગી ઘોડા પર બેસીને ગામડે ગામડે અમને ઘર ઘરની મુલાકાત લઈ આ કામ સાધવું પડતું. રસોડાંમાં સીધાસામગ્રી ને વાસણકૂસણ પહોંચાડી, રંધાવી કરી જમાડવાની જવાબદારી મારી પત્નીને શિર હતી. બીજાય બધા લોકો આ કામમાં અમને મદદ કરવા આવી પહોંચ્યા હતા. ગામનાં નાનાં મોટાં તમામને ખવડાવી શકીએ એવી શક્તિ તો અમારી પાસે હતી જ નહિ. એટલે મોટે ભાગે ગામનાં બાળકો, સ્ત્રીઓ ને ઘરડાં, અપંગ, માંદાઓની સેવા જ અમે ઉપાડી લેતાં. બધાં જમતાં હોય તે વખતે મારા પિતા કદીક આવી ચડ્યા હોય, ત્યારે પ્રાર્થનામય અંતઃકરણથી અન્નના કણકણનો મહિમા પ્રગટ કરનારા એ દૃશ્યથી એમનું હૈયું ગદ્ગદ બની જતું.

કમભાગ્યે અમારા આ કામમાંય સત્તાવાળાઓની દખલગીરી વિક્ષેપ ઊભા કર્યા કરતી. મૉસ્કોથી અમારી સાથે કામ કરવા આવેલ બે જુવાન છોકરીઓને એમની મૂંગી દાટી ને ધાકધમકીઓને કારણે કામ છોડી ચાલ્યા જવું પડેલું. રાહત-રસોડાં ચલાવવા બદલ અમારી પાસે પરવાનાની માગણી કરવામાં આવતી. અમે સમજાવવા મથતા કે ભલા, ભૂખ્યાંને જમાડવા માટે તે કંઈ પરવાના લેવા પડતા હશે.....

છતાં ઓરિયેલને તુલાના ગવર્નર પાસે દોડી જઈ, ઇન્ટીરિયર મિનિસ્ટ્રીમાં તાર કરાવી વિનંતીઓ કરવી પડી ત્યારે અમારી ચાલુ કામગીરીમાં સ્થાનિક સત્તાવાળાઓની દખલગીરી બંધ થઈ. પણ નવાં રસોડાં ખોલવાની પરવાનગી તો અમને ન મળી તે જ મળી....



૭: પિતાની ગંભીર માંદગી

૧૯૦૧ની સાલમાં મારા પિતા સખત બીમાર થઈ ગયા હતા. શરીરમાં સતત ઝીણો તાવ રહેવા લાગેલો, ને એણે એમનાં હાડ ભાંગી નાખ્યાં હતાં. દાક્તરોએ એમને શિયાળો ક્રીમીયામાં ગાળવાની સલાહ આપી હતી. કાઉન્ટેસ પાનીનાએ પોતાની ગાસ્પ્રા ખાતેની વિશાળ મહેલાત એમની સેવામાં ધરી દીધી હતી. એ આખો શિયાળો એમણે ગાસ્પ્રામાં જ ગાળેલો.

પણ ત્યાં ગયા પછી એમને સખત શરદી લાગી ગઇ ને એમાંથી ફેફસાં ને આંતરડાના સોજાની બીમારીથી તેઓ ખૂબ પીડાવા લાગ્યા. કેટલીક વાર તો એમની સ્થિતિ એવી ગંભીર બની જતી કે દાક્તરો પણ એમની આશા મૂકી દેતાં. શરીર તાવથી ધીખ્યા કરતું. આ દરમિયાન પણ તેઓ પોતાને જે કંઈ વિચાર આવે એની નોંધ કરાવ્યે જતા. કેમ જાણે નીકટ આવી રહેલ પોતાના મૃત્યુને ભેટવા માટેની પૂર્વતૈયારીઓ કરી રહ્યા હોય. અમારું આખું કુટુંબ એમની સારવાર ને સેવાચાકરી માટે ગાસ્પ્રામાં ભેગું થઇ ગયું હતું. વારાફરતી સૌ એમની સારવારમાં રહેતાં.

રાતપાળીમાં મારે જાગવાનો વારો આવતો ત્યારે ઝરૂખા આગળની ઉઘાડી બારી પાસે બેઠો બેઠો હું એમના શ્વાસોચ્છ્વાસની ગતિને નીરખ્યા કરતો. એમના ઓરડામાં થતા ઝીણા ઝીણા અવાજને સરવા કાને સાંભળ્યા કરતો. મારી શરીરશક્તિ સારી ગણાતી. એટલે પિતાના બિછાનાની ચાદર બદલવાની હોય ત્યારે હું એમને બાળકની માફક મારાં બાવડામાં ઊંચકી લેતો. મને યાદ છે, એક વખત એમને ઊંચકીને લાંબો વખત સુધી ઊભા રહેવાનું થતાં થાકથી મારા સ્નાયુઓમાં સહેજ ધ્રુજારી આવી ગયેલી. મારી આ કમજોરીને તરત પકડી પાડતાં, તેઓ મારા મોં સામે તાકી રહી, વિસ્મય પ્રગટ કરતાં બોલી ઊઠેલા :

'હુ બહુ ભારે થતો જાઉં છું કે શું?.... ભારે નવાઈની વાત કહેવાય!'

એમનો એ વખતનો ચહેરો જોઈ મને મારા બાળપણની વાત યાદ આવી ગઇ. એ દિવસોમાં મારા પિતા મને ઘોડેસવારી શીખવવા પોતાની સાથે લઇ જતા. જંગલની આડીઅવળી કેડીઓ પર ખૂબ રખડાવ્યા પછી, એકાએક થંભી જઇ, મારા મોં સામે જોઈ સવાલ કરતા : 'તું થાકયો તો નથી ને?'

એમની આ માંદગી દરમિયાન જ એક વખત એમને મેડા પરથી હેઠે ઉતારવાના હતા. પથ્થરની પગથિયાંવાળી લાંબી ચક્રાકાર સીડી પર થઈ એમને હેઠે લઇ આવવા પડે એમ હતું. મને કહે : 'ઇલ્યા, તું જ મને બાળકની માફક ઊંચકી લેજે....'

આમ તેઓ તો નિશ્ચિત મને મારી ગોદમાં પડયા રહે. મને ઠોકર વાગશે ને હું કયાંક એમને પાડી નાખીશ, એવી રજમાત્ર ભીતિ એમના મનમાં નહિ. પરંતુ એ દિવસે લિસ્સા પથ્થરની લપસણી સીડી પરથી એમને ગોદમાં લઇ, ઉતારવાની મારી જ હિંમત ચાલી નહિ. ઘણું સમજાવ્યા ત્યારે જ તેઓ કબૂલ થયા ને અમે ત્રણે ભાંડુએ મળી ખુરશીમાં બેસાડી એમને હેઠે ઉતારેલા.

મારા પિતાને મૃત્યુનો ડર હતો કે નહિ, એ સવાલનો 'હા' 'ના' માં જવાબ આપવો મુશ્કેલ છે. એમનું કાઠું ને શરીરનું બંધારણ પહેલેથી ખૂબ મજબૂત. શરીર પણ ખૂબ કસાયેલું ને ખડતલ. આથી મૃત્યુ સામે જ નહિ, ઘડપણ સામે પણ તેઓ ઘણા લાંબા કાળ સુધી ઝૂઝી શકયા હતા. એમના જીવનના છેલ્લા વર્ષ સુધી ઘડપણ કે મોત એમાંથી એકેય સામે એમણે નમતુ જોખેલું નહિ. પોતાનાં બધાં કામ તેઓ જાતે જ કરી લેવાનો આગ્રહ રાખતા, ને છેક છેવટ લગી એ રીતે જ જીવેલા. ઘોડેસવારી પણ છેવટ લગી કરતા છતાં એમ તો ન જ કહી શકાય કે એ સમયે મૃત્યુનો એમને સમૂળગો ડર ન હતો. સૌ કોઈની માફક એમને માટે પણ એ ભય એટલો જ સહજ હતો. એટલું જ નહિ અમુક અંશે વધી ચૂકેલો હતો. પરંતુ છેવટ લગી મચક આપવા તેઓ તૈયાર ન હતા. એમાં તેમને સફળતા મળી કે નહિ? અલબત્ત, તેઓને સફળતા વરી હતી એમ જ કહેવું પડે.

ગાસ્પ્રાની એમની માંદગી દરમિયાન તેઓ અનેકવાર પોતાના મૃત્યુની વાતો કરતા. એટલું જ નહિ, નિશ્ચિતપણે પૂરી

ચેતનાથી પોતાની જાતને એ માટે તૈયાર કરતા રહેલા. જ્યારે એમને લાગ્યું કે પોતાની જીવનશક્તિ ઓસરી રહી છે, ત્યારે બધાંને પોતાના બિછાના નજીક ભેગાં કરી, એક પછી એકને પોતાની પાસે બેસાડી, જેને જે સાન–શીખ–સૂચના આપવી હતી તે આપવા માંડેલી. તે વખતે તેઓ એટલા કમજોર થઈ ગયા હતા કે એક જણ સાથે વાત કરી લીધા પછી, બીજા સાથે વાત શરૂ કરતાં પહેલાં એમને થોડી વાર વિશ્રાંતિ લેવી પડતી.

મારી વારી આવી ત્યારે એમણે જે શબ્દો કહેલા તે આજેય મને યાદ આવે છે. એમણે કહેલું 'ઈલ્યા! હજી તું જુવાન છો. શરીરે મજબૂત ને તાકાતવાન છો. વાસનાનાં તોફાન આવીને તને હેલારે ચડાવી જાય, તોય ધરતી પર પગ ખોડી તું ધરખમ ઊભો રહી શકે એમ છો. જીવનની અહમ્ સમસ્યા પર વિચાર કરવાનો સમય હજી તારે માટે પાકયો નથી. પરંતુ આજની આ સ્થિતિ કંઈ કાયમ રહેવાની નથી આ સમય પણ પસાર થઇ જશે. ને એક સમય એવો આવશે કે જ્યારે — લખી રાખજે મારા આ શબ્દો — તને પણ ધર્મોપદેશમાં રહેલું સત્ય સમજાવા લાગશે. ઈશ્વરી જ્ઞાનનો એ ભંડાર પ્રભુ તારી સમક્ષ ઉઘાડી નાખો .... અલ્‌વિદા મિત્ર!'

ભારે હૈયે નીચા નમી મેં એમના હાથને ચૂમી લીધો. ને ચૂપચાપ ત્યાંથી ખસી, આગલા બારણેથી બહાર નીકળી જઈ ચોકમાં આવેલ પથ્થરના એક મિનારની ઓથે અંધારું ને એકાંત ખોળી લઈ, હું છુટ્ટા મોંએ બાળકની માફક રડી પડયો. થોડી વાર પછી જોયું તો મારી જ જેમ એ અંધા-

રને લાભ લઈ, મિનારનાં પગથિયાં પર બેઠું કોક બીજું પણ મારી જેમ પોતાનો ડૂમો શમાવી રહ્યું હતું. એમના મૃત્યુને હજી વર્ષોની વાર હતી. પરંતુ તે દિવસે મારા પિતાએ વિદાય લેવા પૂર્વે કહેલાં એ વેણુ મને અતિ પ્યારાં છે. હું જાણું છું કે છેલ્લે આસ્તાપોવોમાં તેઓ મૃત્યુને બિછાને પડ્યા હતા, તે વખતે પણ જો અમ પિતા–પુત્રનો મેળાપ થયો હોત તો એમણે મને આ જ શબ્દો કહ્યા હોત....

*

મૃત્યુ વિશેના ચિંતન ઉપરાંત અંતિમ વર્ષોમાં એમણે સતત સેવેલી એક બીજી મનીષા પણ હતી. સમાજ ને ધર્મની સ્થાપિત સત્તાઓ સામે બંડ પોકારતાં, પોતે જે વિચારો પ્રગટ કરેલા, તેનો પ્રચાર કરવા બદલ જ્યારે એમના સાથી, અનુયાયી ને સહચિંતકોને અપરાધી ગણી દંડ દેવામાં આવતો, દેશનિકાલની સજાએ ધકેલી દેવામાં આવતા ત્યારે એમના દુઃખ–સંતાપનો પાર ન રહેતો.

મને યાદ છે કે ગુસેફ—(એમનો રહસ્યમંત્રી—કે જેને ૧૯૦૮ ની સાલમાં પકડી લઇ, સરકારે દેશનિકાલની સજા ફરમાવેલી)— ની ધરપકડ થયેલી એ દિવસોમાં હું થોડા દિવસ એમની જોડે રહેવા માટે આવેલો. હું પૂરા બે દિવસ રહ્યો, પણ એ બધો વખત દરમિયાન એમના મોઢે મેં ગુસેફ.... ગુસેફ.... ને ગુસેફનું જ રટણ સાંભળ્યાં કર્યું. ત્યારે મનમાં મનમાં મને એવી ચીડ આવી ગયેલી કે શું એના સિવાય આ દુનિયામાં તમને બીજું કોઇ દેખાતું જ નથી! અલબત્ત,

એ વખતે જેલમાં પુરાયેલા ગુસેફ માટે મારા દિલમાં પ્રેમ, આદર ને સહાનુભૂતિની લાગણી જ હતી. છતાં મારા પિતાના મનની વ્યગ્રતા ને વ્યથાને સમજવાની ધીરજ કે સહૃદયતા હું દાખવી શકેલો નહિ. આજેય એ બદલ અફસોસની જ લાગણી અનુભવું છું.

૧૮૯૬ ની સાલમાં તુલાનાં એક મહિલા દાક્તરની આવા જ આરોપસર ધરપકડ કરવામાં આવેલી. તે વખતે મારા પિતાની મનોવ્યથા ને સંતાપનો પાર ન હતો. તે વખતે ન્યાય ખાતાના પ્રધાન મુરાયેવ પર એક લાંબો પત્ર લખી એમણે પોતાના વિચારોના પ્રચાર સામે સરકારે લીધેલા પગલાને ‘અવિચારી ને અહેતુક ક્રૂરતા દાખવનારું’ ગણાવી ન્યાય ખાતાના પ્રધાનને એવી વિનંતી કરેલી કે:

પ્રતિબંધિત સાહિત્યનો ફેલાવો કરનારાંને દમનનાં પગલાં દ્વારા દંડવા ને પીડવા કરતાં એ અનિષ્ટને જો તમે ખરેખર, ધરમૂળથી ઉખેડી નાખવા ઇચ્છા ધરાવતા હો તો, અસલમાં જે માણસ એ અનિષ્ટને જન્મ આપનારો છે ને એનો આજન્મ પ્રવર્તક ને પ્રેરણાસ્રોત છે, એને જ તમારા દંડ ને સતામણીનું નિશાન શું કામ નથી બનાવતા? જો ખરેખર તમે એ અનિષ્ટને ખતમ કરવા માગતા હો તો તમારી સામે આ સિવાય બુદ્ધિપુરઃસરનો કોઇ માર્ગ જ રહેતો નથી. ને એનું કારણ પણ હું તમને અગાઉથી સ્પષ્ટ શબ્દોમાં જણાવી દઉં કે હું મારા જીવનના આખરી શ્વાસ લગી, વણથંભ્યે, સરકાર જેને અનિષ્ટ કે પ્રતિબંધને યોગ્ય ગણે

છે, તે જ કાર્ય કરતો રહેવાનો છું. એટલું જ નહિ, — પ્રભુએ ચીંધેલ મારી પવિત્ર ફરજ રૂપે, ધર્મ લેખે આચરતો રહેવાનો છું.

પરંતુ દુનિયા જાણે છે કે, એમના આ પડકાર પછી. કે ત્યાર બાદના એવા અનેક પડકારો પછીય, સરકારે કદી એમની સામે કોઇ એવું પગલું ભર્યું જ નહિ. કારણ સરકાર આ માણુસ પર હાથ નાખીને નાહક એને ‘શહીદ’ બનાવવા રાજી જ ન હતી. પરંતુ એમના સાથી–અનુયાયીઓ ઉપરનું દમન ને દેશનિકાલની સજાઓનો દોર ચાલુ જ રહેલો. આ કારણે સરકારી દમનના ભોગ બનનારા તમામ લોકોનાં દુઃખનું કારણ પોતે જ છે, એવા ડંખની દારુણ પીડા સહન કરતાં કરતાં જ એમને પોતાના જીવનનો ઉત્તરાર્ધ વિતાવવાનો આવ્યો.

એમની આ દર્દભરી મનઃસ્થિતિમાં ૧૯૦૮ ની સાલમાં, જ્યારે એમણે જાણ્યું કે રશિયા લિયો તોલ્સ્તોયની ઓચ્છવ ઊજવવાની તૈયારી કરી રહ્યું છે, ત્યારે એ. એમ. બોદ્રયાન્સ્કીને એક પત્રમાં પોતાની અંતરવ્યથા પ્રગટ કરતાં એમણે લખ્યું :

ખરું પુછાવો તો અત્યારે મને ખરો આનંદ આપી શકે એવી વસ્તુ કોઈ હોય તો તે એક જ છે. ને તે અસલ કેદખાનામાં પુરવાની સજા. આ કેદખાનું એવું જોઇએ કે જ્યાં ભેજ ને ગંદકીમાં પડયાં પડયાં ટાઢ ને ભૂખમરો વેઠવાની મને તક મળે. આ એક જ વસ્તુ આજે આ

ઘડપણમાં મને — મૃત્યુના આરે ઊભેલા આ માનવીને — સાચો આનંદ ને સંતોષ બક્ષી શકે એમ છે ને આ એક જ વસ્તુ મને મારા વિષે યોજાઈ રહેલ ઓચ્છવના ત્રાસ–સંતાપમાંથી બચાવી શકે એમ છે.’

આ એ જ માણુસના ઉદ્‌ગાર હતા કે જેણે ૧૮૬૨ની સાલમાં પોતાની શિક્ષણપ્રવૃત્તિ પ્રત્યે ખફાનજરથી જોનારી સરકારે જયારે એની ગેરહાજરીમાં યાસ્નાયાના ઘર પર દરોડો પાડી બધું ખંખોળી નાખેલું, ત્યારે સરકારના વહીવટદારો પાસે એમની બેઅદબી માટે, ક્ષમા યાચના કરાવવા ઊહાપોહ જગાવેલો, ને ૧૮૭૨ની સાલમાં જયારે અમારા ધણુના એક આખલાએ અમારા જ ગોવાળને શીંગડે ચડાવી મોતમાં રગદોળી નાખ્યો હતો, અને જયારે આખલાના માલિકના નાતે અપરાધી ઠરતાં જિલ્લા ન્યાયાધીશે બે મહિના લગી યાસ્નાયાની જાગીરમાં જ મારા પિતાને નજરકેદ રહેવાની ફરજ પાડેલી, ત્યારે એમનો પિત્તો એટલો ખસી ગયેલો કે તેઓ રશિયા છોડી પરદેશ જઇ વસવા તૈયાર થઇ ગયા હતા !

૮: મારી બહેન: મારી ફોઈ

૧૯૦૬ના નવેમ્બરમાં મારી બહેન માશા ફેફસાંના સોજાની બીમારીમાં મૃત્યુ પામી. ઘરના વાતાવરણમાં સહેજ પણ ક્ષોભ કે ઊહાપોહ જગવ્યા વિના જે શાંતિથી એ આવી હતી, એ જ શાંતિથી વગર કોલાહલે એ અમારી વચ્ચેથી વિદાય થઇ ગઇ હતી. ....મને લાગે છે કે હૃદયના પુણ્યાત્મા-ઓની બધે આવી જ ગતિ હોતી હશે.....

માશાએ અમારી બિરાદરીના એક ઉમરાવ કુટુંબના નબીરા પ્રિન્સ ઓબોલેન્સ્કી સાથે લગ્ન કરેલાં. ને એ લોકો યાસ્નાયાથી એકવીસ માઈલ દૂરની, માશાના ભાગમાં આવેલી પિરોગોવોની જાગીર પર રહેતાં. વરસમાં અડધા દહાડા તો તેઓ બંને જણાં યાસ્નાયામાં અમારા ભેગાં જ રહેતાં. માશા બહુ જ નાજુક બાંધાની ને સતત માંદી રહેનારી છોકરી હતી.

માશાના મૃત્યુના બીજા દિવસે હું યાસ્નાયા પહોંચ્યો ત્યારે મેં જોયું કે આખા ઘરનું વાતાવરણ અત્યંત પવિત્ર ને પ્રાર્થનામય બની ગયું હતું. ત્યારે જ મૃત્યુના મહિમાવંત સૌંદર્યનો ગાઢ સ્પર્શ જીવનમાં પહેલી વાર અનુભવ્યો. મને લાગ્યું કે મૃત્યુએ માશાને અમારાથી દૂર લઈ જવાને બદલે જીવતેજીવ કદાપિ ન આવી શકી હોત એટલી હદે એને અમારી નિકટ આણી દીધી હતી. જાણે સદાને માટે એને અમારી

સાથે એકરૂપ બનાવી દીધી હતી. મારા પિતાના મનની સ્થિતિમાં પણ હું એ જ ભાવ વાંચી શકતો હતો. આખો વખત પોતાના અંતરમાં ભારેલા શોકના તાપને પોતાની સમગ્ર શકિતથી શમાવવા મથતા, તેઓ મૂંગા મૂંગા ફર્યા કરતા. પોતાના હૃદયની વ્યથાને વ્યકત કરતો એક હરફ સરખો ઉચ્ચારતા ન હતા. કોઈની સામે ફરિયાદ નહિ, કેવળ મમતાભરી કોમળ લાગણીના શબ્દો જ એમના મુખે સાંભળવા મળતા. મારા પિતાના જીવનમાં, તેમ જ આખાય કુટુંબના જીવનમાં મારી બહેન માશાનું સ્થાન અસાધારણ મહત્ત્વનું હતું. એના મૃત્યુ બાદ અનેક વાર એવા પ્રસંગો આવીને ઊભા રહેતા કે જ્યારે અમારા બધાંના મુખમાંથી એક જ ઉદ્‌ગાર સરી પડતો : અત્યારે જો માશા આપણી વચ્ચે હોત તો....માશા જીવતી હોત તો....

માશા ને મારા પિતા વચ્ચેના સંબંધનો કંઈક ખ્યાલ આપી શકું તે માટે મારે વર્ષો પૂર્વેનો ઈતિહાસ ઉકેલવો પડે એમ છે. મારા પિતા નાનપણમાં જ માનું વાત્સલ્ય ને લાલનપાલન ગુમાવી ચૂકયા હતા. કદાચ તેથી જ અંતરની લાગણીઓને વ્યકત કરવા બાબત એમનામાં એક પ્રકારનો કુદરતી સંયમ આવી ગયેલો હતો. સ્વભાવે તેઓ અત્યંત લાગણીપ્રધાન ને માયાળુ હોવા છતાં એમના વ્યવહારવર્તનમાં એ ભાવને પ્રગટ કરવો એ એમને માટે તદ્દન પરાઈ વસ્તુ હતી.....

....તોલ્સ્તોય બંધુઓની ભાષામાં 'મિત્ર' સંબોધન એ હૃદયની સમગ્ર કુમાશ ઢોળનાર ઊંડા પ્રેમનો સૂચક શબ્દ હતો.

પોતાના મરણોન્મુખ ભાઈ નિકોલેન્કાના મુખથી ઉચ્ચારાયેલો 'મારા મિત્ર' શબ્દ ઊંડા પ્રેમની સાથે ભાઈ પ્રત્યેની કૃતજ્ઞતા પ્રગટ કરનારો શબ્દ બની મારા પિતાની સ્મૃતિમાં અમર શબ્દ બની ગયો હતો.

બાળપણમાં મારા પિતા પાસેથી લાડકોડનો મારો હિસ્સો હું કદી પામ્યો નથી. બાળકને ચૂમવું, થાબડવું, પંપાળવું એમને કદી ગમતું નહિ. એમના પ્રત્યેની લાગણી વ્યકત કરવા માટે અમારે માટે પણ એવી કોઈ ચેષ્ટા સહજ ન હતી. અમારામાંથી કોઈને કદી એવી ચેષ્ટા કરવાનું સૂઝે એવું જ ન હતું. એમાં મારે માટેનું એક કારણ તો એ પણ ખરું કે મારા પિતા તરીકે યા એક સામાન્ય વ્યક્તિ તરીકે હું એમને કદી જોઈ શકયો જ ન હતો. એમના પ્રભાવશાળી વ્યક્તિત્વ તેમ જ એમની આધ્યાત્મિકતાથી હું હમેશાં અંજાયેલો હતો. છતાં જરા-જર્જરિત દેહવાળા આ કરુણાર્દ્ર, મહિમાવંત આદમીને એનાં અંતિમ વર્ષોમાં હું જ્યારે અત્યંત કલાન્ત વિષણ્ણ ને એકાકી અવસ્થાથી ઘેરાયેલો જોતો ત્યારે મને ખૂબ જ દુઃખ થતું. મને લાગતું કે એને કોઈના હૈયાના ઉષ્માભર્યા પ્રેમની ને વિશ્રાંતિની કેટલી બધી જરૂર છે !

અમારા આખાય કુટુંબમાં એમને એ ઉષ્મા ને પ્રેમ આપી શકે એવું કોઈ હોય તો તે એક માશા જ હતી. એ એકલી જ એમની નજદીક જઈ એમના હાથને પંપાળી શકતી. લાડ દુલારના એ શબ્દ બોલી એમને કોઈ વાત માટે મનાવી લઈ શકતી. અમે જોતાં ને માશાના સંપર્કમાં એમનું બિડાયેલું મન ખીલી ઊઠતું. એમના વર્તનમાં માશાના લાડનો પડઘો પણ ઊઠતો. જાણે માશાનો સંપર્ક એમને કોઈ જુદો જ માનવી બનાવી દેતું.

માશામાં એવી કઈ શક્તિ હતી કે જે આવો ચમત્કાર સરજી શકતી હતી ? અમારા ઘરમાં બીજા કોઈની એ ગુંજાયેશ ન હતી કે એમની નજદીક જઈ એમની સમક્ષ આવી કોઈ ચેષ્ટા કરી શકે. અમારામાંના કોઈનેય માટે આવો પ્રયાસ અસ્વાભાવિક હતો. પરંતુ માશાને માટે એ બધું અત્યંત સહજ ને સ્વાભાવિક હતું. હૃદયની સરળતા ને ઋજુતાને કારણે અત્યંત નિખાલસતાપૂર્વક એ સૌની સાથે, તેમ જ મારા પિતા સાથે અંતરની લાગણીપૂર્વક વર્તી શકતી. નાજુક બાંધાની કમજોર માશાની સૌથી મોટી સંપદ હતી એનું નિર્મળ, ઋજુ ને સંવેદનશીલ હૃદય. એના શીળા પ્રકાશને કારણે મારી આ બહેન મારા પિતાને અતિ પ્રિય થઈ પડી હતી. ૨૮મી ઑકટોબરે મારા પિતા ઘર છોડી ચાલ્યા ગયાના સમાચાર મળતાં મારા મનમાં પહેલો વિચાર આવ્યો કે 'જો માશા આજે જીવતી હોત તો કદાચ આ દિવસ ન આવતે....'

★

મારા પિતાને એક જ બહેન હતી. નામ એનું મારિયા નિકોલાયેવના. મારા પિતાથી એ દોઢેક વરસ નાની. અમારા જ એક દૂરના કુટુંબી વેલેરિયન પેત્રોવિચ તોલ્સ્તોય સાથે એને પરણાવેલી. આ બધી તો મારા જનમ પહેલાંની વાતો.... પણ હું સમજણો થયો ત્યારથી મેં મારી ફઈને વિધવા વેશમાં જ જોયેલી. પોતાનાં ત્રણ બાળકોને સાથે લઈને એ અવારનવાર

ચાસ્નાયા આવતી ને અમારા ભેગી થોડો વખત ગાળી જતી. પિરોગોવોની દૂરની જાગીર પર એનું પોતાનું ઘર હતું. પોતાની જાગીર પર રહીને ખેતીનું બધું કામકાજ એ પોતે જ સંભાળતી ને શાંતિમય જીવન ગાળતી. મારા કાકા સર્જી નિકોલાયેવિચની જાગીરથી એ જ માઈલના અંતરે ફોઈની આ જાગીર આવેલી હતી. ઘણું કરીને એની બંને દીકરીઓ કુંવારી હતી ત્યાં લગી તો દર વર્ષે તે છોકરાં સાથે અમારે ત્યાં અચૂક આવી જતી. દીકરીઓને સાસરે વળાવી દીધા પછી ને દીકરો ૧૮૭૦માં ગુજરી ગયો તે પછીય અમારી સાથે રહી ગયેલી. એ જ ફઇ છેલ્લાં વીસ વર્ષથી સાધ્વી તરીકેની દીક્ષા લઈ ખ્રિસ્તીઓના એક મઠમાં રહેવા ચાલી ગઇ હતી. મઠમાં જ તે પ્રભુપ્રાર્થના ને ધ્યાનઉપાસનામાં પોતાનું જીવન વિતાવી રહી હતી. બ્યાસી વરસની ઉંમરે—એટલે કે મારા પિતાના મૃત્યુ બાદ દોઢ વરસે – મઠમાં જ એણે પોતાનો દેહ છોડયો.

મારા પિતા તેમ જ ફઇ નો ઉછેર ને ઘડતર સરખાં હોવાથી બંનેના સ્વભાવ ને ગુણ લક્ષણોમાં ઘણું મળતાપણું હતું. મારી ફઈમાં પણ બુદ્ધિનું તેજ ને આગવી મૌલિક પ્રતિભા હતી. મારા પિતાની માફક પોતાની આસપાસના વાતાવરણમાંથી પ્રત્યેક સંસ્કારની છાયા ઝીલનારી સંવેદનશીલતા ને સતેજ ચિત્તની સાથે અદ્‌ભુત સ્મરણશકિત એને પ્રાપ્ત થયેલ હતી. પોતાની જાત માટે એ જ કઠોર સંયમ ને સાદાઇ એણે પોતાની જીવનપદ્ધતિ તરીકે અપનાવી લીધેલ હતાં. એમાં પછી કોઈ પ્રકારની બાંધછોડને અવકાશ ન હતો. સત્યની ખોજ

માટેની તમન્નામાં કયાંય અધરસ્તે વિસામા ખોળવાની વૃત્તિને એની પાસે અવકાશ ન હતો. કંઈક વિચિત્ર ને આશ્ચર્ય-જનક લાગે એવી વાત તો એ હતી કે મારા પિતાએ પ્રણાલિકાગત ધર્મના રૂઢ નીતિનિયમો ને કર્મકાંડોનો કટ્ટર વિરોધ કરતા ધર્મનો પંથ સ્વીકાર્યો હતો, ત્યારે એમની આ બહેને એ જ પ્રણાલિકાગત સનાતન ધર્મની ચુસ્ત મરજાદ સ્વીકારી લઈ, એક સાધ્વી તરીકે એના તમામ યમનિયમોનું પાલન કરતાં રહીને પ્રભુને આરાધ્યા હતા ....

મારા પિતાને પોતાની આ બહેન પર પુષ્કળ વહાલ હતું. એના હૃદયની સૂક્ષ્મમાં સૂક્ષ્મ લાગણીની એમને પિછાણ હતી. બહેન સાથેનો આ મૈત્રીભાવ ઉંમર વધવાની સાથે સ્નિગ્ધ કરુણાર્દ્રતામાં ફેરવાઈ ગયો હતો. બહેન પરના એમના પત્રોમાંથી આ ભાવ ટપકતો જોવા મળે છે—

'તારો ભાઈ લિયોફ, જે બુઢ્ઢો થતો જાયછે તેમ તેમ તને વધુ ને વધુ ચાહતો જાય છે.' ૧૯૦૯માં ફઈ ને લખેલા એક પત્રને અંતે દસ્તખત કરતાં તેમણે આમ ઉમેરેલું :

'....ના પરનો તારો એ પત્ર મને એટલો સ્પર્શી ગયો કે વાંચતાં આંખમાં પાણી છલકાઈ આવ્યાં. મારી આંખમાથી હરખનાં આંસુ ખેરવનારા એ પત્રમાં તારા હૈયાનાં છલછલ સ્નેહ ઉપરાંત તારી નિર્મળ ધર્મભાવના છલકાઈ રહી છે....' મારા પિતાના વિચારોથી પ્રભાવિત થઈ ને એમના સાથી બની રહેલા ને રાતદિવસ એમને પોતાની દાકતરી સેવાઓ આપનારા મિત્ર ડૉ. દુશાન માકોવિત્સ્કી પર ફઈએ લખેલ પત્ર વાંચીને મારા પિતાએ ઉપર પ્રમાણે પોતાનો હૃદયભાવવ્યકત કરેલ.

એથી જ તો મારા પિતા યાસ્નાયાનું ઘર તજી દુન્યવી સંસારને પાછળ છોડી દઇ, શાંતિમય એકાંતમાં પોતાના જીવનના અંતિમ દિવસો ગાળવા માટે ક્યાંય સ્થિર થાય તે પહેલાં પોતાની આ બહેનને મળ્યા વિના તો ન જ રહે એ સ્વાભાવિક હતું. મારા પિતા જીવનના જે કસોટીભર્યાં કાળમાંથી પસાર થઇ રહ્યા હતા તેને સમજી શકે, ને એમના અંતરની વેદનામાં સહભાગી બની સમવેદનાનાં આંસુ ઢાળી શકે, એવી આ એક જ વ્યકિત અમારા કુટુંબમાં રહી ગઈ હતી. માડીજાયા વીરના સંતપ્ત હૃદયને કંઈ કેય આશ્વાસન ને શાતા અર્પી શકે એવો એક વત્સલ પ્રાણ!

મારી આ ફઈએ પોતાના ભાઈલા સાથેની અંતિમ મુલાકાત પછી મારી મા પર એક પત્ર લખેલો તે અહીં નીચે ઉતારું છું. પત્ર ઉપર ૧૯૧૧ના માર્ચની ૨૨મી તારીખ પડેલી છે.

'ખ્રિસ્તનો અભ્યુદય થાઓ.... !'

'મારી અતિ પ્યારી સોન્યા,

તારો પત્ર મળતાં હું ખૂબ જ રાજી થઇ. મને તો એમ કે શોકના પ્રખર આઘાત ને આટલી હતાશા પછી તને મારા વિશે હવે કશો જ ઉત્સાહ નહિ રહે. ને એ વિચારે હું ખૂબજ દુઃખી હતી, મને લાગે છે કે પોતાના પ્રિયતમ સ્વજનને ગુમાવી બેસવા જેવા ઘોર સંકટ ઉપરાંત તને દુઃખમાં ડુબાડી દે એવાં બીજાંય અનેક કારણો હોવા જોઇએ. તું મને પૂછીશ કે જે કંઇ બની ગયું તે બાબત તમારો શો

અભિપ્રાય છે? તો મારે કહેવાનું એટલું જ કે, તમારા ઘર-કુટુંબ વિશે લોકોને મોંએ મેં ઊલટીસૂલટી કંઈ કેટલીય વાતો ને વૃત્તાંતો આજલગી સાંભળ્યા કર્યાં છે. તેના પરથી લાગલી ઊઠીને હું આ સાચું ને આ ખોટું, એમ શી રીતે કહી શકું? છતાં મને એટલું તો ચોખ્ખું સમજાયું કે દેવતા વિના ધુમાડો હોય નહિ. જરૂર તમારા ગૃહજીવનમાં કંઇક કસૂર હોવી જોઈએ.

લિવોચ્કા (લિયો તોલ્સ્તોય) અહીં આવ્યો, ત્યારે શરૂઆતમાં ખૂબ જ ઉદાસ હતો. ને તું તળાવમાં પડી એની વાત કરતાં કરતાં તો એ છૂટે મોંએ રોઇ પડેલો. મારાથીય એના મોં સામે જોવાયું નહિ. આંખો દદડવા લાગી.

તારા વિશે આ સિવાય બીજી કશી વાત એણે મને કરી નહિ. કહે કે, "બસ, હવે મારે એકાદા ખેડૂતનું ઝૂંપડું ભાડે રાખી લઈ અહીં જ રહી પડવું છે." મને લાગ્યું કે એને શાંતિ ને એકાંતની બહુ જરૂર છે. યાસ્નાયાની ધમાલ હવે એનાથી વેઠાય એવી નથી. આ વાત તો હું ગયે વખતે તમારે ત્યાં આવી ત્યારે પણ એણે મને કહેલી. ઘરનું આખું વાતાવરણ જ જ્યાં એના વિચારો ને શ્રદ્ધાને પ્રતિકૂળ હોય ત્યાં માણસના મગજમાં આવો વિચાર આવે એ સ્વાભાવિક છે. હવે તો માત્ર મનગમતું વાતાવરણ હોય એવા ઠેકાણે—બહારના લોકોની દખલ વિનાનું, શાંતિમય, એકાંત જીવન જીવવા મળે એ જ એની ઝંખના હતી. એની વાતો પરથીય મને એ જ સમજાયું. શાશા આવી ન હતી ત્યાં લગી અહીંથી

બીજે ક્યાંય જવાનો ખ્યાલ સરખો એના મગજમાં નહોતો. અહીંથી એક વાર ઓપ્ટા મઠની મુલાકાતે ત્યાંના ઘરડા કન્ફેસરને મળી આવવાનો મનસૂબો પણ એણે ઘડી રાખેલો. રાત્રે પોતાના ઉતારા પર પાછો જવા નીકળ્યો ત્યાં લગી બીજે ક્યાંય જવાનો વિચાર સરખો એના મનમાં નહિ. રાત્રે મારે ત્યાંથી વિદાય લેતાં મને કહે, " .... કાલે તો પાછો મળું જ છું તને ...."

ને બીજે દિવસે મળસકે હજી તો મોંસૂઝણુંય થયું ન હતું ત્યાં, મને ઊંઘમાંથી જગાડીને ખબર આપવામાં આવ્યા કે "એ તો જાય છે!" સાંભળીને હું તો દિગ્મૂઢ બની ગઈ. મારી ચિંતાનો પાર ન રહ્યો. બિછાનામાંથી ઊભાં થઈ જઈ, ઝટઝટ બગી જોડાવી ને હું ઊપડી સીધી એના ઉતારે. પણ હું ત્યાં પહોંચું તે પહેલાં તો એ નીકળી ચૂકેલો. મારો ને એનો મેળાપ નહિ જ થવાનો હોય તેવી તો કોને ખબર હતી?

તમારી વચ્ચે શી ડખડખ ચાલતી હશે તે તો હું કશું જાણુતી નથી. પણ મને લાગે છે કે એ જ ડખડખ આ બધાના મૂળમાં હોવી જોઇએ. હું માનું છું કે એથીય મોટું બીજું પણ કોઈ કારણુ એની પાછળ ચોક્કસ હોવું જોઈએ. નહિ તો લિયોફ, આ ઉંમરે, આમ અડધી રાતે, અધકચરી તૈયારી સાથે, વરસતા વરસાદમાં ઘર છોડીને નીકળી પડે નહિ.

વ્હાલી સોન્યા! હું સમજી શકું છું કે, અત્યારે તો આવી બધી વાતોનો ઉલ્લેખ સરખો તારે માટે હળાહળ ઝેર સમો થઈ પડે એમ છે. ખેર. પણુ આ બાબત મારી તને એક જ સલાહ છે કે, જે બન્યું છે, એ બદલ તારી જાત પર ફિટકાર વરસાવવાનું કરતી નહિ. જે ઘટના ઘટી ગઈ એની પાછળ જરૂર ઇશ્વરનો કોઇ ગૂઢ સંકેત હોવો જોઇએ. આમેય મારા ભાઇની પાસે ગણ્યાગાંઠ્યા દિવસો જ તો બાકી રહી ગયા હતા. પરમેશ્વર આમ જ પોતાના વહાલા માનવીની આકરી તાવણી કરતો હોય છે.

મારી વ્હાલી સોન્યા. તને કહું, આ આખીય વિસ્મયકારક ને દારુણુ ઘટના–પરંપરા વિશેની મારી માન્યતા તો એવી છે કે, મારો ભાઇ એક અસાધારણુ વિલક્ષણુ પુરુષ હતો. એનો અંત પણુ એવો વિલક્ષણુ જ હોય ને! હું જાણું છું કે ઇશુ ખ્રિસ્તને માટે એના દિલમાં અપાર પ્રેમ ભરેલો હતો ને ખ્રિસ્તના ધર્મોપદેશને જીવનમાં ઉતારવા જતાં એણે ખૂબ ખૂબ કષ્ટ સહ્યાં છે. આપણે આશા રાખીએ કે પરમકૃપાળુ, કરુણાનિધાન પરમેશ્વર પોતાનાં દ્વાર એને કાજે બંધ નહિ જ રાખે.

વહાલી સોન્યા, તું મારા પર નારાજ નહિ જ થાય એવી આશા સાથે આજે મારા મનમાં જે કંઇ વિચાર આવ્યા ને મેં જે કંઈ લાગણીઓ અનુભવી છે તે મેં તને લખી નાખી છે. તું જાણે છે કે કુલડીમાં ગોળ ભાંગ્યા કરવાની મને આદત નથી. તું મારે મન અતિ નિકટની ને વહાલી આત્મીયા છો. મારો પ્રેમ તો સદા તને મળતો જ રહેવાનો છે — ભલેને ગમે તે બની ગયું હોય તોપણ. લિવોચ્કા પણુ તને આવા જ પ્રેમથી ખૂબ ખૂબ ચાહતો હતો, ચાહતો રહ્યો છે ....

આ ઉનાળે લિવોચ્કાની સમાધિ પર ફૂલ ચડાવવા હું ત્યાં આવી શકીશ કે કેમ તે સવાલ છે. એના ગયા પછી શરીર મારું બહુ દદળી ગયું છે. ઊભાં થઈને ચાલવાની શકિત જ જાણે પગમાં રહી નથી. બગીમાં બેસીને રોજ હજી દેવળે જઈ શકું છું એ જ મારું એક મોટું આશ્વાસન છે. તું થોડા દિવસને માટે આરામ લેવા અહીં મારી પાસે ન આવે? અહીં વડા મહંતજી પાસે હૈયું ઠાલવીને જરા હળવીય થઈ શકીશ. તેઓ બધું સમજી શકે એવા છે. તેમના બોલ તારા હૈયાના સંતાપને ઠારી શકશે. માનવીના પાપને ઓગાળી નાખવાની શક્તિ એકમાત્ર પરમ કૃપાળુ પરમાત્માની કરુણામાં જ છે. એનો અનુરાગ એજ માનવહૃદયના જખમોને રૂઝવનારી જડીબુટ્ટી છે. તારાં આંસુના પુણ્યોદકથી એના ચરણુ પખાળી જા, ને તું જોશે કે, અંતરના દાહ શમી જઈ, પ્રસન્નતાનો શીળો પ્રકાશ તારા હૃદયમાં પથરાઇ રહેશે. શ્રદ્ધાપૂર્વક મારી આ વાતમાં વિશ્વાસ રાખજે કે, આપણાં ધર્મસૂત્રોમાં કહ્યું છે તે મુજબ આવાં કામ આપણામાં રહેલ આદ્યરિપુના જ હોઇ શકે. વારુ તો હવે વિદાય લઉં? શરીર સંભાળજે ને મનને ખૂબ શાંત રાખજે.

તને ખૂબ ખૂબ ચાહનારી
બહેન મારીન્કા

તા. ક.

હું અહીં એક બીજી સાધ્વી જોડે રહું છું. પણ દિવસમાં ભાગ્યે જ મને એનું મોં જોવા મળતું હોય છે. કારણુ આખો દિવસ એ મઠના ભંડાર ને રસોડાના કામમાં ગૂંથાયેલી રહે છે.

તું હમણાં કયાં રહેવાની છો? ને ભવિષ્યમાં કેમ ગોઠવાવાનો તારો વિચાર છે, તે બધું મને જણાવજે. તું

જયાં રહેવાની હો ત્યાંનું સરનામું મને મોકલજે, જેથી તને કાગળ કયાં લખવો એની મને સૂઝ પડે. લ્યોવા ને મિશા સિવાયના તારા ત્રણે દીકરા એક પછી એક આવીને મને મળી ગયા. એમને જોઇને મને કેટલો બધો આનંદ થયો! અફસોસ એકજ વાતનો રહે છે કે, એ બધા મને વારંવાર મળતા નથી. ઇલ્યુશાની વહુ સોન્યા પણુ આવેલી. બહુ શાણી ને મીઠડી છોકરી છે.'

*

આખોય પત્ર કેવી સહૃદયતા ને નીતરી ધર્મભાવનાથી ભરેલો છે! કદાચ મારા આ સંસ્મરણોની ઇતિ પણુ મેં મારી ફઇના આ પત્રથી જ કરી હોત. કારણુ મારા પિતાના જીવનની અંતિમ ઘટનાઓ પ્રત્યે જોવાનો ઉમદા દષ્ટિકોણુ આ સિવાય બીજો શો હોઈ શકે?

મારા પિતાની અંતિમ ક્રિયા પતાવ્યા બાદ થોડા સમય પછી ફરીથી હું એક વાર મારી ફઇને મળવા શામર્ડીનો ગયેલો. એની નાનકડી સુઘડ ને સગવડભરી કુટિરમાં ભેળાં બેસીને અમે ફઇ–ભત્રીજાએ દિલ ખોલીને ખૂબ ખૂબ વાતો કરેલી. તે વખતે વળી ફઇએ મારા પિતાના ગૃહત્યાગના એ પ્રસંગની યાદ તાજી કરતાં પોતે વર્ણવેલ એ ઘટનાને ફરીથી એક વાર દોહરાવતાં કહેલું:

'અત્યારે તું બેઠો છે, એ જ આરામખુરશીમાં એ બેઠેલો. ને મારી આગળ શું રડયો છે એ!.... ને શાશા (તોલ્સ્તોયની સૌથી નાની દીકરી એલેકઝાન્ડ્રા) એની બહેનપણીને લઇને આવી કે તરત એમણે રશિયાનો નકશો પાથરીને કૉકેશસ પહોંચવા માટેનો પોતાનો રૂટ આંકવા માંડયો! લિવોચ્કા

તો એના વિચારોમાં ડૂબેલો બેઠો બેઠો ઉદાસ ચિત્તે એમના ભણી જોઇ રહ્યો હતો.....

'શાશાએ જાણે હિંમત આપતી હોય એમ એને કહેવા માંડયું : "ફિકર નહિ, પપ્પા ! કશો વાંધો નહિ આવે .... બધું બરાબર ગોઠવાઈ જશે .... !"

'તારા પિતાએ મનની વ્યથા પ્રગટ કરતાં ઉદ્દગાર કાઢેલો, "ઓહ ....! તમે .... તમે .... બૈરાં! બધું બરાબર તે શી રીતે થઈ જવાનું હતું !"

'મેં તો મનમાં ઘણીય આશાઓ બાંધેલી કે એ અહીં જ સ્થિર થઈને રહે. આ જગા એને નજરમાંય આવી ગયેલી. એનો પોતાનો વિચારેય ખરો કે, આ સ્થળ કંઇ ખોટું નથી. ગામમાં જઈને એક ખેડૂતનું ઘર પણ જોઇ આવેલો ને રાતે, મારી વિદાય લઇ પોતાના ઉતારે જવા નીકળ્યો ત્યારે તો જાણે એના મનનો બધો ઉકળાટ ને મૂંઝવણ શમી ગયાં જેવાં હતાં. વળી જતાં જતાં મારી સાથે વિનોદ કરતો ગયો. કહે, "આપણે તો ખોટાં કમાડ ખખડાવી બેઠા, ભાઈ." આ બધું જોયા પછી મને સ્વપ્નેય એવો ખ્યાલ કયાંથી આવે કે, એની એ રાતે એ અહીંથી કયાંયનો કયાંય ઊપડી જશે?'

ને ખરે જ, મારી ફઈને માટે આ એક અત્યંત આઘાતજનક ઘટના હતી. (તે પછી આ દુનિયામાં એ ભાઈ-બહેનનો મેળાપ કદી થયો જ નહિ.) પણ એને માટે એથીય આઘાતજનક ને આકરી તાવણીનો પ્રસંગ તો ત્યારે આવ્યો કે જ્યારે એના આધ્યાત્મિક ગુરુએ એના આ વહાલસોયા ભાઈ-ની સદ્દગતિ માટે દેવળમાં પ્રાર્થના કરાવવાનીય બંધી ફરમાવી

દીધી! દેવળમાં પ્રાર્થના કરાવવાની બંધી એટલા માટે કે ખ્રિસ્તી સંપ્રદાયના મઠાધિપતિઓએ ધર્મની બાબતમાં સ્વતંત્ર વિચારક તરીકે હસ્તી ધરાવવા માગનારા આ લિયો તોલ્સ્તોયને 'ધર્મચ્યુત' ને 'બહિષ્કૃત' જાહેર કર્યાં હતો! પરંતુ એની આ બહેન પણ એટલી જ આત્મતેજવાળી હતી. ધર્મસંસ્થાની આ અસહિ-ષ્ણુતા એનાથી મૂંગે મોઢે સહી લેવાનું શકય ન બન્યું. પોતાના ભાઈના આત્માની સદ્દગતિ માટે પ્રાર્થના કરાવવા એણે પોતાના મઠ બહારના એક બીજા ધર્મગુરુને વિનંતી કરી પરંતુ એણેય એ માટે ઇનકાર ભણી દીધો! આ વસ્તુસ્થિતિથી મારિયાં નિકો-લાયેવનાના દુઃખનો પાર ન રહ્યો. અલબત્ત આધ્યાત્મિક ગુરુની આજ્ઞા ઉવેખીને તો પોતે કશું કરી શકે એમ ન હતી પરંતુ હૃદયથી....પોતાના અંતઃકરણથી ભાઇનાઆત્માની સદ્દગતિ માટેની એની અશબ્દ પ્રાર્થના નિરંતર ચાલ્યા જ કરી. એના અસ્ખલિત પ્રવાહને થંભાવવાની કોઈ શકિત એની પાસે ન હતી. આ દૃષ્ટિએ પોતાના ગુરુની આજ્ઞાનો ભંગ કરનાર તરીકે 'અપરાધી' નો ડંખ એના જીવનને કોરી ખાવા લાગ્યો. એના સૌમ્ય, પ્રશાંત જીવનમાં ફૂટી નીકળેલ આ વિસંવાદનો ઝેરી કાંટો, મારી ફઈના અંતરને રાતદિન વીંધવા લાગ્યો. અંતે,આ વસ્તુ સમજાઈ જતાં એના ધર્મ-ગુરુએ નૈતિક સ્ખલનના પ્રાયશ્ચિત્તમાંથી એને મુકિત આપી, ને પોતાની કુટિરમાં બેસી, એકાંતે ભાઈના આત્માની સદ્દગતિ પ્રાર્થવાની એને પરવાનગી આપી. એકાંતે એટલા માટે કે બીજા લોકોને વિમાર્ગે દોરતતા એ કારણભૂત ન બને!

*

૯. પિતાના અંતિમ દિવસો

મારા પિતાએ ૧૮૮૩ની સાલથી પોતાની સાહિત્યકૃતિઓનાં પ્રકાશનો પરથી પોતાના સર્વાધિકાર છોડી દીધા હતા. પોતાની સ્થાવરજંગમ મિલકત પણ પત્ની તથા સંતાનો વચ્ચે વહેંચી આપેલી હતી. પોતાનું કહેવાય એવું કશું જ એમણે પાસે રાખ્યું ન હતું. આમ છતાં એમના મનમાં સતત એવો ડંખ રહ્યા કરતો હતો કે જાણે પોતે પોતાની વિચારધારા ને શ્રદ્ધાનુરૂપ જીવન હજી અપનાવી શકયા નથી. આ ઊણપનો બોધ રાતદિવસ એમના કાળજા પર કરવતનું કામ કરી રહ્યો હતો. આત્મદંશની એમની આ અપાર વ્યથાનો ખ્યાલ તો મનેય એમના મૃત્યુ બાદ છપાયેલાં લખાણો પરથી જ આટલો સ્પષ્ટપણે આવી શકયો હતો. ઘર છોડી કયાંક ચાલ્યા જવાનો વિચાર તો ઘણા લાંબા કાળથી એમના મનમાં ઘૂંટાયા કરેલો એમ જોવા મળે છે. ને છતાં પોતાના એ પ્રલોભનને વાસ્તવિક રૂપ આપવાનું કદી તેઓએ વાજબી માનેલું નહિ. કારણ તેઓ પોતે એમ માનતા, ને હંમેશ કહેતા કે 'ખરો ખ્રિસ્તી એ જ છે જે હરકોઈ સંજોગોમાં વિવેકયુક્ત પ્રસન્ન જીવન વિતાવી જાણે છે.' ને એમનો આ વિચાર જ જીવનની તમામ પ્રતિકૂળતાઓ સામે ઝૂઝતા રહેવાનું બળ પૂરું પાડનાર

શક્તિ હતી. આથી જ જીવનની જદ્દોજહદમાં તેમણે વર્ષો સુધી પોતાના આત્માને તાવ્યો-તપાવ્યો હતો.

આ બાબત ગુસેફનાં 'સંસ્મરણો'માં મેં એક પ્રસંગ વાંચેલો તે મને અહીં યાદ આવી જાય છે. ગુસાર્યેફ નામનો એક ખેડૂત ધાર્મિક કારણોસર પોતાનું ઘર છોડી જવાની વાત એમની આગળ કરે છે, ત્યારે તેને તેમ ન કરવા માટે સમજાવતાં તેઓ કહે છે કે, 'ભલા માણસ! મારું જીવતર તો તારા કરતાં લાખ દરજ્જે અધમ છે, ને છતાં એનાથી ભાગીને હું કયાંય ચાલ્યા જવાનું કરતો નથી એ તું જોતો નથી?'

મારા પિતા પર આક્રોશભર્યા અપવાદો મૂકનારા કટુતાભર્યા પત્રો આવતા. એમના જીવન ને રહેણીકરણી વિશેના અલ્પજ્ઞાન ને ભ્રામક માન્યતાઓને કારણે કડવા શબ્દોમાં એમની નિંદા કરનારા ને સખત ઝાટકણી કાઢનારા પત્રો નિરંતર આવ્યા જ કરતા. સાધુતાનો પ્રચાર કરનાર પોતે તો હજીય વિલાસિતાની જિંદગીને ચીટકી રહ્યો છે, પૂર્વજીવનમાં પોતે ખેડૂતો પર જુલ્મ જોહાકી ચલાવેલી છે, વગેરે યાદ અપાવી મારા પિતા પર આ પત્રલેખકો રોષ ને ફિટકાર વરસાવતા રહેતા. આવા બધા પત્રોની એમનાં કૂંળા સંવેદનશીલ હૃદય પર કેવી કારમી અસર થતી હશે એ કોઇ પણ માણસ કલ્પી શકે એવું છે. વૈખરીનાં આ વખડાંને ઘોળી પીવાના પુરુષાર્થમાં પોતાની સજ્જતા સાધતાં તેઓ કહેતા કે આ બદનામી ને આવો ફિટકાર વહોરવા

જેવું પણ 'જીવનમાં મેં ઘણું ઘણું કરેલું છે. એમનો મારા પરનો રોષ સકારણ છે....' આમ લોકોના હૃદયની પોતાને માટેની આ કટુતાને સહી લેવી એને તેઓ પોતાના 'અંતરાત્માની મલિનતા પખાળવા માટેનું સ્નાન' જ ગણાવતા. વાસ્તવમાં આ 'સ્નાન' એમના મન ને શરીરને સતત તાવ્યા કરનારું અગ્નિસ્નાન બની રહેતું. એમાંથી મુક્તિનો કોઈ માર્ગ તેમને દેખાતો ન હતો. આમ છેક લગી પોતનો ક્રૉસ ખંધે વહેતા તેઓ જીવ્યે ગયા. આ તપશ્ચર્યા જ એમનું અસલ બળ હતી. પરંતુ ઘણા લોકો એમના જીવનના આ પાસાને આ રીતે જોતા નથી, કાં જોવા અક્ષમ રહ્યા છે. આ એક દુઃખદ હકીકત છે.

રાતદિવસ કંઇ કેટલાય લોકોથી ઘેરાયેલા રહી એમને જીવવાનું હતું. ને છતાં જીવન વિશે સાધી લીધેલ આ સમાધાનની બાબતમાં તેઓ એકલા જ હતા. તેમણે પોતાના અંતરમાં સમજી લીધું હતું કે કોઈ આ કે તે વ્યક્તિએ આ ક્રૉસ પોતાના પર લાદેલો ન હતો. એ તો એક ઇશ્વરનું જ વિધાન હતું. પોતાનામાં શક્તિ હતી ત્યાં લગી તો એકલપંડે, કોઇનીય સાથે એનો બોજ વહેવાનું કષ્ટ વહેંચ્યા વિના, મૂંગા મૂંગા, સ્નેહાર્દ્ર હૃદયે એમણે એનો બોજ ઉઠાવ્યો હતો. પરંતુ જેમ જેમ શરીર ને મનની શક્તિઓ ક્ષીણ થતી ગઇ, તેમ તેમ ગૃહત્યાગનું પ્રલોભન વળી પાછું એમને આકર્ષવા લાગ્યું. ત્રીસ વર્ષ પૂર્વે જેમ આત્મઘાતના પ્રલોભને એમનો પીછો પકડ્યો હતો, તે જ રીતે હવે ગૃહત્યાગનું એથીય જબરું પ્રલોભન એમને સતત સતાવવા લાગ્યું.

યાસ્નાયા છોડ્યું તેના થોડા જ દિવસ અગાઉ મારિયા એલેક્ઝાન્ડ્રોવના શેમિડને* એમના ઓવ્સ્યાનિકીના રહેઠાણ પર મળવા ગયેલા ત્યારે એમણે એમની આગળ કબૂલાત કરેલી કે, 'હું વળી પાછો ગૃહત્યાગના વિચાર પાછળ ખેંચાઇ રહ્યો છું.'

એમના મુખેથી એવાં વેણ સાંભળી ભયભીત ને ચકિત બની ઊઠેલાં એ વયોવૃદ્ધ સ્વજને ઉદ્‌ગાર કાઢેલાં: 'ભલા ભગવાન! એ શું બોલ્યા, લિયો નિકોલાયેવિચ? વળી પાછા તમે કમજોરીને વશ થયા....?'

૧૯૧૦ના ઑક્ટોબરની ૨૮મી તારીખે મેં જ્યારે જાણ્યું કે મારા પિતા યાસ્નાયા છોડી કોક અજાણ્યા સ્થળે ચાલ્યા ગયા છે, ત્યારે મને પણ આવી જ લાગણી થયેલી. મારી એ લાગણીને શબ્દરૂપ આપી, એક પત્ર દ્વારા, મારી બહેન શાશા સાથે મેં શામર્ડીનોમાં મારા પિતા લગી પહોંચાડેલી. જોકે એ પત્ર લખતી વખતે મારા પિતાને ગૂંગળાવી જનારા સંજોગો બાબત હું અજાણ જ હતો, જે આજે મારી સામે બહુ સ્પષ્ટપણે છતા થયેલ છે.

મારા પિતાના મૃત્યુથી માંડીને તે આજની ઘડી લગી હું મરી-મથીને એ સમજવાની કોશિશ કરી રહ્યો હતો કે

*મારિયા એલેક્ઝાન્ડ્રોવના શેમિડે તોલ્સ્તોયનાં લખાણો વાંચી, એમના વિચારોથી આકર્ષાઈ રંગાઈને, પોતાનું શહેરી જીવન તજી ગ્રામજીવન—તેનાં તમામ કષ્ટો સહિત—અપનાવી લીધું હતું. તોલ્સ્તોયની પડોશમાં નાનકડા જમીનના ટુકડા પર પોતાનો કુટિર બાંધી આજીવન વસી ગયાં હતાં, જેનું સ્થાન કુટુંબના એક વડીલ મિત્ર જેવું હતું.

એ દિવસોમાં એકાએક એવાં કયાં કારણો પેદા થઈ ગયાં હશે કે જેને કારણે તેઓ આવું આત્યંતિક ને સાહસભર્યું પગલું લેવા પ્રેરાયા? આટઆટલાં વરસ જેઓ સતત ગૃહ-ત્યાગના પ્રલોભન સામે દૃઢસંકલ્પ બની, આગ્રહપૂર્વક ઝૂઝતા આવ્યા હતા, તેના જીવનમાં એકાએક એવી તે કઈ ઘટના ઘટી ગઈ કે જેણે એમને પોતાના દૃઢસંકલ્પમાંથી ડગાવી દઈ, હતાશાની ખીણમાં ધકેલી મૂક્યા હશે? વાર્ધક્યના છેક સીમાડે પહોંચી ચૂકેલ, મારા જર્જર-દેહ પિતાને નવા જીવનની ખોજ માટે ઘર છોડવા વિવશ બનાવે એવું નવું તત્ત્વ તે કયું પેદા થઈ ગયું હશે?

જે પત્ની સાથે જીવનનાં અડતાલીસ વરસ સુધી પોતે ગૃહસંસાર નિભાવ્યો હતો, એ પત્નીના વ્યવહાર ને વર્તનમાં યદાકદા ઉન્માદાવસ્થાનાં લક્ષણો પ્રગટ થવા લાગ્યાં હતાં, એટલા કારણસર જ એમને આ ઘર છોડી ભાગી જવાની ફરજ પડી હતી? જેની પાસે માનવીના આંતરબાહ્યને સમ-જવાની અદ્ભુત કૂંચી હતી, જેની પાસે પરાયાંનેય પોતીકાં કરવાની અજબ શક્તિ હતી, જે પોતાના અનેકાનેક સાથી-સ્વજન-મિત્રોને હૃદયની ઉષ્માપૂર્વક ચાહવાનું બળ ધરાવતા હતા, એને કેવળ ઉપરોક્ત કારણસર આવું પગલું લેવું એ શું છાજે એવું હતું? કે પછી ત્યાસી વર્ષની જઈફ ઉંમરે, શરીર ને સ્વાસ્થ્યની ભગ્નાવસ્થામાં જ્યારે પોતે બિલકુલ કમજોર ને પરવશ બની ગયેલા હતા, તેવે ટાણે એકાએક એમના હૃદયમાં એક ધર્મઘેલા યાત્રાળુ તરીકે પોતાના અંતરના ભાવોને ચરિતાર્થ કરવાની ઝંખના જાગી ઊઠી હતી? ને

જો એવું જ હોય તો મારી બહેન શાશા તથા ડૉ. માકો-વિત્સ્કીને તેઓ પોતાની સાથે શું કામ લઈ જાય? એ લોકો સાથે હશે, તો પોતે યાસ્નાયામાં જીવતા હતા, તે જ પ્રકારે જીવનની નાનીમોટી પ્રત્યેક સુવિધા પોતાના લાભાર્થે ઉપ-સ્થિત કરવામાં આવશે. એ વસ્તુથી શું તેઓ અજાણ હતા? એવી માન્યતા નરી આત્મપ્રવંચના જ ગણાય.

મારા પિતાને હું જેટલા ઓળખું છું, એના આધારે હું ચોક્કસ ખાતરીપૂર્વક કહી શકું છું કે એમના ગૃહત્યાગ-ના સવાલને બીજા લોકોએ જેટલો સરળ ને સાદોસીધો બનાવીને જોયો છે તેટલો સરળ એ હતો જ નહિ. મારે પોતાને માટે પણ એ ઘણા લાંબા વખત સુધી વણઊકલ્યો ને અસ્પષ્ટ જ રહેલો. પરંતુ એમના મૃત્યુ બાદ જેવું એમનું વસિયતનામું મારા હાથમાં આવ્યું કે બધી સમસ્યા મારી સામે સ્પષ્ટ બની ગઈ.

મને બરાબર યાદ છે: એન. એસ. લાસ્કોવના મૃત્યુ બાદ એક દિવસ મારા પિતાએ પોતાની અંતિમ ક્રિયા કેવા પ્રકારે કરવી તે બાબત પોતાની ઇચ્છા પ્રગટ કરતું, ને તે બાબત પોતાની ચોક્કસ સૂચનાઓવાળું એક લખાણ મને વાંચી સંભળાવેલું. એમાં એમણે કહેલું કે 'મારી દફનક્રિયા તદ્દન સાદી – કોઈ પણ અકિંચન .... સાદા સામાન્ય માણસની થતી હોય છે તે રીતે જ થવી જોઇએ. એ અંતિમ વિધિ પ્રસંગે કોઇ પ્રકારનાં ભાષણ – સંભાષણ નહિ થવાં જોઇએ.' વગેરે.... આ લખાણ કર્યું ત્યારે પહેલેવહેલી વાર એમના મગજમાં પોતાનું વસિયતનામું તૈયાર કરવાનો વિચાર જાગેલો.

ત્યાર બાદ પોતાનું પ્રથમ વસિયતનામું એમણે ૧૮૯૫ના માર્ચની ૨૭મીની ડાયરીમાં નોંધેલું જોવા મળે છે. ૧૯૧૨ના 'તોલ્સ્તોય એન્યુઅલ' માં વસિયતનામાનો આ ખરડો સાદ્યંત છપાયેલો જોવા મળે છે. અહીં તો હું એમાંથી થોડા જરૂરી ઉતારા જ ટાંકીશ. એ વસિયતનામામાં પહેલા બે ફકરા તો એમની પોતાની અંતિમ વિધિ અંગેનાં સૂચનોના જ છે. એનો ત્રીજો ફકરો પોતાનાં લખાણોના મરણોત્તર ચયન-સંચયન ને પ્રકાશન અંગેનાં સૂચનોનો છે. એનો ચોથો પેરેગ્રાફ કે જેના તરફ હું ખાસ ધ્યાન ખેંચવા માગું છું, તેમાં પોતાના મુખ્ય ઉત્તરાધિકારીને તેઓએ એવી ભલામણ કરી છે કે મારાં લખાણોને હું આખા સમાજની સંપદ ગણું છું, માટે પ્રકાશનાર્થે સૌ કોઈને માટે એ મુક્ત રીતે ઉપલબ્ધ જાહેર કરવાં અર્થાત્ આથી એ લખાણો પરના સર્વાધિકાર (કોપીરાઈટ) મેં છોડી દીધા છે એવી જાહેરાત કરવી. આની સાથે સાથે જ આ મુદ્દા વિશે વધુ સ્પષ્ટતા કરતાં પોતે એમ પણ લખ્યું છે કે, 'આ કેવળ મારી ભલામણ જ છે. આથી તમે આમ જ કરજો, એવી કશી ફરજ હું તમને પાડવા માગતો નથી. પરંતુ આમ કરવું એ સારું છે ને તમારે હાથે જો એ શુભકૃત્ય થશે તો એ તમ સૌને માટે કલ્યાણકર નીવડશે, એમ મારું ચોક્કસ માનવું છે. છતાં તમને એ ઉચિત ન જ લાગે, ને તમે એ કામ નહિ કરો તો પછી તમે જાણો. એનો અર્થ એટલો જ થશે કે તમારાં હૃદય હજી એટલી કક્ષાએ વિકસી શકયાં નથી. બાકી જો મારી વાત

કહું તો, આ છેલ્લાં દશ વર્ષ થયાં, મારાં લખાણો બજારુ 'લે-વેચ' ની વસ્તુ બન્યાં છે એ હકીકત જ મારા માટે અતિ દુઃખદ ને મારા હૃદયને કોરી ખાનારી બની રહી છે.'

આ વસિયતનામાની ત્રણ નકલો કરવામાં આવેલી. એ ત્રણે નકલો મારી બહેન માશા પાસે રહેતી. એના મૃત્યુ બાદ એ નકલો મારા ભાઈ સર્જી ને ચર્તકોવ પાસે રહેવા લાગેલી. આ વસિયતનામાની હસ્તી વિશે હું જાણકાર હતો. પરંતુ મારી સગી આંખે મેં કદી એને જોયેલું નહિ, કે એની વિગતો જાણવાજોવા માટે કદી કોઈની પાસેથી એ માગવાની ઇચ્છાય મારા મનમાં જાગેલી નહિ. મારા પિતાના મૃત્યુ બાદ જ મેં મારી નજરે એ જોયું.

લેખક તરીકેના પોતાના સર્વાધિકારો બાબત મારા પિતાના જે અભિપ્રાયો હતા તેનાથી હું પૂરો જાણકાર હતો. એમના મૃત્યુ પૂર્વે એ વિશે હું જે કંઇ જાણતો હતો, તેમાં એ વસિયતનામાનો ખરડો વાંચવા મળ્યા પછી કશો જ ફેર પડતો ન હતો. હું એ પણ જાણતો હતો કે, મારા પિતાનું એ વસિયતનામું કાયદાકાનૂનનો કશો આધાર લઈને ઘડાયેલું ન હતું. અંગત રીતે કહું તો, હું તો ઊલટાનો એથી રાજી જ થયેલો. કારણ હું માનતો હતો કે, આ તો મારા પિતાના હૃદયમાં કુટુંબ પર જે પૂરો વિશ્વાસ હતો તેનો પુરાવો છે. ને મારે કહેવાની બિલકુલ જરૂર નથી કે, હર હાલતમાં, કુટુંબને હસ્તે મારા પિતાની ઇચ્છાઓ પૂર્ણ થવાની જ છે એ વિશે મારા મનમાં બિલકુલ

શંકા ન હતી. મારી બહેન માશાને ને મારે આ બાબત એક વાર વાત પણ થઈ ચૂકેલી. એ પણ મારી જેમ જ માનતી હતી.

ત્યાર બાદ, છેક ૧૯૦૯ની સાલમાં, મારા પિતાએ ક્રેકશીનો ખાતે ચર્તકોવ* સાથે થોડા દિવસ ગાળેલા ત્યાં પહેલી જ વાર એમની સામે એક કાનૂની દસ્તાવેજ રૂપે પોતાનું વસિયતનામું તૈયાર કરવાની દરખાસ્ત મૂકવામાં આવેલી. આવા વસિયતનામાનો એક ખરડો તે વખતે ચર્તકોવ પાસે તૈયાર જ હતો. તેના પર મારા પિતાના તેમજ સાક્ષીઓના દસ્તખત કરાવવામાં આવ્યા. આ વસિયતનામાનો મજકૂર શો હતો, એ વિશે હું કંઇ જાણુતો નથી. અહીં એ બાબતની ચર્ચા છેડવાનું પણ જરૂરી સમજતો નથી. ખેર, પાછળથી એ વસિયતનામું પણ કાનૂની દષ્ટિએ કંઈક ઊણપવાળું માલૂમ પડ્યું. એટલે ૧૯૦૯ની સાલમાં એને અંગેની બધી જ પ્રક્રિયા ફરીથી દોહરાવવાનું એ લોકોને માટે જરૂરી થઇ પડ્યું.

હવેના આ ત્રીજા વસિયતનામા અંગેની હકીકત પણ ‘સેંટ પિટર્સબર્ગ ગેઝેટ’ માં શ્રી એફ. સાખોફે લખેલા એક

* વ્લાદીમીર ગ્રીગોરિયેવિચ ચર્તકોવ: રશિયાના એક ધનાઢ્ય ને કુલીન કુટુંબનો નબીરો. ઈશુના ઉપદેશો પર મનન કરતાં ઝારના લશ્કરમાંનો હોદ્દો તજ્યો. ગામડાની પોતાની જાગીર પર જઈ ખેડૂતોના સહવાસમાં જઈ વસ્યો. ૧૮૮૩માં તોલ્સ્તોયના વિચારોથી આકર્ષાઇ, એમની સાથે જોડાયો. ફ્રેંચ, જર્મન, અંગ્રેજી પર સરસ કાબૂ હતો. તોલ્સ્તોયનાં લખાણોના પ્રચાર ને પ્રકાશનમાં ખૂબ આગળ પડતો ભાગ ભજવ્યો.

લેખ દ્વારા પ્રકાશમાં આવેલી છે. તે મુજબ, આ કામ માટે ‘શ્રી સાખોફ રાતના વખતે જ મૉસ્કોથી નીકળી ગયેલા. કારણ જે રહસ્યમય કામગીરી માટે તેઓ યાસ્નાયાની મુલાકાતે જઈ રહ્યા હતા, તેમાં અમુક વ્યક્તિની હાજરી અત્યંત અનિચ્છનીય ગણવામાં આવેલી,—એ અમુક વ્યકિત તે બીજું કોઈ નહિ, પણ સોફિયા આન્દ્રેયેવના તોલ્સ્તોય — અર્થાત્ મારી મા! એ વખતે તે મોસ્કોમાં જ હોવાની સ્રાખોવની ધારણા હતી. તો હવે શ્રી સ્રાખોફની એ રહસ્યમય કામગીરી એ હતી કે એન. કે. મુરાવિયોફ નામના સોલિસિટર સાથે બેસીને, ચર્ચા કરીને, પ્રાથમિક મંત્રણાઓ બાદ શ્રી વી. જી. ચર્તકોવે અગાઉથી સુધારીને તૈયાર કરાવી રાખેલા વસિયતનામના ખરડા પર, નવેસરથી લિયો તોલ્સ્તોયના દસ્તખત કરાવી લેવા. લિયો તોલ્સ્તોય હવે વાર્ધકયના આરે આવી ઊભા હતા. હવે, વિના વિલંબે એમને પૂર્ણપણે એવી ખાતરી કરાવી દેવી જરૂર હતી કે, તમારી તમામ ઇચ્છાઓ પૂર્ણ થશે જ થશે ને એ માટે કાનૂની દષ્ટિએ અનુલ્લંઘ્ય એવો આ દસ્તાવેજ તત્કાલ પાકો થઈ જાય તે અત્યંત જરૂરી હતું. એ માટે જ શ્રી સાખોવની આ યાસ્નાયાયાત્રા અત્યંત આવશ્યક ગણાયેલી.

‘એમની (મારા પિતા) આગળ એ ખરડો વાંચવામાં આવ્યો. તે પછી તરત એમણે એ ખરડા હેઠળ પોતાના હસ્તાક્ષરમાં લખ્યું કે, “આના આશય સાથે હું સહમત છું.” ને તે પછી થોડી વાર થંભી જઈ એમણે ઉમેર્યું કે, “આ

આખોય વ્યાપાર મારે માટે નિતાન્ત અરુચિકર છે, એટલું જ નહિ, મારી દૃષ્ટિએ એ તદ્દન અનાવશ્યક છે. મારા વિચાર — પ્રવર્તનને માટે શું મારે આ પ્રકારનાં પગલાં લેવા પડશે?.... એવું શા માટે? સત્યને પ્રગટ કરનારો એક શબ્દ સુદ્ધાં પોતાનું ચિહ્ન અંકિત કર્યા વિના લુપ્ત થતો નથી .... ને 'મેં કેવળ સત્યને પ્રકાશિત કરવા માટે જ શબ્દ ઉચ્ચાર્યો છે', એવી જે માણસને શ્રદ્ધા છે, એનો શબ્દ શા માટે નહિ ટકે? પરંતુ આ બધા બાહ્યાચાર ને કાનૂની પગલાંનો આધાર લેવો પડે છે, એ જ બતાવે છે કે આપણે જે ઉચ્ચારીએ છીએ એ શબ્દની સત્યતા બાબત આપણો પોતાનો વિશ્વાસ કેટલો અધૂરો છે. આપણી એ માટેની શ્રદ્ધા કેટલી ઊણી છે!" — આટલું બોલીને ત્યાંથી ઊભા થઇ જઈ તોલ્સ્તોય પોતાનો અભ્યાસખંડ છોડી બહાર ચાલ્યા ગય.'

આ પછી સ્રાખોફ ભારે વિમાસણમાં પડી ગયા કે હવે કરવું શું? ખાલી હાથે, કામ સાધ્યા વિના જ પાછા ફરવું, કે તોલ્સ્તોય સાથે તર્કમાં ઊતરી આખી વસ્તુ એમના ગળે ઉતારવી? આખરે એમણે મનમાં નિર્ણય કર્યો કે આખીય વસ્તુ મારા પિતાને ફરીથી સમજાવવી. ને એમણે એમને સમજાવવા કોશિશ કરી કે, 'તમારા મૃત્યુ બાદ લોકો જ્યારે એમ કહેવા માંડશે કે, તોલ્સ્તોયે જાણીબૂઝીને જ પોતાનાં પુસ્તકોના કોપીરાઇટ્સ બાબત પોતાની ઇચ્છાઓને મૂર્ત — વાસ્તવિક સ્વરૂપ આપવા માટે જે ઘટતાં પગલાં જરૂરી હતાં તે લેવાનું ટાળ્યું, ને એમ કરીને આડકતરી રીતે પોતાના

કુટુંબના સભ્યોના હાથમાં જ લખાણોના સર્વ હક સરી જવા દીધા. આ વસ્તુ કાને પડશે ત્યારે તમારા મિત્રોને એથી કેટલું બધું દુ:ખ થશે એનો વિચાર કરો.' મારા પિતાએ એમની વાતો સાંભળી લીધી ને તે પર વિચાર કરવાનું વચન આપી ત્યાંથી ચાલ્યા ગયા.

જમવા ટાણે ભોજનખંડમાં બધાં ભેગાં મળ્યાં, ત્યારે સ્રાખોફે જોયું કે પોતાને જેની હાજરીનો ડર હતો તે સોફિયા આન્દ્રેયેવના તો અહીં હાજર જ છે.... પરંતુ બારીક નજરે નિરીક્ષણ કરતાં એમણે જોઈ લીધું કે, પોતાની રહસ્યમય કામગીરી બાબત એમના મનમાં 'રજમાત્ર શંકા આવી હોય એવું દેખાતું નથી.' ભોજનખંડમાં મારા પિતાનો પ્રવેશ થાય તે પહેલાં સ્રાખોફને મારી માએ ખબર પૂછ્યા... કહે, 'આપને શા કારણે આવવું થયું?' યાસ્નાયા આવતી વખતે, બીજાં પણ કેટલાંક આલતુફાલતુ કામ પતાવવાનાં હશે. તે સ્રાખોફ જોડે લેતા આવેલા એટલે વગર ડંખે તેઓ માને જવાબ દઈ શક્યા કે, 'અમુક કામે મારે આવવું પડ્યું છે....' માના મોં આગળ અહીં આવવા પછાળના સાચા આશયનું તો નામ સરખું તેઓ હોઠે આણી શકે એમ ન હતા!

ખેર, આ પછી ફરી એક વાર આજ દસ્તાવેજ અંગે સ્રાખોફને યાસ્નાયા આવવાનું થયેલું. ને એ વખતે એ દસ્તાવેજ પર એમણે સાક્ષી તરીકે પોતાની સહી કરવાની હતી. દૈવ સંજોગે વહેલી પરોઢનો એ સમય એવો હતો કે, મારી મા તે સમયે મેડી પરથી હેઠે ઊતરેલાં જ નહિ. એટલે પોતે 'હાશ!' કરી છૂટેલા.

સ્ત્રાખોફ પોતે કહે છે કે, 'બધું કામકાજ પતાવ્યા પછી હું સોફિયા આન્દ્રેયેવનાની વિદાય લેવા ગયો, ત્યારે એમના મુખ પરના ભાવ વાંચવા ખૂબ ઝીણવટપૂર્વક મેં એમની સામે નજર નાખી લીધી. એમનો પૂર્ણપણે સૌમ્ય, પ્રસન્ન મુખભાવ ને વિદાય માગતા પરોણા પ્રત્યેનો સૌજન્યપૂર્ણ વ્યવહાર જોઈ મને ખાતરી થઇ ગઇ કે, એમની આસપાસ જે બધું ચાલી રહ્યું હતું, તે વિશે તેઓને ગંધ સરખી આવેલી નથી ને એથી જ નિરાંત જીવે મેં એ ઘર છોડયું. આમ ઐતિહાસિક રીતે દૂરગામી પરિણામો લાવનારું એ અતિ અગત્યનું કાર્ય, સફળ રીતે પાર પાડયાના સંતોષથી મારું મન ભરાઈ ગયું. અલબત્ત આ આખીય કામગીરી પાર પાડવા માટે જે પ્રપંચભરી રીતરસમ અજમાવવી પડેલી તે બાબત હૃદયમાં એક કાંટો રહી જ ગયો

પરંતુ નસીબ એવા ફૂટેલાં કે વસિયતનામાનો આ દસ્તાવેજ પણ મારા પિતાના 'મિત્રોને સલાહકારો'ની દૃષ્ટિએ અધૂરો ને અસંતોષકાર નીવડયો. આખરે ૧૯૧૦ના જુલાઈમાં વળી એને ચોથી વાર સુધારી–મઠારીને તૈયાર કરવામાં આવ્યો. આ છેલ્લો ખરડો ખુદ મારા પિતાના હસ્તાક્ષરમાં લખાવવા માટે ચર્તકોવની જાગીર નજીક આવેલા લિમોનોવ્સ્કીના જંગલમાં મુલાકાત ગોઠવવી પડી!

'ઐતિહાસિક દૃષ્ટિએ પરિણામદાયી' નીવડવા સરજાયેલા આ અનોખા દસ્તાવેજની આ છે કંઈક લાંબી, કરુણ ને વિષાદભરી કહાણી!

સ્ત્રાખોફ જેવો, કુટુંબની દૃષ્ટિએ પરાયો ગણાય એવો આદમી, જો આ આખીય કામગીરી પાર પાડવા માટે અજમાવાયેલ પ્રપંચી રીતરસમ બદ્દલ મનમાં ડંખ અનુભવતો હતો, તો મારા પિતાને આ બધામાંથી પસાર થતાં શું નહિ વીત્યું હોય એનો ખ્યાલ કરી જોવા જેવો છે. એમને માટે તો આ પરિસ્થિતિની આ આખીય સરજત એક એવા સકંજારૂપ બની ગઈ હતી કે એમાંથી પિંડ છોડાવવાનો એમની સામે કોઈ માર્ગ જ રહ્યો ન હતો. પોતાની આ મૂંઝવણ બાબત પોતાની પત્ની આગળ તો તેઓ એક હરફ પણ ઉચ્ચારી શકે એમ ન હતા. કારણ એમ કરવા જતા પોતાના અત્યંત નિકટના સાથી મિત્રોને ગંભીરપણે દૂભવવાનો અપરાધ થતો હતો. એમણે પોતાની સમક્ષ રજૂ કરેલ વસિયતનામાના ખરડાને ફાડીને ફેંકી દેવો એ તો એથીય દુષ્કર કાર્ય હતું. કારણ પેલા એવા મિત્રો હતા કે જેમણે પોતાના વિચારો તેમ જ જીવનના સિદ્ધાંતોને અપનાવી લઇ, એને ખાતર કંઈક ને કંઈક કુરબાની આપેલી હતી. કેટલાકે નૈતિક દૃષ્ટિએ, તો કેટલાકે ભૌતિક સંપત્તિની દૃષ્ટિએ, ઘણો ભોગ આપેલો હતો, દુઃખ સહન કરેલું હતું. કેટલાકને તો વર્ષો સુધી રશિયા બહાર દેશવટો ગાળવાની ફરજ પડેલી. આમ નૈતિક દૃષ્ટિએ મારા પિતા એમનાથી બંધાઇ ગયા હોય એવું અનુભવતા.

આ દિવસોમાં જ મારા પિતાને અવારનવાર મૂર્છાના હુમલા આવી જવા લાગ્યા હતા. કવચિત્ પોતાની સ્મરણશકિતનો લોપ થઈ જતો હોય એવું પણ તેઓ અનુભવતા.

આમ ધીરે ધીરે પોતાના મૃત્યુને નિકટ આવી રહેલું તેઓ અનુભવી રહ્યા હતા. આવી કટોકટીભરી પરિસ્થિતિમાં, વસિયતનામાના પ્રકરણે જગવેલા ક્લેશના વાતાવરણમાં, પતિપત્ની વચ્ચે કૃત્રિમ વિચ્છેદની લાગણી વધ્યે જતી હોવાથી, મારી માના મગજ પરની તાણ પણ નિરંતર વધ્યે જતી હતી. આ બધી પરિસ્થિતિ એમને અત્યંત મૂંઝવી રહી હતી.

આવે વખતે જો પત્નીએ સહેજ સ્વસ્થ બની એમને એક જ સવાલ કર્યો હોત કે, 'એવું શું છે જે તમે મારાથી છુપાવ્યા કરો છો?' તો એના જવાબમાં કાં એમણે મૂંગા થઈ રહેવું પડત, કાં એની આગળ સાચી વાત પ્રગટ કરી દેવી પડત. પણ આ વસ્તુ જ એમને માટે લગભગ અશક્ય થઈ પડી હતી.

આવી સ્થિતિમાં તેઓ બીજું કરી પણ શું શકે? આમ જ લાંબા સમયથી સેવેલ યાત્રા-ત્યાગનું પ્રલોભન એમની સમક્ષ ઉગાર બની આવી ઊભું. એકાંતવાસ યા શાંતિમય જીવનના સ્વપ્નને વાસ્તવિક બનાવવાના પ્રયાસમાં નહિ, પણ પોતાના જીવનની વિકટ ને વિસંવાદી પરિસ્થિતિમાં ઓછા અનિષ્ટને પસંદ કરવા જતાં ગૃહત્યાગનો પ્રસંગ એમની સમક્ષ ઉપસ્થિત થયો. ઘર છોડી જવા પૂર્વે થોડા જ દિવસ અગાઉ પોતાના ભાઈ સર્જીને તેમણે કહેલું: 'હવે નવા જીવનના શ્રીગણેશ માંડવા માટે હું અતિ દુર્બળ ને વૃદ્ધ બની ગયો છું.' આમ જીવનની વિષમતાઓ ને જટિલતાઓથી અકળાયેલા વ્યથ ને સંતાપિત, શરીર ને મનથી અતિ કમજોર બની ગયેલ

મારા પિતા પોતાની નજર સમક્ષ કોઇ વિશિષ્ટ ઉદ્દેશ યા યોજના રાખ્યા વિના જ, કેવળ ગમે ત્યાં મોં–માથું છુપાવી આત્મપીડનના દારુણ સંતાપમાંથી શાતા મેળવવાના તલસાટમાં જ ઘર છોડી નીકળી પડ્યા હતા.

'ક્યાં જાઉ....? ક્યાં ઊડી જાઉ....?' આસ્તાપોલોવામાં મૃત્યુના બિછાને પડ્યાં, સંનેપાતની લવરીમાંય આ જ એમના અંતરનો વલોપાત હતો....

અલબત્ત, મારા પિતાના ગૃહત્યાગ બાબત મારી જે સમજણ છે તેનાથી જ કંઈ એ આખીય પરિસ્થિતિની ગૂંચને સુલઝાવી શકાય એમ છે, એમ હું માનું તો તે વધારે પડતું છે. કારણ જીવન અતિ જટિલ છે. અપાર સંકુલતાઓથી ભરેલું છે. એમાં પ્રત્યેક માણસ પોતાના દૃષ્ટિકોણથી સામી વ્યક્તિના ચરિતને માપવા-મૂલવવા મથે છે, ત્યારે હમેશાં એમાં ક્યાંક કશી એકાંગિતા રહી જવાનો સંભવ રહે જ છે. છતાં એટલું કહ્યા વિના હું રહી શકું એમ નથી કે, અંતિમ વર્ષો દરમિયાન જે લોકો મારા પિતાના અત્યંત નિકટના સાન્નિધ્યમાં રહેલા હતા, તેમણે ઘડીભર થંભીને પોતે શું કરી રહ્યા છે, એ વિશે જરા વિચાર કર્યો હોત, ને સમયસર જાગ્રત થઇ ગયા હોત, તો કદાચ મારા પિતાના જીવનની આ અંતિમ ઘટનાઓ ને સમગ્ર પરિસ્થિતિએ કંઈ જુદો જ વળાંક લીધો હોત.

ખેર, સમયનાં વહેણ વહ્યે જાય છે. એ વહેણની સાથે સાથે સત્યને આવરી લેનારા એ કમનસીબ સંજોગોનો કાદવ-નો થર પણ સુકાઈ ને પોપડા બની, ઊખડી પડશે, એમાંનું

ઘણું ઘણું ભુલાઈ જશે, ભૂંસાઈ જશે, શૂન્ય બની લોપ પામશે. એ તમામ વસ્તુઓની માફક જ જેને મારા પિતાએ પોતે અનાવશ્યક ને બાહ્યાચાર લેખાવેલ, તે એમનું વસિયતનામું પણ નામશેષ બની જશે. ને ત્યારે શબ્દમાં જે નિર્મળ સત્ય ને પ્રેમની સોગાદ તેઓ માનવીને કાજે મૂકતા ગયા છે, તેને જ સૌની આંખો જોતી થશે. એમણે માનવજાતને ખોળે ધાલેલ એ સોગાદ એટલે શબ્દની એવી સંપદ કે જેમાં સત્યનાં દર્શન કર્યાની એમની શ્રદ્ધાની જ્યોત અહરહ પ્રકાશી રહી છે. એથી જ તો એમનો એ શબ્દ લુપ્ત થતાં પૂર્વે પોતાનું ચિહ્ન અંકિત કર્યા વિના રહ્યો નહિ હોય....

....છેલ્લે એય કહી લઉં....અમારી બિરાદરીની એક વ્યક્તિ કે જેણે મારા પિતાના મૃત્યુ બાદ, મારાં માતાપિતાએ રાખેલી બંનેની ડાયરીઓ વાંચી હતી, તેમણે એ વિશે પોતાનો અભિપ્રાય આપતાં કહેલું: "ઓહ! કેવો દારુણ વિસંવાદ! બંને પરસ્પર એકબીજાના પ્રેમને ખાતર શહીદ થવા તત્પર....! બેઉએ અનવરત એકબીજાને ખાતર અથાગ દુઃખ સહન કર્યાં: ને છતાં....અંત કેવો ઘોર કરુણ! કેમ જાણે વિધિએ જ કોક ગૂઢ હેતુની પુર્તિ માટે વચ્ચે પડીને આ હૃદયવિદારક અંત એમને માટે સર્જ્યો હોય....!'

*

સહ-સંવેદન....

૧૮૬૨ના સપ્ટેમ્બરની ૨૩મીએ લેવ તોલ્સ્તોય ને સોફિયા આન્દ્રેયેવના વચ્ચેનો મુગ્ધ પ્રણય લગ્નમાં પરિણમ્યો.

નવવધૂને યાસ્નાયા પોલ્યાનાની પોતાની જાગીર પરના નિવાસમાં ગૃહપ્રવેશ કરાવ્યા પછી, બીજે જ દિવસે પોતાની રોજનીશીમાં લેવે લખ્યું: "સુખનો પારાવાર! જીવનના અંતે જ એનો છેડો હાથ આવે...."

એ જ માસની ૨૮મીએ વડીલ, પ્રીતિપાત્ર, મિત્ર, ફોઈ એલેક્ઝાન્ડ્રા તોલ્સ્તોયાને પત્રમાં એણે લખ્યું: "આ ચોત્રીસ વરસ જીવ્યો, પણ કદી જાણ્યુંકલ્પ્યું ન હતું કે આવો પ્રેમ ને આવડું બધું સુખ મારા ભાગ્યમાં લખાયું હશે .... આખો વખત એવું જ લાગ્યા કરે છે, જાણે મારા માટે સરજાયું ન હતું એવું કોક ગેરકાનૂની સુખ હું ક્યાંકથી તફડાવી લાવ્યો છું."

ને પોતાની રોજનીશીમાં વળી ટપકાવે છે: "શું લાવણ્ય છે! હું એને અધિકાધિક ચાહતો થયો છું."

નવવધૂ સોન્યા પતિગૃહની થઈ ચૂક્યા બાદ, પિતાના ઘરને આ ઘર સાથે નવા સંબંધે ગાંઠતી, પોતાની નાની બહેન તાન્યાને પત્ર લખવા બેઠી છે. ત્યાં એની પીઠ પાછળ ઊભાં ઊભાં, પત્નીના ખભા પર લળી, તાજા કલમમાં લેવે પોતાના

હસ્તાક્ષરમાં લખી નાખ્યું: "વહાલી તાન્યાં! દયા યાચજે મારે કાજે .... એક સાવ મૂર્ખ પત્નીને પનારે પડી ગયો છું હું ...."

ને તરત સોન્યા એની જ હેઠળ એ લીટી ઉમેરે છે: "મૂરખ તો એ પોતે જ છે, તાન્યા!"

એ જ છંદે આગળ ચલવતાં લેવે ઉમેર્યું: "તને જાણીને ઘણો સંતાપ થશે, પણ શું થાય? અક્કર્મી એવાં છીએ કે અમે બેઉ મૂરખ નીકળ્યાં. ખેર, પણ દરેક વસ્તુને ખરાબની સાથે એક સારી બાજુય હોય છે. એટલે જ કહું છું કે, અમારી મૂર્ખાઈ સદા મુબારક રહો અમને, અમે બેઉ એમાં મસ્ત છીએ. એથી ઈતર કશું જ મંજુર નથી અમને...."

આ પર પોતાની મહોર મારી દઈ સોન્યાએ પત્ર પૂરો કર્યો: "....પણ એનામાં થોડીક અક્કલ વધારે હોત તો સારું...."

ને આ બેઉ પાગલ પ્રેમીઓ હાસ્યના ફુવારામાં નાહતાં એવાં તો ખીલી ઊઠયાં કે, એમના આનંદની છોળોએ યાસ્નાયા પોલ્યાનાના આ પુરાણા વિશાળ ઘરનાં ઓરડા–આંગણને ઉમંગની લહેરોથી ભીંજવી દીધાં.

અઢાર વર્ષની ઉંમરે પુખ્ત વય-સમજ-અનુભવવાળા પતિને પરણીને સાસરે આવેલી સોન્યાએ ઉમંગભેર આ મોટા ઘરનો કારભાર સંભાળી લેવા માંડયો. ઘરડાં ફોઈજીની દેખભાળથી માંડીને નોકરચાકરોની નાનકડી ફોજનું સંચાલન

કરતાં, ઘરગૃહસ્થીનો ભાર વહેવા માંડયો. ખેતી, જાગીરનાં નાનાં મોટાં કામમાં પતિની હાથલાકડી બની સહચારિણી –સહધર્મિણીનું પદ મેળવી લેવાની તાલીમ લેવા માંડી. કેડના કંદોરે ચાવીઓનો ઝૂડો લટકાવી, હડીએ ને દોટે, ઠેકતાં ને ગેલતાં ઘરમાં નવાં સંયોજન.... તે નવી વ્યવસ્થા કરતાં નવી શિસ્તનો કડકાઇભર્યો અમલ આરંભી દીધો. ઊઘડતી કળીશી નવવધૂના પ્રૌઢા ગૃહિણી સમા આ ઠસ્સા ને થનગનાટે વાંઢા લેવના જીવનને અનેરી મસ્તી ને નવતાની ફોરમથી મધમધાવી મૂકયું.

રસોડે રસોઈ કરનારા રસોઈયા ને એમના મદદનીશોએ, ઘરમાં ઝાડઝૂડ ને સાફસૂફી કરનારા, ટાંપાંટૈયાં કરનારા નોકરોએ, સાસુમાને સ્થાને બિરાજનારાં ફોઇજીની પરિચારિકા–સેવિકાઓએ, બગ્ગી તેમ જ ઘોડાઓની જાળવણી ને માવજત કરનારા કૉચમૅનસાઈસે, રસોડે ને નાવણિયે ચૂલા માટે લાકડાં ચીરી આપનારા કઠિયારા ને લેવના સાથીઓ જેવા શિકારી કૂતરા ને એમની પ્રજાની સારસંભાળ રાખી ગોવાળી કરનારી બાઈએ, કઠિયારા, ભઠિયારા, ધોબી, નાવી.... સૌએ હવે નવી રાણીના નવા અમલમાં, નવા નિયમો મુજબ પોતાની ફરજો અદા કરતાં શીખવાનું હતું. આ બધાંએ આજ લગી નરમ સ્વભાવનાં ભલાં ફોઈબાના રાજમાં સ્વચ્છંદે અશાએશથી જીવન ગાળેલું. પણ એવું થાંથા રાજ હવે કંઇ ચાલે? ઘરની ગોઠવણી, સાફસૂફી, હિસાબ-કિતાબ, નોકરચાકરોની રીતભાત, દૈનંદિન કાર્યક્રમ.... બધાંમાં એક પ્રકારની સંગીનતા ને સ્ફૂર્તિ

લાવી દેવા સોન્યા મથી રહી. અભ્યાસખંડમાં કાર્યનિમગ્ન લેવ પણ પોતાને ચોમેરથી આવરી રહેલા આ નવતર જીવનનું સગીત માણી રહ્યો હતો.

*

સોન્યા જનમથી શહેરમાં જ, ભાંડુડાંથી ભર્યાં ઘરમાં તોફાનમસ્તી ને હોઈ ચોઇમાં ઊછરેલી. પોતાના જુના ઘરને નવો લેબાસ સજાવવાનો એનો નશો ઊતરતાં જ પોતાના આ નવા જીવનમાં એકલતા ને ઠંડી જરઠતા અનુભવવા લાગી. સદાય ગ્રામજીવનની મહોબત માણનારો ને એમાં ઓતપ્રોત થવામાં જીવનનો લહાવો સમજનારો લેવ, જાગીર ને ખેતીનાં હજાર હજાર કામ પાછળ વ્યસ્ત રહેનારો લેવ, દિવસનો ઘણો મોટો ભાગ ઘરની બહાર ગાળતો .... પતિ નજરથી ઓઝલ થતાવેંત સોન્યાનું હૈયું તળિયે બેસી જતું. ઘરમાં એને ગમતું નહિ, એકલું એકલું લાગતું, બધું ઘરડું ને જરી-પુરાણું, ટાઢુંબોળ લાગતું.

ને એ પોતાની રોજનીશીમાં હૃદયનો બોજ હળવો કરવા મથતી: “આ ઘોર એકલતાનો બોજ મને કચડી રહ્યો છે .... લેવ ઘર બહાર પગ મૂકે છે તે અહીંનું બધું જ નિસ્તેજ બની જાય છે .... એ તો આજ લગી એકલા જ જીવતા આવેલા છે. પણ.... મને શું થતું હશે એની એમને કેમ ગમ પડે? આવડા મોટા ઘરમાં ઉત્તેજનાભર્યો ઉલ્લોલ યા ઉમંગ ભર્યો સાદ કયારેય કાને પડતાં નથી. કેમ જાણે બધું મરી પરવાર્યું હોય!”

લોકહિતની ખેવના કરનારા પતિ પ્રત્યે એનું મન રૂસણું લેતું, રોજનીશીના પાને ફરિયાદ નોંધાવતું: “એમના મોઢે આ ‘લોક’ની વાત સાંભળતાં તો મને એવી ઝાંઝ ચઢે છે! મને લાગે છે કે, એમણે – બહુ વહાલા એવા આ ‘લોક’ ને કુટુંબ વચ્ચે — એમાંથી એકની વરણી કરી લેવી રહેશે.... ને આજે તો કુટુંબ એટલે હું જ ને?.... હું બહુ સ્વાર્થી લાગું છું ખરું? એ તો ખોટું જ છે પણ હું જેમ એમને કાજે ને એમના થકી જ જીવું છું, એમ જ એમને માટે પણ હોવું જોઈએ. જો એમને મારામાં એટલો રસ ન હોય, ને હું કેવળ એમને માટેનું એક રમકડું બની રહેવાની હોઉં,.... માણસ તરીકેની મારી હસ્તી જ લેખામાં લેવાવાની ન હોય તો એ સ્થિતિમાં હું જીવી શકું એમ નથી. એવું જીવન જીવવામાં મને રસ નથી.”

પોતાની આ મનોદશામાં ‘લોક’ ને ‘સોન્યા’ એ બે વચ્ચે એકની વરણી કરી લેવાની લેવને ફરજ પાડવા સારુ અનેક નુસખા અજમાવતી સોન્યા તીખી નજરે લેવના વ્યવહાર-વર્તનમાંથી પોતાનાં તોલમાપ કાઢતી રહેતી. કદીક પ્રેમઘેલા પતિ પર વિજય મેળવ્યાનો આનંદ માણી રહેતી, તો કદીક આ વિજયિનીનું મન મહારાજ્ઞીના પદે બિરાજ્યા છતાં વચમાં વચમાં સંશયની તળાવડીમાં ડૂબકાં ખાઈ લેતું. એની ચકોર નજરથી એ અજાણ્યું ન રહેતું કે હાથમાં લીધેલ હરકોઇ કામમાં એક લગનથી ડૂબી જનારો પતિ ગમે ત્યારે મારા આ વિજયને પરાજયમાં ફેરવી નાખશે .... ને એની રોજનીશીમાં

વળી એટલી જ તીવ્રતાથી એ જ પુરાણી ફરિયાદનો સૂર ઊઠતો: "જેમ એ પોતાની* નિશાળને ચાહે છે, કુદરતને ચાહે છે, લોકોને ચાહે છે, કદાચ સાહિત્યકલાને ચાહે છે, એજ રીતે એ મને હા ચાહે છે. આ બધાંમાં ગમે ત્યારે ગમે તેનો વારો આવી જાય.... !એક ધૂન પૂરી થઇ કે, બીજી ધૂન માથે સવાર થઈ જ જાણો!"

સોન્યાની રોજનીશીનાં સતત સાક્ષી રહેનારા લેવે એ જ સમયની પોતાની રોજનીશીમાં લખ્યું: "એ જાણતી નથી કે એણે મને કેટલો બદલી નાખ્યો છે.... હું એને બદલી શક્યો છું, તેથી ક્યાંય વિશેષ..."

ને પોતાની ફોઈ-મિત્ર એલેકઝાન્દ્રાને પત્રમાં એણે લખ્યું: "અવર એક વ્યક્તિ સાથે જીવન જોડી જીવતાં શીખવું એ એક દુર્દાન્ત સાહસ છે....! તને લખી રહ્યો છું, એ બધું જ એ વાંચે છે....પણ સમજતી કશું નથી....રે, સમજવાની સાફ ના પાડે છે! (ખેર, એણે સમજવાની જરૂરેય શી છે?) કેટકેટલી લાંબી, હૃદયવિદારક મથામણો ને શંકા-આશંકાઓનું જટાજૂટ વટાવ્યા બાદ માણસ અહીં લગી પહોંચતો હોય છે....!"

*

પ્રાણશક્તિના અદમ્ય ફુવારા સમા આ યુગલે પોતાના સંસારમાં સુખસાર્થક્યનું ઈન્દ્રધનુ પ્રગટાવવા જે અથાગ પુરુષાર્થ ખેડ્યો છે, એની દર્દમય કહાણી તો બહુ લાંબી છે

* ગામનાં છોકરાંને પોતાના ઘરમાં જ ભણાવવાની લેવની વ્યવસ્થા.

ને એ બંને જીવનભરની રોજનીશીઓમાં અંકાયેલ-આલેખાયેલ પડી છે, જેને વાંચવા-ઉકેલવા માટે ધીર ને કુસુમ-કોમળા હૈયાનો માણસને ખપ પડે એમ છે.

તેજસ્વિની યુવા પત્નીનાં હર્ષ-ઉન્મેષ, ઈર્ષ્યા-ઉદ્વેગ આગ્રહ-પૂર્વગ્રહના તીવ્ર આવેગો ને ઊભરા ઝીલતાં-જીરવતાં રહી, કેવળ પોતાના કુટુંબને સુખવૈભવમાં મહાલતું જોવા સારુ જાગીરને જાગીરની ઊપજ ઉપાર્જન વધારતા-વિસ્તારતા રહેવું, સાહિત્યજગતમાંય કીર્તિ ને અર્થસિદ્ધિ અર્થે જ મચ્યા રહેવું-એથી લેવને જીવનની સાર્થકતા લાભવી શક્ય જ ન હતી. ૧૮૬૩ના જૂનની ૧૮મીએ પોતાનું મનોમન્થન વ્યક્ત કરતાં લેવે રોજનીશીમાં નોંધ્યું: "ક્યાં છે....મારું એ પુરાણું વ્યક્તિત્વ....!-જેને હું ચાહતો હતો. પિછાણતો હતો. જે આજેય કદી કદી સપાટી પર તરી આવીને હર્ષ પમાડે છે. તો કદીક ભય પમાડી ધ્રુજાવી મૂકે છે મને! કેવો નગણ્ય.... ને ક્ષુદ્ર બની ગયો છું....ને તેય મારી ચાહનારી સ્ત્રી સાથે જીવન જોડવાનું સદ્ભાગ્ય પામ્યા છતાં....!"

"આ રોજનીશીમાં લખાયેલ પ્રત્યેક શબ્દ કેમ જાણે છલના....દંભ બની ગયેલ છે. અત્યારે જ, મારા ખભા પછવાડે ઊભી ઊભી આમાંનો પ્રત્યેક શબ્દ એ વાંચી રહી છે. આ વિચાર જ ગૂંગળાવનારો ને મારી પ્રામાણિકતાને વિકલાંગ બનાવનારો બને છે....એને કાજે કરીને ભલે હું જૂઠું ન લખતો હોઉં, પણ એકલો હોઉં ને જે લખું તેવું તો નથી જ લખી શકતો....આ વસ્તુ-સ્થિતિ જ મને ચમકાવી

મૂકવા, ભયભીત બનાવવા માટે પૂરતી છે. પત્ની, બાળકો, તંદુરસ્તી ને અર્થસિદ્ધિના પાયા પર જ માણુસ પોતાના સુખની ઈમારત રચતો રહે, એ નરી બેવકૂફી જ છે....''

*

કેવળ પતિની વહાલસોયી પત્ની બનીને જીવવા ઝંખી રહેલી જે સોન્યાના જીવનમાં વારંવાર કલેશકલહના તણુખા ઝરતા, ને જે બંનેને દઝાડતા રહેલા, એ જ સોન્યાએ એક સમર્થ સાહિત્યસ્વામીની જીવનસંગીની ને 'કાર્યેષુ મંત્રિણી'નું ઉત્કટ આત્મગૌરવ પણુ પ્રગટાવી જાણ્યું હતું. એ વસ્તુ એમના જીવનમાં કેડિયું કરનારાં માટે અજાણી નથી.

કલમ ને શબ્દના કસબી લેખે લેવાનું સામર્થ્ય ધરુમાંથી તરુ, ને તરુમાંથી તરુવર બની, એક સુંદર, સુગંધિત, પુષ્પિત વૃક્ષરાજરૂપે વિસ્તરેલું જોવા સારું, સોન્યાએ પોતાની જાતને ઓળઘોળ કરી જાણી હતી. ફૂલશું સુકોમળ હૃદય. એ જ જેની સર્વોત્કૃષ્ટ સંપદ હતી. એવો પ્રેમરસે નીતરતો લેવ, જો ગમે તેવા વિકટ–વિપદ કાળેય જીવનસંગીનીનો એ ગુણુ ભૂલી શકયો ન હોય તો એમાં નવાઇ પામવા જેવું કશું નથી.

'વોર ઍન્ડ પીસ' નામની એક મહાનવલના સર્જનમાં પસાર કરેલ, છ વર્ષના નાનકડા કાલખંડે બંને પ્રેમીઓના જીવનમાં તુષ્ટિનું જે સંગીત પ્રગટાવ્યું તેની તન્મયતામાં બંનેએ જાણે પોતાની જાતને ખોઈ નાખી હતી.

૧૮૬૫માં લેવે પોતાની રોજનીશીના પાને લખ્યું : ''સોન્યા સાથેનો મારો સંબંધ ગાઢ ને અગાઉ કરતાં વધુ

સ્થિર બનતો ગયો છે. અમે એકબીજાને ચાહીએ છીએ, એટલું જ નહિ, અવર કોઈનીય સાથેના સંબંધની તુલનામાં અમારો સંબંધ પરસ્પરને મન વધુ મૂલ્યવાન બન્યો છે. અમે સ્વસ્થ ચિત્તે એકબીજાને સમજવા જરૂરી એવું ધૈર્ય કેળવી શક્યાં છીએ. અમારી વચ્ચે કશી જ ગુપ્તતા નથી. કશી બાબતમાં અમારે એકબીજાથી શરમાવાપણું રહ્યું નથી. હું વિશ્વાસપૂર્વક કહી શકું એમ છું કે, લાખમાંથી એક માણુસ એવો નહિ જડે, જેનું સાહચર્ય અમારા જેટલું સુખમય હશે....''

સોન્યાએ પણુ પોતાની રોજનીશીમાં આ અનેરા સુખના અમી–નીતરતા ઉદ્‌ગાર કાઢયા :

''અમારા જેવું સંવાદી ને સુખી દાંપત્ય બીજે કયાંય જડશે ખરું ?....કેટલીક વાર તો મારા ખંડમાં એકલાં એકલાંય મારું હૈયું હસી ઊઠે છે, ને હું પ્રભુનું સ્મરણુ કરી શીશ નામી લઉં છું.''

વળી એક વાર આ અનોખા દાંપત્યનો મહિમા ગાતાં સોન્યાની કલમ સાખ પૂરી રહી : ''અમારી વચ્ચે તર્ક ને દલીલબાજી તો હજીય ચાલે છે, પરંતુ આ ઝઘડાઓનાં કારણો એટલાં ઊંડાં ને સંકુલ હોય છે કે જો અમે એકબીજાને આટલું ચાહતાં ન હોત તો કદાચ આવા ઝગડા અમારી વચ્ચે ઊભા જ ન થાત. અમને પરણ્યાંને છ વર્ષ પૂરાં થવા આવશે....પણુ દિન દહાડે અમારો પ્રેમ પલ્લવિત જ થતો રહ્યો છે. લેવ તો ઘણી વાર કહેતો હોય છે કે, 'આપણે

કેવળ એકબીજાને ચાહીએ છીએ, એટલું જ નહિ, આપણા આત્મા સમરસ બનીને એકબીજામાં સમાઈ ગયા છે. એથી જ તો એકના વિના બીજાનું જીવવું અસંભવિત બની જાય છે.' હજીય એ જ ઉત્કટ, અધીર, ઈર્ષ્યાળુ, કલ્પનાશીલ ભાવુકતાથી હું એને ચાહું છું, ને એથી જ તો કેટલીક વાર એની આત્મનિષ્ઠા, ધીરગંભીરતા ને આત્મસંયમ મને ખૂબ કઠતાં હોય છે."

*

પોતાના લગ્નપૂર્વેના જીવનની રોજનીશીઓનું બંડલ કુંવારી સોન્યાના હાથમાં મૂકી દઈ, એને પોતાના આંતરિક જીવનની ગહરાઈઓમાં ડોકિયું કરવાની તક આપી લેવ પોતાના ભાવિજીવન સાથે જૂગટું ખેલતાં અચકાયો ન હતો.

લેવની એ રોજનીશીઓના વાચને કાચી વયની મુગ્ધ તરુણી સોન્યાના અંતરમાં ભયંકર વાવંટોળ ને દાહ જગાડી દીધેલાં. એકજ વ્યક્તિમાં શુભ–અશુભ ને તેજ–તિમિરનાં તાંડવ જોતી એ ડઘાઈ ગઈ હતી. એના હૃદયમાં પરસ્પરવિરોધી લાગણીઓનું જે ઘોર ઘમસાણ ખેલાયેલું, એણે એક રાતમાં તો એને કેવીય તાવી નાંખેલી.

છતાં, ચૈતન્યની અનેકમુખી શક્તિઓના પ્રતાપી ધોધ સમા; નિર્મળ, સુકોમળ, પારદર્શી હૃદયસંપત્તિવાળા, તેજ-તિમિરના ખરબચડા ખડકથી કોરી કાઢેલ અસુંદર પૌરુષપ્રતિમા સમા આ લેવ પ્રત્યેના પ્રેમ-આકર્ષણના દોરને સોન્યા છેદી શકેલી નહિ,.... કોઈ કાળે છેદી શકી નહોતી. એટલે જ તો

માન-સરોવરની યાત્રા માટેના પર્વતારોહણશા લેવના નવજીવન કાળેય, કપરા ચઢાવ–ઉતાર–વળાંકને ટાણે લેવનો સલૂણો સંગાથ છૂટી ન જાય, એની મીઠી હૂંફ ને પ્રેમભરી છાંયડી ઝૂંટવાઈ ન જાય, એની કાળજી રાખીને સોન્યાએ પોતાનો દુર્ધર્ષ આંતરિક પ્રવાસ ખેડવાનો હતો. પરંતુ પ્રકૃતિની કોક આંધળી ગતિએ એની મન–બુદ્ધિ–પ્રાણની સમગ્ર શકિતને એક એવા ઊંધા ચાકડે ચડાવી દીધી કે એની નીપજરૂપે પ્રાપ્ત થયેલ કુંભ તે અમૃતનું નહિ, વિષનું પાત્ર બની રહ્યો.

લેવની વહાલસોયી સોન્યાનો જીવનપ્રવાહ, વિફલતા ને ઘોર નૈરાશ્યનો બોજ ઢસડતો ઢસડતો, આત્મગ્લાનિ ને પશ્ચાત્તાપની ધગધગતી વેળુમાં વિલીન થઈ ગયો. ☆

લેવ તોલ્સ્તોય એટલે 'તો વિશ્વસાહિત્યનો એક યુગપ્રવર્તક આત્મા, સમર્થ કલાધર, માનવીયતાના ગંગોત્રીતીર્થ સમો પ્રાણ-પુરુષ, જીવમાત્રના દુઃખે દાઝનારો, સૃષ્ટિના સંતાપ ટાળવા માટેના અમૃતની ખોજમાં નીકળેલો એકલપંથી વીર. આવા મહાભાગ સ્વામીની તે આત્મીય, પ્રેયસી, પત્ની સહચારિણી હતી, જેણે એનાં તેજને ઉરમાં પોષીને અંતરનાં અમી પાઈ, ડઝનેક સંતાનોનું માતૃપદ શોભાવ્યું હતું, ફૂડીબંધ અતિથિઓથી સદા ભર્યાં રહેનાર ઘરનું ગૃહિણીપદ શોભાવ્યું હતું, એના ઉત્સાહમાં સાથ પુરાવીને, પોતાના જ ઘરમાં પોતાનાં સંતાનો ભેગાં બેસાડીને, ગામનાં ખેડૂનાં છોકરાંને બાળપોથી ભણાવી હતી. દુષ્કાળ વખતે ગામડાંમાં બેસી રાહતનું કામ ઉપાડી લેનાર પતિ તથા મોટાં સંતાનોને શહેરમાંથી નાણાં,

કપડાં, અનાજ વગેરેનો પુરવઠો ઉઘરાવીને પૂરો પાડવાનું કામ સંભાળ્યું હતું. તે છતાં લાંબી પહોળી ને પહોંચતી ગૃહસ્થી પાથરી બેઠેલ પતિની સમયે સમયે પલટાતી વિચાર-સરણી સાથે કદમ મિલાવીને એ ચાલી શકી નહિ જ... એમાંથી બંનેના જીવનને આવરી લેનારી જે કરુણતા સરજાઈ, એનો સહેલો ને સટ ન્યાય તોળવા એને 'કર્કશા' યા 'દુષ્ટા'-નું બિરુદ આપી દેવામાં આવે તો એ ન્યાય્ય તો નહિ જ ગણાય.

એનો ન્યાય તોળવા બેસનાર — જો એ પુરુષ હશે તો — એણે પ્રકૃતિની આ સંતપ્તહૃદયા નારી–સંતાનોની માતા બનીને એની જીવનવીણાના તાર, સૂર–સપ્તકને ઓળખવા પડશે. ને એના સંવેદનતંત્રનાં ઊંડાણને તાગવાં પડશે. એનો ન્યાય તોળવા બેસનાર કોઈ સ્ત્રી હશે તો એણે ઈશ્વરનિર્મિત પુરુષની માટી ને એની મૂર્તિમાં પૂરેલા પ્રાણના આવેગનો — એનાં હેતુ ને ગતિ માટેની કુદરતની યોજનાનો પાર પામવા મથવું પ શે.

કદાચ અર્ધનારીશ્વરની કલ્પના કરી, માનવી આવા જ કોક રહસ્યમય કારણસર તો એની પૂજાઅર્ચના કરતો નહિ થયો હોય?

ભારતને માર્ગદર્શન

["ફ્રી હિન્દુસ્તાન'' નામના એક સામયિકના તંત્રીએ ૧૯૦૮ની સાલમાં મહાત્મા તોલ્સતોય પર પોતાના ક્રાંતિકારી સામયિકના એક બે અંકો (રશિયા) મોકલેલા ને સાથે ભારતની મુક્તિની ઝંખના કરતાં અકળાયેલા પોતાના પ્રાણનો પરિચય આપતો પત્ર પણ લખ્યો હશે. એ પત્રના જવાબમાં મહાત્મા તોલ્સતોયે જે પત્ર લખેલો, તે 'એ લેટર ટુ એ હિન્દુ'ને નામે એમનાં લખાણોમાં પ્રસિદ્ધ થયેલ છે. એ પત્ર, એ જ દિવસોમાં હાથોહાથ ફરતો ફરતો ગાંધીજી પાસે (દ. આફ્રિકામાં) જઇ ચઢેલો. ત્યારે તોલ્સતોયનાં લખાણોમાં રસ ધરાવતા એક મિત્રે ગાંધીજીને પૂછેલું કે તેમને આ પત્ર પ્રસિદ્ધ કરવા લાયક લાગે છે ખરો?

અપરોક્ષ રીતે તોલ્સતોયને ગુરુપદે સ્થાપી, એમના ચિંતનને પોતાનું સુકાન બનાવી, એમણે તારવેલાં મૂલ્યોને જીવનમાં ઉતારવા મથી રહેલ ગાંધીજીને મન તો આવો સવાલ જ ઔચિત્યના ભંગ સમાન હતો. એમણે ઉમળકાભેર જવાબ આપ્યો કે, એ પત્ર શક્ય હોય તો ભારતની એકે-એક ભાષામાં પ્રકાશિત થવો જોઈએ ને ગુજરાતીમાં એ પત્રનો

અનુવાદ કરવાનો તેમ જ એના પ્રકાશન માટે તોલ્સતોયની પરવાનગી મેળવી આપવાનો ભાર પોતાને માથે લઈ લીધો.

મહાત્મા ગાંધીનાં સંકલિત લખાણો અક્ષરદેહ ગ્રંથ ૧૦મા માં તેમની કેટલીક નોંધ પણ પ્રગટ થયેલી છે. એક વિદેશી અખબારમાં અંગ્રેજીમાં પ્રગટ થયેલ આ મૂળપત્રનો ગુજરાતી અનુવાદ કરીને અહીં પ્રકાશિત કર્યો છે.]

પત્ર

લઘુમતી દ્વારા બહુમતીનું ચાલી રહેલું દમન, ને તે કારણે અનિવાર્ય રીતે પેદા થતી હતાશા, એ એક એવી હકીકત છે, જે સદા મારા મનને આવરીને રહેલી છે, ને તેમાંય છેલ્લા થોડા વખત થયાં તો ખાસ. આ સર્વસામાન્ય સમસ્યા વિષે, ને ખાસ તો તમારા પત્ર તેમ જ તમે મોકલેલ સામયિકો દ્વારા, તમે દર્શાવેલ અનિષ્ટોનાં મૂળ શામાંથી ઊભાં થયાં છે, ને હજી થતાં રહે છે તે બાબત, મેં પોતે જે કંઈ વિચાર્યું છે, તે તમને સમજાવવાની કોશિશ હું અહીં કરીશ.

મહેનત કરનારા લોકોના બહુજન સમુદાયનો મોટો ભાગ મુઠ્ઠીભર બેઠાડુઓના વશમાં હોય છે, ને તેઓની તમામ મહેનત ને સમૂળાં જીવન પર એ બેઠાડુઓનો જ કાબૂ હોય છે. આ એક ચમકાવી મૂકે એવી હકીકત છે. આનું કારણ હમેશાં બધે ઠેકાણે એક સરખું જ હોય છે—પછી શાસક ને શાસિત એક જ જાતિના હોય તોય, ને ભારત તેમ જ બીજે ઠેકાણે છે તેમ વિદેશી શાસકો હોય, તો પણ.

આ વસ્તુસ્થિતિ ભારતમાં કંઈક વિશેષ ધ્યાન ખેંચનારી બને છે, કારણ કે શરીર તેમ જ બુદ્ધિ બંનેની બાબતમાં ઉત્તમ બક્ષિસ પામેલા એવા બે કરોડ (હિંદવાસીઓ) કરતાંય વધારે સંખ્યા ધરાવનારા લોકો પર, વિચાર આચારની દૃષ્ટિએ તદ્દન પરાયું, અને ધાર્મિક નીતિમત્તાની દૃષ્ટિએ તો તેમનાથી કયાંય ઊતરતું એવું નાનકડું જૂથ પ્રભુત્વ ધરાવે છે.

તમારા પત્ર પરથી, 'ફ્રી હિન્દુસ્તાન'માં આપેલાં લખાણો પરથી, તેમ જ હિંદુ સ્વામી વિવેકાનંદ ને એવા બીજાઓનાં લખાણો પરથી મને લાગે છે કે, આજના યુગમાં બીજા બધાજ દેશોમાં છે તેમ, તમારે ત્યાં પણ આ અનિષ્ટનું કારણ એક જ છે; ને તે એ કે, સર્વસામાન્ય રીતે આજે જેને 'સંસ્કૃતિ'—ને નામે ઓળખવામાં આવે છે, એના નિભાવને ખાતર ધર્મ ને વિજ્ઞાનને નામે આપણે અનેક અનૈતિક વિધાનો તારવ્યાં છે. આનું સ્થાન લઈ શકે અને જીવનની સાચી સમજ આપી, એની દીવાદાંડી બની સન્માર્ગે દોરી શકે એવી સાચી તર્કસંગત ધર્મભાવનાનો અભાવ છે.

તમારો પત્ર 'ફ્રી હિન્દુસ્તાન'ના લેખો તેમ જ હિન્દુસ્તાનના રાજકારણને લગતું સાહિત્ય એ બધાંમાંથી સ્પષ્ટ રીતે તરી આવનારી વસ્તુ કોઈ હોય તો એ છે કે, હિંદની પ્રજા જે ધર્મભાવનાઓ પ્રબોધતી આવી છે, તેને તમારી પ્રજામાં લોકપ્રિયતા ધરાવનારા નેતાઓ કશું જ મહત્વ આપતા નથી. એટલું જ નહિ, તેઓ એમ માનતા લાગે છે કે, આજે પોતાના દેશની પ્રજા ગુલામીનું જે દુઃખ ભોગવી રહી છે,

તેમાંથી તેને મુક્ત કરાવવી હોય, તો અંગ્રેજ અને બીજાં કહેવાતાં ખ્રિસ્તી રાષ્ટ્રો, જે અધાર્મિક તેમ જ નરી નીતિ-શૂન્ય સામાજિક પ્રથા હેઠળ આજે જીવી રહ્યાં છે, તેને જ અપનાવી લીધા વિના બીજો કોઈ રસ્તો નથી!

આમ, જાગ્રત ધર્મભાવના અને એમાંથી પ્રાપ્ત થતા જીવન વ્યવહારને માટે દોરવણીનો અભાવ એ જ હિંદીઓને માથે લદાયેલી અંગ્રેજોની ગુલામીનું એકમાત્ર નહિ તોય, મુખ્ય કારણ તો છે જ. આ અભાવ એ આપણા યુગનું સાર્વત્રિક લક્ષણ છે. પૂર્વના હો યા પશ્ચિમના દેશો....જાપાનથી માંડીને તે ઇંગ્લેંડ અને અમેરિકા....સૌ આ બાબતમાં સરખા છે.

મારા વિચારોને વધુ સ્પષ્ટતાથી સમજાવવા માટે આપણે જરા પાછળ જવું પડશે.

લાખો ને હજારો વર્ષ પૂર્વે માણસ કેમ જીવતો હતો, તે આપણે જાણતા નથી, જાણી શકતા નથી; હું હિંમતપૂર્વક એમ પણ કહું કે આપણે તે જાણવાની જરૂર પણ નથી. પરંતુ એટલું તો આપણે ચોક્કસપણે જાણી શકયા છીએ કે, માણસજાત હમેશાં પોતાનાં કુટુંબોનાં જૂથ બનાવીને ટોળીઓ બાંધીને કે રાષ્ટ્રો રચીને જીવતી આવી છે. આ બધામાં બહુજન સમાજ એવી માન્યતા ધરાવતો રહ્યો છે કે એ પોતે હમેશાં એક વ્યક્તિની યા તો એક કરતાં વધુ વ્યક્તિઓની– અર્થાત્ તદ્દન નાની એવી લઘુમતીની–સત્તાને વશ વર્તીને ને રાજીખુશીથી તાબે થઈને જીવતો આવ્યો છે; ને એમ જ થવું જોઈએ, એ વિષે એના મનમાં કંઈ શંકા નથી.

આપણે જેનાં મૂળ વિષે કંઈક જાણી શકયા છીએ, તેવી અનેક પ્રજાઓમાં વિધવિધ પ્રકારે, વિધવિધ સંજોગોમાં, ને અનેકવિધ વ્યક્તિપ્રતિભાઓ દ્વારા આ જ સંબંધને મૂર્ત થતો જોવા પામીએ છીએ; જેમ આપણે એમાં ઊંડા ઊતરીએ છીએ તેમ તેમ જણાય છે કે જો લોકોએ શાંતિ-પૂર્વક, ભેગા મળીને જીવવું હોય તો આ સંબંધ ને આ વ્યવસ્થા અનિવાર્ય રીતે જરૂરી છે એવી વાત શાસક તેમ જ શાષિત બંનેએ સરખી રીતે સ્વીકારી લીધેલી હતી!

ટૂંકમાં, આ સાર્વત્રિક માન્યતા હતી. સૈકાંઓ થયાં બાહ્યસ્વરૂપે જીવનની આ પદ્ધતિ અખત્યાર થતી રહી હતી ને આજેય અખત્યાર થઈ રહી છે. આમ છતાં બહુ પુરાણા જમાનાથી એટલે કે આપણા કાળથી હજારો વર્ષો પહેલાં દમનના પાયા પર નભી રહેલ જિંદગી વચ્ચે પણ, જુદાં જુદાં રાષ્ટ્રોમાં એક વિચાર પણ અનેક રીતે, સતત રીતે ઊઠતો આવ્યો છે; તે એ છે કે પ્રત્યેક વ્યક્તિમાં એવું કોઇક જે આધ્યાત્મિક તત્ત્વ રહેલું છે, જે આ દુનિયામાં જે કંઈ છે, તે બધાંને જીવન અર્પે છે. એ આધ્યાત્મિક તત્ત્વ એવું છે, કે જે પોતાની સાથે સમત્વ ધરાવતી પ્રત્યેક વસ્તુ સાથે તાદાત્મ્ય સાધવા મથે છે ને પોતાના આ હેતુની સિદ્ધિ માટે એ પ્રેમને સાધન બનાવે છે. આ વિચાર વિધવિધ સ્વરૂપે, જુદાજુદા સ્થળ–કાળે, વિશદ ને પૂર્ણ સ્વરૂપે પ્રકટ થતો રહ્યો છે. બ્રાહ્મણ ધર્મ કહો, યહૂદીવાદ કહો; અથવા જરથોસ્ત-ના ઉપદેશો, બૌદ્ધ ધર્મ, તાઓવાદ, કન્ફયુશિયસનો વાદ જુઓ; ગ્રીકરોમન સંતોનાં લખાણો જુઓ કે ખ્રિસ્તી યા

મુસ્લિમ ધર્મના ઉપદેશો જુઓ : બધામાં આ તત્વનો આવિર્ભાવ જોવા મળે છે.

* આ વિચાર જુદા જુદા કાળે, જુદા જુદા પ્રદેશોમાં પ્રગટેલો જોવા મળે છે, એ હકીકત જ દર્શાવે છે કે માણુસ માત્રમાં અંતર્નિહિત એવું આ તત્ત્વ છે ને એમાં સત્ય સમાયેલું છે.

પરંતુ, પોતાનામાંના થોડાક માણુસો કાબૂ ધરાવતા હશે તો જ માણુસોના આમ સમુદાયને ભેગો રાખી શકાશે એમ જેઓ માનતા હતા, તેમણે આ સત્યને સમાજ આગળ કંઇક જુદા જ સ્વરૂપે રજૂ કર્યું. આથી આજના સમાજ સાથે તેનો કશો જ મેળ બેસતો હોય એમ લાગતું નથી.

તે ઉપરાંત, આ સત્ય માણુસ આગળ એવી અડવી રીતે ટુકડે ટુકડે પ્રગટ થયેલું છે, કે આજે લોકો તાત્ત્વિક રીતે એનો સ્વીકાર કરવા છતાં પોતાના જીવન વ્યવહારને સાચે રસ્તે દોરનાર એક માત્ર દીવા લેખે એને સ્વીકારતા નથી જ. વળી દમનના પાયા પર રચાયેલા સમાજમાં આ સત્યનો પ્રચાર હંમેશાં એક યા બીજી રીતે રૂંધાતો આવેલો છે. જેઓ સત્તાને સ્થાને હતા, જેઓને હંમેશાં એવો ભય રહેતો કે, આ સત્યને પ્રતિષ્ઠા આપીશું તો આપણી સત્તા જોખમાવાની છે, એ લોકોએ કયારેક જાણીબૂઝીને, કયારેક અજાણુતાં પણુ તદ્દન બેઢંગ કથનો ખડકી દઇને એ સત્યના પ્રકાશને રુંધ્યો છે. એટલુંજ નહીં પણુ ખુલ્લી હિંસાનો ઉપયોગ પણુ એ માટે કર્યો છે.

આમ, આ સત્યને આધ્યાત્મિકતાના અંતર્ગત તત્ત્વ સમો પ્રેમ મળવાને બદલે ઊલટું જ બન્યું છે. પ્રેમ જે માણુસના જીવનનો નૈસર્ગિક પાયો છે, તેને પ્રયત્નપૂર્વક માણુસની ચેતનામાં સતત જીવતો રાખવાને બદલે, એ પ્રેમને જાણ્યેઅજાણ્યે ઊભી થયેલ વિકૃતિઓનો જ નહિ, પરંતુ ઇરાદાપૂર્વક એની સામે આચરવામાં આવેલી હિંસાનો પણુ સામનો કરવો પડેલો છે; અને આ હિંસાય વિશિષ્ટ પ્રકારની હતી. તેણે સતામણીઓને સજાઓ દ્વારા માણુસને માથે રાજકર્તાઓ દ્વારા સન્માનિત ધર્મના એવા કાનૂનો લાદવા પ્રયત્ન કર્યો, જે સત્યની સાથે જ સતત ઘર્ષણમાં આવનારા હતા. સત્ય સામેની આડઅડચણો ઉપરાંત આ જાતની વિકૃતિઓ કન્ફયુશિયસતાઓ, બૌદ્ધ તેમ જ ખ્રિસ્તી ધર્મમાં, મુસ્લિમ તેમ જ બ્રાહ્મણુ ધર્મમાં સુદ્ધાં—બધે જ ઠેકાણે થયેલી છે.

જો કે, પ્રેમ એ સર્વોચ્ચ નીતિમત્તાનો પાયો હોવા વિષે કોઇએ, કયાંક, કદીય શંકા ઉઠાવી નથી કે એનો રદિયો આપ્યો નથી. પરંતુ એ સત્યને જુઠાણુંઓના તાણુાવાણુાથી ઘેરી લઈને એવું વિકૃત બનાવી મૂકયું છે કે અંતત: આજે એમાં ઠાલા શબ્દો સિવાય કશું જ રહેવા પામ્યું નથી.

સૌને એમ શીખવવામાં આવ્યું છે કે, નીતિમત્તાનો આ સર્વોચ્ચ ગુણુ વ્યકિતગત જીવનને જ લાગુ પડનારી વસ્તુ છે, એ કેવળ ઘરની અંદરના વપરાશની વસ્તુ છે; પરંતુ, જાહેર જીવનમાં તો અલ્પસંખ્યક દુષ્ટાત્માઓ સામે બહુજન સમાજનું રક્ષણુ કરવા માટે, તમામ પ્રકારની હિંસા-

પછી તે 'કેદ' હોય કે 'યુદ્ધ' હોય એનો ઉપયોગ કરવો જરૂરી છે.

★

આ જાતની માન્યતા એ પ્રેમના અંશે અંશનું સદંતર ખંડન કરનારી હતી. માણસની સામાન્ય બુદ્ધિ પણ સૂચવતી હતી કે, જો આજે અમુક માણસો બીજાનું 'શુભ' કરવાના હેતુથી પણ હિંસાનો અમલ કરવાનો અધિકાર પોતાને જ છે એમ માનતા હોય, તો આવતી કાલે જેના પર એ હિંસા આચરવામાં આવી છે તેઓ પણ એવો જ દાવો બીજાઓ સામે કરવા લલચાવાના જ.

બ્રાહ્મણ, બુદ્ધ ને ખ્રિસ્ત ધર્મના મોટા ઉપદેશકો પ્રેમના પ્રકાશને ગૂંગળાવનારી આ વિકૃતિઓ બાબત જાગ્રત હતા. એટલા જ માટે તેમણે પ્રેમધર્મની એક માત્ર શરત કષ્ટસહન રૂપે સદા આગળ ધરેલી છે. (આ શરત એટલે અનિષ્ટોનો અનિષ્ટ સાધન દ્વારા પ્રતિકાર કર્યા વિના તમામ પ્રકારના આઘાતો, અપમાનો ને હિંસા સહન કર્યે જવાં.)

છતાં, માણસજાતને ઊંચે લઇ જનારી વસ્તુની પરવા કર્યા વિના, લોકોએ બિલકુલ અસંગત એવી એ ભાવનાઓને જોડવાનો પ્રયાસ કર્યા કર્યો છેઃ એક બાજુથી પ્રેમને સદ્‌ગુણ તરીકે સ્વીકાર્યો ને બીજી બાજુથી અનિષ્ટને કાબૂમાં રાખવાના સાધન તરીકે હિંસાને માન્યતા આપી! બલ્કે, આવા પ્રકારના નીતિ બોધના પાયામાં જ આંતરિક વિરોધ રહેલો હોવા

છતાં, જેઓ પ્રેમને એક ઉદાત્ત સદ્‌ગુણ લેખતા હતા, તે જ લોકોએ હિંસાના પાયા પર આધારિત એવી જીવન વ્યવસ્થાને કાનૂની માન્યતા આપી. આ રીતે માણસને બીજા પર અત્યાચાર આચરવાની જ નહિ, પરંતુ એની હત્યા કરવાની પરવાનગી પણ આપી દીધી!

લાંબા કાળ સુધી, આ દેખીતી અસંગતિ પ્રત્યે લક્ષ દીધા સિવાય લોકો જીવ્યે ગયા. પરંતુ એક સમય એવો આવ્યો કે જ્યારે આ અસંગતિ જ દેશેદેશના ચિંતક–વિચારકોનું ધ્યાન પોતા તરફ ખેંચનારી સૌથી મોટી વસ્તુ બની ગઈ; અને એ પુરાતન સરળ સત્ય જ વધુ ને વધુ સ્પષ્ટ થતું ગયું કેઃ

એક બીજાને ચાહવું ને સહાય કરવી એ જ માણસનો સ્વાભાવિક ગુણ છે, એક બીજાને પીડવા યા એકબીજાની કતલ કરવી એ નહિ.

આથી કરીને અત્યાર સુધી તર્કની છલનાથી સત્યની જે વિકૃતિઓ સમાજમાં સહજસ્વીકૃત બની ગયેલી હતી, તેમાં માનવાવાળા લોકો ઓછા ને ઓછા થતા ગયા.

પહેલાંના વખતમાં હિંસા આચરવા માટે ને એ રીતે થતી પ્રેમના કાનૂનની અવહેલનાને વાજબી ઠેરવવા માટે ઉપયોગમાં લેવાતી મુખ્ય પદ્ધતિ રાજકર્તા માટે 'દૈવી હક્કનો દાવો' સ્વીકારવા રૂપે હતીઃ દા.ત. ઝારો, સુલતાનો, રાજાઓ, શહેનશાહો તેમજ રાજના બીજા અધિકારીઓની બાબતમાં. પરંતુ સમય જતો ગયો તેમ તેમ રાજાઓના 'દૈવી હક્ક'

બાબતની આ વિશેષ પ્રકારની માન્યતા પરથી માણુસનો ભરોસો તૂટતો ગયો. ને એ માન્યતા જેમ 'બ્રાહ્મણુ' તેમ ખ્રિસ્તી ધર્મના વિસ્તારોમાં કરમાતી ગઈ, તે જ પ્રમાણે બુદ્ધ અને કન્ફ્યુશિયસ ધર્મના વિસ્તારોમાં પણુ એનો હ્રાસ થતો ગયો. આજના યુગમાં તો એ હવે એટલી હદ સુધી કરમાઈને કોકડું વળી ગયેલ છે કે બુદ્ધિથી વિચાર કરનાર કોઈ માણુસના દિમાગમાં તે સમાઈ શકતી નથી.

લોકો આ બાબતે રોજ વધુ ને વધુ સ્પષ્ટ થતા ગયા છે. આજે હવે મોટા ભાગના લોકો તદ્દન સ્પષ્ટ રીતે જોઈ શકે છે કે પોતાની સંકલ્પશકિતને કચડી નાખીને પણ, માણુસે પોતાના જેવા જ, સામાન્ય એવા બીજા માણુસને આધીન થવું પડે છે. ને પેલો માણુસ ધારે ત્યારે એની પાસે, એના હિતથી વિરોધી ને એની નૈતિક ભાવનાઓથી ઊલટાં એવાં કામ કરાવી શકે છે. માણુસે આ જોયું ત્યારે આ માન્યતામાં રહેલી બેવકૂફી ને અનૈતિકતા એની નજરે વધુ સ્પષ્ટ સ્વરૂપે દેખાઈ.

આ ઉપરથી કોઈને એમ માની લેવાનું મન થાય કે જુદા જુદા પ્રકારના સત્તાધીશોના દૈવી હક્કને સ્વીકારનારી ધાર્મિક માન્યતામાંથી લોકોની શ્રધ્ધા એકવાર તૂટી, કે તરત તેઓએ ગુલામીની ધૂંસરીને ફગાવી દેવાનો પ્રયાસ કર્યો હોવો જોઈએ. ના; અગાઉના જમાનામાંય જયારે પોતાને દેવનો અંશ ગણાવનારા રાજાઓ લોકોને ગુલામીમાં જકડી રાખતા, ત્યારેય તેનો લાભ એકલા રાજાઓને જ મળતો હતો એવું

નથી. એમનાં સિંહાસનોની આસપાસ, એ રાજાઓને ઘેરીને, અમુક લોકોએ પોતાનાં એવાં અનેક વર્તુળો રચી દીધાં હતાં, ને તેઓ સત્તાનું શાસન ચલાવી આપવાને બહાને લોકોનો ગેરલાભ ઉઠાવતા રહેલા.

હવે, જયારે રાજાની અલૌકિક ઈશ્વરી સત્તાવાળી માન્યતા ઉઘાડી પડી ગઈ, એની જયોત ઝાંખી પડતી પડતી બુઝાઈ જવા આવી, ત્યારે આ માણુસો એના જેવી જ એક નવી તરકીબ શોધી કાઢવાની ગડમથલમાં પડી ગયા. સંખ્યામાં અલ્પ હોવા છતાં, પોતે પોતાના પૂર્વજોની માફક, લોકોને ગુલામીની ધૂંસરી હેઠળ જોતરાયેલા રાખી શકે એવી તરકીબ !

જૂનવાણી, જર્જરિત ને નકામા પુરવાર થયેલ ધાર્મિક આધારોનું સ્થાન, હવે નવા આધારોએ લીધું છે. આ નવા આધારો પણુ પુરાણુા આધારો જેટલા જ લૂલા છે. પરંતુ કેવળ 'નવા' હોવાને કારણે જ મોટા ભાગના લોકોને તત્કાલ એની નિરર્થકતા સમજાવી મુશ્કેલ છે. તેમાંય વળી, જે લોકો આજે સત્તાની લગામ સંભાળી રહ્યા છે, તેઓ આ નવા તત્ત્વજ્ઞાનને એવી સિફતથી રજૂ કરે છે, ને એને પ્રમાણુભૂત બનાવવા માટે એટલી કુશળતાથી રદિયા રજૂ કરે છે કે, મોટા ભાગના લોકોને મન આ 'નવાં' પ્રમાણો અકાટ્ય થઇ પડે છે !

* આ નવાં સમર્થનોને 'વૈજ્ઞાનિક' કહી ઓળખવામાં આવે છે. પહેલાં 'ધાર્મિક' શબ્દ વળગાડીને જે સમજાવવામાં આવતું હતું, તે કામ હવે 'વૈજ્ઞાનિક' શબ્દપ્રયોગ વડે

સધાવા લાગ્યું. પહેલાંના વખતમાં, જે કોઇ વસ્તુવિચારને 'ધાર્મિક' કહ્યાં કે તે શંકાથી પર બની જતાં હતાં–કેવળ 'ધાર્મિક' શબ્દના વપરાશને કારણે જ ! હવે, જે કોઇ વિચાર યા વસ્તુને 'વૈજ્ઞાનિક' શબ્દ લગાડયો કે તે શંકાની આંચથી ઉપર જતી રહેવા લાગી. પ્રભુ પ્રેરિત–'દૈવી' અંશની સત્તાનો સ્વીકાર કર્યાં પછી હિંસાને આવશ્યક ઠરાવવા માટેનાં જે સમર્થનો પેશ કરવામાં આવતાં, તેની નિરર્થકતા સાબિત થતાં, એની જગાએ આજે હવે, નવાં 'વૈજ્ઞાનિક' સમર્થનો રજૂ કરવામાં આવે છે. તેમાં સૌથી પ્રથમ એ સમજાવવામાં આવે છે કે માણસ દ્વારા માણસનું દમન, એ તો યુગોયુગોથી ચાલતી આવેલી પ્રણાલિ છે; ને એથી જ તો માણસે જો પોતાની હયાતી ટકાવી રાખવી હોય તો એ પ્રણાલિ ચાલુ રહેવી જોઇએ !

માણસ અત્યાર લગી આ પ્રમાણે જીવતો આવ્યો છે, માટે એણે, એજ રીતે જીવવું જોઇએ, એના આત્માની પ્રેરણા સુઝાડે એ રીતે નહિ !–આ વિચારને 'વિજ્ઞાન'ની ભાષામાં "ઐતિહાસિક કાનૂન" તરીકે ઓળખવામાં આવે છે. !

વિજ્ઞાનના ક્ષેત્રમાં એને માટે જે જોરદાર પ્રમાણ આપવામાં આવે છે તે એ કે, વનસ્પતિ તેમ જ વનચર પ્રાણીઓના જગતમાં, પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટેના સંઘર્ષમાં જે સબળો સાબિત થાય તેની જ હયાતી ટકે છે. આવો જ સંઘર્ષ માણસો માણસો વચ્ચે પણ

ચાલવો જોઇએ. આ માણસ – એટલે કુદરતે જેને બુદ્ધિ ને પ્રેમ તત્ત્વની બક્ષિસ આપી છે તેવો માણસ. છતાં 'જે' સબળો ઠર્યો તે જીતે ને તે જ જીવે, એવો પ્રાણી જગતનો કાયદો મનુષ્ય જગતમાં લગાડવો, આને બીજો "વૈજ્ઞાનિક" આધાર માનવામાં આવે છે !

ત્રીજો ને સૌથી મહત્ત્વનો, ને કમનસીબે લોકોમાં સૌથી વધુ વ્યાપક એવો આધાર પણ એક છે. આ આધાર અંતે તો, પેલી જૂનવાણી ધાર્મિક માન્યતાને સહેજ ઉથલાવીને મૂકી હોય એવો જ છે. તે એ કે, 'જાહેર જીવનમાં બહુજન હિતાય થોડાનું દમન અનિવાર્ય છે' : અર્થાત્, માણસના પરસ્પર વ્યવહારને માટે પ્રેમ એ ગમે તેટલું ઇચ્છવા જોગ તત્ત્વ ગણાતું હોય તો પણ હિંસાને તો નિવારી શકાય એમ નથી જ.

પણ જો કોઈ એવો સવાલ પૂછે કે, અમુક લોકોને જ, તેઓ ઇચ્છે તે લોકો સામે, હિંસા વાપરવાનો અધિકાર હોવો જોઇએ, એમ શા માટે? એના જવાબમાં 'વિજ્ઞાન' જે જવાબ આપશે તેમાં ને 'ધર્મ'નો જે જવાબ હતો તેમાં ફરક બહુ નજીવો હશે. ધાર્મિક માન્યતા ધરાવનારા કહેતા કે 'એ નક્કી કરવાનો રાજાને દૈવી અધિકાર છે.' આ 'વિજ્ઞાન' કહે છે કે, શિક્ષા–સજાના નિર્ણયો લોકોની ઇચ્છાનું પ્રતિનિધિત્વ કરનારા છે. અમુક બંધારણીય ધોરણવાળી સરકારના સુકાનીઓ દ્વારા લેવાયેલા એકએક નિર્ણયમાં, ને એના પ્રત્યેક પગલામાં લોકોની ઈચ્છા વ્યક્ત થતી હોય છે !

દમનના સિદ્ધાંતની હિમાયત કરનારા આધારો આવા છે! એ આધારો કમજોર છે, એટલું જ નહિ, સાવ લૂલા છે. ને છતાં આ સમાજમાં જેઓ વિશિષ્ટ અધિકારો ભોગવી રહ્યા છે, તેવા લોકો એના વિના ચલાવી શકે એમ નથી. એટલા જ માટે તો પુરાણા જમાનામાં જેમ સાવ બોદા આધારમાં વિશ્વાસ મૂકવામાં આવતો હતો, તેવા જ આંધળા વિશ્વાસથી હવે આ નવી માન્યતાને વળગી રહેવામાં આવે છે ને એવા જ આત્મવિશ્વાસ પૂર્વક એનો પ્રચાર કરવામાં આવે છે.

વળી આ કહેવાતા 'વૈજ્ઞાનિક સત્ય'ને એવા ને એટલા દમામથી પેશ કરવામાં આવે છે કે, બહુજન સમાજનો કમભાગી એવો મહેનતમજૂરી કરનારો વર્ગ તો બિચારો અંજાઈ જ જાય છે; 'વિજ્ઞાન' ને નામે ચાલનારી આ બધી બેવકૂફીઓને તે સહેલાઈથી, 'પવિત્ર સત્ય' તરીકે ગળે ઉતારી જાય છે – અગાઉની પેલી જૂની ધાર્મિક માન્યતાની માફક જ! અંતે, આ આખો વર્ગ, પહેલાંના રાજધુરંધરો જેટલા જ નિષ્ઠુર પણ સંખ્યામાં એમનાથી અનેકગણા એવા, આજના સત્તાધારીઓનું શરણું સ્વીકારી લે છે.

*

ખ્રિસ્તી ધર્મમાં માનનારી દુનિયામાં તો આમ જ ચાલ્યા કર્યું છે. પરંતુ આપણે આશા રાખીએ કે, વિશાળ એવા બ્રાહ્મણ, બૌદ્ધ ને કન્ફ્યુશિયસ ધર્મજગતમાં તો આવા 'વૈજ્ઞાનિક' વહેમ જડ ઘાલી શકયા નહિ હોય. અને એકવાર

ચીન, જાપાન ને હિંદવાસીઓની આંખે જો હિંસાની હિમાયત કરનારા આ પ્રપંચને પકડી પાડયો, તો તરત તેઓ પોતાના પૌર્વાત્ય ઋષિમુનિઓએ પ્રબોધેલ, માનવજાતના અંતર્ગત પ્રેમ તત્ત્વનો જીવનના મૂળભૂત કાનૂન તરીકે સ્વીકાર કરી લેવા તરફ વળશે એવી આશા રાખી શકાય.

પરંતુ, હકીકતે બન્યું એવું છે કે પૌર્વાત્ય જગતે પણ ધાર્મિક આધારની બદલીમાં જે વૈજ્ઞાનિક વહેમો આવ્યા તેને તરત સ્વીકારી લીધા, ને આજે તો પૂર્વમાં પણ એની પકડ બહુ જબરી છે.

તમારા સામયિકમાં તમે જેને મુખ્ય સિદ્ધાંત તરીકે પ્રતિપાદિત કરેલો છે, ને જેને તમે તમારા દેશની જનતાને પગલે પગલે દોરવનાર દીવડા તરીકે આગળ ધરવા માગો છો તેનો બોધ એક જ છે: "આક્રમણનો (ગમે તે પ્રકારે) પ્રતિકાર એ કેવળ ઉચિત નહિ, એક ધર્માજ્ઞા બની જાય છે. કારણ કે અપ્રતિકાર એ તો સ્વાર્થ ને પરમાર્થ બંનેને માટે ઘાતક નીવડનારો છે...." વગેરે.

પરંતુ, માણસજાતને માટે એનાં તમામ અનિષ્ટોમાંથી તારનારી વસ્તુ કોઈ હોય તો તે પ્રેમ છે. તમારે જો તમારી જનતાને ગુલામીમાંથી ઉગારવી હોય, તો એને માટે પણ એ જ માત્ર ઉગાર છે.

પ્રાચીન કાળમાં તમારા દેશના સંત મહાત્માઓએ બહુ સ્પષ્ટ ને બુલંદ સ્વરે પ્રેમને જ મનુષ્યધર્મના મૂળ પાયા તરીકે તમારી જનતા વચ્ચે ઘોષિત કરેલો છે. એક બાજુ પ્રેમ અને

બીજી બાજુ અનિષ્ટાકારક તત્ત્વોનો અનિષ્ટ દ્વારા પ્રતિકાર: આ બંને વસ્તુઓ પરસ્પર એવો વિરોધ સર્જી દેનારી છે કે જેથી પ્રેમમાં રહેલો ભાવ અને અર્થ બંનેનો તદ્દન નાશ થઈ જાય છે.

આનું પરિણામ શું આવે છે તે તો જુઓ! હળવા હૈયે, આ વીસમી સદીમાંય, તમે પોતે આવા ધર્માનુબંધવાળી પ્રજાના વારસ હોવા છતાં, પ્રેમના ધર્મને જ નકારો છો! તમને મળેલા 'વૈજ્ઞાનિક' પ્રકાશ વિષે તમને ગળા લગીનો ભરોસો છે, એટલું જ નહીં, હિંસાના હિમાયતીઓ અને સત્યના દુશ્મનો—જેઓ અગાઉ પોતાને ધર્મશાસ્ત્રના સેવકો તરીકે ઓળખાવતા હતા તેવા તમારા યુરોપિયન ગુરુઓએ—રચેલ આશ્ચર્યકારક બેવકૂફીઓને દોહરાવ્યા કરવાનો (જો જો, માઠું ન લગાડતા) તમે તમારો અધિકાર લેખવા લાગ્યા છો.

તમે કહો છો કે, અંગ્રેજોએ અમારા લોકોને ગુલામ બનાવ્યા અને આજેય તેઓ અમને ગુલામીમાં રાખી રહ્યા છે, કારણ અમારા લોકોએ એમના બળનો જોઈએ તેટલા બળથી મક્કમપણે સામનો કર્યો નથી. પરંતુ, વસ્તુસ્થિતિ એથી સાવ ઊંધી જ છે. અંગ્રેજો હિંદના લોકોને ગુલામ બનાવી શક્યા છે, કારણ સમાજ વ્યવસ્થાના આધારભૂત સિદ્ધાંત તરીકે હિંદના લોકોએ હિંસાનો (બળનો) સ્વીકાર કરેલો છે ને હજી આજેય એને જ મુખ્ય આધાર તરીકે સ્વીકારે છે.

જે સિદ્ધાંતની રૂએ, એમણે જૂના જમાનામાં નાના નાના રાજાઓને માથે ચઢાવીને એ રાજાઓના પક્ષે

રહીને એકબીજા સામે યુદ્ધ ખેલ્યાં હતાં, યુરોપિયનો સામે લડ્યા હતા, એજ સિદ્ધાંતની રૂએ આજે તેઓ ફરી પાછા અંગ્રેજો સામે લડવા મથી રહ્યા છે.

એક વેપારી પેઢીએ વીસ કરોડ માણસની વસ્તીવાળા એક દેશને ગુલામીમાં નાખ્યો, એનો અર્થ શો કાઢવો એ સાધારણ મનુષ્ય તો સમજી જ શકશે નહિ. ત્રીસ હજાર માણસો, કે જે મોટા કસરતબાજ અખાડિયનો નહિ પણ સૌના જેવા નબળા બાંધાના સામાન્ય માણસો છે, એમણે બળ, બુદ્ધિ ને કળા કૌશલમાં એમનાથી ચઢિયાતા ને આઝાદી-ચાહક એવા વીસ કરોડ લોકોને ગુલામ બનાવી રાખ્યા છે, એનો મતલબ શો? શું આ સંખ્યાના આંકડા જ કહી દેતા નથી કે, અંગ્રેજોએ નહિ પણ હિંદીઓએ પોતે જ પોતાની જાતને ગુલામ બનાવી રાખી છે? અંગ્રેજોએ અમને ગુલામ બનાવી રાખ્યા છે, એમ હિંદીઓ જ્યારે ફરિયાદ કરે છે, ત્યારે એ કેવું લાગે તે કહું: દારૂડિયા ફરિયાદ કરે કે, આ બધાં પીઠાંવાળાઓએ સંપી જઈને અમને ગુલામ બનાવી રાખ્યા છે! તમે એમને દારુ છોડી દેવાનું કહો, તો કહેશે, હવે અમે એનાથી એવા ટેવાઈ ગયેલા છીએ કે, એને છોડી દેવાનું અમારાથી બને એમ નથી. એટલું જ નહીં, અમારી શક્તિ ટકાવી રાખવા માટેય એ લીધા વિના અમારો છૂટકો નથી....

ભારતના લોકો પર જો બળથી – હિંસાથી કોઈ રાજ કરી શકતું હોય, તો તે એટલા જ માટે કે, તેઓ પોતે

બળનો આધાર લઈને જ જીવે છે, જીવતા આવ્યા છે. ને મનુષ્યમાં અંતર્નિહિત એવા પ્રેમના કાનૂનને તેઓ સ્વીકારતા નથી. પરંતુ, માણસ જેવો પોતાના અનુભવે સમજાયેલા ને સાચા ઠરેલા, નૈસર્ગિક રીતે પોતાના હૃદયમાં ધબકતા પ્રેમના કાનૂનને અનુસરીને પોતાનું સમગ્ર જીવન ગોઠવવા માંડશે, ને બળને પ્રતિકારના સાધન તરીકે વાપરવાનું સમૂળગું મૂકી દેશે, એટલું જ નહીં, બળથી થતાં કામોમાં ભાગ લેવાને બદલે, એથી અળગો રહેવા માંડશે, આટલું થયું કે હજારો, લાખો, કરોડો કોઇ એમને ગુલામ બનાવી રાખે એવું શકય જ નહીં રહે; એટલું જ નહીં લાખો માણસો ભેગા મળીને કોઈ એક અટૂલી વ્યક્તિનેય ગુલામ બનાવી શકશે નહીં....

ખોટું કરનારનો (બળથી) પ્રતિકાર ન કરો, પણ ખોટું કરવામાં ભાગ લેવાનું મૂકી દો. પછી તે બંધારણીય રીતે ઘડાયેલી સરકારના તંત્રના સંચાલનનું કામ હો, કાનૂન ને ન્યાયાલયનું કામ હો, કરવેરા ઉઘરાવવાનું કે સૈનિક બની લશ્કરમાં ભરતી થવાનું કામ હો, એનાથી અળગા રહો. દુનિયામાં કોઈ એવી શક્તિ નથી, કે જે તમને ગુલામ બનાવી શકશે.

બાળપણમાંથી કિશોર વયમાં જાય ને કિશોર વયમાંથી પુખ્ત વયે પહોંચતાં પ્રત્યેક માણસનું જેમ થાય છે, તેવું જ 'પૂર્વ' શું કે 'પશ્ચિમ' શું–બંનેની પ્રજાઓનું થઈ રહ્યું છે. અમુક વયે જે ધોરણે એનું જીવન વહી રહ્યું હોય છે, એ વય વટાવી દીધા પછીય જો એનું એ ધોરણ

ચાલુ રહે છે, ને જો એણે પોતાની નવી ઊગેલ વયને અનુરૂપ એવું નવું ધોરણ શોધી લીધું નથી હોતું તો એનું જીવન દિશાશૂન્ય બની આડુંઅવળું વહેવા લાગે છે. માણસ પોતાના જીવનમાં એ દિશાશૂન્યતાને કારણે પેદા થયેલ નિરર્થકતા ને મનોવેદનાને છાવરવાના ને એને મૂઢ બનાવવાના ઉપાય લેખે તરેહતરેહના નવા ધંધાઓ, ચિંતાઓ ને મનોરંજનોના રસ્તાઓ શોધી કાઢે છે. આવી મનોદશા ઘણીવાર બહુ લાંબા સમય સુધી ટકતી હોય છે.

પરંતુ, કોઇપણ વ્યકિત એક વયમર્યાદા વટાવી બીજી વય મર્યાદામાં પ્રવેશ કરી લે તે પછી એક સમય એવો પણ આવે છે, જ્યારે આવી અર્થશૂન્ય પ્રવૃત્તિઓ ને ઉત્તેજનાઓથી માણસ લાંબું ચલાવી શકતો નથી ને એને વિચાર કરવો જ પડે છે કે, જૂનાં ધોરણની મર્યાદાઓ તોડીને મારી ઉંમર આગળ વધી ગઇ છે; હવે નવા જીવનને દોરનારાં બુદ્ધિગમ્ય ધોરણો શોધી લીધા વિના જીવ્યે જવાનું યોગ્ય નથી. એણે પોતાની ઉંમરને છાજે એવી જીવનની નવી સમજને અપનાવવી જ રહી, ને એ નવી સમજ પ્રમાણે પોતાની જિંદગી ને દોરવવી રહી.

માનવજાતના વિકાસ ને ઉન્નતિમાં પણ આવો તબક્કો આવતો જ હોય છે. મને લાગે છે કે, અત્યારે આપણે એવે તબક્કે જ આવી ઊભેલા છીએ. આવો તબક્કો એટલે ૧૯૦૮ની સાલ એમ નહિ, પરંતુ એનો અર્થ એ કે, માનવજીવનનાં આંતરવિરોધોની ખેંચ એના અંતિમ બિંદુ લગી

પહોંચી ચૂકી છે. એનો અર્થ એ કે, એક બાજુથી પ્રેમના નૈસર્ગિક કાનૂનની કલ્યાણકારિતા માણસે પિછાણી છે, તો બીજી બાજુથી એને એ પણ સમજાઈ રહ્યું છે કે સદીઓ થયાં માણસ એનું ખાલી લાગતું ચિંતા ભર્યું, અસ્વસ્થ ને વિકળ જીવન હિંસાબળ પર–પ્રેમથી તદ્દન વિરોધી બળ પર નભાવતો આવ્યો છે. ને આ સ્થિતિનો અંત લાવવો જ રહ્યો. એમ કરવા જતાં જે ઉકેલ આવશે, તે વાસી થઈ ગયેલા હિંસા બળની તરફેણ કરનારો નહિ હોય, પણ અનાદિ કાળથી માણસના અંતરમાં સદા ધબકતા આવેલા પ્રેમરૂપી સત્યની તરફેણ કરનારો હશે. આ સત્ય જ મનુષ્ય–સ્વભાવનું એક સંવાદી તત્ત્વ છે.

પરંતુ, માણસ આ તત્ત્વનો સાક્ષાત્કાર ત્યારે જ કરી શકવાનો છે, જ્યારે **ધર્મ** અને **વિજ્ઞાન**ને નામે ઊભાં કરવામા આવેલાં વહેમનાં જાળામાંથી માણસ પોતાની જાતને મુક્ત કરશે; ને સદીઓ થયાં એ બંને શાસ્ત્રોએ ઊભાં કરેલાં જુઠ્ઠાણાંઓ તથા વિકૃતિઓને સ્વીકારી લેવાને લીધે રૂંધાઈ રહેલા જીવનના પ્રવાહને મુક્ત કરશે.

ડૂબતા વહાણને બચાવી લેવા માટે કદીક વહાણની સમતુલા માટે રાખેલા વજનનેય ફેંકી દેવું પડે છે. કારણ કે અત્યાર સુધી જે વસ્તુ એને જરૂરી હતી, તે જ વસ્તુ હવે એને ડુબાડી દેવામાં કારણરૂપ બને! તેવું જ આજે વૈજ્ઞાનિક સત્યોની બાબતમાં બની ગયેલું છે; કારણ માણસનું કલ્યાણ સાધી શકે એવા સત્યને 'વૈજ્ઞાનિક સત્યો' ઢાંકી રહ્યાં છે.